॥ હરિઃૐ ॥

# પૂજ્ય શ્રીમોટા વચનામૃત

## મૂળ ભાગ : ૧ થી ૧૩

: સંકલન :

મુકુલ કલાર્થી

હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત

❑ પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
હરિ:ૐ આશ્રમ, (સ્થાપના વર્ષ ૧૯૫૬)
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫.
ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪, મો. : ૯૭૨૭૭ ૩૩૪૦૦
Email : hariommota1@gmail.com
Website : www.hariommota.org

© હરિ:ૐ આશ્રમ, સુરત, નડિયાદ.

❑ **આવૃત્તિ વર્ષ પ્રત**

| આવૃત્તિ | વર્ષ | પ્રત |
|---|---|---|
| પ્રથમ | ૧૯૯૭ | ૧૦૦૦ |
| બીજી | ૨૦૦૯ | ૧૦૦૦ |
| ત્રીજી | ૨૦૧૬ | ૧૦૦૦ |

❑ પૃષ્ઠ : ૮ + ૨૮૪ = ૨૯૨

❑ કિંમત : **રૂ. ૨૫/-**

❑ **પ્રાપ્તિસ્થાન :** હરિ:ૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
હરિ:ૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧

❑ મુદ્રણશુદ્ધિ : **શ્રી રજનીભાઈ બર્માવાળા**

❑ ડિઝાઈનર : **મયૂર જાની,** મો. : ૯૪૨૮૪૦૪૪૪૩

❑ ટાઈપસેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટૅક્સ, અમદાવાદ-૧૪, મો. ૦૯૩૨૭૦ ૩૬૪૧૪

❑ મુદ્રક : **સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨
ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

# સમર્પણાંજલિ

પૂજ્ય શ્રીમોટાના સદેહે દર્શન કરી પોતાના જીવનની ધન્યતા અનુભવનાર, જેમને પૂજ્યશ્રીએ કહ્યું હતું કે, 'મને થાળ ભરીને પૈસા આપજે.' જેઓએ વ્યવસાયે પ્રાથમિક શાળામાં શિક્ષિકા તરીકે નખશીખ પ્રામાણિક અને નિષ્ઠાવાન ફરજો બજાવીને અનેક વિદ્યાર્થીઓનું સંસ્કારી ઘડતર કર્યું છે, જેઓ પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકોના પ્રકાશન અર્થે પૂજ્ય શ્રીમોટાને પોતે આપેલ વચનને ચરિતાર્થ કરતાં રહ્યાં છે તેવાં સુરત નિવાસી

**શ્રી પ્રભાવતીબહેન કાનજીભાઈ ભગતને**

'પૂજ્ય શ્રીમોટા વચનામૃત' પુસ્તકની ત્રીજી આવૃત્તિનું પ્રકાશન સમર્પણ કરતા અમો આભાર અને આનંદ વ્યક્ત કરીએ છીએ.

તા. ૧૫-૪-૨૦૧૬ **ટ્રસ્ટીમંડળ**

રામનવમી હરિઃૐ આશ્રમ, સુરત

પૂજ્ય શ્રીમોટાનો ૭૮મો સાક્ષાત્કારદિન

# પુસ્તિકા વિશે થોડુંક...

'પૂજ્ય શ્રીમોટા વચનામૃત' પુસ્તિકા માટેનાં ઘણાં પુસ્તકોમાંથી સરસ વાક્યો લઈ, મુકુલભાઈએ નાની નાની ઘણી પુસ્તિકાઓ તૈયાર થઈ શકે એવું લખાણ તૈયાર કર્યું.

આ પુસ્તિકાઓનું લખાણ લઈ મુકુલભાઈ બારડોલી 'સુરુચિ' છાપશાળામાં છપાવવા માટે સુરતથી બારડોલી આવ્યા. આ પુસ્તિકામાં 'સુરુચિ'ના મિત્રો સાથે વિચારવિમર્શ કરી મુદ્દાઓ તૈયાર કર્યા.

આ પુસ્તિકા 'પૉકેટબુક' રહેશે, જે દાતા આ પુસ્તિકા છપાવશે તેનો નામોલ્લેખ પુસ્તિકામાં કરવામાં આવશે, એની કિંમત એક રૂપિયો જ રહેશે, આ પુસ્તિકામાંથી ઉપજતી બધી જ રકમ 'હરિઃૐ આશ્રમ' સુરતને અર્પણ થશે.

પુસ્તિકાનું મુખપૃષ્ઠ તૈયાર કરવા 'જય પંચોલી'ને અમદાવાદ એ જ દિવસે મોકલ્યું. પુસ્તિકા વિશેની વિગતે ચર્ચા કરી મુકુલભાઈ સુરત ગયા. બીજે દિવસે એટલે કે તા. ૧૯મી ફેબ્રુઆરી, શુક્રવાર, ૧૯૮૮ને દિવસે દેહ છોડ્યો.

મુકુલભાઈના દેહવિલય પછી એમના અમર રહેલા અક્ષરદેહમાંથી ૧૩ (તેર) પુસ્તિકાઓ પ્રગટ થઈ !

હવે આ તેર પુસ્તિકાઓને 'હરિઃૐ આશ્રમ', સુરતનું ટ્રસ્ટીમંડળ ચાર ભાગમાં સમાવીને ફરી છાપી આપશે. ટ્રસ્ટીમંડળના પુનઃમુદ્રણના આ પગલાં બદલ સર્વે ટ્રસ્ટીઓનો હું ખૂબ ખૂબ આભાર માનું છું. પૂજ્યશ્રી મોટાના વચનામૃતો મોટાના જ ચરણોમાં ધરતા કૃતકૃજ્ઞતા અનુભવું છું. સર્વનો ઋણ સ્વીકાર કરું છું.

શ્રી સરદાર કન્યા વિદ્યાલય<br>સ્વરાજ આશ્રમ, બારડોલી<br>જિ. સુરત, તા. ૧૭-૯-૨૦૦૮

અત્યંત આદર સાથે<br>**નિરંજના કલાર્થી**

# નિવેદન

(બીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાએ જેમના નિમિત્તે લગ્નવિધિની ગુજરાતીમાં રચના કરી હતી તેવા સદ્‌ગત મુકુલભાઈ કલાર્થીએ વર્ષોની મહેનત બાદ પૂજ્ય શ્રીમોટાના પુસ્તકોમાંથી વચનામૃત સ્વરૂપે તેમના જ શબ્દોને તેના મૂળ સ્વરૂપે એકત્રિત કરી તેને ૧૩ (તેર) પૉકેટ સાઈઝ પુસ્તિકામાં છાપવા માટેનું તમામ આયોજન પૂર્ણ કરી પ્રેસમાં આપ્યાના બીજા જ દિવસે પૂજ્ય શ્રીમોટાનું કાર્ય પૂર્ણ કર્યાના આત્મસંતોષ સાથે દેહ છોડ્યો.

આ પુસ્તિકાઓની છપામણી માટે ભંડોળ ન હોવાથી પૂજ્ય શ્રીમોટાના સ્વજનોને આર્થિક સહયોગ માટે વિનંતી અને તેના વેચાણની પૂરેપૂરી રકમ હરિઃૐ આશ્રમ, સુરતને અર્પણ કરવાના સંકલ્પ સાથે તેમના જીવનસંગિની શ્રીમતી નિરંજનાબહેને પ્રાપ્ત થતા આર્થિક સહયોગની અનુકૂળતાએ ૧૯૯૭ સુધીમાં એ કાર્ય પૂર્ણ કર્યું હતું.

આ પુસ્તિકાઓ કેટલાય વર્ષોથી અપ્રાપ્ય હોવાથી હરિઃૐ આશ્રમ, સુરતના ટ્રસ્ટી મંડળે તેનું પુનર્મુદ્રણ કરવાનું નક્કી કર્યું. આશ્રમના સ્વજન શ્રી જયંતીલાલ મો. તમાકુવાલાએ પૂરા સંગ્રહને તેના મૂળ સ્વરૂપે જાળવીને અત્યંત ખંત અને ચીવટાઈપૂર્વક તેની મુદ્રણશુદ્ધિ સહિત તેને ૪ ભાગમાં સુગ્રથિત કરી આ કાર્ય સમયસર પૂર્ણ કર્યું છે, ટ્રસ્ટીમંડળ તે બદલ તેઓશ્રીનો આભાર માને છે. ૧૨ વર્ષ બાદ પ્રકાશિત થતી નવસંસ્કરણ પામેલી વચનામૃતની આ બીજી આવૃત્તિ વાચકવર્ગના જીવનમાં માર્ગદર્શક અને પ્રેરણાત્મ બની રહી આવકાર પામશે એવી શ્રદ્ધા સાથે આ પુનર્મુદ્રણ રજૂ કરીએ છીએ.

તા. ૧૪-૧-૨૦૦૯ **ટ્રસ્ટીમંડળ,**

મકર સંક્રાંતિ, સં. ૨૦૬૫ હરિઃ ૐ આશ્રમ, સુરત

# નિવેદન

(ત્રીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટા વચનામૃત ભાગ ૧-૧૩ના રચયિતા શ્રી મુકુલભાઈ કલાર્થી છે. શ્રી મુકુલભાઈએ બાળ સાહિત્યના ક્ષેત્રે તેમજ મહાપુરુષોની પ્રેરકવાતો અંગે સંશોધન કરીને ઘણા પુસ્તકો લખ્યા છે. પૂજ્ય શ્રીમોટા સાથે તેમનો સંબંધ અનેરો હતો. પૂજ્ય શ્રીમોટાના વચનામૃતના સંકલનની મૂળ પુસ્તિકાઓ પૉકેટ સાઇઝમાં ભાગ ૧-૧૩ તરીકે વર્ષ ૧૯૯૬માં પ્રકાશન પામેલ. તે પ્રકાશન નિરંજનાબહેન કલાર્થીએ અંગત ધોરણે લોક સહયોગથી કરેલ. ત્યારબાદ વર્ષ ૨૦૦૯માં હરિઃૐ આશ્રમ, સુરતે આ જવાબદારી સ્વીકારી અને ૧૩ ભાગનું સંકલિત પ્રકાશન ૧-૪ ભાગમાં મોટી સાઇઝમાં કર્યું હતું. હવે આ પ્રકાશન એક પુસ્તક રૂપે જ થાય છે જેમાં મૂળ પુસ્તિકાઓની માહિતી યથાવત્ જાળવી રાખવામાં આવી છે.

શ્રીમોટાનું માર્ગર્શન લોકચરણે મૂકવા બદલ અમો શ્રી મુકુલભાઈ તથા શ્રીમતી નિરંજનાબહેન કલાર્થીનો અંતઃકરણપૂર્વક ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.

સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુપ્રસાદ પંડ્યાએ પૂજ્ય શ્રીમોટા પ્રત્યેના ભક્તિભાવથી આ પુસ્તકનું મુદ્રણ કરી આપ્યું છે. તેઓશ્રીના આવા અમૂલ્ય અને ઉદારતાભર્યા સહયોગના કારણે જ પૂજ્ય શ્રીમોટાનો અક્ષરદેહ ઘણી ઓછી કિંમતે સમાજચરણે મૂકી શકીએ છીએ. શ્રી શ્રેયસભાઈ પંડ્યાના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

તા. ૧૫-૪-૨૦૧૬ **ટ્રસ્ટીમંડળ**
રામનવમી, સં. ૨૦૭૨ હરિઃૐ આશ્રમ, સુરત
પૂજ્ય શ્રીમોટાનો ૭૮મો સાક્ષાત્કારદિન

# પૂજ્ય શ્રીમોટા વચનામૃત

❑

મુકુલ કલાર્થી

## ‘હું સર્વત્ર વિદ્યમાન છું.’

- શ્રીમોટા

‘જીવનદર્શન’, ૧૧મી આ., પૃ. ૪૩૧

॥ હરિઃૐ ॥

# પૂજ્ય શ્રીમોટા
# વચનામૃત
## ભાગ - ૧

તમને આ જીવમાં વિશ્વાસ દઢ થાય છે, એના કરતાં તો તમે તમારામાં જ આત્મવિશ્વાસ દઢ કરો, તે ઉત્તમ છે. હું તો છું જ, પણ ખરા તો તમે પોતે છો. એક વખત જો તમને તમારા પોતાનામાં દઢ, અચળ, અડગ વિશ્વાસ પ્રગટી ગયો, તો તમે ગમે તે કરી શકવાને સમર્થ નીવડવાના છો. તે પછી પીઠભૂમિ તરીકે ભલે આ જીવ રહ્યા કરે.

બે હાથ વિના તાળી પડે નહિ. તેવી રીતે દિલનો તલસાટભર્યો ભાવનાયુક્ત સહકાર સામેથી જો ન સાંપડી શકે, તો કંઈ કશું કામ આગળ વધી શકતું નથી. દિલના પ્રેમભક્તિપૂર્વકના સંપૂર્ણ સહકારની અને સહચારની આ માર્ગમાં સંપૂર્ણ આવશ્યકતા છે. એમ થાય તો ભાવનું વધુમાં વધુ સચોટ પ્રતિબિંબ, એ ભાવનો અનુભવ પણ આપણામાં પ્રગટતો જશે.

**આ માર્ગમાં મૌનનું મહત્ત્વ વિશેષ છે. મન, પ્રાણ આદિ કરણમાં અનેક પ્રકારની ખંજવાળ આવતી હોય છે. તેનાથી મુક્ત થવું તે સાચું મૌન.** મૌનનો અંતિમ હેતુ તો બધાં કરણોમાં

સંપૂર્ણ નીરવતા થાય, તે છે.

દિલમાં જ્યારે ખરેખરાં શ્રદ્ધાવિશ્વાસ જન્મે છે, ત્યારે તો પથ્થરની મૂર્તિમાં પણ તે ચેતન પ્રગટાવી શકે છે.

જીવદશાવાળી બુદ્ધિથી ને તેની સમજણથી સત્યને શોધી શકાવાનું નથી.

શ્રીભગવાન આપણને જે માર્ગદર્શન કરે, તે માર્ગદર્શન કળી શકવાની શક્તિ-હૃદયની સહજબુદ્ધિ તથા તે પ્રમાણે અનુસરવાની હૃદયની શક્તિ જીવનમાં પ્રગટ થયા વિના સાધનામાં પ્રગતિ થઈ શકવાની નથી.

જ્યાં જ્યાં ભક્તિભર્યું ચેતનવંતું પ્રેમાળ વાતાવરણ હોય, ત્યાં ત્યાં પ્રભુતા રહેલી છે.

જ્યાં જ્યાં સામાન્યપણાથી કંઈક વિશેષતા અનુભવીએ, ત્યાં ત્યાં ભગવાનની જ્ઞાનભક્તિપૂર્વક ઝાંખી અનુભવવાનો જીવતોજાગતો અભ્યાસ આપણે કાજે બહુ જરૂરી છે. એ એક જીવનસાધનાની ચાવી સમજી લેવી. એવા એવા પ્રસંગ મળે, ત્યારે તેમાં તેવી અંતરની દૃષ્ટિને પ્રેરાવતા રહેવું.

કોઈ પણ સાધનામાં એકનિષ્ઠ ભક્તિની જરૂર અત્યંત છે. તેના વિના ધ્યેયમાં એકાગ્રતા ને કેન્દ્રિતતા પ્રગટી શકવાં શક્ય નથી. તો પછી તેની પ્રાપ્તિ કે સિદ્ધિ તો ક્યાંથી જ થાય ?

એકાદ કોઈ વ્યક્તિને આપણે ખરેખરા હૃદયથી જો ચાહતા હોઈએ છીએ અને આપણે તેની સાથે એકદિલ થઈ જઈને એકબીજાને કાજે ન્યોછાવર થઈ જવાનો દિલમાં ઉમળકો પ્રગટે છે, તો પછી જો ચેતનના પદકમળમાં એવો દિલનો પ્રેમ પ્રગટી જાય, તો તો પૂછવું જ શું ?

આ માર્ગમાં વિકાસ થવાને માટે અભયનો ગુણ કેળવવાનું ઘણું ઘણું જરૂરનું છે. સંપૂર્ણ નિર્ભયતા કેળવાયા વિના ભાવનાની ટોચનાં શાંતિ-પ્રસન્નતા પ્રગટી શકતાં નથી.

લાંબા લાંબા વિચાર ને તર્કવિતર્કમાં કદી પણ પડવું નહિ. વિચારોને કદી વાગોળશો નહિ. **વાગોળવું જુદું છે અને મનનચિંતન એ જુદી હકીકત છે.**

કૃપાની ઉપર જે મદાર રાખે છે, તેના પુરુષાર્થમાં ખંત, ઉત્સાહ વગેરેનું પ્રમાણ ઘટી જાય છે. એના કરતાં જે કોઈ સાચી ભાવનાથી ખરેખરો ઉત્કટ પુરુષાર્થ કરે છે, તેને જરૂર કૃપા મળી રહે છે.

આપણા આદર્શને કાજે જ્યાં સુધી આપણને દિલમાં મરી ફીટવાની પૂરેપૂરી ધગશ નહિ પ્રગટી હોય, ત્યાં સુધી આપણે ઠેરના ઠેર રહેવાના છીએ.

સાચો આધાર પોતાના પર રાખીને સાધનાની ભાવનાનો વિકાસ કેમ કરીને થયા કરે, એની વેતરણમાં ભાવનાપૂર્વક પડી પડીને તે પરત્વેના ખંતીલા જાગ્રત પ્રયત્નમાં આપણે પડવાનું છે.

❦

સદ્ભાવનાની અસર પ્રગટ્યા વિના રહી શકતી નથી. જેમ કોઈ અમુક જ રોગને માટે દવા લેવામાં આવી હોય અને તે રોગ દવાથી મટે એટલું જ નહિ, પણ તેને પરિણામે આખું શરીર તંદુરસ્ત થાય. તેવી રીતે જીવનમાં જ્યારે સદ્ભાવના પ્રગટે છે, ત્યારે જ્ઞાનભક્તિપૂર્વકની તેવી સદ્ભાવના સારાયે જીવન પર પોતાની અસર પાડે છે.

❦

જે જે જીવપ્રકારની નકારાત્મક વૃત્તિઓ જીવનમાં પ્રગટતી હોય, તેના પરત્વે માત્ર ઉપેક્ષાવૃત્તિ રાખવાથી તે ટળી શકતી નથી. ખરી રીતે તો આપણી પ્રકૃતિ કે આપણા સ્વભાવના તેવા તેવા rough corners -વિકૃત વળાંકો આપણને ઘણા ઘણા ડંખવા જોઈએ. તે આપણી નબળાઈ છે, દોષ છે અને આધ્યાત્મિક જીવનવિકાસની સાધનાને માટે તે ભારે અંતરાયરૂપ છે. એ હકીકત આપણને ખરેખરી રીતે જ્યાં સુધી લાગશે નહિ ને ડંખશે નહિ, ત્યાં સુધી આપણને તેમાંથી મુક્તિ મળી શકનાર નથી.

❦

કામ વિનાની બીજી કશી બાબતમાં ચિત્ત જેટલું ન પરોવાય તેટલું ઉત્તમ છે.

જીવનના આધ્યાત્મિક ક્ષેત્રમાં સદ્‌ગુરુની મદદ પ્રત્યક્ષ મળી શકે છે, એનો પુરાવો હું પોતે જીવતોજાગતો બેઠો છું. અને પ્રભુકૃપાથી ને ગુરુમહારાજના આશીર્વાદના સારાયે બળથી છાતી ઠોકીને કહી શકું છું કે, જો આપણા દિલમાં સાચેસાચી રીતે અને ખરેખરા ભાવથી હૃદયના ઉમળકાભેર ન્યોછાવર થઈ જઈને ફના થઈ જવાની આપણી તૈયારી જીવનવિકાસની સાધનાને માટે હોય છે અને સદ્‌ગુરુ પરત્વેનો હૃદયનો તેવો ભાવ હોય છે, તો સદ્‌ગુરુ કંઈ નમાલા હોતા નથી. આ હકીકત પ્રભુકૃપાથી જાહેર રીતે અને સામર્થ્યપૂર્વક અનુભવના આધારે જગતના ચરણકમળે પ્રેમથી મૂકું છું.

જેમ જેમ સાધનાના ક્ષેત્રમાં આગળ ને આગળ ખરેખરા ભાવથી જતા જઈશું તેમ તેમ આપમેળે વિચારો, વૃત્તિઓ અને ઇંદ્રિયોનાં આડફંટા જતાં વલણોને રોકી શકવાની જાગૃતિ પ્રગટીને તેના પરનો જીવતો સંયમ ઉદ્‌ભવવાનો છે.

સ્વપ્નમાં આમ બન્યું ને તેમ બન્યું ને અમુક અમુક દર્શન થયાં, એ રીતે કંઈક રાજી થતા કેટલાક જીવને જોયા છે ને જાણ્યા છે. સ્વપ્નમાં સદ્‌ગુરુની સાથે કંઈક કંઈક રીતે વર્તાયું ને તેમના પર પ્રેમ ઊભરાયો, એવું પણ કહેનારા સાંભળ્યા છે. પણ અલ્યા ! જાગ્રતમાં તો સદ્‌ગુરુ સાથે ભક્તિપૂર્વકનો જીવનવિકાસનો હેતુ દઢાવીને તેની મદદ લેવાનો દિલનો ઉમળકો તો તને પૂરો પ્રગટતો નથી અને તું સ્વપ્નની તે શીદને

વાત કરે છે ? સ્વપ્નમાં થયું, તેથી તારો દહાડો શો વળ્યો ? એ તો આપણે સાચેસાચી રીતે જાગ્રત અવસ્થામાં જ ખરેખરું જે કર્યા કરીશું, તો તેવા જીવતાજાગતા પ્રયત્નને આધારે આપણામાં ખરેખરી ભૂમિકા પાકવાની છે, તે જાણશો.

બીજું કોઈ પણ આપણી પ્રગતિ રોકી શકતું નથી, એ નક્કી વાત છે.

આપણે બધા જે કહીએ છીએ કે, આપણે મનના ગુલામ છીએ. તે હકીકત પૂરેપૂરી યોગ્ય પ્રકારની નથી. ખરેખરી રીતે આપણે આપણી આખી પ્રકૃતિ ને સ્વભાવના અને વાતાવરણના ગુલામ છીએ.

સંસારના કોઈ પણ ક્ષેત્રમાં ને તેના વહેવારમાં અભિમાન થવું એ તો પછાડ ખાવાનું જ લક્ષણ છે. અભિમાનથી આપણું પોતાનું જ અહિત થાય છે, તેની સાચી ખબર કોઈને પડતી નથી. અભિમાન આપણને પોતાને પછાડે છે અને આપણને સાચી વસ્તુનું ભાન થવા દેતું નથી.

જીવનનાં સર્વ ક્ષેત્રમાં સાચું વ્યવહારકૌશલ્ય મેળવવાને માટે નમ્રતાનો ગુણ કેળવવાની ઘણી ઘણી જરૂર છે. સાચેસાચી, ખરેખરી, ને ઉચ્ચમાં ઉચ્ચ ભાવનાની પ્રગટેલી નમ્રતામાં પોતે ધારેલું સર્વ કરી શકવાના પુરુષાર્થની સંપૂર્ણ શક્તિ રહેલી છે.

જ્યારે કોઈ પણ ગુણને કેળવવાની જાગૃતિ આપણામાં પ્રગટે છે, ત્યારે તે કેળવતાં કેળવતાં ને કેળવાતાં જતાં જતાં તેમાં પણ હુંપણું પ્રગટી જવાની પૂરેપૂરી શક્યતા રહે છે. કારણ કે જ્યાં સુધી આપણે જીવદશાવાળા છીએ, ત્યાં સુધી આપણા દરેક કર્મમાં ને દરેક પ્રકારની શિક્ષણની કેળવણીમાં આપણે અહંકારના પ્રેરાયેલા દોરવાયા કરીએ છીએ.

આપણે જીવનમાં ખરેખરી સાધના કરવી હોય, તો આપણા દોષોને મિટાવવાને માટે ને તેમાંથી મુક્તિ મેળવવાને માટે અને જો સાચેસાચ દોષો આપણને અંતરાયરૂપ લાગતા હોય, -અને સાચેસાચ તે સાધનાના માર્ગમાં અંતરાયરૂપ તો છે જ- તો તો તે તે દોષોનું ભયંકરપણું આપણને લાગી જવું જોઈશે. વીંછીને કે સાપને આપણે કેમ અડકતા નથી, તે વિચારી જુઓ. કારણ કે વેદના પ્રગટ કરનારી તેની ભયંકરતાને આપણે જાણીએ છીએ. તેવી રીતે આપણને હજી આપણા દોષો વિશે ખરેખરું ઊંડેઊંડું લાગ્યું નથી. આપણા દોષને આપણે નિવારવા છે અને તે નિવાર્યા વિના સાધનામાં આગળ કશી પ્રગતિ થઈ શકવાની નથી. એવું સહજ જ્ઞાન સાધના કરતાં કરતાં તો પ્રગટી જવું ઘટે છે.

આપણે પોતે પોતાનામાં વિશેષ ને વિશેષ દિલ પ્રગટાવવાનું છે અને તેમાં જ વિશેષ એકાગ્ર ને કેન્દ્રિત થયા કરવાનું છે. જેમ જેમ સાધનામાં દિલ લગાડ્યાં કરીશું, તેમ તેમ આપણા વિશે આપણને સાચું ભાન પ્રગટતું જાય છે.

સાચી રીતે તો જ્ઞાનભક્તિપૂર્વકની જીવતીજાગતી જાગૃતિ કેળવાતી જાય, તે જ મહત્ત્વનું છે. તેમ થાય ત્યારે જીવનવિકાસ પરત્વેની ધ્યેયની દૃષ્ટિથી વિસંગત કે વિરુદ્ધની જે વૃત્તિ કે લાગણી તે કાળે ઊઠશે, તેનો ઈનકાર થતાં થતાં તે અદૃશ્ય થવા માંડશે. એમ કરતાં કરતાં **ભાવનામાં અખંડતા પ્રગટતાં પ્રગટતાં મનમાં નીરવતા, બુદ્ધિમાં પ્રજ્ઞાવસ્થા, ચિત્તમાં ચેતનાની ભાવના, પ્રાણમાં એકમાત્ર ભગવદ્‌ભાવનાની ઝંખના અને અહમ્‌માં પ્રભુપ્રેરિત શક્તિ—એવાં પરિણામમાં પ્રગટતાં પ્રગટતાં શરણાગતિને પ્રભુકૃપાથી પામી શકીશું.**

❦

સાધનામાર્ગમાં આપણે જે કંઈ સાધન કરીએ છીએ, તે પરત્વેની જ્ઞાનપૂર્વકની ગુપ્તતા જેટલી જળવાય, તેટલી ઉત્તમ છે.

❦

કોઈની નકારાત્મક હકીકત ન સાંભળવામાં સાર છે.

❦

આડીતેડી હકીકતો અને પ્રસંગ ને બનાવને જાણવામાં કેટલાકને ઘણી ઘણી લોલુપતા હોય છે. ને આપણે જો આપણને બરાબર વિચારીએ, તો આમાંનું આપણામાં ઘણું છે. બીજાનું જાણવાની કેટલી બધી લોલુપતા હોય છે, તે હકીકત મળેલાં કેટલાંય સ્વજનોનાં મનમાં ડોકિયાં કરતી અવારનવાર જોયા કરી છે. જીવનસાધનના વિકાસને માટે આ તો આત્મઘાતક પગલું છે.

❦

જ્યાં સુધી મન સંપૂર્ણપણે ગળી ગયું નથી, જ્યાં સુધી મનના જુદા અસ્તિત્વની છાપ, અસર અનુભવાતી હોય, જ્યાં સુધી એવા તરંગ ચાલતા જોઈ શકતા હોઈએ, જ્યાં સુધી મન પોતાની અલગ દુનિયામાં ડોકિયાં કરતું હોય, જ્યાં સુધી જાણ્યેઅજાણ્યે પણ બીજા કશામાં રસ લેતું માલૂમ પડતું હોય ને જ્યાં સુધી જીવનવિકાસની ભાવનામાં તે પૂરેપૂરું રત થઈ ગયું ન હોય, ત્યાં સુધી એવા મનમાં પ્રગટેલા વિચારોને પૂરેપૂરું વજન આપવું નહિ.

❦

સમજવું એક વાત છે ને સ્વીકારવું એ જુદી વાત છે. સમજ્યા હોઈએ, પણ સ્વીકારાયું ન હોય, એવું પણ ઘણી ઘણી વાર બને છે. જ્યારે હૃદયથી જે કંઈ સ્વીકારાયું હોય, તેને તો એકધારું વળગી રહેવાનું બની શકે છે. તેનું નામ સાચો સ્વીકાર છે.

❦

સારાયે દિવસની Sum-total energyનો -સમગ્રતઃ કુલ વપરાયેલ શક્તિનો ઘણોખરો મોટો ભાગ સાધનાની ભાવના મૂર્તસ્વરૂપ લે એવી રીતે તે પરત્વે જ વળેલો હોવો જોઈશે. ભલેને બીજું કામ કરતા હોઈએ, તેમાંયે આંતરપ્રવાહ તો પેલી ભાવનાનો જ પ્રગટેલો હોવો જોઈશે.

❦

જેમ ચૂલામાં અગ્નિ બળતો હોય, તો તેને ઝળહળતો ચેતેલો રાખવાને માટે નવું બળતણ ઉમેરવું પડે છે, ને બળતાં લાકડાંને

સંકોરવાં પડે છે, તેવી રીતે આપણે અભ્યાસમાં પ્રાણ પ્રગટાવી પ્રગટાવીને નવું બળતણ ઉમેરવાનું છે.

❦

આપણી જાત માટે જેટલું ઓછામાં ઓછું માનીએ, એટલું ઉત્તમ છે.

❦

કર્મ કરવા છતાં એ કર્મ પાછળની ઈચ્છા કોઈ લૌકિક પ્રકારની ન હોવી જોઈએ. કિંતુ સાધનાના ભાવને પ્રેરક બળરૂપ બન્યા કરે, એવી રીતે ને એવા ભાવે પ્રભુપ્રીત્યર્થે મળેલાં કર્મો યજ્ઞભાવે આપણે કર્યાં કરવાનાં છે.

❦

દૂધમાં મેળવણ ભેળવીને દહીં જમાવવાને માટે તેને જેમ એકાંતમાં કોઈક સ્થળે મૂકી રાખવું પડે છે, તેમ જો આપણે સાધના ખરેખરી રીતે કરવી હોય ને તેમાં એકાગ્ર બનવું હોય, તો આપણે પણ સંસારવહેવારમાંથી અને જીવનની સાધનાથી વિરોધી વાતાવરણમાંથી જરૂર અલગ થવું પડશે.

❦

કોઈ પણ દિવસ કોઈ પણ જાતની વૃત્તિ સંતોષવાને લલચાય જવું નહિ.

❦

બાળકને જોતાં એના જેવી નિર્દોષતા જીવનમાં પ્રગટો; કોઈ પ્રેમી ખરા હૃદયના પ્રેમભાવવાળું જોઈએ તો, એમના જેવો ખરેખરો પ્રેમ પ્રભુ પરત્વે આપણા જીવનમાં પ્રગટો; કોઈ સાચેસાચા કાર્યરત જીવને જોઈએ તો, એના જેવી લઢણ આપણા

ધ્યેય પરત્વે આપણને પ્રગટો; કોઈ સાધુપુરુષને આપણે જોઈએ તો, એના જેવી સાધના કરવાની તીવ્ર તત્પરતાવાળી ભાવના ને શક્તિ અને એવું ઓજસ આપણા જીવનમાં પ્રભુકૃપાથી પ્રગટો; કોઈ નિર્મળ ભાવનાવાળાં બહેન કે મા જોઈએ તો, એમના જેવી નિર્મળતા આપણામાં પ્રગટો; કોઈક નૈસર્ગિક સુંદર દૃશ્ય જોઈએ તો, એના જેવો પ્રભુનો આવિર્ભાવ આપણામાં પણ ઉદ્‌ભવો; નદીને જોતાં એ જેવા ઉત્સાહ ને ઉન્માદથી અવિરતપણે ધસારાબંધ જેમ પોતાના ધ્યેય પ્રતિ ધસ્યા કરે છે, તેવું આપણા પોતાના જીવનમાં થાઓ; કોઈ બે ખરા મિત્રને જોઈને તેમના જેવો મૈત્રીભાવ, સખાભાવ પ્રભુ પરત્વે જીવનમાં જાગો; -એવા એવા અનેક જીવનમાં મળતાં પ્રસંગો ને દૃશ્યો જ્યાં જ્યાં નજરે પડે, ત્યાં ત્યાં એવો ભાવ જાગૃતિ રાખીને, પ્રગટાવીને, હૃદયમાં કેળવીને ધ્યેયનો હેતુ ફળાવવા અર્થે તે તે પ્રકારની હૃદયની પ્રાર્થના કરવી, એ પણ એક મોટું સાધન છે. આ પ્રમાણે આ જીવ કર્યાં કરેલું છે.

ભાવ વગરનું કોઈ પણ કર્મ જોઈતું પરિણામ નિપજાવી નહિ શકે. જેમ કોઈ હોશિયાર વગાડનારને કે પ્રવીણ ગાનારને જરાક સૂર બેસૂરો થતાં સફાળી ખબર પડી જાય છે, તેમ આપણને ક્યાંક ભાવની ધૂનથી જરાક પણ ભિન્ન થવાતાં એકદમ આંચકો લાગી જવો જોઈશે. એ રીતનો જો અનુભવ થાય, તો આપણે ભાવની ધૂનમાં રહ્યા કરીએ છીએ, તે હકીકત સાચી છે એમ સમજજો.

❦

આપણો પ્રત્યેક દિવસ એક નવા જ જીવનમાં, નવા

જન્મદિવસમાં તથા વધુ દિવ્યતામાં રૂપાન્તર પામેલી ચેતનામાં પરિણમે એવી આપણી સ્થિતિ થાય ને એ સ્થિતિનો જ્ઞાનભાનપૂર્વક અનુભવ આપણને થયા કરે, એવી શ્રીભગવાનને ચરણકમળે પ્રાર્થના છે.

કરુણાથી બીજાને માટે પ્રેરાઈ જવાનું બનતું હોય, તો આપણી જાત માટે જ પ્રથમ કરુણા કેમ નહિ ? વળી જે કોઈ પોતાને માટે ભાવથી યોગ્ય પ્રકારની પ્રાર્થના કરી શકતો નથી, તે બીજાને માટે શું કરી શકવાનો હતો ?

જો આપણે ભગવાનને રસ્તે જવું હોય, તો જીવપ્રકારની સકળ પ્રવૃત્તિઓ જે સદાય અહંપ્રેરિત હોય છે, તે બધીને અને મનાદિકરણના બધાય પ્રાકૃતિક ધર્મોને સમજી સમજીને ત્યજવાના રહે છે.

ઈંડાંની અંદરના જીવનો સંપૂર્ણ વિકાસ થતાં જેમ ઉપરનું કોચલું અંદરના જીવના અલ્પ પ્રયાસથી આપોઆપ તૂટી જાય છે અને પોતે બંધનમુક્ત થાય છે, તેવું આપણું થવાનું છે. ઈંડાંની અંદરના ગર્ભની જેમ આપણે એવા વિકાસપથગામી રહ્યાં કરીશું અને તેની સંપૂર્ણતા થશે, ત્યારે રાસાયણિક પ્રક્રિયા પ્રમાણે આપણી અંદર સાધનાની ભાવની જે પ્રક્રિયા ચાલી રહેલી હોય છે, તેની પણ જીવતીજાગતી પરંપરા થઈ થઈને તેની પરિપૂર્ણતા થવાની છે, તે નિશ્ચે જાણશોજી. તે વેળાએ ચેતનતત્ત્વને ઢાંકી દેનારાં આવરણો આપોઆપ લુપ્ત થઈ

જવાનાં છે, ને જીવપ્રકારનાં પડળો ખૂલી જવાનાં છે. એટલે સાચું જ્ઞાન આપોઆપ છતું થઈ જવાનું છે.

માન-આદરથી આપણે સમજી સમજીને વેગળા રહેવાનું છે. કોઈ આપણા પર મમત્વ રાખે, આપણું સારું બોલે, તો તેથી મનમાં જરા સરખો સંતોષ કે સારું લગાડવું નહિ. કંઈક કશામાં જરા સરખું પણ સંતોષાયા, એટલે આપણી બાજી બગડી, એમ સમજવું.

કોઈ પણ બાબતની ને ખાસ કરીને આધ્યાત્મિક બાબતની ચર્ચા કદી કરવી નહિ. સાધનામાં argumentative mood ચર્ચારસિક વાદવિવાદમય વલણ હાનિકારક છે.

બને તેટલું હૃદય ખુલ્લું રાખો. સદ્‌ગુરુના ભાવ પરત્વે નદીના વહેતા પ્રવાહના જેવો પ્રેમ વહેવા દો. એને એકમેવ, એકમેક થઈ જવા દો. વચ્ચે વચ્ચે પડદાઓ છે, તેને ચીરી નાખો. પ્રેમના ભાવની એકતાનો અનુભવ કરો ને કરવા દો. સર્વ પ્રકારના સંકોચ માત્રને ઓગાળી દો. બધું જ સમર્પણ થઈ જવા દો. કશું પણ બાકી ના રાખો. બધું, બધા ભાવો, બધા વિચારો, વૃત્તિઓ એમાંનું કશું જ આપણું નથી. બધું જ ખુલ્લું થવા દો. એ બધાંને એમ કરીને રજા આપી દો. સર્વ રીતે ને સર્વ ભાવે મુક્ત થઈ જાઓ. આવો ! આવો ! ધસમસતા આવો ! અભેદ થઈને આવો. સર્વ સંશયો છિન્નભિન્ન કરી નાખીને આવો. પ્રભુ પરત્વે પ્રવાહના જેવો ધસમસતો પ્રેમ

પ્રગટ થવા દો. એની ગંગધારા વહેવા દો. બંધનમાત્રને છેદી, ભેદી, ટુકડેટુકડા કરી દૂર દૂર ફેંકી દો.

❦

પ્રસંગોનાં પવિત્ર સંસ્મરણોથી મનને હંમેશાં ભીંજાવા દેવું જોઈએ.

❦

કોઈ પણ મહત્કાર્ય સગડગવાળી અનિર્ણયાત્મક બુદ્ધિથી થઈ શકતું નથી.

❦

જ્ઞાનનો ખરો અર્થ સમજણ નહિ, પણ તેવું જીવન.

❦

જે સંસ્થાની પાછળ સંસ્કાર છે, તપશ્ચર્યા છે, જીવનની આહુતિ છે ને જે સંસ્થા નર્યા ત્યાગમાંથી જ જન્મેલી છે, તે સંસ્થા કોઈ કાળે મૃત્યુ પામવાની નથી.

❦

સમર્પણશાળી જીવનથી જ નવી જ્યોત પેદા થવાની છે.

❦

મુશ્કેલીઓમાંથી માણસ શીખે છે. એનામાં પ્રાણ તેથી કરીને પ્રગટે છે. જીવનનું તેજસ્વીપણું પણ મુશ્કેલીઓથી જ વધે છે. **સાધના એટલે ભક્તિ, જ્ઞાન, ધ્યાન અને કર્મમાર્ગનો સમન્વય. ભક્તિ એ ભાવનાનો ધોધ. જ્ઞાન એ હેતુ. ધ્યાન એટલે કેન્દ્રિતપણું ને એકાગ્રતા. કર્મ એટલે એ બધાંને સુયોગ્ય, સુમેળ રીતે વહેવા માટેનો પટ -channel.** જેમ જેમ સાધનામાંથી

બળ, ભાવના, પ્રેરણા મળતાં જાય તેમ તેમ કર્મમાં તે નીતરવાં જ જોઈએ.

❦

'સમગ્ર જીવન' 'ભગવાન માટે જ છે.' એવી જેને દઢ પ્રતીતિ થઈ હોય, એવો હૃદયની જિજ્ઞાસાવાળો નિષ્ઠાવાન સાધક આગળ વધ્યા વિના રહી શકવાનો જ નથી.

❦

સાધકે કોઈ પણ પ્રકારનો સંકોચ કે અંતર ગુરુની અને પોતાની વચ્ચે ન રાખવાં જોઈએ.

❦

જીવનનું ચિંતવન કર્યા વિના અથવા તો એનું એકધારાપણું કોઈ ને કોઈ રીતે ચલાવ્યાં કર્યા વિના માનવીનું મન પીગળી શકતું નથી.

❦

જેને સદ્‌વસ્તુ પરત્વેની ભાવનાયુક્ત સમજણ છે, જેણે સંત જીવાત્માનો સત્સંગ સેવ્યો છે, તે જીવને પડી રહેલો જોતાં દિલમાં દુઃખની કંપારી વછૂટે છે.

❦

સંસારની કોઈ પણ વૃત્તિ કે ભાવના અધોગામી નથી. એને અધોગામી બનાવે છે આપણાં મન, ચિત્ત, પ્રાણ, બુદ્ધિ અને अहम्.

❦

માનવીહૃદયની, માનવીજીવનની સર્વ કોઈ વૃત્તિ એ તો પરમ મંગળમય પ્રભુની ચેતનાશક્તિના આવિર્ભાવનાં જુદાં જુદાં

પાસાં છે. આપણે સ્વભાવ વડે કરીને એનામાં અન્યથા આરોપણ કરીને એની ભાવનાને જુદો મરોડ દીધાં કરીએ છીએ. બાકી એ તો સર્વ કંઈમાં ચેતનરૂપે જ છે.

આપણે જે કંઈ કરવાનું છે, તે સમજણપૂર્વક ને જ્ઞાનપૂર્વક, ભક્તિભાવપૂર્વક કરવાનું છે. કોઈ પણ પ્રકારની માન્યતા કે ધૂનના વાતાવરણમાં ઘેરાઈ જવાનું નથી.

તમારે પોતે તમારા પોતાના સતત જાગૃત ચોકીદાર બનવાનું છે.

શ્રદ્ધા એટલે આસ્થા, જેના મંડાણ વિના આગળ કશું સંભવે જ નહિ. આપણી જીવન ઈમારતના ચણતરનો એ મૂળ પાયો છે. વેપારીના વેપારની એ મૂડી છે. ખેડૂતનાં એ હળ-બળદ છે. કારીગરની એ કળા છે. લુહારની એ ધમણ છે. ચિત્તની એ પ્રસન્નતા છે. પ્રાણનું એ ચૈતન્ય છે. મનની એ સ્થિરતા છે. હૃદયનો એ સ્થાયી ભાવ છે. આત્માનું એ ઓજસ છે. જીવનપથનું એ ભાથું છે.

સ્ફટિક જેવા સ્વચ્છ એટલે કે નિખાલસ અંતઃકરણના પાયા ઉપર જ પૂર્ણજીવનનો ભવ્ય મહેલ રચી શકાય.

પ્રેમ એટલે જ્ઞાન. પ્રભુનું જ્ઞાન મેળવવા માટે પ્રભુ પ્રત્યે પ્રેમ અનિવાર્ય સાધન છે. પૂર્ણપ્રેમ અને પૂર્ણજ્ઞાન એ તો પર્યાયવાચક શબ્દો થઈ રહે છે.

સંપૂર્ણ બંધન તથા સંપૂર્ણ મુક્તિ એટલે પ્રેમ.

જીવન એટલે અનુભવનું અમૃત અથવા નિચોડ.

જીવનનું મૃત્યુ એ નાલેશી ને નામોશી છે.

પોતાની ભૂલ ક્યાં થઈ તે જોવા તત્પર આંખ હોય, તે જ અનુભવ ઉપરથી શીખી શકે.

સ્વભાવના હુમલા ગમે તેટલા જોરદાર થાય, તોપણ ત્યારે પણ કાળજી રાખીને, જાગૃતિથી, તેનાથી દોરવાઈ જઈને બીજાં પ્રત્યે અયોગ્ય વર્તન ન થાય, એવું જોવા ને વર્તવા મથનાર, એનું નામ સાધક.

**આસક્તિ એટલે કોઈ કશા તરફ લાગણીનો મમતાભર્યો પક્ષપાત.** રાગ ને દ્વેષ તેથી જન્મે છે ને તેમાંથી સુખદુઃખનાં દ્વંદ્વો ઊભાં થયાં જ કરે છે.

ઇન્દ્રિયોને પોતાના વિષયોમાં એવો પ્રબળ રસ પડે છે કે, એવા રસની પાછળ રહેલા ભારે દુઃખનો વિચાર કદી કદી ઊઠે તો પણ માનવી તેમાં ઘસડાયે જાય છે. જે પ્રવૃત્તિઓને ‘અશુભ પ્રવૃત્તિ’ તરીકે આપણી સમજણ ઓળખી શકે, તેવી પ્રવૃત્તિ તરફ જ્યારે ઇન્દ્રિયો ખેંચાય છે, ત્યારે બધી ઇંન્દ્રિયોને

આપણી એ સમજણને લીધે ખબર તો હોય છે કે, 'આ કાર્ય કરવા જેવું નથી,' તેમ છતાં આપણી ઉપરવટ થઈને ઇન્દ્રિયો પોતાનું ધાર્યું કરી જાય છે. અને **ઇન્દ્રિયોનું સુખ એટલે ગીતાજીમાં કહેલું છે તેવું રાજસિક સુખ. પરિણામે તે પછી સ્વાભાવિક રીતે જ દુઃખ જન્મે છે.** આ રીતે જન્મતાં સુખ-દુઃખને અટકાવવા પ્રથમ આપણે સંસ્કાર-શુદ્ધિ કરવા સમર્થ પ્રયત્ન કરવા ઘટે છે.

ઇન્દ્રિયોની સૂક્ષ્મ ઇચ્છાઓ એવી તો મીઠી અને બળવાન હોય છે કે, તે સંતોષાય તો જ આપણને સુખ વળે છે. સંસારના રોજ રોજના વ્યવહારમાં જ ડૂબી ગયેલા માનવીને ઇન્દ્રિયોની આવી સૂક્ષ્મ ચાલબાજીની સમજણ જ ઘણી વાર નથી પડતી. તો પછી તેનો પ્રતિકાર કરવાનું તો સૂઝે જ ક્યાંથી ? એટલે આંતરનિરીક્ષણનો સતત ચોકી પહેરો રાખવો એ દરેક માનવી માટે જરૂરી અને હિતકારક છે.

સદાય આનંદમંગળમાં જાગૃતિપૂર્વક જીવનની પળેપળ જીવનવિકાસના ધ્યેયના હેતુ અર્થે વપરાયાં કરાય, તો તેવું સ્વજન અમારું સાચું સ્વજન છે.

આપણે જે કંઈ બોલીએ, વિચારીએ, લખીએ, તે તે વેળા તેની યથાર્થતાનું જ્ઞાન પ્રગટાવીને કરીએ, તો શોભીએ.

શરીર પર વીંછી ચઢતો હોય, તો ફટાક દેતાંકને ખંખેરીને

તેનાથી વિખૂટા થઈ જઈએ છીએ. પળવાર પણ તેને ટકવા દેતા નથી. એવી જ રીતે જીવપણાના નકારાત્મક વલણને આપણે કદી પણ ટકવા દેવું ન ઘટે.

મૃત્યુ તો જીવનતત્ત્વ જેટલું જ મંગળકારી છે.

જીવન અને મૃત્યુ એ બંનેનું વાસ્તવિક સ્વરૂપ એક જ છે. જ્યાં મૃત્યુ છે, ત્યાં જ નૂતન જીવન પણ છે. ને જ્યાં જીવન છે, ત્યાં મૃત્યુનું પરિણામ પણ નિશ્ચિત છે.

મૃત્યુ અને જીવન એક જ જીવનતત્ત્વનાં બે દર્શન છે.

જન્મ એ વિશ્વક્રમમાં એક સ્વાભાવિક સ્થિતિ છે તેમ મૃત્યુ પણ છે.

જીવમાત્રને મૃત્યુનો ભય રહે છે. એ જાણે છે ખરો કે, 'નામ તેનો નાશ' છે. પણ તેમ છતાં એ સત્યની સદાય અવગણના કરીને પોતે જીવે છે.

મૃત્યુ પ્રત્યે માનવીને હંમેશાં અણગમો ને બીક રહ્યાં કર્યાં છે. એનું કારણ માનવીની અપરિવર્તનશીલ મનોદશા છે. શક્ય ત્યાં સુધી ફેરફાર થવા દીધા વિના એકની એક સ્થિતિમાં પડ્યા રહેવું, માનવીના સ્વભાવને ગમે છે. એની એ ઇચ્છાની આડે મૃત્યુ આવે છે.

આપણે જાણીએ છીએ કે, સમગ્ર સૃષ્ટિમાં બધું જ પરિવર્તન પામી રહ્યું છે. તોપણ આપણી આસપાસના જગતને ફેરફાર વિનાનું રાખવા આપણે ઇચ્છીએ છીએ. **આ સ્થિતિમાં મૃત્યુ એટલે અનિવાર્ય પરિવર્તન.** એ પરિવર્તન થાય તેમાં માનવીનું કલ્યાણ થાય, એવો જ હેતુ સમાયેલો હોવા છતાં, એવા યોગ્ય ફેરફારને માનવી વધાવી લેતો નથી. કેમ કે એણે પોતાની પરિસ્થિતિમાં પોતાના જીવનની વિવિધ શક્તિ ખર્ચી છે, કે ખર્ચવાની યોજના કરી છે; તેમાં વિવિધ પ્રકારનો રસ લીધો છે ને કંઈ કંઈ આશાઓ સેવી છે, એ બધું એક અજાણ ક્ષણમાં સદંતર અદશ્ય થઈ જાય, એ માનવી કેવી રીતે સહન કરી શકે ?

આપણી જીવનશક્તિની ઉપર પડેલા સંસ્કાર પ્રમાણે આપણે જગતની પાર વિનાની વસ્તુઓમાં આસક્તિ કેળવી, તેમાં રસ લીધો, એને આપણું સર્વસ્વ માની બેઠા. પરંતુ એના સ્વાભાવિક ક્રમ પ્રમાણે એ પરિવર્તન પામે છે, એ આપણે સાંખી શકતા નથી. સતત પરિવર્તન પામવાની સાચી અને અનિવાર્ય જગતની પરિસ્થિતિનો અસ્વીકાર કરવાની મનોદશામાં નર્યું અજ્ઞાન ને અંધાપો જ છે.

હાડકાં ને ચામડાંના માળખાએ ઊભા કરેલા તરંગી જગતમાં હંમેશાં રસ લેવાની આપણને ટેવ પડી ગઈ હોવાથી જે સાચી વસ્તુ છે, તેનું ભાન ભુલાઈ જાય છે ને પરિણામે આ દશા થાય

છે, મૃત્યુનો ભય !

❦

**મૃત્યુ એટલે એક મહાન અનિવાર્ય પરિવર્તન.** આમ જોતાં જો ઊંડું વિચારીએ તો આપણી આગળપાછળનું બધું જ પરિવર્તનશીલ છે.

❦

પ્રતિક્ષણ બદલાઈ રહેલા વિશ્વમાં જીવનના જેટલું જ મહત્ત્વ ધરાવતી વસ્તુસ્થિતિ મૃત્યુમાં છે.

❦

**સદાચાર એ આધ્યાત્મિક જીવનનો મૂળ પાયો છે. તેના વિના આધ્યાત્મિક જીવનની શક્યતા જ નથી.**

❦

જે ગરીબ બકરીથીયે વધારે ગરીબ છે, પણ જેના અંતરમાં સિંહના જેટલી શક્તિ ભરેલી છે, તે સાચા અર્થમાં નમ્ર છે.

❦

નમ્રતાથી હૃદય પારદર્શક બને છે.

❦

સંતના ગરીબ અને પારદર્શક હૃદયના પરિચયમાં આવવાથી નમ્રતાનાં યથાર્થ દર્શન થાય છે.

❦

નમ્રતા બુદ્ધિપૂર્વક કેળવી શકાતી નથી. એ તો આપમેળે જ હૃદયમાંથી ઊગી નીકળે છે.

❦

શ્રીભગવાનની ઈચ્છા વિના એક પાંદડુંયે હાલતું નથી. એવા

જ્ઞાનમાંથી જ સાચી નમ્રતા જન્મે છે.

❦

શૂન્યતા એ નમ્રતાનું માપ છે. શૂન્યતા એટલે અહમ્‌તાનો સર્વાંશે ક્ષય. જેનામાં લેશ પણ અહંતા કે અભિમાન નથી રહ્યું, તેને જ નમ્રતા વરે છે.

❦

સાધુહૃદયને ઢાંકીને સંભાળનાર વસ્ત્ર જેવી નમ્રતા છે. એના વિના સાધુતા, ધાર્મિકતા, જ્ઞાન, વિદ્યા-એ બધું મર્યાદાહીન, લજ્જાહીન, વિવેકહીન લાગે છે.

❦

નમ્રતા એ તો હૃદયનો પ્રકાશ છે.

❦

જે નમ્રતા જીવનની સાધનાના અનુભવમાંથી પ્રગટે છે, એ નમ્રતા તો પ્રચંડ શક્તિસ્વરૂપ છે.

❦

સાધકે પહેલાં તો પોતે વિચારી વિચારીને, સમજી સમજીને, વારેવારે ટકોરી ટકોરીને, પોતાની જાતને સંકેલી સંકેલીને અને સંકોરી સંકોરીને નમ્રતાનો ભાવ કેળવવો પડશે. એ ભાવ કેળવ્યા વિના સાધનાના માર્ગમાં એક ડગલું પણ આગળ તે ચાલી શકવાનો નથી.

❦

જેનામાં સાચો નમ્રતાનો ગુણ છે અથવા એવા થવાની હૃદયની જેની ઝંખના છે, તેવા જીવને તો જીવનપથમાં વચ્ચે મળતાં વિઘ્નો વટાવવાની હિંમત, સાહસ, ખંત અને ઉદ્યોગની

ભાવના સહજમેળે જન્મીને તેને વેગ આપ્યાં કરે છે.

નમ્રતાના પ્રકાશમાંથી દોરાઈને જ સાધુહૃદય પંથ કાપ્યે જાય છે. નમ્રતા વિનાની કોઈ પણ પ્રકારની સાધના અંધકારમય છે ને અજ્ઞાનમય છે.

નમ્રતાનો ગુણ કેળવવાને માટે સાધકે પોતાના સ્વભાવના અંતરમાં અનેકવાર જ્ઞાનપૂર્વક ઊતરવું પડશે. ત્યાં એના સ્વભાવના હૃદયમાં અનેક પ્રકારની અહંતાઓ ભરાઈ પડેલી છે. એ અહંતાનાં સ્વરૂપો સ્થૂળથી માંડી સૂક્ષ્મ સુધીનાં જુદાં જુદાં પ્રકારનાં હોય છે. અહંતા પોતે જ કદી કદી તો નમ્રતાનું રૂપ ધારણ કરીને પોતાનો વેશપલટો છુપાવી રાખે છે. એની ચાલબાજીની કોને સમજણ પડે ? પરંતુ જેને સાધનાના એકધારા પ્રયત્નમાં જ મંડ્યા રહેવાનું સૂઝી ગયું છે, તેવો જીવ તેમાંથી ઊગરી ગયા વિના રહેતો નથી.

બીજાના ભોગે આપણો કક્કો ખરો કરવાનો પ્રયત્ન આપણે છોડી દેવો જોઈએ. સામાવાળાને નકામો અથવા મૂર્ખ ગણીને એનો મનમાં તિરસ્કાર કરવાનો નથી, પણ એના દૃષ્ટિબિંદુને સમભાવપૂર્વક સમજવાનો પ્રયત્ન આપણે કરવો ઘટે.

આપણા પ્રાણપ્રિય આદર્શોનો કે આદર્શ વ્યક્તિનો કે એના વિચારોનો કોઈ વિરોધ કરે, એ હસતે મોઢે જોઈ રહેવું એ મુશ્કેલ છે. પણ એમાં જ આધ્યાત્મિક જીવન જીવતા મનુષ્યનું

બીજાઓ કરતાં ચઢિયાતાપણું રહેલું છે.

**જ્યાં જ્યાં સંઘર્ષણ છે, અશાંતિ છે, મૂંઝવણ છે, ડહોળામણ છે, ત્યાં ત્યાં જાણી જ લેવું કે, પરસ્પર અંતરની સાફદિલી, એકનિષ્ઠા, શુદ્ધતા, એકરાગ, પ્રેમભાવ, નેકદાનત વગેરે વગેરે એના સાચા અર્થમાં ને યોગ્ય પ્રમાણમાં પ્રગટેલાં નથી.**

આ જીવનમાં પ્રભુકૃપાથી જ્યારે મળવાનું બન્યું છે, ત્યારે આપણએ મળી જાણીએ. જીવનમાંનાં આપણાં બીજાં મિત્રોને અને સ્વજનોને આપણે પ્રેરણાત્મક બનીએ, એ રીતે જીવનને તેના યથાર્થપણામાં પ્રગટાવતા રહીએ, તો બીજા જીવોને શ્રી પ્રભુકૃપાથી પ્રેરણાત્મક બની શકવાના હોઈએ, તો બની શકીએ. એ પણ એક મોટી સેવા છે.

**મળેલાં કર્મને સંપૂર્ણ રીતે, ઉત્તમમાં ઉત્તમપણાથી આપણા પોતાના વિકાસની ભાવના માટે જીવનને વિકસાવવા પ્રભુપ્રીત્યર્થે કરવાનું છે, તે ખાસ લક્ષમાં રાખવું. કામથી ડરવું નહિ કે ભાગવું પણ નહિ. મનમાં નિરાશાને પેસવા ન દેવી.**

બીજા કશાનો અંતરાય નથી. અંતરાય માત્ર જો કંઈ કશો હોય, તો તે સાચા પ્રકારનો દૃઢ, મક્કમ નિશ્ચય પ્રગટેલો હોતો નથી, તે છે.

આપણે કંઈ કશાનો સામનો કરવાનો નથી. સામનો જે

કરવાનો છે, તે તો અંતરમાં આંતરિક વૃત્તિઓનો કરવાનો છે.

સંસાર-વહેવારમાં તો આપણી પરત્વે સહાનુભૂતિવાળું અને શુભેચ્છાવાળું દિલ જે જે મળેલાં હોય, તેમનું તેમનું આપણા પરત્વે પ્રવર્ત્યા કરે, એવી રીતે આપણે તેમની તેમની સાથે જ્ઞાનપૂર્વક વર્તવાનું છે.

આંતરિક મથામણો જ્યારે તેના ખરેખરા યથાર્થ સ્વરૂપમાં પ્રગટે છે, ત્યારે મનાદિ કરણોનાં સ્વસ્થતા, શાંતિ, સમતા, પ્રસન્નતા આદિ જીવતાં રહેવાં શક્ય નથી. આંતરિક મથામણોનું ઘર્ષણ આપણા ચહેરા પર અને આપણાં કર્મોમાં ન ઊતરે, તેની કાળજી ઘણી ઘણી રાખવાની હોય.

જીવનમાં જે આપણને ખપમાં લાગે, તે આપણા કાજે યથાર્થ છે. એટલે કોઈ પણ જીવનું વચન જો આપણને જીવનવિકાસની યથાર્થતામાં ને તેની સમજણમાં પ્રેરાવે, તો તે આપણે મન સોનાનું છે. તેને પ્રભુકૃપા સમજીને આપણે જીવનમાં ભાવથી સ્વીકારવું.

વિચાર, વૃત્તિ, ભાવના, વર્તન, વહેવાર, સંપર્ક, સંબંધ વગેરે વગેરેમાં આપણને જીવનવિકાસના હેતુનો જીવતોજાગતો દૃઢ ખ્યાલ રહેલો હોવો જોઈશે. ને જો તેમ બની શકે, તો જ જીવન યથાર્થપણામાં પ્રગટી શકે.

જીવનવિકાસની સાધનાને કાજે જે કોઈ જીવ તેમાં પડેલો છે, તે તે જીવે તેમાં પડવા કાજેનાં લક્ષણો પોતાનામાં પ્રગટાવવાં ઘટે કે તેનામાં હોવાં ઘટે. અથવા તો તે પ્રગટાવવાને કાજે જ્ઞાનભક્તિપૂર્વક જે જહેમત ઉઠાવ્યા કરવાની હોય, તેમાં તેનાં ઉત્સાહ, ઉલ્લાસ, ધીરજ, ખંત, સાહસ, હિંમત વગેરે વગેરે ગુણો પ્રગટેલા રહ્યા કરેલા છે કે કેમ તે હકીકતને તેણે પોતે જાગીને તપાસી લેવી. વળી તેમાં પોતાની ખામી કે દોષ છે કે કેમ તેની પણ ખાતરી કરી લેવાની રહે છે.

ગુરુ પરત્વેના હૃદયના સદ્‌ભાવનો રણકાર સાધકના જીવનમાં મહત્ત્વપણે ગાજતો બની ગયેલો હોવો જોઈશે.

જીવનને પળેપળ જો આપણે જ્ઞાનભક્તિપૂર્વક ખ્યાલમાં રાખ્યા કરીશું, તો તો કંઈ કશું કોઈનાથી બગાડવાનું નથી. જેને જે દિશામાં જવું છે, તે દિશામાં જવાય છે કે કેમ તે તેણે જોતા રહેવું પડશે.

સંસારનો ક્લેશાદિક પવન આપણા જીવનને ન સ્પર્શે, તેની તો પળેપળ જીવતીજાગતી જાગૃતિ રાખવી. એમાં જરાક સરખા પણ જો બેધ્યાન રહ્યા, તો બધું જ રળેલું કરેલું ધૂળમાં મળી જવાનું.

જીવનમાં જીવનવિકાસ કાજેનો પ્રગટેલો ઉત્સાહ ને તે કાજેની જહેમત કરવાની આપણી નેકદાનત, જો તેની પૂરેપૂરી

યથાર્થતામાં પ્રગટેલાં હોય છે, તો તે કંઈ ઓસરી જતાં નથી.

❦

જીવનવિકાસ કાજેની આપણી ભાવના ગુરુ વિષેના સાધનમાં જો જ્ઞાનભાવે પ્રવર્ત્યા કરે, તો આપણે સદાસર્વદા નિશ્ચિંત રહી શકીએ.

❦

નિરાધારપણામાં નર્યું પાંગળાપણું પ્રવર્તે છે. જીવનમાં જેને સાચો સમર્થ આધાર પ્રગટે છે, તે તો જબરદસ્ત ખુમારી અનુભવે છે. એના જીવનમાં, પ્રસંગમાં પ્રગટતી ટટારી પ્રત્યેક કર્મમાં એને લાગ્યા કરે છે. પોતે એકલો તો કદી છે જ નહિ, એવું નક્કરપણે તેને લાગ્યા કરે છે. હૃદયના તેવા ભાવમાં ક્યાંયે શોક, ખેદ, દિલગીરી નથી હોતાં. ત્યાં તેવા ભાવમાં નિરાશા ઊગી શકતી જ નથી.

❦

હૃદયનો ભાવ એ કંઈ જેવું તેવું બળ નથી. એ તો જીવ જીવને પરસ્પર હૃદયમાં હૃદયથી સંકળાવે છે.

❦

કોઈને શિખામણ કે બોધનાં વચનો કથવાં જ નહિ. વણ ઈચ્છ્યું ક્યાંય કશામાં માથું મારવું નહિ. વણમાગ્યું વચન ઉચ્ચારવું નહિ. વચનમાં તો દરિદ્રતા જ શોભે. વાણીના બોલવાપણામાં તો જ્ઞાનપૂર્વક કંજૂસ બનવાનું છે. નામસ્મરણમાં જેટલી વાણી ખર્ચાય, તેટલું ઉત્તમ છે.

❦

ઓછામાં ઓછું બોલવામાં ઘણા લાભ છે. હેતુપૂર્વકની મધુર વાણી ને તે પણ જ્ઞાનપૂર્વકની સદ્‌ભાવયુક્ત જ્યારે ઉચ્ચારાય છે, ત્યારે તેવી વાણીમાં જે પ્રાણ પ્રગટેલા હોય છે, તેવું ચેતન વેડફાતી રહેતી વાણીમાં કદી પણ હોતું નથી.

સાચો વૈરાગ્ય કદી પણ કર્તવ્યભ્રષ્ટ થઈ શકતો નથી.

વૈરાગ્યની સાચી ભાવનામાં તો જેમાં તેમાં સહજપણું પ્રગટેલું રહે છે.

'સંસાર મિથ્યા છે,' એવી ભાવના સંસારમાં પ્રવર્તે છે. પણ તે યોગ્ય પ્રકારની નથી. સંસાર મિથ્યા કેમ હોઈ શકે ? **સંસાર તો જેને શીખવું છે, તેને તો પ્રત્યક્ષ ગુરુ છે.** એનાથી તો કેટકેટલું શિખાતું હોય છે. **સંસાર એ તો શીખવા કાજેની પાઠશાળા છે.**

જેને આપવાના કરતાં લેવાનું જ ગમે છે, તેવા જીવ પતનને જ પામવાના.

કોઈ કનેથી મનમાં ખૂણેખાંચરે કંઈ પણ કશું લેવાની વૃત્તિ ન જાગે, તેના સજાગ ચોકીદાર આપણે પૂરેપરા બનવું.

આપવામાં જે આનંદ છે, તે લેવામાં નથી.

જેના વડે જીવનનું ઘડતર થતું હોય છે, તેને ચરણકમળે,

સમર્પણયજ્ઞભાવે એકેએક પ્રકારનું જે તે બધું આપ્યા કરવાનો યજ્ઞ પળવાર પણ અટક્યા કરવો ન ઘટે. પોતાનું સારું ને નરસું - એ બધું જ જે આપ્યા કરે છે, તેને વળી પોતાનું પોતાની કને રહે પણ શું ?

❦

મનના કોઈક એકાદ જીવસ્વભાવના આવેગને સંતોષવા કાજે પણ માનવી પોતાનું જીવન હોડમાં મૂકતો જાણેલો છે. જે જીવને કંઈ કશાનો છંદ લાગે છે, તેવો જીવ તે છંદની મનોકામના પરિપૂર્ણ કરવાને કાજે ફના પણ થઈ જતો હોય છે. તો શું જે જીવને સદ્‌ગુરુ કાજે ભાવના પ્રગટેલી હોય, તો તેવી ભાવના એમની એમ ઠેરની ઠેર પડી રહી શકે ખરી ? સદ્‌ગુરુ પરત્વે હૃદયની જાગેલી ભાવના તેવા જીવ કને શું શું ન કરાવી શકે ?

❦

જે જે કારણથી દિલની શ્રદ્ધા બઢતી રહેતી હોય, તેને હૃદયમાં પ્રેમભાવે ફરી ફરી વિચારવું. ને ચિંતવતા રહેવું.

❦

મનની અંદર જાગેલા સારા કે નરસાની પ્રેરણાથી જ આપણે બધા બધાં કામ કરતાં હોઈએ છીએ. એવાં થયેલાં કર્મ તો દ્વંદ્વ જ જન્માવ્યાં કરવાનાં. એટલે આપણે તો મનની અંદર શ્રીહરિની ભક્તિ ને એનું પ્રેમમાધુર્યયુક્ત સ્મરણ એટલું જ માત્ર જીવતુંજાગતું ગર્જ્યાં કરે, ને એવા મનની દશામાં જે તે કંઈ કર્મ મળ્યાં કરે, તો તેવાં કર્મ દ્વંદ્વ ઉપજાવી શકનાર નથી. રાગાદિને તેથી મોળા પડી જવા પૂરતો સંભવ રહે છે. જે જીવે જીવનવિકાસ કરવાનો આદર્શ હૃદયથી નક્કી કર્યો છે, એવા

જીવે આળસ-પ્રમાદ સેવ્યે જરા પણ ચાલવાનું નથી. પળેપળનો જ્ઞાનભક્તિપૂર્વક સદુપયોગ એણે કરવાનો છે.

❦

કાળ આપણો નથી, પણ ભગવાનનો છે. જેમ પારકી ચીજ આપણે ઉછીની લાવ્યા હોઈએ છીએ, તો તેની કેટલી સંભાળ રાખતાં હોઈએ છીએ ! તેમ કાળની પણ આપણે યોગ્ય સંભાળ રાખવાની છે. તેની અવગણના કર્યે ચાલવાનું નથી.

❦

સાધનામાં બીજું બધું કદાચ ચાલી શકે, પણ દંભ તો નહિ જ ચાલી શકે.

❦

જો કંઈ કશું ધિક્કારવાનું હોય, તો તે આળસ, પ્રમાદ, બેદરકારી વગેરે જીવપ્રકારની વૃત્તિઓને ધિક્કારવાની છે. બેળેબેળે, ત્રાસીને, કંટાળીને, ન છૂટકે કર્મો કરવાની કુટેવને આપણે ફગાવી દેવી પડશે. એથી કરીને આપણો વહાલો પ્રભુ આપણા પર નારાજ થાય છે. એવી રીતે કર્મો કરવાથી મનની અશાંતિ, સંતાપ, ક્લેશ, રાગદ્વેષ આદિ ઘણાં ઘણાં વધે છે. વેઠ પેઠે અથવા ઉતાવળમાં યદ્વાતદ્વા કે ગમે તેમ આડાઅવળાં, અવ્યવસ્થિત ને ભાવ વિના કર્મો કર્યે પણ ઊલટો બોજો વધે છે.

❦

**જે કંઈ કર્મ આવી પડ્યું હોય, તે કર્મને વ્યવસ્થિત રીતે ઉત્તમમાં ઉત્તમ રીતે કેમ થાય કે જેથી કરી વ્હાલા પ્રભુના ચરણકમળમાં તેની ભેટ ધરતાં એ આપણા પર ઘણો પ્રસન્ન**

**થાય, એમ વિચારી વિચારીને, હૃદયમાં ઊલટભેરનો પ્રેમભાવ પ્રગટાવી પ્રગટાવીને એક માત્ર એને રીઝવવાને કાજે કર્મને ઉત્તમમાં ઉત્તમ ભાવે ને ઉત્તમ રીતે કરવાનાં છે.**

❦

આવી પડેલાં કર્મમાં 'થાય છે, હોતી હૈ, ચલતી હૈ, થાય છે, કરીએ છીએ, એમાં શું વહી જાય છે ?' આવી બધી વૃત્તિને પોષણ આપવાનું જે જીવ કરે છે, તેવા જીવે સાધનાનું નામ જ મૂકી દેવું. એવો જીવ સાધનાને નિમિત્તે પોતાની જાતને છેતરતો હોય છે.

❦

કર્મોને જેમ તેમ કરી અડધાંપડધાં ઊડઝૂડિયા રીતે કરવાં, એ તો આપણા વહાલાનાં ચરણકમળને અપવિત્ર કરવા બરાબર છે. વળી કાર્યો પૂરાં કરતાં સુધીની ધીરજ ખૂટી જતાં એને તેમ ને તેમ મૂકી દેવાની દાનત પણ ઘણી ખરાબ ગણાય.

❦

માનવી બીજાં બધાં માટે મરી મથે છે. પણ ભગવાનને ખાતર મરી જવાનું એને વહાલું વહાલું લાગતું નથી, ત્યાં સુધી એનું બધું કાચું જ છે, એમ સમજવાનું છે.

❦

આપણા શરીરે જો જરાક જેટલી ખંજવાળની લાગણી પ્રગટે છે, તો આપણને તે અસરમાં જણાય વિના થોડી જ રહે છે કે ? તેમ જો શ્રીભગવાન કાજે આપણને ખરી ગરજની ભાવના પ્રગટે, તો એનું કામ કર્યા વિના કેમ રહી શકે ? માટે બધાં

જાગો, ઊઠો, બેઠાં થઈને સાધન કરવામાં સારી રીતે મંડ્યા રહો. તો તો મળેલાં સ્વજનો સાચાં.

❦

આપણા અહમ્‌ને તો ઘણા ફટકા પડે, તે તો ઘણું ઘણું જરૂરનું છે. અહમ્‌નો લય થયા વિના હૃદય ખુલ્લું થઈ શકવાનું નથી. અને તે વિના શક્તિનો અનુભવ પણ ક્યાંથી થાય ? જ્ઞાનભાવે શીખવા, અનુભવ મેળવવા કાજે અહમ્ જેટલું વધારેમાં વધારે નમ્ર બને, તેટલું ઘણું જરૂરનું છે. વળી શૂન્ય થાય તે તો કેટકેટલું જરૂરનું છે ! માટે એવા પ્રસંગો સંસારવહેવારમાં જે મળ્યા કરે, એને તો જીવનના વિકાસ માટેના હેતુથી ને તેવા જ્ઞાનભાવથી ઘણા ઘણા હર્ષથી સ્વીકારવા.

❦

સંસારવહેવારવર્તનમાં પ્રસંગો તો પ્રભુએ કૃપા કરીને આપણને ઘડવાને ઊભા કરેલા છે. એટલે તો તેમાં ઘણો ઘણો ઊલટો અંતરનો ભાવ પ્રગટવો ઘટે છે. તેવી રીતે પ્રસંગને જોવાનું, સમજવાનું, અનુભવવાનું જે જીવ કરી શકે છે, તેવો જીવ જ પ્રસંગથી ઘડાતો હોય છે. માટે પ્રસંગને સાચો ગુરુ સમજવો.

❦

કોઈનાયે પરત્વે નકારાત્મક વલણ ઊપજે, એટલે કે તેનું નરસું જો આપણું મન વિચારવાનું કરે કે, તુરતાતુરત તે જીવના ઉત્તમ પાસાને યાદ કરવું, તેણે આપણું સારું વાંચ્છ્યું હોય, ઉત્તમ કરેલું હોય, તે તે યાદ કરવું.

કંઈ કશું નકારાત્મક વલણ પ્રગટે કે સફાળા ચેતવું, જાગવું. ચેતી જવાય કે જાગી જવાય, તો જાણવું કે, હવે આપણા મનને તેવા તેવામાં પડી રહેવાની લતમાંથી છૂટવાની ઈચ્છા થયેલી છે. એમ વારે વારે ચેતી જવાનું બને, તો તેવો જીવ જરૂર ભગવાનનો થવાનો છે, તે નિશ્ચે જાણવું.

જીવપ્રકારનું વલણ જાગે તેવી વેળા આપણે પ્રભુને આપણને તેમાંથી મુક્ત કરવા કાજે પ્રાર્થના કરવી. પ્રાર્થનાના ભાવથી આંતરિક બળ પ્રગટે છે.

પ્રસંગથી મનને કદી પણ અશાંત બનવા ન દેવું, સંતાપ, ત્રાસ, ક્લેશ વગેરે થાય અથવા મનને પ્રસંગથી કરી એવું બનવા દીધું, તો તેવું મન પ્રસંગને ઊંધી રીતે જ જોવરાવશે ને ઊંધી જ રીતનું મૂલ્યાંકન આપણી કને કરાવશે. તે આપણને તેવી રીતે પછાડ ખવડાવશે.

આ જગતમાં જે સંસારવહેવારમાં ન્યાય અન્યાયનાં પાસાં રહેલાં હોવાથી, ન્યાય પણ થાય ને અન્યાય પણ થાય, એવું તો બનતું જ રહ્યા કરવાનું, અન્યાય કોઈ તરફથી થયા કર્યો હોય, પણ તેમ છતાં તેમના પરત્વે સદ્‌ભાવ જ સેવ્યા કરવો, એ આપણો વિકાસ થવા કાજે ઉત્તમ હકીકત છે.

કોઈનો પણ આપણા પરથી ભાવ ઘટે નહિ, એમ વર્તવાનું

હોય.

જીવનને વેડફી દેવાનું નથી. એને જરા પણ કંઈ કશામાં વેડફી દેવાનું થઈ જતાં આપણે કાળજે અરેરાટી, ચિરાડો પડવો જોઈશે. આપણે કાળજે તો તેવી વેળા એનો ઊંડો, કારમો ધ્રાસકો પડવો ઘટે. જો એવું બને તો જ આપણે ચેતેલા રહી શકીએ. તો જ સમજવું ને માનવું કે, આપણાથી જીવનવિકાસને માર્ગે જરૂર જઈ શકાવાનું છે.

આપણે ગમે તેવાં ભલેને નબળાં હોઈએ, પણ જીવનવિકાસનો આદર્શ સાચી, પૂરી રીતે જો આપણાથી હૃદયથી સ્વીકારાઈ શકાયો હોય, તો જીવનમાં નવા પ્રાણ સ્ફુરતાં આપણે અનુભવી શકીશું. નવી દૃષ્ટિ, નવી સમજણ પ્રગટતી જતી આપણે અનુભવતાં રહીશું. જૂની પુરાણી આપણી મનોદશા પલટાતી જતી આપણી નરી આંખે જોઈ શકીશું. પછી તો એના એ જ પ્રસંગોને, હકીકતોને એના એ જ જીવોની મનોદશા તેની તે જ હોવા છતાં આપણે તેમાં તેમાં તેવી રીતે કદી પણ ભેરવાઈ પડતાં નથી.

કોઈના વિશે કંઈ પણ મનમાં લાગી ન જાય, તેની પૂરતી કાળજી રાખવી. કંઈ કશા વિષે મન મત બાંધી ન લે તેની ખંત-કાળજી રાખીને જાગ્રતિ સેવ્યા કરવાની છે. આંતરિકપણે ઊઠતા વિચારો, વૃત્તિઓને પૂરેપૂરી રીતે સમતા, તટસ્થતાથી તપાસતા રહેવું. એને પસાર થવા દીધાં કરવી. એની સાથે

આનુષંગિક સાંકળ જોડાઈ જતાં અટક્યા કરવું. આવું આવું યોગ્યપણે થયાં કરતું અનુભવાય, તો જાગૃતિનાં મંડાણ થઈ ચૂક્યાં છે, એમ પ્રમાણવું.

મનને છેતરામણની દશામાં કદી પણ ન રહેવા દેવું.

સાધનામાં સ્થૂળ રીતે સંપૂર્ણ દટાઈ જવાપણું રહેલું છે. જો સમજણપૂર્વક તેમ થયેલું હશે, તો તેવા થવાપણામાંથી આનંદ, શાંતિ, સમતા વગેરે પ્રગટ્યાં કરવાનાં.

ત્યાગ, બલિદાન અને સમર્પણની ભાવનામાંથી જો આનંદ ન પ્રગટી શક્યો, તો જરૂર સમજવું કે તેવાં તેવાં ત્યાગ, બલિદાન ને સમર્પણમાં હૃદયનો સાચો ભાવ હજી પ્રગટેલો નથી.

બળેબળે થયેલાં ત્યાગ, બલિદાન ને સમર્પણ એ ત્યાગ, બલિદાન ને સમર્પણ નથી. એમાં તો ઊલટું જીવનને કચરાવાપણું રહેલું છે. બળેબળે જે કંઈ થાય, એમાંથી અશાંતિ, સંતાપ, ત્રાસ વગેરે જ બધું નીપજ્યાં કરે. એથી કરીને તો જીવન ભારે બોજરૂપ જ લાગે. જીવનને અમથું અમથું કચરાવા દેવાનું નથી.

**કર્મ ગમે તે હોય, તે પૂરેપૂરું સ્વસ્થતાથી ઉકેલ્યા કરવાનું છે તે જાણજો. કંઈ જ કશામાં અકળામણ, ઉકળાટ, ગભરાટ,**

**અશાંતિ, બેળેબેળેપણું, ત્રાસ વગેરે ન ઊપજે, તેની તો પૂરેપૂરી કાળજી રાખવી. તેવું થયું તો તો તે જીવનનું મૃત્યુ છે, એમ સમજવું.**

❦

આપણે તો સંસારવહેવારવર્તનમાં વારંવાર જીવનને સજીવન કર્યા કરવાનું છે, જીવનને છતું કર્યા કરવાનું છે. સંસાર કાજે આપણે જીવવાનું નથી. આપણે તો જે જીવવાનું છે, તે પ્રભુકૃપાથી કરી સંસારમાંથી તરી પાર થવા કાજે જીવવાનું છે.

❦

**સંસારની ઘટમાળમાં ઘટમાળ રૂપે જડ યંત્રવત્ બની જવાનું નથી. સંસાર તો યંત્રવત્ ચાલ્યા જ કરવાનો છે. આપણે જડ યંત્રવત્ જીવવાનું નથી. જે જે કંઈ કશું યંત્રવત્ બન્યું, કે એમાંથી પ્રાણ ગયા સમજવા. માટે જેને તેને ઘરેડ રૂપ બની જવા ન દેવું.**

❦

જે કંઈ થયાં કરે, તેમાં આપણા જીવનની ભાવના થનગનતી, નૃત્ય કરતી હોવી જોઈશે. જેમાં ને તેમાં જીવનની જ્ઞાનપૂર્વકની સમજણ તરવરતી પ્રગટેલી રહ્યાં કરે, તે ઘણું ઘણું જરૂરનું છે.

❦

સંસારનું કામકાજ તો સવારથી ઊઠ્યાં તે રાતે સૂતાં સુધી એક પછી એક રોજની જેમ ચાલ્યાં કરતું હોય છે. તેમાં આપણે બીજા સંસારી જીવોની જેમ પરોવાવાનું ન હોય. તે કર્મથી

આપણે તો આપણા વહાલા પ્રભુને રીઝવવાના છે. ને તે કર્મ ઉત્તમમાં ઉત્તમ રીતે કરી શ્રીભગવાનને ચરણકમળે પ્રસાદી તરીકે ભેટ મૂક્યાં કરવાનું છે. જે પ્રસાદી તરીકે ભેટ મૂકવાનું હોય, તે શું આપણે યદ્વાતદ્વાપણે કરીશું ?

❦

સંસાર કચરાઈ જવા માટે મળેલો નથી. સંસાર બિડાઈ સિડાઈ જવા કાજે મળેલો નથી. સંસાર લાચાર ને પરાધીન થઈ જવા કાજે મળેલો નથી. સંસાર કંઈ ગુલામી કરવા મળેલ નથી. સંસાર કંઈ બધાંની આળપંપાળ કરવા મળેલ નથી. સંસાર કંઈ કૂથલી-નિંદા કરવા મળેલ નથી. સંસારમાં આ બધું આપણે જાગી જાગીને ત્યજવાનું છે, એમાં મુદ્દલે ભળવાનું નથી. સંસારની તે તે હકીકતોથી આપણે જ્ઞાનપૂર્વક વેગળા જ રહેવાનું છે, તે નક્કી સમજવું. એટલું તમે પાળવાનું કરી શકો, તો તમને જીવનવિકાસની સાચી ભાવના જાગી છે, એમ ગણી શકાય.

❦

બે જીવો ભેગા મળે, ને વાતે વળગવાનું થાય, એવો પ્રસંગ ઊપજે, તેવી વેળા જાગ્રતિ સેવી સેવીને કેવી કેવી વાતો ઊપજે છે, તે ધ્યાનમાં રાખી વાતોના નકારાત્મક પ્રકારમાં કદી પણ પડવું નહિ. તેમ છતાં પાછું સામા જીવને કદી તરછોડી દેવાનો તો ન જ હોય. તેમ જ એને આપણે અવગણવાનો પણ ન હોય. તેમ આપણે એ જીવથી સારી સમજણના છીએ, એવી વૃત્તિ પણ મનમાં ઊપજે, તો તે આપણા પતનનું કારણ બને છે. આમ તેવી વેળા આપણે ઘણી ઘણી કાળજી રાખવાની

હોય છે. સંસારી વાતોચીતોમાં સંસારની રીતે કદી પણ ભાગ લેવાનું ન બની જાય, તેની તો પૂરેપૂરી સંભાળ રાખવાની છે.

સંસારની વાતોની લપછપમાંથી ઉત્તમ રીતે ટળી જવાનો સાચો ઉપાય શ્રીભગવાનનું નામસ્મરણ છે. એને એકધારું સતત ચલાવ્યાં જ કરવું.

આપણે તો પ્રસંગ પડતાં જેનું તેનું કામ પ્રભુસેવાભાવે કરવાનું છે. કામથી ઘસાઈ જવાના નથી. આપણે તો સર્વને હૃદયથી ઘણાં ઘણાં ચાહવાનાં છે. પણ તે શ્રીભગવાનની ભાવનાના સ્વરૂપે જ. વળી વળીને આપણે તો જેમાં ને તેમાં એવો જ ભાવ જ્ઞાનભક્તિપૂર્વક પ્રગટાવવાનો રહે છે. એ જ આપણું દૈવત ને જીવન. એનું જ નામ છે સાચી સાધના.

સંસાર તો મળેલો છે જીવનું જીવપણું ટાળવાને કાજે. જેમ કાંટાથી કાંટો નીકળી શકે છે, જેમ ઝેર ઝેરની માત્રાથી ટળી શકે છે, તેમ જીવનું સંસારીપણું જીવનવિકાસની ભાવનાને સંસારમાં તેની યથાર્થતા વડે કરીને જીવવાથી ટળી શકે છે, તે નક્કી જાણવું.

આપણે તો જે તે બધું શ્રીહરિની સાથે છે. સંસાર પણ એની સાથે છે. એને જ જેમાં ને તેમાં સંઘરવાનો છે. જેમાં ને તેમાં એ જ સર્વથી મોખરે હોય. આદિ, મધ્ય ને અંતમાં એ જ હોય.

એની પછવાડે ભલેને બીજાં અનંત હોય, તેની પરવા નથી.

જેવી કરણી, તેવી પાર ઊતરણી. જેવી ભાવના તેવો તેનો વિસ્તાર. જેવી વૃત્તિ તેવું જ વળતર થવાનું છે. આ બધી હકીકત આપણે સમજણમાં ઉતારવાની ઘણી જરૂર છે.

**સંસારી જીવે સદ્‌ગુરુ કર્યા, તે સંસારી મટવા કાજે. એણે જો સદ્‌ગુરુ કર્યા, તો એણે સદ્‌ગુરુની ભાવના પ્રમાણે વર્તવાનું, જીવવાનું, જાગતું રહીને કરવું ઘટે જ. જીવે સદ્‌ગુરુને હૃદયમાં હૃદયથી વફાદાર, પ્રમાણિક ને નેક દિલવાળા રહેવું ઘટે.**

જીવનની સાથે ખેલ કે રમત કર્યે ચાલી શકનાર નથી. તેવી જ રીતે સદ્‌ગુરુ સાથે ખાલી ખાલી ખેલ કે ડોળ કે રમત કરવાનું જીવે મૂકી દેવું પડશે.

ભાવનાને ટકવા કાજે, સજીવન થવા કાજે શક્તિસ્વરૂપ બનવા કાજે જ્ઞાનપૂર્વકના સાધનાના જીવતા અભ્યાસની પ્રાણપ્રતિષ્ઠા થવી ઘણી ઘણી જરૂરની છે. તેથી જે જે કર્મ થયાં કરે, તેમાં કોઈ ને કોઈ પ્રકારના સાધનાના અભ્યાસની ભાવના જીવતી પ્રગટ્યાં કરે, તે સાધનાના વિકાસ કાજે ઘણું ઘણું જરૂરનું છે. કર્મ દ્વારા જ ભાવનાનો સુમેળ જ્ઞાન સાથે પ્રગટ્યા કરે છે.

કર્મ માત્ર છે જીવનને પ્રેરકપણે ઉઠાડવા કાજે, ચેતવવા કાજે. પછી તે કર્મ નાનામાં નાનું હોય કે મોટામાં મોટું હોય.

કર્મનાં પ્રેરક બળો પ્રાણ, અહમ્ આદિની વૃત્તિ કે વલણ ન હોય. પણ જીવનવિકાસની ભાવના જ તેનું પ્રેરક બળ હોય. ને તે કર્મ દ્વારા જીવનવિકાસનો પ્રેમભાવ પ્રગટ્યા કરતો હોય, તો તેવાં કર્મો યજ્ઞસ્વરૂપ છે. ને તે જીવનને ઘડી શકે છે. અનેક પ્રકારની અહંતામય ને સ્વાર્થપરાયણ પ્રવૃત્તિમાં પડ્યા રહેવાનું, કૃપા કરીને, ન બની જવાય તેની પૂરતી જાગ્રતિ રાખવાની છે.

**સદ્‌ગુરુનાં અમલ કરવાનાં વચનની જે જીવને કશી કિંમત નથી, એવા જીવે ગુરુ કર્યા તે પણ સરખું છે ને ન કર્યા તે પણ સરખું છે.**

આપણે વફાદાર, પ્રમાણિક ને નેક દાનતવાળા જેની પરત્વે રહેવાનું છે, તે કામ ને તેનો ધર્મ આપણે પ્રેમભક્તિથી બજાવતા રહીશું, તો તે ધર્મ ને તે ધર્મની ભાવના આપણું રક્ષણ કરનાર છે. જે પોતાના મળેલા ધર્મનું યથાયોગ્યપણે જ્ઞાનભક્તિપૂર્વક પાલન કરે છે, તેનું પાલન ધર્મ પોતે કરે છે, એવું અનુભવનું શ્રુતિવચન છે. માટે બીજી બધી ચિંતા મૂકી દઈને આપણને મળેલ જે યોગ્ય ધર્મ હોય, તેનું સમગ્રપણે તેનાં સર્વ પાસાંથી યથાયોગ્યપણે જીવનવિકાસની ભાવનાને તેમાં પૂરેપૂરી પરોવીને પાલન કરતા રહીશું, તો કશું જ બીજું અન્યથાપણે પ્રગટવાનું નથી, તે નક્કી જાણજો. આપણે આપણાં વૃત્તિ, વિચારો, લાગણી વગેરેનું તટસ્થતાથી, સમતાથી, શાંતિથી, નિર્દયતાપૂર્વક

પૃથક્કરણ કરતા જ રહેવું. ને એમ કરી કરી જીવનવિકાસમાં પ્રેરણાત્મક મદદ મળ્યા કરે, તેવી રીતે યોગ્ય સમજણમાં પ્રવર્તવા કાજે નિર્ણય પર આવ્યા કરવાનું છે.

જગતની મળેલી નામના એ તો આળપંપાળ છે. જગત તો જેને પૂજે ને આદર કરે, તેને નિંદી પણ શકે છે. એવો અનુભવ તો જગજૂનો છે. એટલે નામનામાં તો કશું બળ્યું નથી.

સાધના કાજેની મહત્ત્વની ને મુખ્ય હકીકત તો સાધકની તે કાજેની ખરેખરી ધગશ ને ઉત્કંઠા પ્રાણવાળી જાગી ગયેલી હોવી જોઈશે. આ ઉપરાંત સદ્‌ગુરુની મદદની પણ એટલી જ આવશ્યકતા રહેલી છે. સદ્‌ગુરુની પ્રત્યક્ષ જીવતીજાગતી દોરવણી વિના, એની કાળજી વિના, એની કૃપામદદ વિના જીવનની સાધનામાં સફળતા મેળવવાનું શક્ય નથી.

જેમ અનાજ પાકવા કાજે ખેતરનું ખેડવાપણું બનવું, તેમાં ખાતર નાખવાપણું થવું, તેમાંથી જે તે બધું સાફ થવાપણું બનવું, એમાં યોગ્ય વરસાદ થતાં વાવણી થવી, પછી યોગ્ય સમય થતાં તેમાંથી જે જે ઘટારત ન હોય, તેનું નીંદામણ થવું, એને લગતી એકેએક યોગ્ય ક્રિયાઓ થવી, એ જેમ જરૂરનાં ને તેમના તેમના હકીકતપણામાં વાસ્તવિક છે, એને કોઈ નકારી શકે એમ નથી, તેવી જ રીતે સદ્‌ગુરુની સહાય, કાળજી, કૃપામદદ, દોરવણી-એ પણ એટલાં જ સાધનાના ક્ષેત્રમાં વાસ્તવિક છે. તેમાં મીનમેખ ફરક હોઈ જ ન શકે. સદ્‌ગુરુની

સ્થૂળ કે સૂક્ષ્મ દોરવણી વિના યોગના ક્ષેત્રનું કોઈ પણ કર્મ થઈ શકે તેવું હોતું નથી.

❦

જીવનને જો જ્ઞાનપૂર્વક યોગ્ય રીતે જીવવું હોય, તો એની સાથે ચેનચાળા કર્યે પાલવે તેવું નથી. મન ફાવ્યું ત્યારે તેમ કર્યું, ને મન ન ફાવ્યું ત્યારે આમ કર્યું, એવી રીતે આ માર્ગમાં નભી શકે તેમ નથી. આ માર્ગમાં પોતાની પરત્વે સંપૂર્ણ નેકદિલી, સંપૂર્ણ સચ્ચાઈ, સંપૂર્ણ વફાદારી, ને સંપૂર્ણ પ્રમાણિકતા પ્રગટાવી દેવાનાં રહે છે. આમાં જરા પણ ઓછું રહેશે, તો તે ચાલી શકવાનું નથી.

❦

વહાલાં સ્વજનો ! હજી ચેતાય તો ચેતજો. જીવનના બીજા બધા મોહ, રાગ  વગેરે બધું ન છૂટી શકતું હોય, તો મિથ્યા મોહ આ માર્ગે જવાનો મૂકી દેજો. એમાં ડહાપણ છે. જીવનની ભાવનામાં જો રાગ લગાડવાનું કરવું હોય, તો બીજાં બધાંમાંના રાગને સમજી સમજીને, એમાંથી પરાઙ્મુખ બનીને જીવનના સર્વ રાગ-મોહ જીવનવિકાસની ભાવનામાં લગાડી દેવા પડશે. લગાર પણ ખચકાયા વિનાની જ્ઞાનભક્તિપૂર્વકની ઊલટભેર ઉલ્લાસવાળી તૈયારી ને તેવું બધું કરવાની પૂરેપૂરી તત્પરતા હોય, તો જ આ માર્ગે વળવાનું કરશોજી. પૂરેપૂરા વધેરાવાની ને તે પણ હૃદયના ઉમળકાથી વધેરાવાની તૈયારી હોય, તો જ શ્રીપ્રભુના ચરણકમળમાં શિર ઝુકાવશો ને ઝંપલાવશોજી. આ માર્ગ તો ફના થઈ જવા કાજેનો છે ને ઝંપલાવવાપણાનો છે,

તે જાણશોજી.

સંસારની મર્યાદા એ તો અંતરમાંના ઉગાડેલા અનાજની રક્ષા કાજે તૈયાર કરેલી મજબૂત વાડ રૂપે છે. એવી મર્યાદા તે કેદ નથી. આપણા જીવનવિકાસની ભાવના જ્યારે જ્ઞાનભક્તિભાવે સંપૂર્ણતાને પામે છે, ત્યારે મર્યાદાનાં પ્રકાર ને ક્ષેત્ર પણ બદલાતાં જાય છે.

વૃત્તિ બહિર્મુખતાની થતાં તમે ચેતો છો. પણ તે વાળી શકાતી નથી, તેનું તમને વેદના-દુઃખ થાય છે. પણ વેદના ને દુઃખ લાગે, તો તેથી જરૂર પાછું તો વળાય. દુઃખ કે વેદના ખાલી ખાલી થાય, તો કશું ન થઈ શકે. વેદના ને દુઃખ સાચે જ જો પ્રગટે, તો તે વિષયને દિલમાં તે જાગ્રત કરાવે છે. ને તેમાં તે ગતિ કરાવે છે. એવું થતું અનુભવાય, તો તે કાજે થયેલ વેદના કે દુઃખ યથાર્થ ગણાય.

સંસારવહેવારમાં સુમેળ અને સદ્ભાવના ભાવનાની ભૂમિકાને દૃઢવવાને, જીવતી કરવાને, સભાનપણે વર્તવાને, દિલમાં જાગ્રતપણે જો પ્રભુકૃપાથી મથવાનું બની શકતું હશે, તો આપણા વર્તનથી જેને તેને આત્મસંતોષ પ્રગટવાનો છે.

જે તે કંઈ બોલાઈ ગયા બાદ તે બોલવાપણાનું અયોગ્યપણું ખૂંચતું લાગે છે. જો તે ખરેખરું દિલથી ડંખ્યા કરતું લાગે, તો તેવું ડંખવાપણું તે જીવને યોગ્ય વર્તનમાં પ્રેરાવવાને જ મથાવે,

એવું તે યથાર્થ ડંખવાપણાનું લક્ષણ છે. જો તેમ ન બનતું અનુભવાય, તો જાણવું કે, તેવું ડંખવું જે લાગે છે, તેમાં સાચાં પ્રાણ, શક્તિ, ભાવ વગેરે પૂરાં જાગેલાં નથી, એમ જાણવું ને માનવું.

❦

આપણે નકામું નકામું કંઈ કશાંની ચણચણાટીમાં ન પડ્યા રહીએ. કંઈ કશાંને વલોવ્યા ન કરીએ. કંઈ કશાંને વાગોળ્યા ન કરીએ. કંઈ કશાંને વળગ્યા ન કરીએ. કંઈ કશાંમાં ગળાબૂડ પડ્યા રહેલા ન હોઈએ. આ બધું આપણે ચેતતા રહીને ટાળ્યા કરવાનું છે. નામસ્મરણને જ વળગ્યા કરવું. વાગોળ્યા કરવાનું હોય, તો તેને જ વાગોળવું. ગળાબૂડ ડૂબેલા રહ્યા કરવાનું હોય, તો નામસ્મરણ ને તેની ભાવનાની જીવતી હૃદયસ્થ ધારણામાં તેમ રહ્યા કરવું.

❦

તમને બધાંને એટલી વિનંતી છે કે, જેમ તેમ કરીને જાગો, વિચારો, ઊઠો, બેઠા થાઓ ને કમર કસીને લીધેલ માર્ગમાં ઝંપલાવો. પ્રભુ કૃપાળુ છે, પ્રભુ દયાળુ છે, પ્રભુ કરુણાસાગર છે, એ આપણું કશું પણ બાકી રાખવાનો નથી. પહેલાં તો આપણે એનાં સર્વ રીતે ને સર્વ ભાવે પૂરેપૂરાં બની જવાનું કરો. ને પછી જુઓ કે, એનાથી આપણું બધું સંભાળવાનું બન્યાં કરે છે કે નહિ ! આ તો આપણે કંઈ કશું કરવું કારવવું નથી ને પછી દોષનો ટોપલો એને માથે ઢોળ્યા કરવાનું કરીએ, એ ક્યાંનો ન્યાય ? સંસારવહેવારવર્તનમાં તો આપણે જેની સાથે જે કામ પડ્યું હોય છે, તે કામની રીતે તેની સાથે ભાવનામાં

રહ્યા કરીએ છીએ, ને તેની સાથે મળીને તે કામ પાર ઉતારવાનું કરીએ છીએ. પરંતુ અમારી સાથે તો તેવું પણ તેવી રીતે તેવા ભાવથી કોઈ સ્વજન પૂરું વર્તતું નથી ! પ્રભુ સર્વને સદ્‌બુદ્ધિ પ્રગટાવો ! અમારા હૃદયની અંતરની વરાળને તેમના દિલમાં આગની પેઠે પ્રગટાવો ! ને તે બધાં તેમના જીવનવિકાસની ભાવના પરત્વે પ્રમાણિક, વફાદાર, નેકદિલ બન્યાં કરે, એ જ તેમને તેમને હૃદયની પ્રાર્થના છે. મારે તો જે તે બધો આધાર એ વહાલાની પર છે. એણે જ આ જીવનું જે તે બધું સંભાળ્યા કરેલું છે. જીવનમાં કેટલીય અનેક પ્રકારની ભીડ પડ્યા કરેલી. તે વેળા તો અંતરનું કોઈ સ્વજન એવું નહોતું કે, જે એની મેળે ઉમળકાથી આ જીવની વહારે ચઢી શકે. તેવી વેળાએ પણ શ્રીપ્રભુએ એની પરમ કૃપાથી આ જીવની પ્રેમસંભાળ રાખેલી છે. એવા કંઈ રડ્યાખડ્યા, માત્ર એક બે દાખલા નથી, પણ એની તો પરંપરા છે. તે કારણથી તો એના પર જેમાં ને તેમાં હૃદયથી હૃદયમાં આત્મવિશ્વાસ ને નિષ્ઠા પાકાં પૂરેપરાં પ્રગટી ગયેલાં હતાં.

❦

તમારું કશું પણ અટકી પડવાનું નથી જે તે કરવાનું હશે, તે તે બધું શ્રીપ્રભુની કૃપાથી થયાં કરશે, બન્યાં કરશે-જો આપણે પ્રેમભક્તિજ્ઞાનપૂર્વક એનાં પૂરેપૂરાં સાચાં બની ગયેલાં હોઈશું તો. માટે જેમ તેમ કરીને આપણે હવે એનાં જ બની જવામાં સર્વ પ્રકારનું જ્ઞાનભાન પ્રગટાવી પ્રગટાવી એને જ સકળ મહત્ત્વ આપ્યા કરી એને જ વિચાર્યા કરીને, આપણો વ્યવહાર એની ભાવનાની ઉત્કટતા પ્રમાણે પ્રગટાવ્યાં કરીએ,

તો તેવું જીવવામાં હવે સાર છે.

જેમ પ્રભુકૃપાથી ધન રૂપી સાધન જે મળેલું હોય છે, તે પણ આપણા પોતાના જ ઉપયોગ કાજે હોય છે, એમ આપણે માનીએ છીએ, ધારીએ છીએ, સમજીએ છીએ અને તે પ્રમાણે એનો તે તે કાળની સમજણ પ્રમાણે વ્યય કરતાં હોઈએ છીએ, તેમ આપણને મળેલાં સાધનો પણ ઉપયોગ કાજે છે. એનો યોગ્ય ઉપયોગ કર્યાં કરીએ, તો આપોઆપ શક્તિ વધે જ વધે.

હૃદયમાં લગની લાગ્યા વિના કે લગાડ્યા વિના આપણો પત્તો ખાવાનો નથી.

આપણે જે માર્ગ લીધો છે, તેમાં માત્ર વળ્યાં કરવાનું કરીએ ને બીજાં બધાં એવાં પરત્વે જે લક્ષ આપવાનું બન્યાં કરે, તેના તેના તેવા અપાતા લક્ષમાં પણ પ્રધાનતઃ તો આપણા પ્રભુનું મનનચિંત્વન જીવતું રાખ્યાં કરીએ, તો આપણને જીવતાં થઈ જતાં વાર જ ન લાગે. માટે હવે તો કૃપા કરીને જીવતાં બન્યાં કરો.

જીવે સમતા પ્રાપ્ત કરવા માટે અથવા તો સિદ્ધ કરવા માટે અહંતા ને કામનાઓ આદિનો જાણી જાણીને, ચેતી ચેતીને જ્ઞાનપૂર્વક ત્યાગ કરવાને કાજે મન, પ્રાણ ને બુદ્ધિથી ઘણા ખંતીલા રહ્યા કરવાનું છે. એવો ત્યાગ કરવાને કાજે ઘણું ઘણું

જીવતું મહત્ત્વ પોતાના સંસારવહેવારવર્તનમાં અને થતાં રહેતાં સકળ કર્મમાં જીવે પ્રગટાવવાનું રહે છે. સર્વ પ્રકારનાં થતાં રહેતાં કર્મનાં ફળની કામનાઓનો ને કર્તૃત્વબુદ્ધિનો જો સમજણપૂર્વક સહજમેળે સમૂળગો ત્યાગ થતો રહે, તો તો સમતા આપોઆપ આધારનાં કરણોમાં સ્થપાતી અનુભવી શકાય. એવી સમતા સ્થપાતાં જ શ્રીપ્રભુની ચેતના આપણા આધારમાં ઠામઠેકાણે પ્રગટવાની, ને તે પોતે જ કાર્ય કરવાનો આરંભ કરી દેવાની. એવી આ તો અનુભવની નિશ્ચિત હકીકત છે. સાધનાની એવી કક્ષા પ્રગટતાં ‘અનારંભની સ્થિતિ’ પ્રગટી જતી હોય છે. એવી દશામાં રાગદ્વેષ ઇત્યાદિને મુદ્દલે સ્થાન નથી હોતું.

❦

સંસારમાં સંસારી દૃષ્ટિ આપણે રાખવાની નથી. આપણે તેમાં વધારે ઊંચા પ્રકારનાં દૃષ્ટિ, વૃત્તિ, વલણ જ્ઞાનાત્મકપણે પ્રગટેલાં રાખવાનાં છે. તો જ આપણે સંસારની ઘટમાળમાંથી ઊંચે તરી આવતાં બની શકીશું. માટે આપણે તો આપણાં મનાદિકરણો એનામાં જ જીવતાં પ્રવર્ત્યાં કરે, તે કાજે જીવવાનું છે ને તે કાજે મરવાનું છે. પ્રભુની કૃપામદદ વારંવાર પ્રાર્થનાભાવે માગ્યાં જ કરવી.

❦

**આ જીવે સદ્‌ગુરુના વચનને કદી પણ મિથ્યા થવા દીધું નથી. સદ્‌ગુરુના વચનના પાલનમાં વચનપાલનના હેતુનું જ્ઞાનભાન પ્રગટપણે જીવતું રહેવું ઘટે. તો જ તેમના તેવા વચનના પાલનની યથાર્થતા હોય તો હોય.**

❦

આપણે જ્યાં કામ કરતા હોઈએ, તે કર્મના ક્ષેત્રમાં જે જે જીવો છે, તેમની તેમની સાથેનો આપણા હૃદયનો સદ્‌ભાવ ને તેમનો તેમનો આપણા પરનો સદ્‌ભાવ જીવનમાં જો પ્રગટપણે જીવતો થઈ ગયેલો હશે, તો આપણને ઘણી ઘણી સરળતા મળ્યા કરવાની છે.

❦

શ્રીસદ્‌ગુરુના વચનનું પાલન કરવામાં આપણે ઘણો વિવેક જાળવવાનો રહે છે. તેમના એવા વચનના પાલનમાં એવા પાલનનો જ્ઞાનપૂર્વકનો હેતુ તેનો અમલ કરતી વખતે પૂરેપૂરો જીવતોજાગતો રહેવો ઘટે. તે સાથે તે પાલનના હાર્દમાં આપણાં પ્રેમ-ભક્તિ હૈયાના ઉમળકાભેર જીવતાં હોવાં ઘટે. વળી તે સાથે સાથે તેમાં, મળેલા જીવોની સાથેનો સદ્‌ભાવ પણ એટલો જ જીવતો રહ્યા કરવો જોઈશે. એવા વચનના પાલનની દશામાં આપણને, તે પાલનના વર્તનકાળમાં, કોઈનાય પરત્વે કંઈ જ કશો અન્યથાભાવ ન પ્રગટે, કોઈનાય પરત્વે અવગણના કે બીજી નકારાત્મક વૃત્તિ ન જન્મે, એની તો લાખ લાખ ગણી જીવતી સંભાળ, કાળજી આપણે રાખ્યાં કરવાની હોય છે. જો એવું ન થયું તો યજ્ઞનો ભંગ થયો છે, એમ સમજવું.

❦

સદ્‌ગુરુના વચનના પાલનની યથાર્થતાનો જીવતોજાગતો જ્ઞાનપૂર્વકનો ભાવ હૃદયમાં આપણને જાગી ગયેલો હોવો જોઈશે. તે વચનના પાલનકાળે જો તેના વિષે શંકા જાગે, તો પણ તેનું યથાર્થ પરિણામ નથી પ્રગટી શકતું. તેમના વચનના

પાલનમાં આપણું આંતરિક વલણ સમાધાનપૂર્વકનું હોય, એટલું બસ નથી. પરંતુ તે વચન આપણા જીવનના કલ્યાણ કાજેનું જ છે, એવી જ્ઞાનભક્તિપૂર્વકની હૃદયની નિષ્ઠા પ્રગટી ગયેલી હોય, તો જ તેવા વચનના પાલનથી જીવનને વિશેષ લાભ થવાની શક્યતા પૂરેપૂરી સાંપડતી હોય છે.

**કામથી જે જીવ કંટાળે, ત્રાસે, બળાપો કરે, સંતાપ પામે, હાયવૉય કરે, તેવો જીવ શો શુક્કરવાર વાળી શકનાર છે ?**

આજકાલ આપણાં કુટુંબોમાંથી વડીલો, મુરબ્બીઓ પરત્વેનો સદ્‌ભાવ, આદર, પ્રેમભાવ આપણાં જુવાન ભાઈબહેનોમાંથી ઓસરતો જતો અનુભવી રહેલો છું. એવા કાળે આપણા હૈયાનો તેના પરત્વેનો સદ્‌ભાવ વિશેષપણે જીવતો બને તેમાં આપણા જીવનની શોભા છે. આપણા પરત્વે તેમના હૈયાનો ભાવ, સહાનુભૂતિ, હૂંફ, ઓથ સદાય તેથી ઢળ્યાં જ કરવાનાં. સદ્‌ભાવથી સદ્‌ભાવ મળે છે. ને તેવી ભાવનામાં વધારો થાય છે.

જે જીવ પોતાના સ્વીકારેલા સદ્‌ગુરુને હૃદયના ભાવથી સ્મરણ કરી પોતાને ઉપજેલા અન્યથા પ્રકારના વાતાવરણને બદલીને યોગ્ય પ્રકારનું વાતાવરણ ઉપજાવે છે, એવો જીવ પોતાની વૃત્તિઓને ઠેકાણે રાખવાને પણ એના ચેતના સ્મરણની મદદ લઈ લઈને તે જરૂર જ્ઞાનપૂર્વક મથી શકે છે. સદ્‌ગુરુને તો ઉપયોગમાં જ લીધા કરવાનો હોય.

❦

મન જ્યારે બહાર જતું રહ્યું હોય, ત્યારે એને જાગૃતિથી સંકેલવાનું રહે છે. **સંકેલવું એટલે કે જે બહાર ફેલાઈ ગયેલું હોય, વિસ્તાર પામીને વહેંચાઈ ગયેલું હોય, એને એક ઠેકાણે એકત્રિત કરવું તેનું નામ સંકેલવું.** ચૂલામાંથી લાકડાં સળગતાં સળગતાં બહાર જ સળગતાં હોય છે, તે વેળાએ ચૂલાની અંદર જ બળ્યાં કરે એટલા કાજે આપણે લાકડાંને સંકોરતાં હોઈએ છીએ, તેવી રીતે મનનું છે.

❦

કસોટીમાં જે જીવને જરા પણ કંટાળો ઊપજ્યો, ત્રાસ થયો, સંતાપ પ્રગટ્યો કે બેળેબેળેપણાની વૃત્તિ જન્મી તો તેવી કસોટીનું પરિણામ તો જીવનના અજ્ઞાનમય મૃત્યુમાં પામવાનું. જો કસોટી થતી વેળા-જીવનને ઘડવાની આ ઉત્તમ તક છે, ભાવનાને તેજસ્વિત બનાવવાનો આ સુયોગ્ય પ્રસંગ છે. પ્રભુની કૃપાથી જીવનની શક્તિને મક્કમતામાં પ્રગટાવવા જીવનનું ખમીર બતાવવાનો આ અણમૂલો અવસર છે, ને જીવનને પલટાવવાને સદ્‌ભાગ્યથી પ્રાપ્ત થયેલ કર્મ છે- એવી એવી જ્ઞાનપૂર્વકની ભાવના કસોટી થતી વેળાએ જે જીવના દિલમાં જાગતી, વાજતી, ગાજતી પ્રગટ્યાં કરેલી હોય છે, તેવા જીવના જીવનને તેવી કસોટીનો કાળ ફળતો હોય છે.

❦

જીવનવિકાસની ભાવનાની સમજણને દઢાવી દઢાવીને જીવનના મળતા પ્રસંગને અને તેના હેતુને સમજવાને મથજો. જે તે બધું સ્વીકારી સ્વીકારી જીવવાનું છે. આપણે આપણા

કાજે તો દૃઢ મક્કમતાથી જીવવાનું છે.

સદ્‌ગુરુની ભાવનાની ચેતનાત્મકપણે ધારણા સાધકના હૃદયમાં જ્યારે જાગ્યા કરે છે, ત્યારથી એના જીવનમાં કોઈ અનોખાપણું પ્રગટે છે. ખંતીલાને મથતાને મચેલાને પ્રભુની કૃપા મળી રહેતી હોય છે. માટે કદી પણ ગમે તેવી દશામાં કાયર ન બનવું. લાચાર ન થઈ જવું. હંમેશાં પ્રભુના પરમ કૃપાબળથી ટટારી અનુભવવી ને પોતાની જે તે દશામાં મસ્ત રહ્યા કરવું.

જીવનને પેલે પાર લઈ જવું હોય, તો એ કંઈ જેવાં તેવાં ઉત્સાહ, ખંતનું કામ નથી. એ કંઈ કાચાપોચાનું કામ ન હોય.

કસોટી તો પ્રભુકૃપા બળને નોતરવા કાજેની જીવનના પરમ સદ્‌ભાગ્યની સુયોગ્ય તક છે. એવી તકને તો, શ્રીપ્રભુની પરમ પ્રસાદી તરીકે અંતરના ઉમળકાથી સ્વીકારી લેવાની તે તે પળે આપણી પ્રેમભાવે તૈયારી પ્રગટેલી હોવી ઘટે. કસોટીના કાળમાં જ ખરું જ્ઞાન અનુભવવાની પળ જાગતી હોય છે. માટે તેવા કાળે તો પ્રભુકૃપાથી સદાય હૃદયમાં જાગેલું રહેવાય તેટલું ઘણું ઉત્તમ.

કસોટીમાં જે જીવ દીપે છે, એવા જીવને ધન્ય છે.

ગરીબ પરત્વેના વર્તાવમાં આપણે ઘણી ઘણી હૃદયની સલુકાઈ રાખવાની છે. આ જીવે ગરીબાઈમાં જીવન ગાળેલું

હોવાથી ગરીબના દિલની તેને ખબર છે. ગરીબને પણ આત્માની વેલ હોય છે. એને પણ ફૂલવાફાલવાની હોંશ અને પ્રેરણા હોય છે. એને પણ વધવાની સગવડ સમાજે આપવી ઘટે છે. એને પોતાનું જ અંગ, સગું, છૈયુંછોકરું જાણીને એને ઊંચે પ્રગટાવવા કાજે પોતે પોતાનો હાથ આપવો જ ઘટે. એટલે આપણા રોજિંદા જીવનવહેવારમાં જ્યારે જ્યારે એવા પ્રસંગ મળે, તે તે પ્રસંગ શ્રીભગવાનની ભક્તિનો પરમ કૃપા પ્રસંગ છે, એવી ચેતનપૂર્વકની ભાવના ત્યારે હૃદયમાં હૃદયથી દઢાવી દઢાવી પોતે તેની પરત્વે પ્રેમભાવના રાખીને વર્તવાનું કરવું.

ગરીબનું કોઈ ધણીધોરી નથી. ગરીબને સહુ કોઈ અવગણી શકે છે. ભૂલેચૂકે પણ આપણે તેવું કરવું નહિ. ગરીબની કોઈ 'દયા' ખાશો નહિ. દયા ખાનારા આપણે કોણ ? એ કોઈ કને દયા નથી માગતો, માગે છે ન્યાય. એ આપી શકાતો હોય, તો આપજો. તમારી દયાબયાનો એને ખપ નથી. સમાજ આજે એની ગરદન પર ચઢી બેઠો છે. આવતી કાલે તે સમાજની ગરદન પર ચઢી બેસવાનો છે. સમાજ એને લૂંટીલૂંટીને આજ લગી નભ્યો, તો આવતી કાલે તે સમાજને લૂંટીને નભવાનો છે. એવી આ અનંતકાળની રમત છે.

ઘરમાં નોકર પરત્વે માણસાઈનો પ્રેમભક્તિયુક્ત વર્તાવ આપણો હોવો ઘટે. આ જીવે નોકર તરીકે કામ કરેલું છે. અને તે પણ સવારથી તે રાતના મોડા સુધી, એકધારું. ભલેને વધારે

સમય એની કને કામ લેવાનું થયાં કરે. પણ જો આપણા હૃદયનો ભાવ એના પરત્વે સલુકાઈભર્યો ને એની દશાની સાથે સહાનુભૂતિવાળો હોય, એને બે શબ્દ પ્રેમભાવના થાક્યેપાક્યે કહેવાનું બને, તો તેને તે કેટકેટલું સારું લાગતું હોય છે ! આ જીવની તેવી વેળા જે કોઈ કદર બૂજતું, ત્યારે એવા જીવ પર આ જીવ તો વારી વારી જતો.

આપણે કંઈ કશા કોઈના આમ કે તેમ વર્તવાથી કરી છંછેડાઈ પડવાની આપણી જૂની આદતને તો સંપૂર્ણ તિલાંજલિ આપવાની છે.

આપણી દરેક જાતની સમજણમાં -તેના મૂળમાં જ્ઞાનપ્રકારની યથાયોગ્યતા ખરેખરી પ્રગટેલી છે કે કેમ, તેનું બરાબર પૃથક્કરણ કરતા રહેવાની ઘણી ઘણી જરૂર છે. કેટલીક વેળા જીવને પોતે બીજા જીવો કરતાં કોઈ જ રીતે ઊતરતો નથી, એવા પ્રકારનું અહમ્‌પણું પણ એને તેવા પ્રકારની સમજણમાં પ્રેરાવી શકતું હોય છે.

અહમ્‌ના પ્રકારમાંથી ઊઠેલી સમજણ તો ઝાંઝવાનાં જળ જેવી છે ને શેખચલ્લીના તરંગ જેવી છે. એમાંથી કશું બળ ન પ્રગટી શકે.

ક્યાંયે કશી પરિસ્થિતિમાં જીવદશાના અસંતોષને સ્થાન જ ન આપવું. એવા અસંતોષથી તો જીવન કારમું કારમું થઈ પડે

છે.

❦

જીવદશામાંથી પ્રગટતા અસંતોષનાં રાવણનાં માથાં કાપો એટલાં પાછાં નવાં નવાં પ્રગટતાં હોય છે. એ અસંતોષ જુદી જુદી રીતે પ્રગટ થયા કરે છે. ને જીવનમાં ન તો પોતાને જંપ વળવા દે, ન તો જે પોતાની સાથે વળગેલાં હોય તેને જંપ વળવા દે. પોતે જ અશાંત બન્યાં કરે ને પોતાનાથી કરી પોતાની સાથેનાને પણ અશાંત બનાવે છે.

❦

દુઃખ આપણને જગાડે ને ગતિમાં પ્રેરાવે, તો તે દુઃખ સાચું.

❦

જે દુઃખ કઠે, તે સાચી સમજણ પ્રેરાવ્યા કરે છે.

❦

દુઃખના હાર્દને જે સમજે છે, તેને દુઃખ આશીર્વાદ છે.

❦

દુઃખ તો પ્રભુની પ્રસાદી છે.

❦

દુઃખ પોતાને જાણવા, સમજવા, કાજેનું યોગ્ય દર્પણ છે.

❦

દુઃખ આવી પડે, તેને આવકારવું. તેનાથી કદી પણ આઘાત પામીને ડૂબી તો ન જ જવું.

❦

સાચી રીતે લાગેલું દુઃખ તો જીવનને નવી ભાવનામાં પ્રેરાવે છે.

અયોગ્ય કશુંક આપણાથી થયાની જાણ થતાં દુઃખ લાગે, તે યથાર્થ છે. તેવું અયોગ્યપણું થતાં, ત્યારે હૃદયમાં પ્રાર્થના કરી કરી પ્રભુને પોકારવો. જેમાં ને તેમાં પ્રાર્થનાના ભાવનો ઉપયોગ કરતાં રહેવાનું છે.

પોતાનાં ધનદોલત, માલમિલકત, બૈરાંછોકરાં, પ્રતિષ્ઠા, કીર્તિ, પોતાની સમજણો, માન્યતાઓ, આગ્રહો, ટેવો વગેરે વગેરે પરત્વે જીવને જેટલો રાગ છે, તેટલોય હૃદયનો રાગ સદ્‌ગુરુ પરત્વે જો પૂરો સાચો, ને ખરેખરા હૃદયથી જાગેલો હોય, તો તેવા રાગથી કરી, જીવનમાં સાચેસાચું ચીટકી રહેવાનું કામ લાગી શકે.

હું તો માગું છું તેમના તેમના હૃદયને. હૃદય મળ્યું હોય, ને બીજું ન મળ્યું હોય, તો તે ચાલી શકે છે.

ચેત્યા વિનાનું બધું નકામું છે. એક કર્મ ઉત્તમ કરેલું હોય, પણ ચેત્યા વિનાની દશામાં તે કરેલું હોય, ને એક કર્મ ઉત્તમ હોય ને ચેતી ગયેલી દશામાંથી તે કરેલું હોય; તો તે બે કરેલાં કર્મ એક જ પ્રકારનાં હોવાં છતાં તેવાં કર્મનાં પરિણામ જુદાં જુદાં હોવાનાં. માટે જેમાં ને તેમાં ચેતીને વર્તવું તે ઉત્તમ છે. માટે ચેતો, ચેતો ને ચેતો એ જ બધાને પ્રાર્થના છે.

આ માર્ગમાં સ્વચ્છંદીપણું તો મુદલે ચાલી શકવાનું નથી.

પણ તે એકદમ છૂટ્યું છૂટી શકતું નથી. તે આપણી કેવી લાચારી ! અરે, હું કહું છું કે, આપણે જે લાચારી, પામરતાની વાત બધી કરીએ છીએ, તે મિથ્યા છે, ને ભ્રમણા છે. અજ્ઞાનપણાની તે વાત છે. ખરી મૂળ વાત તો એ છે કે, હજી આપણને કશું ખરું લાગેલું નથી. લાગે તો, કેવાં સફાળાં સફાળાં ઊઠીએ છીએ !

રોજિંદા સંસારવહેવારવર્તનમાં જીવે જાગતા બની બની સાબદા થઈ સાધનાના ભાવમાં પરોવાવાનું બન્યાં કરે, તે ઘણું જરૂરનું છે. એ વિના નવાં દૃષ્ટિ, વૃત્તિ, વલણ જીવનમાં કદી પણ પ્રગટી શકવાનાં નથી, તે નિશ્ચે કરીને જાણજો.

આપણે તો જે તે બધું જીવનના વિકાસના ઉપયોગ કાજે જ ખપનું છે. સદ્‌ગુરુનો ખપ પણ તેટલા જ કાજે જ છે. તેમ આ મળેલું શરીર, તેનાં કરણો, પ્રભુકૃપાથી મળેલો આ સંસાર, સગાંવહાલાં -તે બધાં જ જીવનની વિકાસની ભાવના તે તે બધાંમાંથી ઘડાય, કેળવાય, રૂડું રૂપ લેતી પ્રગટતી બની જાય, તે તે કાજે તે તે બધાં જ છે. બાકી તો એનો બીજો કશો જ અર્થ નથી.

જીવે જો જીવનવિકાસ સાધવો હોય, તો પોતે પોતાનો સ્વચ્છંદ છોડવો જ પડવાનો, તે નિઃસંદેહ અનુભવની હકીકત છે. સદ્‌ગુરુની સાથે ઉત્તમ પ્રકારની, સદ્‌ભાવથી પ્રેરિત, પ્રેમભાવયુક્ત, મુગ્ધ અને સ્નિગ્ધ ભાવના હૃદયમાં હૃદયથી

આપણી જોડાયેલી ન હોય, અથવા એવી કેળવણી પરત્વેનું જ્ઞાનભાન જાગ્યા કરેલું ન હોય, ને આપણે આપણા રોજિંદા વ્યવહારવર્તનમાં મનસ્વીપણે જ વર્ત્યાં કરવાનું હોય, તો તેમાં કોઈની પણ મદદ મળી શકવાની નથી.

હૃદયમાંના રામને આપણે જો પ્રગટાવવો હોય, તો આપણે જેમાં ને તેમાં રામને મોખરે કરવાનો રહે છે.

અહમ્ પર ફટકા પડે તે વેળા જે જીવને ઘણો ઘણો આનંદ પ્રગટે છે. તેવા જીવથી તે બધાંમાંથી કોઈ વેળા તો જરૂર મુક્ત થઈ શકાવાનું છે, એમ નિશ્ચે કરીને જાણવું. અહમ્‌ને ફટકો પડે, તે વેળા જે જીવને આનંદ વિના બીજું કશું જીવ પ્રકારનું લાગતું હોય છે, ને જેથી કરી એ જીવના મનને અશાંતિ, ક્લેશ, સંતાપ, ત્રાસ, અકળામણ વગેરે વગેરે લાગે છે, તો જરૂર જાણવું કે, હજી એ જીવ તો ઘણો ઘણો કાચો છે.

સવારસાંજ લોકો પ્રાર્થના વગેરે કરે છે, તે તો માત્ર ઘરેડ પ્રમાણેની હોય છે. જે કંઈ જ કશું ન કરતાં હોય, તેના કરતાં તેવી પ્રાર્થના પણ જે કરતાં હોય, તે ઠીક છે. એનાથી કરી દિવસનો જેટલો ગાળો, જીવ ગમે તેવી બીજી કોઈ ક્ષુલ્લક બાબતમાં સમય ગાળે, તેના કરતાં આવા પ્રકારની પ્રાર્થનાના ભાવ વગેરેમાં ગાળે, તો તે ઈષ્ટ ગણાય.

પ્રતિકૂળ વાતાવરણમાં અખંડ શાંતિ, સમતા, પ્રસન્નચિત્તતા

આદિ આદિ ગુણો જીવતા રહી શકે, તો જ એની ખરી કિંમત છે ને ?

હાલનું આપણું ઘરેડની પ્રમાણેનું જે જીવવાનું ચાલી રહેલું છે, તેનું તે જ જો ચાલ્યા કરવાનું હોય, તો તો આપણને ઊગરવાનો કદી પણ આરો આવી શકવાનો નથી, તે નક્કી જાણજો. આપણા પહેલાંના જીવવાની રીતભાતમાં ને હાલના જીવવાપણાની રીતભાતમાં—એ બે વચ્ચે આપણું બદલાયલાપણાનું વર્તવાનું અનુભવાતું હોય, તે પૂરતી આશા છે. આવી રીતે આપણે આપણને અવારનવાર તટસ્થતાપૂર્વક પૂરેપૂરાં તપાસતાં રહેવું ઘટે.

જીવનને પલટાવવાને કાજે ખરી નેક દિલની ઉત્કટ મહત્ત્વાકાંક્ષા, અભિલાષા જે જીવને પ્રગટે છે, તેને કશાથી આવરાઈ જવાનું થતાં, તે તો સફાળો જાગી, પ્રભુને પોકારી પાછો સચેત બને છે. તે કદી મડદાલ થઈ જતો નથી. જીવન મળ્યું છે, તે ખોઈ નાખવા મળ્યું નથી. જીવન તો મળ્યું છે રત્ન-ચિંતામણિ ખોળવા, તે લેવા ને તે લઈને તેનું પોતાનું કરી લેવા. માટે કૃપા કરીને સચેત બનીને જીવવામાં સાર હોય.

હે વહાલાં સ્વજનો ! તમે તો દયા કરજો, કૃપા કરજો ને જાગજો. જે હેતુ કાજે મળેલાં છીએ તે હેતુને વિચારજો. ને તે હેતુને યોગ્ય જીવવાનું કરશો, તો મોટો ઉપકાર. આ એક, દિલની, પ્રેમયુક્ત, દર્દભરી વિનંતી છે.

ઉપયોગ એ જ જ્ઞાન છે. જેમાં ને તેમાં ઉપયોગના હેતુનું જ્ઞાન હૃદયસ્થ દૃઢાવીને વર્તીએ, તો જ તેમાંથી નવું બળ જીવનમાં પ્રગટે છે.

**ઉત્તમમાં ઉત્તમ હોય, પરંતુ જો ઘરેડ પ્રમાણે બન્યાં કરે, તો તેમાંથી કશું ચેતન મેળવી શકાતું નથી, અથવા તો મળી શકતું નથી.**

વૃત્તિ, લાગણી, ભાવના, વિચાર વગેરેનો સમતા, તટસ્થતા, શાંતિ વગેરે રાખીને જીવનના વિકાસ કાજે તેમનો તેમનો જ્ઞાનપૂર્વક ઉપયોગ કરતા રહીએ, તો જ શ્રીપ્રભુકૃપાથી જીવનમાં યોગ્યપણું પ્રગટે.

જો હૃદયમાં પ્રેમભક્તિ પ્રગટી હોય છે, તો અદ્‌ભુત, આશ્ચર્ય પમાડે એવા પ્રસંગમાં શ્રીભગવાનનો સૂક્ષ્મ કૃપાહાથ પ્રત્યક્ષ જોઈ શકાય છે.

કૃપા કરીને મનને શાંતિ અને સ્વસ્થતામાં જ પ્રેરાવ્યાં કરવું.

**જેને પોતે જીવનનો ઘડવૈયો માનતા હોઈએ, એના તરફથી જે સૂચનો મળે, એને જેમ જેમ આપણે જીવન-વિકાસના હેતુનો ખ્યાલ રાખીને તેવી સમજણથી વર્તનમાં મૂકતાં જઈશું, તેમ તેમ ભાવના આકાર લેતી આપણે અનુભવી શકવાના છીએ.**

સૂચનોને ઉત્સાહ, ખંત, ધીરજ, શાંતિ, પ્રસન્નચિત્તતા વગેરેથી વર્તનમાં મુકાતાં આપણાં માની લીધેલાં વલણો, મતાગ્રહો, મડાગાંઠો આદિ ઓગળવા માંડે છે. જીવનમાં સાચી નમ્રતા પ્રગટ્યાં કરે છે.

જે કંઈ કર્યા કરીએ, તે તે તેવી તેવી રીતે કરવાપણા માટે નથી. પણ એથી કરીને ભાવ-શક્તિ પ્રગટાવા કાજે તે તે કરવાપણું છે. એવી જ્ઞાનપૂર્વકની ભાવના તે તે કર્મ કરતી પળે હૃદયમાં હૃદયથી હૃદયની જાગ્યાં કરતી હોય, તો જ જીવન યથાર્થ રીતે ઘડાયાં કરતું હોય છે.

કંઈ પણ કશાનું મૂલ્યાંકન તેના તેના સ્થૂળપણાથી કે ઉપરના દેખાવથી કે બહારના વર્તનવ્યવહારથી આપણે કરવાનું નથી. વ્યવહારમાં બીજા જીવો સાથે મળવા કરવાનું થતાં જેટલું સમજણપૂર્વક મૌન પળાય, તેટલું ઉત્તમ. વાત કરવી જ પડે, તો એવી રીતે વાત કરવી, કે જેથી કરી રાગદ્વેષાદિ વૃત્તિ આપણામાં કે કોઈનામાં વધે નહિ, બલકે ઘટ્યાં કરે. જેથી કરી દિલમાં પણ શાંતિ-પ્રસન્નતાનું ઘવાવાપણું ન બને. જેથી કરી આપણી જીવનવિકાસ કાજેની ભાવના વધારે જાગ્રત અને સતેજ બન્યાં કરે. એવા પ્રકારનું આપણું સમજણપૂર્વકનું જીવનધોરણ સહજપણે રોજિંદા વ્યવહારવર્તનમાં પ્રગટ્યાં કરવું ઘટે.

આજકાલ જીવોની વૃત્તિઓ, વિચાર, ભાવના જીવનવિકાસને પ્રેરે એવા પ્રકારનાં પ્રવર્તતાં જણાતાં નથી.

સંસારવહેવારવર્તનમાં જેટલું નિઃસંગપણે વર્તવાનું બને તેટલું ઉત્તમ. જેટલું વિશેષ સમજણથી મૌન પળાય, તો તે તો ઘણું જરૂરનું છે.

મનમાં સમસમી રહીને મનની દ્વિધા સ્થિતિને કારણે, અસંતોષને કારણે, બીજા સાથે ન બોલવાનું બને, તો તે મૌન નથી.

જે તે સર્વ પરત્વે સમજી સમજીને દિલમાં સદ્ભાવ આપણે તો પ્રેરાવ્યા કરવાનો છે.

આપણે જે કંઈ બોલીએ, વિચારીએ, લખીએ તે તે વેળા તેની યથાર્થતાનું જ્ઞાન પ્રગટાવીને કરીએ, તો શોભીએ.

જો આપણે જીવનનું ધ્યેય નક્કી કરીએ, તો તે પરત્વેનું જે જે કંઈ નકારાત્મક આપણામાં હોય કે બીજાથી કરીને ઊભું થયું હોય, તેને તજવાનું બનતાં જો તે પરત્વે કઠણાશ લાગે, તેમ કરવાં જતાં તે અઘરું અને મુશ્કેલ લાગતું હોય, તો તેવું કઠણ લાગવું, મુશ્કેલ લાગવું, એ યોગ્ય પ્રકારનું નથી, તે સમજવા જેવી હકીકત છે. ભલા જીવ ! 'મુશ્કેલ ને કઠણ' શેને લાગવું જોઈએ ? શરીર પર વીંછી ચઢતો હોય, તો ફટાક દેતાંકને ખંખેરીને આપણે તેનાથી વિખૂટા થઈ જઈએ છીએ. પળવાર પણ તેને ટકવા દેતા નથી. એવી જ રીતે જીવપણાના

નકારાત્મક વલણને આપણે કદી પણ ટકવા ન દેવું ઘટે.

આપણે જે માર્ગે જવું નથી, ને જે માર્ગના મોહાદિકપણાના લક્ષણથી વિમુક્ત થવાનો પ્રસંગ સાંપડતાં તો જીવને દિલમાં ઘણો આનંદ પ્રગટવો ઘટે. આપણે જે કરવું છે, તે તો મક્કમપણાથી, દિલના સાચા દૃઢ નિર્ધારથી, ને નેક દાનતથી કરવું છે. આપણી પ્રામાણિકતા ને વફાદારી પારદર્શક બની જવાં જોઈશે. આપણે જે આદર્શને વરવો છે, તે તો માગી લે છે સંપૂર્ણ હૃદયના ભાવની એકધારી જીવનની તે પ્રકારની વર્તનધારા. એટલે જે જે જીવનના આદર્શને જીવનમાંના પ્રસંગોમાં પ્રગટાવવા જતાં જો હજી મુશ્કેલપણું લાગે, મન પાછું પડતું અનુભવાય, તો જાણવું કે હજી આપણને ક્યાંક રૂંધામણ, ગૂંગળામણ છે ને હજી તે પરત્વેનો આપણો જીવ પ્રકારનો રાગ તેમાંથી પૂરો હઠ્યો નથી. આપણને હજી સાચી દિશાનું પૂરેપૂરું ઝંખનાત્મક ઉત્કટ ભાન પ્રગટેલું નથી.

જેનામાં હૃદયનો ભાવ જાગેલો છે, તેનું સ્મરણ જીવનમાં નવી તાજગી, નવું જોમ નવી પ્રેરણા, નવું સાહસ, હિંમત, ધીરજ વગેરે પ્રેર્યાં કરે છે. સદ્‌ગુરુની સ્મરણ-ભાવના તેટલા કાજે છે.

કોઈ કોઈના વિશે આડીતેડી વાત કરતું આવે, તો ઘણા પ્રેમથી તેને પોતાનું દૃષ્ટિબિંદુ સમજાવવાનું કરવું. ગમે તે થાય તેમ છતાં જીવનનાં નકારાત્મક પાસાંને તો કાન, મોં, આંખ ન

ધરવાં તે ન જ ધરવાં.

❦

જ્ઞાનભક્તિપૂર્વક જીવનવિકાસનાં દૃષ્ટિ, વૃત્તિ ને વલણ પ્રગટાવી પ્રગટાવી વર્તવું, વિચારવું, બોલવું, માનવું, સમજવું, કલ્પવું વગેરે વગેરે કરવું. એ જ જીવનની સાચી કમાણી છે. માટે જેમાં ને તેમાં જીવનવિકાસનાં દૃષ્ટિ, વૃત્તિ ને વલણ સભાનપણે સમજણપૂર્વક પ્રગટાવી પ્રગટાવી જીવવાનું છે.

❦

આપણાથી જાણ્યે-અજાણ્યે આપણાં વર્તનથી, શબ્દથી, વ્યવહારથી કોઈનો પણ વિરોધ વહોરી લેવાનું ન બને તેની તો પૂરેપૂરી જાગ્રત કાળજી આપણે રાખવાની છે.

❦

કોઈને શિખામણનાં કે બોધનાં વચનો કથવાં જ નહિ.

❦

વણઇચ્છ્યું ક્યાંય કશામાં માથું મારવું નહિ.

❦

વણમાગ્યું વચન ઉચ્ચારવું નહિ. વચનમાં તો દરિદ્રતા જ શોભે.

❦

જ્ઞાનભક્તિપૂર્વક જેમ જેમ મૌન પળાતું જાય છે, તેમ તેમ વાણી કે વચનની પણ શક્તિ પ્રગટતી જતી હોય છે. મૌનનું જ્ઞાનભક્તિપૂર્વક યથાર્થતાથી પાલન થતાં અંતરની શક્તિનું વેડફાઈ જવાનું બનતું નથી. તે શક્તિ નામસ્મરણમાં વપરાય છે, ને એવા થતા રહેતા નામસ્મરણથી હૃદયમાં ભાવના-પ્રેમ

વિશેષ પ્રગટતાં જતાં અનુભવાય છે માટે જે જીવને જીવનનો વિકાસ સાધવો છે, તેવા જીવને તો યોગ્ય પ્રકારનું મૌન પાળ્યા વિના છૂટકો થતો હોતો નથી.

ઓછામાં ઓછું બોલવામાં ઘણા લાભ છે. હેતુપૂર્વકની મધુર વાણી ને તે પણ જ્ઞાનપૂર્વકના સદ્‌ભાવયુક્ત જ્યારે ઉચ્ચારાય છે, ત્યારે તેવી વાણીમાં જે પ્રાણ પ્રગટેલા હોય છે, તેવું ચેતન વેડફાતી રહેતી વાણીમાં કદી પણ હોતું નથી.

સંયમમાં ક્યાંયે શુષ્કતા નથી, કઠોરતા પણ નથી. જેને સંયમ શુષ્ક ને કઠોર લાગે છે, તેઓ સંયમના હેતુને ને તેની ભાવનાને તેના યથાર્થપણામાં સમજેલા નથી.

જીવે જે કંઈ કરવાનું હોય, તે તે જ્ઞાનપૂર્વક કરવાનું છે, કે જેથી તેમાંથી હેતુનું ફલિતાર્થ થવાપણું પ્રગટ્યાં કરે.

જીવની ઇચ્છાઓ, કામનાઓ, તૃષ્ણાઓ, લાલસાઓ, લોલુપતાઓ, દ્વંદ્વની અનેક પ્રકારની વૃત્તિઓ વગેરે વગેરે તેના સ્વભાવ પ્રમાણે તેને ઊંચે કે નીચે લઈ જતાં હોય છે.

સદ્‌ગુરુનું હૃદયમાં હૃદયથી ભાવસ્મરણ પ્રગટતાં હૃદયમાં જો ભાવ ન પ્રગટી શક્યો, તો આપણું દિલ સદ્‌ગુરુમાં લાગેલું નથી તે નક્કી પ્રમાણવું.

સદ્‌ગુરુના હૃદયના ભાવને જ્યારે સાધક જીવ પ્રેમભક્તિ વડે કરીને હૃદયમાં હૃદયથી પકડતો બની શકે છે, તે વેળાથી સાધકના જીવનનો વિકાસ ઘણો ઝડપી બની જતો હોય છે.

સદ્‌ગુરુ સમાન સમર્થ દોરનાર મળી ગયો છે, એવો જ્ઞાનાત્મક ને નિર્ણયાત્મક અનુભવ જ્યારે જીવને થાય છે, ત્યારે જ સાચી નિષ્ઠા એના હૃદયમાં જીવતી જાગતી પ્રગટ્યાં કરી, એને કદી પણ પોતે એકલો છે, એવું માનવા દેતી નથી. પોતાના જીવનના પ્રાણપ્યારા રાહબરની હાજરી તે સદાય અનુભવતો જ રહે છે. ને એનાથી કરી તે પોતાનું કામ સાધ્યે જ જતો હોય છે.

જીવન કંઈ રગદોળાઈ જવા કાજે નથી. જીવનમાં ત્રાસ, મુશ્કેલી, કંટાળો, ઉપાધિ વગેરેને ક્યાંયે સ્થાન નથી. તેવું તેવું ઊપજતાં જીવે જીવનને વિચારવું ઘટે. તે તે બધું મળે છે, તેનો પણ હેતુ છે. શાંતિ, તટસ્થતા, સમતા, ધીરજ, સહનશીલતા, વિવેક આદિ ગુણો કેળવવાને તે તે બધું મળતું હોય છે. એટલે તે તો આપણા જીવનની પાઠશાળા છે. એમાંથી જો શીખવાનો જ ખ્યાલ ન રાખીએ, અને જીવદશામાં તણાયાં જ કરીએ, તો એવાને તો કોણ સમજાવી શકવાનું ? એવાની મડાગાંઠો કદી તૂટતી જ નથી.

જીવનવિકાસના સાધકે મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહમ્‌ના વિકારોને સ્પષ્ટપણે તેમના તેમનાથી નોખા તરીને પૂરેપૂરા

સમજી લેવા ઘટે છે. ને તે પ્રમાણે દોરવાઈ જવાનો પોતે જ્ઞાનપૂર્વક ઈનકાર કર્યા કરવાનો રહે છે.

❦

સદ્‌ગુરુને જે જીવ ઉપયોગમાં લીધા કરે છે, તેવા જીવને જ સદ્‌ગુરુ કર્યાનો કંઈક અર્થ છે. બાકી તો કંજૂસના ધનના ઢગલાની પેઠે સદ્‌ગુરુને એક કોરાણે, ઉપયોગમાં લીધા વિના, તિજોરીમાં પૂરી રાખવાનો કશો જ અર્થ નથી. ઊલટું એથી તો જે ખરો સદ્‌ગુરુ છે, એને અપરંપાર ત્રાસ થતો હોય છે. એ જ્યારે જુએ છે કે, એનો કોઈ પણ રીતનો કશો ઉપયોગ થતો જ નથી, તે વેળા એ એવાના જીવનમાં રહેતો હોવા છતાં નથી રહી શકતો, એવું બને છે.

❦

સાચો વૈરાગ્ય કદી પણ કર્તવ્યભ્રષ્ટ થઈ શકતો નથી.

❦

સંસાર મિથ્યા કેમ હોઈ શકે ? સંસાર તો જેને શીખવું છે તેને તો પ્રત્યક્ષ ગુરુ છે.

❦

નાનામાં નાની જીવન પરત્વેની હકીકતમાં જે જીવ સજાગ રહી, પોતાનું યોગ્ય વર્તન શું છે તે જાણી, વિવેક વાપરી, કર્તવ્ય અને ધર્મ સમજીને પ્રભુ-પ્રીત્યર્થે એને સાંગોપાંગ પાર ઉતારે છે, તેવો જીવ કદી ક્યાંય પણ અટવાઈ શકતો નથી.

❦

જેને આપવાના કરતાં લેવાનું જ ગમે છે, તેવા જીવ પતનને જ પામવાના.

❦

કોઈ કનેથી મનમાં ખૂણેખાંચરે કંઈ પણ કશું લેવાની વૃત્તિ ન જાગે, તેના સજાગ ચોકીદાર આપણે પૂરેપૂરા બનવું.

❦

આપવામાં જે આનંદ છે, તે લેવામાં નથી.

❦

જે સદ્‌ગુરુ વડે જીવનનું ઘડતર થતું હોય છે, તેને ચરણકમળે, સમર્પણયજ્ઞભાવે એકેએક પ્રકારનું જે તે બધું આપ્યાં કરવાનો યજ્ઞ પળવાર પણ અટક્યાં કરવો ન ઘટે. પોતાનું સારું ને નરસું - એ બધું જ આપ્યાં કરે છે, તેને વળી પોતાનું પોતાની કને રહે પણ શું ?

❦

॥ હરિઃૐ ॥

# પૂજ્ય શ્રીમોટા
# વચનામૃત
## ભાગ - ૨

આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહમ્ અનેક પ્રકારના દુરાગ્રહો સેવતાં હોય છે. અનેક પ્રકારની માગણીઓ, આશાઓ, ઈચ્છાઓ, તૃષ્ણાઓ વગેરે વગેરે સેવતાં હોય છે. આપણે આવાં બધાંથી જ્ઞાનપૂર્વક સમૂળગા વેગળા બનવાનું છે. અનેક પ્રકારની નિર્બળતાઓને આપણે ટાળવી પડશે. કેવું કેવું ક્ષુદ્રપણું છે, તેનું ભાન પ્રેરાવવું પડશે. કેટકેટલી, કેવી કેવી, અનેક પ્રકારની ને અનેક ક્ષેત્રમાંની સંકુચિતતાઓ ભરી પડેલી છે, એને નીંદી નીંદી આપણે શ્રીભગવાનની કૃપાથી સમૂળગા મુક્ત થવું જ પડશે.

આપણે માની લીધેલાં સુખદુઃખની સમજણમાં જો પડ્યાં જ રહેવાનું હોય, તો આ જીવનવિકાસને માર્ગે વળવાનું નામ જ મૂકી દેવું. પોતાની બદલાવાની ઉમળકાભેરની જ્ઞાનયુક્ત તૈયારી ન હોય, તો તો જીવનવિકાસને માર્ગે જવું કદી પણ શક્ય નથી.

માનવીનાં આળસ, પ્રમાદ, બીજા અનેક અવગુણો ને જીવ સ્વભાવનાં વલણોને જો તે રહેવા જ દેવાનું કર્યા કરે, તો તેને

પ્રભુ પણ કેવી રીતે મદદ કરી શકે ? જીવે જે જે ટાળવા જેવું છે, તે ટાળવાને કાજે પહેલાં તો તેને તે તે બધું ઘણું ઘણું સાલવું જોઈએ. ને સાલે અને ડંખે, તો તે તેમાંથી મુક્ત થવાને ગતિમાન થઈ શકે.

સંસારી જીવ આગળ કદી પણ લાચારી દર્શાવવી નહિ. લાચારી દર્શાવવાની હોય, તો તે એકલા આપણા પ્રભુ પાસે જ હોય. કંઈક કશું થતાં પ્રાર્થના કરવી.

મનને કદી પણ ગ્લાનિમાં ગરકાવ થઈ જવા દેવું નહિ. મનની શાંતિ, પ્રસન્નતા, સમતા, ધીરજ વગેરે તો જેમ અખંડ જીવતાં રહે તેમ પ્રભુકૃપાથી મથવાનું છે.

જો આપણે ભગવાનને માર્ગે સાચેસાચ જવું હોય, તો આપણે નમ્રમાંયે નમ્ર બનવાનું છે. રસ્તાનું જનારું પણ આપણને હડધૂત કરે, તોયે આપણે પ્રેમભાવથી નમ્ર રહી શકીએ અને શાંત રહી શકીએ, મનમાં કંઈ કશું ઊગે નહિ, એવી સ્થિતિ થાય, તો તે ઉત્તમ છે.

મળેલા હકને પણ જતો કરવાનું આપણે પ્રેમથી શીખીશું, ને બીજાને આગળ આણ્યા કરવાનું આપણે પ્રેમભાવે કરીશું, તો તેમાં આપણું કશું જ બગડી જવાનું નથી.

સંસારવહેવારવર્તનમાં કંઈ કશામાં અહમ્ ન પ્રગટે એવી

તો પૂરેપૂરી સોયે સો ટકા જાગ્રતિ રાખવાની છે. જેનામાંથી અહમ્ ન જાય, તે કદી ચેતનના પ્રકારમાં પ્રગટી ન શકે.

❦

જીવનને જે તે પ્રસંગોથી કરી ઊંચે તારવતાં રહીને જેમાં તેમાંથી આપણે જીવનવિકાસને યોગ્ય સમજણ પ્રગટાવ્યાં કરવાની છે.

❦

સર્વ કોઈ મળેલાં છે, તે આપણને મઠારવા કાજે છે, એવાં દૃષ્ટિ, વૃત્તિ ને વલણ પ્રભુકૃપાથી જીવનનિષ્ઠા પ્રગટાવવા કાજે જ્ઞાનપૂર્વક જો આપણે રાખી શક્યાં, તો તો કોઈ પણ પરત્વે અન્યથાભાવ પ્રગટવાનો સંભવ પછીથી તો રહી શકતો નથી.

❦

અનેક પ્રકારની અહંતામય ને સ્વાર્થપરાયણ પ્રવૃત્તિમાં પડ્યા રહેવાનું, કૃપા કરીને, ન બની જવાય તેની પૂરતી જાગ્રતિ રાખવાની છે.

❦

જો આપણે ખોવાયા હોઈએ છીએ, કે આડફંટે અથડાઈ પડેલા હોઈએ છીએ, તો ચિત્તની શાંતિ, પ્રસન્નતા, સમતા આદિ ઘણાં ઘવાઈ ગયેલાં લાગે છે ને મનમાં એક પ્રકારની ખિન્નતા, ગ્લાનિ પ્રવર્તેલાં આપણને લાગ્યા વિના રહી શકતાં નથી. એવી દશા થતાં આપણે સવેળા ચેતવું ઘટે. વિચારોની પરંપરા થતાં પણ એકદમ ચોંકીને સફાળા જાગી જવું. મતલબ કે, કંઈ કશામાં ભેરવાઈ પડાયું, તો તેનાથી મુક્ત થવું. આપણે પળેપળ સજાગ બનવું ઘટે. તેવી તેવી પળે પ્રભુની કૃપામદદ

પ્રાર્થનાભાવે યાચવાનું કદી પણ ચૂકવું નહિ.

સંસાર, વ્યવહાર, વર્તન, સંબંધ, સંપર્ક, હળવું મળવું વગેરે પ્રકારનાં કર્મોમાંથી આપણો જીવસ્વભાવ ટળતો જાય, હૃદયનો પ્રેમભક્તિભર્યો પ્રભુપ્રીત્યર્થનો જીવતો ભાવ તેમાં તેમાં પ્રગટ્યા કરે, એવો પ્રગટ હેતુ આપણે પ્રભુની કૃપાથી સભાનપણે રાખ્યા કરવાનો છે. એવો જીવતો અભ્યાસ પ્રગટતાં ને પાકો થતાં ને જીવતો બનતાં, આ સંસાર આપણને કોઈ અજાયબ, નવા પ્રકારનો, એ વહાલા ભગવાનની લીલાનો વિસ્તાર છે, એવો અનુભવ થતો રહેવાનો છે. એમાં હળતાં, ભળતાં, મળતાં કોઈ અનેરો આનંદ પ્રવર્ત્યા કરવાનો છે.

આપણે હૃદયના કેવા ભાવથી વર્તીએ છીએ, તે ભાવના પ્રકારથી આપણામાં આપણને સંતોષ પ્રગટી જવો ઘટે. આપણાથી કંઈક કશું ઉત્તમ પ્રકારનું થતાં કે બનતાં, એક પ્રકારનો સંતોષનો ભાવ હૃદયમાં પ્રગટે છે. બીજાની વાત આપણે છોડી દેવી. આપણને પોતાને જે તે કંઈ કરતાં કરતાં કેટકેટલો સંતોષ પ્રગટે છે, તેને નિહાળ્યા કરો.

આજકાલના જગતમાં ધનની એની હોવી ઘટે તેના કરતાં ઘણી વધારે પડતી મહત્તા પ્રગટી ગયેલી છે. જ્યાં ધન ત્યાં પ્રતિષ્ઠા, જશ, આબરૂ ને એની જ્યાં ત્યાં બોલબાલા સંભળાય છે. ધનના એવા ઝળકાટથી આપણે કદી પણ અંજાઈ જવાનું નથી. એના ઝાકઝમાળ આગળ આપણું શિર એના લાલચ-

સંજોગે કે કાંઈક એવા સાંસારિક હેતુથી ઝૂકી ન પડે, એની તો લાખ ગણી તકેદારી સેવવાની છે.

❦

આપણે શિર તો સદાય ઝુકાવ્યા કરવાનું છે, આપણા શ્રીભગવાનના ચરણકમળે. એના વિના અન્ય સ્થળે તેમ કદી પણ કરવાનું નથી. આપણને ભગવાનના ભાવસ્પર્શ વિનાનું સર્વ કંઈ વર્જ્ય હોવું ઘટે.

❦

આપણે મન ગમે તેવું કોઈ મોટું હોય, ગમે તેટલી મહત્તાવાળું હોય, ગમે તેવું સંસારી આંખને અંજાવી દે તેવું હોય, ગમે તેવી પ્રતિભા-પ્રતિષ્ઠાવાળું હોય, પણ આપણા વહાલા પ્રભુની મોટપ, મહત્તા, પ્રતિષ્ઠા આગળ તો તે સઘળુંયે તુચ્છ છે. આપણે તો જેમાં ને તેમાં એ જ સાચો અને વહાલો અને ખરો છે, એવું જીવતું જ્ઞાનભાન પ્રેરાવ્યાં કરવાનું છે.

❦

**જે જીવ પોતાનાં મળતાં કર્મને પ્રભુનાં સમજીને કરે છે, ને તે રીતે ને તે ભાવે એને જે સ્વીકારે છે, તેના કર્મમાં આપણને ભગવાનની મદદ મળતી અનુભવાય છે.**

❦

'કોઈની ટકોર એટલે શ્રીપ્રભુની ચેતવણી,' એમ હૃદયમાં દૃઢાવી દૃઢાવી એને તે રીતે ને તે ભાવે સ્વીકારવી.

❦

ગમે તેવી કફોડી દશા પ્રગટે ને ગમે તેવી કસોટી પ્રગટે, પણ તેમાં પ્રભુકૃપાથી શહૂર પ્રગટાવીને જીવવાનું ખમીર જો

દાખવીએ, તો તેના પણ ઉપાય મળી જ રહેતા હોય છે.

કસોટીનો કાળ જ મર્દાનગી દાખવવાનો મહામૂલો પ્રસંગ છે. કસોટી તો પ્રભુકૃપાબળને નોતરવા કાજેની જીવનના પરમ સદ્ભાગ્યની સુયોગ્ય તક છે. એવી તકને તો શ્રીપ્રભુની પરમ પ્રસાદી તરીકે અંતરના ઉમળકાથી સ્વીકારી લેવાની તે તે પળે આપણી પ્રેમભાવે તૈયારી પ્રગટેલી હોવી ઘટે.

ગમે તેવું કષ્ટ વેઠીને લાખો મણ કર્મ કર્યાં કરીએ, પણ જે કર્મમાં હૃદયનો ઉમળકાભર્યો આનંદ ન પ્રગટે, ન સ્ફુર્યા કરે, તો તેવાં કરોડો ખાંડી કર્મથી જીવન કદી ઘડાઈ શકાતું નથી. કર્મ માત્ર તો જીવનના ઘડતર કાજે છે. એટલે આપણે વિચારવું ઘટે કે, આપણને જે તે કર્મ કરતાં કરતાં તેમાં જીવન કાજેનું, તેના હેતુ કાજેનું યોગ્ય જ્ઞાનભાન જીવતું રહે છે કે નહિ ? જો જીવતું રહેતું હોય, તો તે કર્મમાં આનંદ, ભાવના પ્રગટ્યાં કરે છે કે કેમ તે પણ આપણે સમજવું પડશે.

આપણે બધાં આપણી પોતાની પંચાત કરતાં બીજાંની પંચાતમાં ઘણાં પડી ગયેલાં છીએ.

આ માર્ગ પરત્વે જેણે ટકવું છે, એવો જીવ ગમે તે સાધનમાં માનતો હોય, ગમે તે સાધન કરતો હોય, પરંતુ તેવા જીવે પોતપોતાની જીવનની રીતરસમો -સ્વચ્છંદપણે વર્તવાની, ચાલવાની, માનવાની, જીવવાની આદત ટાળવી જ પડશે.

આવા પ્રકારની વર્તવાની યોગ્યતા તેવા જીવમાં જો ઠસી જ નહિ હોય, તો તો પછી શું કહેવું ?

આ માર્ગે જવા ઇચ્છનાર જીવે પ્રમાદ, આળસનો તો જાણી જાણીને ત્યાગ કર્યાં કરવાની ખંત રાખી રાખીને આદત પાડ્યા કરવાની છે. પોતે જે ગતિમાં હોય, તેના કરતાં વધારે ઊંચી ગતિમાં કેમ કરીને પ્રગટીએ ને જીવીએ, તેવી રીતે તેણે વર્તવાનું છે. પોતે જે સમજણમાં હોઈએ, તેમાં ને તેમાં પડ્યાં રહ્યાં કરીએ, તેમાંથી તસુ જેટલું ચસવાનું દિલ ન થયાં કરતું હોય, તો પછી એવા જીવને કોઈ પણ શું કરી શકવાનું છે ? જીવને જે જાતનો ચસકો લાગ્યો છે, તેવા ચસકાના સ્વાદના આકર્ષણમાં જ જીવે જો પડ્યા રહેવાનું કરવું હોય, તો તેણે કરેલા ગુરુ મિથ્યા છે. એવા જીવથી આ માર્ગમાં વધારે કશી પ્રગતિ થઈ શકવાની નથી.

જે જે જીવને પ્રભુને માર્ગે જવું હોય, તો તેવા જીવે પોતાની બધી હોડીઓ બાળી મૂકીને નદીમાં ઝંપલાવવાનું રહે છે. ત્યાં બૂડી મરીશું કે શું થશે, એની પરવા કે ચિંતા આપણે કરવાની ન હોય. એ તો કરનારો જે છે, તે કરશે. પરંતુ તેમ એકદમ જીવથી તેવું થવું તે પણ શક્ય નથી. કાં તો એનામાં ધગધગતી જીવન પરત્વેની ઉત્કટ તમન્ના પ્રગટેલી હોય, અથવા સદ્‌ગુરુ પરત્વે હૃદયની ભાવનાની એવી ઉત્કટ લગની પ્રગટેલી હોય. તે વિના એમનું એમ ફના થઈ શકાવું તે લગભગ અશક્ય છે.

આ માર્ગે જેને જવું છે, ને સાચી રીતે જવું છે, તે તે બધા જીવોની કસોટી-પરીક્ષા થઈ જતી હોય છે. કાં તો સ્વાંગ પૂરો કરવાનો રહેશે, કાં તો હતા ત્યાં ને ત્યાં હોવાનું બનશે. તો પણ એક સામાન્ય જીવકક્ષાનો જીવ, જે સંસારમાં રચ્યોપચ્યો રહ્યા કરેલો હશે ને પેલો બીજો સંસારી જીવ, જે ખરેખરા કોઈ જાગેલા આત્માના સંપર્કમાં આવેલો હશે, તે જ્ઞાનદશામાં કશી પ્રગતિ ભલે ન કરી શકેલો હોય, તેમ છતાં એ બંને પ્રકારના જીવોમાં તેની તેની જીવની દશા પ્રવર્તવામાં જરૂર ફરક તો પડવાનો જ. કોઈ ખરેખરા સંતાત્માનું જીવદશાથી સેવાયેલું પાસું પણ તેટલી રીતે તો ઉપયોગનું નીવડતું હોય છે, આ પણ એક નિશ્ચિત હકીકત છે. એનામાં સાચી સમજણ તેવા આત્માના સંપર્કથી જન્મે છે તો ખરી, પણ પોતાની જીવ પ્રકારની નબળાઈને લીધે તેનાથી તેમ વર્તી શકાતું નથી, એ વળી જુદી હકીકત છે.

❦

આપણને કોઈનીયે સહાનુભૂતિની, ઓથની, હૂંફની, બે સારા બોલની હજી મનમાં જો ભૂખ જાગતી હોય, તો જીવનવિકાસની સાચી ભૂખ હજી આપણને પ્રગટેલી જ નથી, એમ ધારવું ને માનવું.

❦

માત્ર ઘરેડની રીતે, એક ઘટમાળની રીતે સવારથી ઊઠ્યાં તે સાંજ સુધીમાં એક ચાલુ કાર્યની હારમાળા જાણે પાર ઉતાર્યા કરતાં હોઈએ, તેવી રીતે કર્મ કર્યા કરવામાં સાર નથી. કર્મ કરતાં કરતાં બળાપો, બેળેબેળેપણું લાગવાનું અનુભવવું, ત્રાસ

અનુભવાય, અશાંતિ લાગે, અજંપો, ક્લેશ, સંતાપ, અકળામણ, મૂંઝવણ વગેરે વગેરે બધું લાગે, તો તેવી રીતે થતાં કર્મ તો સાવ મિથ્યા છે. અને ઊલટું જીવને જીવની દશામાં તેવી રીતે થતાં જતાં કર્મ વધારે મક્કમપણે જકડનારાં નીવડે છે, તે નક્કી સમજજો.

કર્મનાં પરિણામોને જે જીવની ભોગવવાની વૃત્તિ રહ્યાં કરે, કર્મ કરતાં કરતાં તે ભોગવવામાં જ, જે જીવનાં દૃષ્ટિ, વૃત્તિ, વલણ રહ્યાં કરે છે, કર્મને માત્ર ભોગવવાપણાની જેને લાલસા ને મજા રહે છે, તેવા જીવને તે તે કર્મ તે તે રીતે બંધનકારક છે.

કર્મ ગમે તેટલાં ઉત્તમ પ્રકારનાં હોય, તેમ છતાં કર્મમાં કર્મના પ્રકારનું માત્ર જડ ભાન હોવું, તે જીવનવિકાસ કાજે અયોગ્ય છે. કર્મમાં કર્મના ક્ષેત્રનું જ્ઞાનભાન હોવા કરતાં કર્મ કરવાપણાનો મૂળ આશય ને તે આચરતી પળે જ્ઞાનયુક્ત ભાવના પ્રગટેલાં રહેવાં ઘટે. તથા શાંતિ, સમતા, પ્રસન્નતા, ધીરજ, વિવેક આદિ તે તે કર્મ આચરવાની પળે આપણામાં પ્રગટેલાં હોય ને સમજણપૂર્વકનાં તે કર્મ થતાં હોય, તો તેવાં કર્મ જીવનવિકાસ કાજે તો ખાસ જરૂરનાં છે.

અમે તો જ્યાં ત્યાંથી માગીએ છીએ સ્ફટિકસમું, પારદર્શક, ભાવથી પ્રેરાયેલું ને નીતરતું હૈયું. એવા હૈયા વિનાનું ગમે તેટલુંયે ભલેને હો, પણ અમારે મન તે અર્થ વિનાનું હોય છે.

કોઈ પણ ઉચ્ચ આત્માની આગળ શુદ્ધ નીતરતા ભાવથી ઠલવાયેલું હૈયું કદી પણ નકામું જતું નથી.

બીજું બધું સમજવા કરવાનું મૂકીને પ્રભુના સ્મરણમાં, એની ભક્તિમાં દિલને પરોવવાનું કરી શકીશું, તો જ કંઈક દિલને સંતોષ વળવાનો છે. બહાર જોવા જવાની જરૂર નથી. એને અંતરમાં જોવા મથવાની જરૂર છે. બહાર કોણ છે ? આપણે જ પોતાની વૃત્તિથી કરી ત્યાં વિસ્તારને પામેલાં છીએ. કૃપા કરીને દિલમાં ઊંડા ઊતરી એમાં રાચવાનું શીખવાનું છે.

આપણને અમુક કર્મ પરત્વે હૃદયથી ખરેખરી ઉત્કટ નફરત પ્રગટી હોય છે, તો તેવાં કર્મ પરત્વે તણાવાનું થતાં થતાં પણ અટકી પડાતું હોય છે. મહામુશ્કેલીના સંજોગોમાં ડૂબતાં ડૂબતાં જો બચવું હોય છે, તો જીવ તરફડિયાં માર્યા વિના રહી શકતો નથી. અગ્નિમાં બળતો માનવી બહાર નીકળવા કૂદકો માર્યા વિના રહી શકતો નથી. જો આપણાથી અજુગતા કર્મ પરત્વેથી ભાગી છુટાતું ન હોય, તો જરૂર જાણવું કે, તે કર્મ પરત્વેની હૃદયની ઉત્કટ નફરત આપણને લાગી નથી. તે પરત્વેની સાચેસાચી અરુચિ હજી આપણને પૂરી લાગી નથી.

પોતે દરેકે કેમ વર્તવું, કેમ રહેવું, કેમ જીવવું એ તેનો તેનો જીવન-પ્રશ્ન છે. જેને જેમ પડી હશે, જેવી ગરજ જાગી હશે, તેમ તે વર્તવાનું છે, એ પણ નક્કર અનુભવની હકીકત છે. ગરજ પાક્યા વિના કંઈ કશું બનતું હોતું નથી.

❦

પ્રભુનું સ્મરણ પ્રગટ્યા વિના જીવને ઊગર્યાનો બીજો કોઈ સરળ, સહજ માર્ગ નથી. એ તો એ લેવાની જેને ઉત્કટ ગરજ જાગે છે, તેને માટે તે સુગમ છે. તેથી શ્રીપ્રભુને માર્ગે જવાનું દિલ કરવાથી, ને તેની ગરજ લગાડવાના પ્રયત્નમાં રહેવાથી જે તે કંઈ થઈ શકવાનું હોય, તે થઈ શકે તેમ છે, બાકી તો નહીં.

❦

જે તે રીતે પ્રભુકૃપાથી મન દૃઢ કરી કરી જે જીવ એનામાં જીવતો મથી મથી પણ ટકી રહે છે, એવો મથતો જીવ શ્રીપ્રભુની ચેતનતાને પામી શકે છે.

❦

ખરેખરી હૃદયની ઉત્કટ તાલાવેલી ને ઝંખના હૃદયમાં હૃદયથી જાગ્યા વિના પ્રભુનામાં મન રહી શકવું દુર્લભ છે.

❦

પ્રભુના ભાવ વિના બીજે ક્યાંય તરવા વારો નથી.

❦

ભક્તિ તો પરમ પરાક્રમથી ને શૌર્યથી ભરેલી છે. ભક્તિનાં સાહસ ને હિંમત, એની ધીરજ, સહનશક્તિ વગેરે વગેરે કોઈની સાથે સરખાવી શકાય તેવાં નથી.

❦

પ્રભુ જ મહાન છે, સમર્થ છે. एज આપણો તારણહાર છે, एज સર્વસ્વ છે. પણ एने કોણ લેખામાં ગણે છે ?

❦

આપણે તો જીવનમાં શ્રીભગવાનને પ્રગટાવવાને જીવનનું ધ્યેય રાખેલું છે. તો એવા ધ્યેયને હૃદયથી પ્રમાણિક, વફાદાર જ્ઞાનભક્તિપૂર્વક રહ્યા કરીએ છીએ કે કેમ, તે આપણે આપણા નિત્યના વર્તનવહેવારમાં તપાસતાં રહેવાનું છે.

❦

પ્રભુના સ્મરણ વિના કશું બની શકવાનું નથી. માટે કૃપા કરીને જાગી જવામાં સાર છે. ચેતેલા રહેવામાં ડહાપણ છે. હૃદયમાં સાધનને સાધનથી વળગી રહેવાનું કરીશું, તો તો કંઈક આરો આવી શકવાનો હોય, તો આવી શકે. માટે કૃપા કરીને હૃદયથી સાધનને પકડવામાં વિવેક છે, જીવન છે, બધું જ છે. પકડીને એને વળગી રહ્યા કરો. એનામાં એકભાવે રમ્યા કરો. એને હૃદયમાં જીવતું રાખો. એને પ્રામાણિક રહો. વફાદાર રહો. એનામાં જ પ્રેમભક્તિપૂર્વક સમાઈ જાઓ. એનામાં જ દિલને ઓગાળી દ્યો, તો તો કંઈક પત્તો ખાય.

❦

આપણે તો જે તે બધું પ્રભુનું જ કરી દેવાનું છે. આપણે તો માત્ર પ્રભુપરાયણ થવું છે. આપણું એ બધું યોગક્ષેમ ચલાવે, તેમ પણ ઈચ્છવું તે પણ અયોગ્ય ગણાય. તેવું વિચારવાનું થતાં આપણે નાલાયક ઠરી જઈએ છીએ. આપણે ભાગે આવેલ કર્મ ને ભાગે આવેલ જીવનનો ધર્મ, જો હૃદયથી જ્ઞાનપ્રેમભક્તિભાવે એકનિષ્ઠાથી આચર્યા કરીશું, તો તેવા યોગ્ય પ્રકારના આચરવાપણામાંથી જ સાચા જીવનની ખુમારી ને ટટારી પ્રગટી જવાનાં છે.

❦

જીવનવિકાસ કંઈ એમનો એમ થઈ શકવાનો નથી. સાધન કર્યા વિના પડી રહ્યા કરી, ખાલી ફૂંફાડા માર્યા કર્યે શું દહાડો વળવાનો છે ?

❦

સાધનમાં પ્રેમભક્તિથી લગાતાર મંડ્યા રહેવાયા વિના, તેમાં હેતુનું જીવતું જ્ઞાન રાખ્યા વિના, યદ્વાતદ્વા જીવન જીવ્યે જીવનમાં રામ કદી પ્રગટી શકવાના નથી.

❦

જે સાચું જીવે છે, તેનામાં જીવન પ્રગટે છે.

❦

જીવનમાં હજારો વાર ભલેને નિરાશા મળે, પરંતુ જે સાચી રીતે મથનાર છે, જેના મથવામાં હૃદય છે, જેના મથવામાં પ્રમાણિકપણું ને વફાદારીનો ભાવ છે, જેના મથવાપણામાં નેક દાનત છે, જેના મથવાપણામાં જીવનના ધ્યેયનું દૃષ્ટિબિંદુ જીવતુંજાગતું રહેલું છે, એવો જીવ ભલેને નિરાશા પામે, છતાં તેવા જીવનો આશાવાદ એવો ને એવો પ્રચંડ રહ્યા કરે છે. પ્રચંડ નિરાશાના વાતાવરણમાં તે કદી મૂંઝાતો નથી કે નથી અકળામણ સેવતો.

❦

જીવન તો સંગ્રામ છે. એવા સંગ્રામને જે પ્રેમથી સ્વીકારીને પોતાના ધ્યેયને ફળાવવાને જે જીવ મથે છે, તેવો જીવ જ જીવનમાં ટકી શકે છે.

❦

જીવનનું જે ધ્યેય પકડેલું છે, તેમાં રચ્યાપચ્યા રહેવામાં

સાર છે.

એક માત્ર હૃદયમાં થયેલા સાચા અનુભવમાંથી પ્રગટેલી સમજણ હંમેશાં સાચા સ્વરૂપે ટકે છે, તે સમજણમાંથી પાછા હઠવાપણું કદી બનતું નથી.

જે જીવ પોતાને ભૂલીને પોતાના જીવનના સ્વામીને હૃદયમાં હૃદયથી ખરેખરો જે જીવતો કરી શકે છે, તેવો જીવાત્મા કળણમાંથી એની કૃપાથી ઉપર આવી શકતો પોતાને અનુભવી શકે છે.

જેમાં ને તેમાં સહજનું ધોરણ પ્રગટાવો.

કોઈ પણ પરત્વે હૃદયમાં હૃદયથી જાગેલો સદ્‌ભાવ સમો આવ્યે પરખાયા વિના રહી શકતો કે શકાતો નથી.

જે જીવનાં શ્રદ્ધા, પ્રેમભક્તિ, પોતાનું ગમે તે થતાંયે પણ, પ્રભુ પરનાં જીવતાં ટકી રહે છે, એની વહારે ચઢવાને શ્રીભગવાન ગરુડે ચઢીને આવતા હોય છે.

એના ભક્તને જવાબ વાળવામાં શ્રીપ્રભુએ કદી પાછી પાની કરી હોય, એવું અનુભવમાં તો આવ્યું નથી. પરંતુ દુઃખ જ એ છે કે, આપણે એના થઈ ગયેલા હોતા નથી, ને ખાલી ખાલી બરાડા પાડતા હોઈએ છીએ.

❦

જે જીવ સાચી રીતે મથનાર છે, એવાને કંઈ આંધીની પળો નથી જ આવતી, એવું તે કંઈ થોડું જ હોય છે ! પણ એવી પળોમાં તેની જાગ્રતિ અખંડ રહેતી હોય છે. એ કદીક હારે, તોપણ એના જીવન પરત્વેનો આશાવાદ મરી પરવારતો નથી. એ ફરીથી હિંમતભેર ઊઠે છે. ધૂળ ખંખેરી નાખે છે, ફરીથી નવાં ડગલાં ભરવા મંડે છે.

❦

જ્યારે જ્યારે જીવનમાં કસોટીની પળો આવેલી છે, ત્યારે ત્યારે શ્રીભગવાનને હૃદયમાં હૃદયથી સાદ દેતાં, એણે પ્રત્યક્ષ મદદ કર્યા કરેલી છે. એવો એ પ્રત્યક્ષ છે ને તારણહાર છે. હાથ આપવામાં ને સાથ દેવામાં એના જેવો બીજો કોઈ સાથીદાર નથી. એના તરફ મદદ કાજે પોકાર પાડીને આપણે જરાક હાથ લાંબો કર્યો છે કે તુરત જ આપણો હાથ એણે પકડ્યો જ છે, તેવા અનુભવ આ જીવનના પાથિકને થયા વિના રહેતા નથી.

❦

ભાઈસાહેબ ! આ માર્ગ તો છે મરજીવાનો. પહેલાં સંસારમાં મરતાં શીખી લો. ને ત્યાં મરતાં મરતાં શ્રીભગવાનનું પ્રેમભક્તિપૂર્વકનું મુગ્ધ અને સ્નિગ્ધ સ્મરણ હૈયામાં જીવતું પ્રગટાવ્યાં કરો. એને જ જ્યાં ત્યાં મહત્ત્વ દીધાં કરો. સંસાર, સગાંસંબંધી પણ એ. તેમની તેમની સાથેના વ્યવહારવર્તનમાં હૃદયની એવી ભાવના પ્રગટાવતાં રહેવાની જાગ્રતિ જો આપણે હૃદયથી રાખી શક્યા, તો સમસ્ત સંસાર આપણો પ્રભુ ને તારણહાર-રક્ષણહાર બની જવાનો છે.

પ્રાર્થના કરી કરી હૃદયસ્થ ભાવને જન્માવી જન્માવી પ્રભુના કૃપાસ્મરણમાં મસ્ત જીવ્યા કરવાનું જે જીવ રાખે, તેને કશી આધિ-ઉપાધિ નડી શકતી નથી. સંસાર આપણને કદી પણ વળગતો હોતો નથી. આપણે સંસારને વળગીને પડેલાં હોઈએ છીએ.

પ્રભુને જે તે બધું સોંપ્યા કરીને, મનાદિકરણોને પ્રભુના સ્મરણભાવમાં પ્રાર્થનાભાવથી રોક્યાં કરવાનું બની શકે, તો તો કામ સરળ બની શકે.

પ્રભુની-રઅંતરની શક્તિથી જે બને છે, તે કશાથી નથી બનતું. જે કરવાને કેટલાંયે વર્ષ આ જીવે જહેમત ઉઠાવેલી, તે કામ એની કૃપાશક્તિથી થોડાક સમયમાં બની શક્યું.

જો આ માર્ગે જવું હોય, તો પહેલાં તો મનાદિ કરણોમાંનું બીજું બધું જ મૂકી દઈને શ્રીહરિને ચરણકમળે પ્રેમભક્તિ લગાડીને જ્ઞાનપૂર્વક એના ચરણકમળનો એકમાત્ર આશ્રય શોધવામાં, ને ત્યાં જ પડી રહેવામાં, જીવનું જેટલું શ્રેય છે, તેટલું બીજા કશામાં નથી.

રામથી કામ ને કામથી રામ-એમ આપણે એની કૃપાથી કર્યા કરવાનું છે.

જે જીવનો ભરોસો ભગવાન પર છે, તે તો એના ભરોસે જ્યાં ત્યાં પ્રભુકૃપાથી નિરાંત અનુભવી શકે છે.

સંસાર જીવનનું સાફલ્ય કેળવવા મળેલો છે. સંસાર મળેલો છે, એ સંસારમાં ખૂંદાઈ મરવા કાજે નહિ, પણ સંસાર મળેલો છે જીવનનું જ્ઞાનાત્મક તારતમ્ય કેળવવા માટે ને મેળવવા માટે. **સંસાર એ કેળવવા કાજેની ને મેળવવા કાજેની ઉત્તમમાં ઉત્તમ પાઠશાળા છે. જીવનવિકાસની ભાવનાના ઘડતર કાજેની સંસાર એ તો યોગ્ય ભૂમિકા છે.**

વ્યક્તિગત જીવનમાં શું કે સમગ્ર જીવનમાં શું, સારાય સમાજ કે સૃષ્ટિના જીવનમાં શું, મન, બુદ્ધિ વગેરેથી જીવનના બધા પ્રશ્નો ઉકેલાઈ જવાના છે, એમ અનુભવ તો બતાવી આપતો નથી. મન, બુદ્ધિ કંઈ કશાનું સમગ્રપણું તોલવાને, માપવાને, સમજવાને, અનુભવવાને કદી પણ શક્તિમાન થયેલ નથી, ને થવાનાં નથી. વિષનો કડવો ઘૂંટડો પીવા વારો આવે, તો તેને અમૃત તરીકે સ્વીકારીને જે જીવ જીવનસંગ્રામ ખેલે છે, તે જીવન જીવી જાણે છે.

પ્રજા શું કે વ્યક્તિ શું, કોઈ સમજતું નથી કે, જીવન જીવવા કાજે છે.

મુસીબતોનો જ્ઞાનભક્તિપૂર્વક જીવનના ધ્યેયને મેળવવા કાજે સામનો કરી કરીને જીવનને આનંદમય રળિયામણું બનાવવું,

ને પોતે તેમ જીવીને બીજાને પ્રેરણાત્મક બનવું ને બનાવવું એ કંઈ જેવું તેવું કર્મ નથી, કે જેવો તેવો યોગ નથી.

જીવનનો લડવૈયો કદી નામર્દ નથી.

આપણે માત્ર જો પ્રમાણિક થતાં શીખીએ, નેક દાનત રાખતાં શીખીએ, સાચી રીતે વફાદાર થતાં શીખીએ, આપણા જીવન-આદર્શને પ્રેમભાવનાથી જ્ઞાનપૂર્વક વળગી રહેતાં શીખીએ, તો તો જીવનને મહાન ભયંકર કળણમાંથી પણ બહાર કઢાવી શકીએ.

સુખદુઃખ, આશાનિરાશા આ બધાં દ્વંદ્વનાં જોડકાં જીવનના ઘડતર કાજે નિર્માયેલાં છે. એવા એવા પ્રસંગોમાં જીવનનો વિકાસ છે, એવી ભાવનાની જીવતીજાગતી સમજણ તેવા તેવા પ્રસંગોમાં પ્રવર્ત્યા કરે, તો જીવ ક્યાંય કશે અટવાઈ ન મરે.

જીવનવિકાસ કાજેની ખરેખરી જ્યાં સુધી ગરજ પ્રગટેલી નથી, ત્યાં સુધી તે પરત્વેના પુરુષાર્થમાં સાચા પ્રાણ પ્રગટી શકતા નથી.

જીવનનો વિકાસ કંઈ એમનો એમ તો નથી થઈ જવાનો. એ કાજે જહેમત તો ઉઠાવવી જ પડવાની.

સંસારનું ક્ષેત્ર જીવનવિકાસની સાધના કાજે ઉત્તમ પ્રકારનું

છે. જે જે પ્રાપ્ત ધર્મ છે, એને તો છોડાય જ નહિ. તે તે બધા પ્રાપ્ત ધર્મો સાંસારિક વૃત્તિથી કરવાના, આચરવાના ન હોય. પ્રાપ્ત ધર્મો તો ભગવદ્ભાવથી આચરવાના હોય. તે ધર્મોના આચરણમાં જીવનવિકાસની ભાવનાનો જ સુદૃઢપણે એકમાત્ર ખ્યાલ એની કૃપાથી જો રાખી શકાય, તો તે તે ધર્મનો હેતુ સાચી રીતે ફળી શકે. માટે **સંસાર એ તો વૃત્તિઓથી તરવા કાજેની મુક્તિ-નાવ છે.**

❦

જીવનવિકાસની સાધનામાં પ્રથમ તો મૂળમાં જે ધગશ, તમન્ના ઉત્કટ પ્રકારનાં હોવાં ઘટે, તે ભાગ્યે જ, બહુ જવલ્લે જ કોઈક જીવમાં જોવામાં આવે છે. બાકીનાને અભ્યાસમાં એકધારું, ચીવટાઈથી વળગી રહેવા કાજેનાં ખંત, ઉત્સાહ, ધીરજ, સાહસ, હિંમત, સહનશીલતા આદિ જે ગુણોની તેમાં જરૂર હોય છે, તેવી ગુણશક્તિ બહુ ઓછા જીવમાં હોય છે. તે હોવા છતાં પણ એકલા માત્ર પુરુષાર્થથી આ માર્ગમાં પતતું નથી. આ માર્ગ તો માગી લે છે શ્રદ્ધા, ભક્તિ, ત્યાગ, વિશ્વાસ, બલિદાન, સમર્પણ, હૃદયનું સોએ સો ટકાનું ખુલ્લા થવાપણું ને તે પણ બધું પાછું હોવું ઘટે જ્ઞાનપૂર્વકની ભૂમિકાવાળું.

❦

જીવનમાં સર્વ કંઈનો સ્વીકાર છે. સ્વીકારની પાછળની ભાવના જીવનવિકાસ કાજેની જ્ઞાનભક્તિપૂર્વકની જે જીવની ખરેખરી પ્રચંડ રહે છે, તેને સારું કે નરસું કશું જ નથી રહેતું. તે સદાય પ્રસન્નતા ને શાંતિને પ્રથમ પસંદગી આપીને કષ્ટને તપ સમજી સમજીને ખીલતા પુષ્પ જેવો તે જીવ રહેવામાં

જીવનની ધન્યતા, કૃતાર્થતા અનુભવે છે.

મળેલી પરિસ્થિતિ અને મળેલો ધર્મ એ જીવનવિકાસ કાજેની યોગ્ય ભૂમિકા છે. મળેલા ધર્મને છોડીને એને જે બીજે શોધે છે, તે બધાં મિથ્યા ફાંફાં છે.

ગીતાનો ધર્મ મળેલી પરિસ્થિતિ અને મળેલા ધર્મથી ભાગવાની સ્પષ્ટ ના પાડે છે. તેને ગીતાજી કાયરતા ગણે છે. જે કંટાળીને, ત્રાસીને ભાગે, તે ધર્મના હૃદયને પામી શકતો નથી.

એકનિષ્ઠા વિના ધ્યેયના માર્ગ પરત્વેનાં ઉત્સાહ, ખંત, સાહસ, ધીરજ, સહનશીલતા, સહિષ્ણુતા વગેરે વગેરે ગુણો ટકી પણ શકતા નથી.

ત્યાગ કે ભોગ બંને પ્રેમભક્તિજ્ઞાનયોગની ભૂમિકાવાળા જ હોવા ઘટે. તો જ તે શોભે.

જ્ઞાનભક્તિ વિનાનો ત્યાગ એ ત્યાગ નથી, પણ જીવનને બેળેબેળે કચરી નાખનાર અને જીવનની કુમાશને હણી નાખનાર તે નકારાત્મક તત્ત્વ છે.

જીવનને આકાર પમાડવાનું સાચું સાધન તો પ્રેમભક્તિજ્ઞાનપૂર્વકની જીવનની તપશ્ચર્યા છે.

સાધનાનું હૃદય એકનિષ્ઠામાં રહેલું છે.

સાધકમાં જો પ્રચંડ, ઉત્કટ જ્વાળામુખી સમી તમન્ના પ્રગટેલી હોય, તો તેને સમર્થનો સહારો મળી જ રહે છે.

આપણે બધા જીવો તો અજ્ઞાનમાં અટવાયેલા રહ્યા કરીએ છીએ. વળી અજ્ઞાનની વૃત્તિઓ જીવનમાં પ્રવેશીને જીવનની વાડીને ખેદાનમેદાન કરી નાખે છે, બધું અસ્તવ્યસ્ત કરી નાખે છે. તેવી વેળાએ જો સંકલ્પનું દૃઢ બળ જીવનમાં પ્રગટેલું હોય, તો માનવીને તે તેમાંથી બચાવી લે છે.

દૃઢ સંકલ્પની શક્તિ જીવનને ધાર્યા પરિણામમાં પ્રગટાવી શકે છે.

સદ્ભાવ પ્રગટ્યા વિના જીવનવિકાસની સાધનાનો જીવનસંગ્રામ ખેલવો, એ લગભગ અશક્ય છે.

**સદ્ગુરુનાં વચનનો વર્તાવ કરતાં કરતાં મૃત્યુ આવે, તો તેને પણ પ્રેમથી સ્વીકારવાની તૈયારી સાધકનામાં પ્રગટેલી હોવી જોઈએ.**

સદ્ગુરુના હૃદયનો ભાવ એ એક એવું બળ છે કે, જેનો જો જીવનમાં અનુભવ થાય છે, તો પછી તે કદી અદૃશ્ય થઈ

શકતો નથી. એના આધારે પછી જીવનમાં ઘણું ઘણું કરી શકાતું હોય છે.

❦

શ્રીભગવાન પર જે તે બધું મૂકી શકવાની, છોડી દેવાની, પ્રેમભક્તિજ્ઞાનયુક્ત શરણાગતિ જીવનમાં જ્યારે પ્રગટે છે, ત્યારે જ એના આધારની સાચી સમજણ આપણામાં પ્રગટે છે. ત્યાં સુધી તો જે તે બધું માત્ર બોલવામાં જ રહે છે.

❦

જીવન પરત્વેનો અને જીવનવિકાસની ભાવના કેળવવા કાજેના સાધન પરત્વેનો યોગ્ય, ઊંડો પ્રેમ પ્રગટ્યા વિના કશું બની શકતું નથી. એવો હૃદયનો પ્રેમભાવ પ્રગટતાં પ્રગટતાં તેમાંથી જીવનમાં સહજતા ને મૌલિકતા આપોઆપ પ્રગટે છે.

❦

જે જીવ બાળકના જીવનને કચરી નાખે, તે અમારે મન રાક્ષસી પ્રકૃતિનો છે.

❦

સાચા સાધક જીવને તો જીવનસંગ્રામની કઠણાશ ઘણી ગમવી ઘટે. જીવનમાં સંગ્રામને પ્રગટેલો જોઈને, તેના શહૂરને કોઈ મર્યાદા ન રહેવી ઘટે. સાધકના જીવનનું ખમીર તેવી વેળા કોઈ અનોખા પ્રકારનું જ્વાળામુખીની પેઠે પ્રગટી ઊઠે છે. એને રોમેરોમ પરાક્રમ ઝળહળી ઊઠે છે. એનાં નયનમાં કોઈ અવનવું નૂર પ્રગટે છે. એના હૃદયમાં સાહસ, હિંમત, બળ પ્રગટેલાં અનુભવાય છે. તે વેળા એની નસેનસમાં જે શૌર્ય પ્રગટે છે, તેનાથી તે રાતોમાતો થતો હોય છે. એ મુશ્કેલીઓને

ગણકારતો નથી. એના જીવનધ્યેયની મહત્ત્વાકાંક્ષાની ખુમારી એના હૃદયમાં જે પ્રગટેલી હોય છે, તે ખુમારી, તેનો નશો-એના બળ વડે ગમે તેવા ભયંકર ખૂનખાર સંગ્રામને પણ જીતીને એની પેલી પાર પહોંચી જવા એ સદાય ઉદ્યત બન્યાં કરતો હોય છે. મહત્ત્વાકાંક્ષાની ખુમારી કોઈ ઓર હોય છે.

❦

જે જીવને જીવનની ઊર્ધ્વગતિ કરવી છે, જેને તેવા જીવનની ઊંડી મહત્ત્વાકાંક્ષા છે, તેને વળી એકલતા સાલે કેવી રીતે એ જ મને તો સમજમાં આવી શકતું નથી. જેના દિલમાં ભાવના છે, જેને કોઈના વિશે હૃદયમાં ઉત્કટ પ્રેમભાવ છે, તેને વળી એકલતા કેવી ! જીવનને જે ઘડવા માગતો હોય, તેને તો જીવનની પુનર્રચનાના જ ખ્યાલો, જીવનને ભાવનાત્મકપણે રચનાત્મક કરવાનાં સ્વપ્નાં જાગે છે. જીવનને જે આ પારથી પેલે પાર લઈ જવા ઇચ્છે છે, તેને વળી એકલતા કેવી ?

❦

જ્યારે જ્યારે સ્વજનોને એકલતા, નિરાશા, ગ્લાનિ, શોક, દિલગીરી, સંતાપ-એવી એવી વૃત્તિઓમાં પડીને ખાલી બૂમબરાડા પાડતાં સાંભળું છું, ત્યારે દિલમાં થાય છે કે, ‘આ બધાં ખાલી ખાલી જીવનવિકાસની કંઈ પણ ધગશ પ્રગટ્યા વિનાનાં જે તે બધાં મળેલાં છે ! એમને કશી જીવનની પડેલી નથી.’ જીવન કાજે મરી ફીટવાની તમન્ના હજી જ્યાં સુધી હૃદયમાં પૂરી પ્રગટેલી નથી, ત્યાં સુધી જીવનવિકાસની વાતો એ તો હવામાં બાચકા ભરવા જેવું છે !

❦

દર્દ વિના ભાવ પ્રગટવો મુશ્કેલ છે.

સ્વજનને પરસ્પરના દોષ નિહાળતાં દેખું છું, ત્યારે તેમના પરત્વેનો હૈયાનો પ્રેમ પ્રભુકૃપાથી ડોકિયાં કરી કહેતો હોય છે કે, આટલા ને આવા તમારા બધાના જીવપણાથી જીવનના હિમાલયના ગૌરીશંકર શિખર પર કેમ ચઢી શકાશે ! જીવનમાં તેજસ્વિત ઓજસ કેવી રીતે પ્રગટી શકવાનું છે !

જીવમાં જીવનને પલટાવવા કાજે જે પ્રચંડ મહત્ત્વાકાંક્ષા પ્રગટેલી હોવી ઘટે, તેનાં પ્રત્યક્ષ લક્ષણો-એક તો તેની ખુમારી, એક પ્રકારની ધ્યેયની દિશા પરત્વેની ધૂન ને એની મસ્તીનો નશો, એના પરત્વેનું પ્રગટેલું એકરાગપણું, એના પ્રત્યેની તન્મયતા, એકતાનતા-આ બધાં જો જીવનમાં આપણને પ્રગટેલાં નહિ હોય, તો તો સંસાર, સંસારનું વાતાવરણ, આપણું પોતાનું મન, પોતાના જ પ્રાણ, પોતાનું અહમ્ આપણા ધ્યેયના આદર્શોને ક્યાંય ઉથલાવી નંખાવશે.

દિલથી લાગેલી તમન્નાનો પ્રકાર કોઈ જુદો હોય છે.

જે જીવને પોતાના ધ્યેયના આદર્શની પડી છે, તેની આખી જાતભાત સર્વથી કોઈ નોખા પ્રકારની તરી આવતી અનુભવાય છે. એની વાણીમાં, એના વર્તાવમાં, એના સંપર્કમાં, સંબંધોમાં, વ્યવહારદર્શનમાં એના ધ્યેયના આદર્શને વર્તનમાં ઉતારવાની ઝલક વર્તાયા વિના રહી શકતી નથી.

જીવનવિકાસનો માર્ગ જેટલો કઠોર ને તપશ્ચર્યાભર્યો હોય છે, તેવો બીજો કોઈ નહિ હોય.

જે જીવને આદર્શના શિખરે પહોંચવાની ઉત્કટ તમન્ના જાગે છે, તે ટૂંટિયું વાળીને કદી પણ પડી રહી શકતો નથી. એનો અજંપો કોઈ જુદા પ્રકારનો હોય છે. જેને જે દિશામાં જવું છે, તે દિશામાં જવાનું તે ભૂલી કેમ શકે ?

પ્રયત્નમાં જ્યારે હૃદયભાવના ભળે છે, ત્યારે પ્રયત્ન વધારે યોગ્ય પ્રકારનો થતો હોય છે. ખાલી ખાલી, એકલા લુખ્ખા લુખ્ખા, કોરા પ્રયત્નથી કશું વળી શકતું નથી. કેટલાકમાં પ્રયત્ન થયા કરતા હોય, પરંતુ એના urgeનું—પ્રેરણાત્મક જુસ્સાનું મૂળ કોઈ જીવ પ્રકારનું હોય છે. કોઈકનામાં તેનું મૂળ બુદ્ધિમાં, કોઈકનું મનમાં, કોઈકનું નિમ્ન પ્રાણમાં, કોઈકનું અહમ્‌માં એમ જુદું જુદું હોયા કરે છે. કેટલાકમાં તો માત્ર જીવન, જીવનની કઠોરતા અને જીવનના ઘોર સંગ્રામમાંથી ભાગી છૂટવાની વૃત્તિ કામ કરી રહેલી હોય છે.

સાચા દિલના થતા રહેતા પ્રયત્નમાં સદ્‌ભાવ પ્રગટે છે.

પ્રભુને ચરણકમળે જે હૃદયથી ધા નાખે છે, એવી એની ધા મિથ્યા થઈ શકતી નથી.

સાંસારિક જીવનની સાંકળથી મુક્ત થઈ જ ન શકાતું હોય, ને બીજી બાજુ તેની મહેચ્છા આધ્યાત્મિક જીવન પરત્વેની થોડી ઘણી પણ હોય, તો તેવા જીવે પ્રાર્થના કરી કરી શ્રીભગવાનની મદદ માગવી રહી.

સાંસારિક પ્રકારના જીવપ્રકારના વલણમાંથી નીકળી શકવાને જીવ શ્રીભગવાનની મદદ માગ્યા જ કરતો હોય, છતાં ધારો કે, કારી ન ફાવી શકતી હોય, ને હાર ને હાર મળ્યાં કરતી હોય, તો શું સમજવું ? તો એવા જીવે એમ સમજવું કે, હજી એને પ્રાણના ક્ષેત્રની લોલુપતા ટળેલી નથી. એમાં એનો જીવ લપેટાયેલો છે. એનાથી મુક્ત થવાનું એનું દિલ બળ્યું બળ્યું થઈ ગયેલું નથી. એની ઝંખના પ્રચંડ જ્વાળામુખીના જેવી ધગધગતી બની ગયેલી નથી.

સાચું લાગેલું ઉત્કટ દુ:ખ જીવને જાગતો રાખે છે.

જીવપ્રકારનાં આશા, કામના, વાસના, તૃષ્ણા, લોલુપતા વગેરેને વશ ન થઈ જવાનું બળ સાધનાના એકધારા જીવતા અભ્યાસમાંથી પ્રગટતું હોય છે, અને તે અનુભવથી ઉપયોગમાં આવતું આપણે પ્રત્યક્ષપણે તે તે વેળા સમજી શકીએ છીએ.

સાધનામય જીવન જીવવામાં જે આનંદ પ્રગટે છે, તેવો આનંદ કદી પણ જીવપ્રકારના વલણને ભોગવવાપણામાં સાંપડી શકતો નથી.

❦

જે જીવને સાધનાના માર્ગે જવું છે, તેણે પોતાના દિલને પારદર્શક બનાવવાનું રહે છે. દિલમાં એક અને બહાર બીજું, એવું વર્તન ચાલી શકે એમ નથી.

❦

મરીને ફરીથી જન્મવાનો આ માર્ગ છે. **જીવ-પ્રકૃતિને ચેતનપણામાં જ્ઞાનપૂર્વક લય પમાડી દેવી તેનું નામ મરીને જન્મવું.**

❦

જે જીવ અહમ્ તથા દંભને જાણ્યેઅજાણ્યે પોષે છે, તેના જીવનનું ચેતનમાં પ્રગટવું કદી શક્ય નથી.

❦

જીવન એ કંઈ ભવાઈવેડા નથી, કે નાટારંગ પણ નથી. એ તો મર્દાનગીના ખેલ છે. એવી મર્દાનગી જીવનના બનતા પ્રસંગોમાંયે પ્રભુકૃપાથી છતી ન થઈ શકી, તો જાણવું કે, જીવનનું દેવાળું આપણે કાઢેલું છે.

❦

અહીં તો જાગીને જીવવું હોય, તો જીવવાનું છે.

❦

મન તો ભરપૂર સંસારથી ભર્યું હોય ને ભજનો ગાય કે રામનામ લે, તો તેથી કશો પત્તો ખાવાનો નથી. પ્રભુને કાજે રોમેરોમ આગ પ્રગટ્યા વિના, એવી પ્રેમભક્તિનું શૌર્ય હૈયામાં પ્રગટ્યા વિના પ્રભુને મેળવવો દોહ્યલો છે. એવી પ્રેમભક્તિ પ્રગટ્યા વિનાના બોલ તે તો ખાલી પોકળ છે.

સાચી રીતે જીવવું જ હોય, તો ગલ્લાં-તલ્લાં કર્યે પાલવવાનું નથી.

આ સંસારવહેવારમાં તો જે તે બધા જીવો પોતાનું જીવન વેડફી રહેલા છે. એમને કોઈનેય જીવનની કશી પડી નથી. આપણને પણ જો જીવનની તમા હોય, ને જો જીવનની પડી હોય, તો તે જણાયા વિના કેમ રહી શકે ? જીવનવિકાસ કાજેની ખરેખરી દાનતવાળી નેકદિલની પૂરી ઉત્કટ તમન્ના વિના સાધના થઈ શકવી એ લગભગ દુર્લભ ઘટના છે.

દિલથી દિલની ભાવના પ્રગટતાં જેમાં તેમાંથી આનંદ નીતરતો અનુભવી શકાતો હોય છે.

ભગવાન કાજેનો નૈસર્ગિક પ્રેમભાવ જ્યારે ઉત્કટપણે પ્રગટે છે, ત્યારે તે જે તે બધું વાળીઝૂડીને સ્વચ્છ, શુદ્ધ કરી દે છે. ને શ્રીભગવાનની પ્રાણપ્રતિષ્ઠા થવા કાજે આંતરિક ભૂમિકાને તેવી યોગ્યતાવાળી બનાવી દે છે.

આપણી ઉચ્ચ જીવન કાજેની ખરેખરી ઉત્કટ જિજ્ઞાસા, એના સાચા ભાવ ને અર્થમાં, મૂળમાં, જીવનમાં પ્રગટેલી હોતી નથી, જો તે ખરેખરા ભાવમાં પ્રગટેલી હોય, તો ‘માંહેલો’ એને યોગ્ય પ્રત્યુત્તર વાળ્યા વગર કેમ રહી શકે ?

જો આપણને સાચેસાચી, પૂરી, ખરી જિજ્ઞાસા પ્રગટેલી હોય છે, તો તેવી જિજ્ઞાસાની ભૂમિકામાં થયેલાં ભૂલદોષ વગેરે તો આપણને આંખ ઉઘાડનાર સદ્‌ગુરુ બની જતાં હોય છે. એનાથી પોતે ચેતીને, સફાળો જાગીને ધ્યેય પરત્વે વધારે એકાગ્ર ને કેન્દ્રિત થયા કરવાને તે તેમાંથી પ્રેરણાબળ મેળવે છે.

પ્રભુના પ્રેમ વિના બીજા કશા પણ હેતુનો સંપૂર્ણ અભાવ, દંભ, અહમ્ આદિ વૃત્તિનો સંપૂર્ણ અભાવ, વેપારીવૃત્તિભરી કશી ગણતરી ભરેલી માગણીનો -calculating demands નો અભાવ, પ્રભુની ખાતર જ પ્રભુ, અંતઃકરણની ભાવનાથી, સજ્જ થયેલી એવી પવિત્રતા આ બધું આપણા આધારમાં સાધકે જીવતું કરવાનું છે.

જીવનવિકાસ કાજે જો સાધના કરવાનું ખરેખર દિલ હોય, તો તેવા જીવે સર્વ પ્રકારનાં મમતા, મોહ, આસક્તિ કામ, ક્રોધ, લોભ, મદ વગેરે વગેરે પ્રેમભાવ વડે કરીને ટાળવાનાં રહે છે. તે તે બધાં જીવનવિકાસ પંથે જરૂર બાધક છે.

પ્રત્યેક સાધકે પોતે પોતાના અંતર્યામી સાથેનો આંતરિક ભાવાત્મક સંબંધ કોઈ ને કોઈ સાધનથી કરી, સતત પળેપળ એકધારો જીવતો થઈ શકે, ને તેવા ભાવમાં આપણે તેની સાથે હૃદયમાં હૃદયથી એવા જ્ઞાનભક્તિપૂર્વકના પ્રયત્નમાં રહ્યા કરવાનું છે.

જીવનવિકાસને કાજે જો સાચા દિલથી, સાચા મનથી, નેક દાનતથી, હૃદયની સચ્ચાઈથી, પ્રેમભાવથી સદ્‌ગુરુ કર્યા હોય, તો એને કાજે હૃદયમાં એવો ભાવ પ્રગટેલો રહે છે કે, તેને કાજે મરવું પણ ઘણું ઘણું વહાલું લાગે.

સદ્‌ગુરુનાં વચનોના જ્ઞાનભક્તિપૂર્વકના પાલનમાં જીવનનો યથાર્થ વિકાસ રહેલો છે.

આપણે તો જેટલા નમ્રમાં નમ્ર હોઈએ, તેટલા જ વધુ દીપીએ.

જે જીવ હૃદયના સાચા ટેકથી પળેપળ જાગૃતિ ધરાવીને જીવનના આદર્શને જીવતો રાખ્યા કરે છે, તેવો જીવ સદ્‌ગુરુને પ્રસન્ન કરી શકે છે.

સાધના જો સાચી રીતે થયા કરતી હોય છે, તો જીવનમાં જીવન પરત્વેની જાગૃતિ ટક્યા જ કરે છે.

આપણે જો જીવન-આદર્શના માર્ગે જવાનું નિર્ધાર્યું હોય, તો જેમાં ને તેમાં આપણું વલણ નિશ્ચયાત્મક સ્વરૂપનું પ્રગટેલું હોવું ઘટે. આમ હોય તોયે ચાલે, ને તેમ હોય તોય ચાલે, એવા પ્રકારનું ઢંગધડા વગરનું, જીવદશાના વલણવાળું, આપણું તેવું વર્તન જીવનને ઘડી શકશે નહિ. ઊલટું તે તો જીવનની સ્થિતિને ડામાડોળપણામાં જ રખાવ્યા કરશે.

જે જીવને શ્રીભગવાનમાં ભળી જવું છે, મળી જવું છે, તેવા જીવને સંસારમાં કે કંઈ કશે કોઈ આડે આવી શકતું નથી.

પ્રભુનો માર્ગ સદ્‌ભાવ કેળવવાપણાનો છે.

જ્યાં ત્યાં ચેતીને જ વર્તવું, ચાલવું, જીવવું. આ સંસાર તો આપણને ગળી જાય એવો છે. **સંસારમાં ભાવમાં ભાવથી જીવતો રહીને પ્રભુને શરણે સાચા ભાવે ને સાચી રીતે જે જીવી શકે છે, તે જ ખરો નર.**

સદ્‌ભાવ વિનાનું જીવન એ જીવન નથી, પણ જાણે નર્કથી રગદોળાયેલું હોય તેના જેવું જીવન છે. ઘણા જીવો તો એમાંય ઘણું રાચે છે. કેટલાક જીવોને લડતા ને ઝઘડતા જોયા છે. કેવી કેવી ક્ષુલ્લકતામાં કેટલી હદ સુધી નીચે ઊતરીને જીવનના કળણમાં ખદબદ્યા કરતા હોય છે ! આપણાથી તેવું ન થાય.

સંસારનો સ્વીકાર તેમાં ડૂબી મરવા, તણાઈ જવા, ખેંચાઈ જવાને કરવાનો ન હોય. તેમાંથી ઊંચે આવવા કાજે, તરવા કાજે તેનો સ્વીકાર હોય. સંસારનો સ્વીકાર આપણા આધારને સંપૂર્ણ શુદ્ધ કરવાને તેમાં જે પ્રસંગો મળે છે, તેને કાજે છે.

જીવનમાં શાંતિ, પ્રસન્નતા એ ઘણી મહત્ત્વની હકીકત છે.

આપણે સંસારમાં રહેવાનું છે. પણ તે રાગદ્વેષમાં અટવાઈ જવા કાજે નહિ. **રાગદ્વેષમાંથી ઊગરવાને કાજે આપણે કંઈ મથામણ કરવાની નથી, પણ મથામણ તો કરવાની છે પ્રભુમય જીવન જીવવાને કાજે.** તેવું જીવન જીવવાની કળા જો પ્રભુકૃપાથી પ્રાપ્ત થઈ શકી, તો રાગદ્વેષનો વંટોળિયો જીવનમાંથી આપમેળે અદૃશ્ય થઈ શકવાનો છે.

જીવનમાં એક ઉચ્ચ, રમ્ય, ભવ્ય ને દિવ્ય પ્રકારની પ્રચંડ મહત્ત્વાકાંક્ષા પ્રગટે ને તેવી મહત્ત્વાકાંક્ષાનો હેતુ જેટલો વધારેમાં વધારે ને ઊંચામાં ઊંચો હોય, તેટલું આપણા કાજે ઉત્તમ છે.

મનમાં મનથી આપણે સંસારમાં રમ્યાં કરતાં હોઈએ, ને સંસારના વિચારોમાં રસ પ્રગટાવતાં રહીએ, તો તે નહિ ચાલી શકે. તેવી તેવી વેળાએ ચેતીને તેમાંથી અળગા થવાનો પ્રભુકૃપાથી આપણે જીવતોજાગતો પ્રયત્ન કર્યા કરવાનો છે. આપણે જો જીવનમાં જીવનવિકાસની ભાવનાને ને સમજણને તેની સંપૂર્ણ યથાર્થતામાં પ્રગટાવીને, તેની પ્રેરણા અનુસાર જીવવાને ખરેખરી રીતે ઇચ્છતાં હોઈએ, તો જીવનમાં જેમાં ને તેમાં જીવનના તેવા હેતુને અને તેવા હેતુની સમજણને પ્રથમ મહત્ત્વ આપણે આપ્યાં કરવાનું રહે છે. આપણે પ્રથમ શેને મહત્ત્વ આપીએ છીએ, તેના પરથી આપણી મનાદિની વૃત્તિ સમજાઈ જતી હોય છે.

આ સંસારવહેવારમાં કોઈનેયે જીવનની પડેલી નથી ! સહુ કોઈ પોતપોતાના રડાકૂટામાંથી ઊંચાં જ નથી આવી શકતાં. જીવનની જેને પડી છે, તેનાં શહૂર ને ખમીર તદ્દન જુદાં જ પડી આવ્યા વિના રહેતાં નથી.

ભાવના હોય તો તે ભાવનાને કર્મમાં પ્રવેશ કરાવવી ઘટે.

શ્રીભગવાનને સંભાર્યા વિનાની એક પળ પણ આપણાથી પસાર કરાતાં તે આપણને ઘણું ઘણું ડંખવું ને સાલવું ઘટે. જો તેમ થતું અનુભવાય, તો નિશ્ચે જાણવું કે કોઈક દિવસ પણ જરૂર એને પામી શકવાનાં છીએ.

પોતે કેવા છીએ, ને કેવા બનવાનું છે, એનું જેને તીવ્રમાં તીવ્ર જ્ઞાનભાન રહે છે, અને તે ભાવના જેના રોજિંદા જીવનવ્યવહારમાં અમલી બન્યા કરતી રહે છે, તેવો જીવ ખરેખરી સાચી ભાવનાવાળો છે, એમ જાણવું, સમજવું ને માનવું.

આત્મવિશ્વાસ પ્રગટ્યા વિના સંકલ્પમાં શક્તિ જીવતી થઈ શકતી નથી. માટે જે કામ હાથમાં લઈએ, તે સંપૂર્ણ આત્મવિશ્વાસ દૃઢાવીને હાથમાં લઈએ અને પૂરું કરીને જ જંપીએ.

કામ કરતાં કરતાં તે કામથી ક્યાંય પણ રાગદ્વેષ ન પ્રગટે,

તેની તો પૂરેપૂરી જીવતી ચોકીદારી રાખ્યા કરીએ. સાધકનું પ્રત્યેક કર્મ રાગદ્વેષ ઘટાડનારું હોવું ઘટે, એવી જાગ્રતિ રાખીને આપણે સંસારમાં વર્તવાનું છે,

અવગુણ કે દોષનો સ્વીકાર જેમ તેનાથી પર થવા કાજે છે, તેવી રીતે કર્મનો સ્વીકાર તેમાંથી રાગદ્વેષાદિની મુક્તિ કાજે છે. એવી ભાવનાથી ને તેવા હેતુના જ્ઞાનથી કર્મ કરાતાં કરાતાં તેમાંથી ગુણશક્તિ આપોઆપ પ્રગટે છે.

ભગવાન સંસાર-વહેવારમાં આપણને મદદ કરે છે. ભગવાન આપણને પળેપળે જિવાડી રહ્યો છે, એનું ભાન ભગવાનની કૃપાથી આપણને બધાંને પળેપળ પ્રગટે, એટલી મારી વિનંતી છે.

સંતપુરુષ સાથે સંબંધ થાય, તો એને વધારવો.

સંત-મહાત્મા-સદ્‌ગુરુનો પરિચય કેવી રીતે થાય ? એનાં કોઈ લક્ષણ ખરાં ? હા, wealth sex and power -સંપત્તિ, વિષયવાસના અને સત્તાથી એ પર હોય. લાખો મળે, છતાં એમાં બંધાયેલો ન હોય. વાસનાથી એ પર હોય. સત્તાથી એ આવરાયેલો ન હોય. એની નમ્રતાનો અનુભવ થાય છે. આ એનાં લક્ષણો છે.

જિજ્ઞાસા સદાય ગતિમાન છે. એ તળાવના પાણી જેવી

બંધિયાર નથી. પણ ગંગામૈયાના પ્રવાહ જેવી છે. સંતપુરુષમાં જિજ્ઞાસા થઈ, તો એ આપણને ગતિ કરાવશે અને ઊંચે લઈ જશે.

❦

કોઈ વળી પૂછે કે, 'ભગવાન છે એની ખાતરી શી ?' અમે કહીએ છીએ કે, 'તમારી જાતની તમને ખાતરી છે ?' તો કહે, 'ના'. ક્યારે જન્મ્યા અને ક્યારે મરી જશો, તેનીયે તમને ખાતરી નથી. તમને પોતાને જો તમારી ખાતરી નથી, તો ઈશ્વરની કેવી રીતે ખાતરી કરવી ?

❦

આપણે માટે તો ભગવાન અમૃતના સાગર છે. સંસાર-વહેવારમાં ખરી તકે કોઈ ઉપયોગમાં આવે, તો એનો ઉપકાર આપણે ભૂલતા નથી. તેમ છતાં આ પૃથ્વી, જળ, હવા, તેજ એ બધું મફત મળે છે; ભગવાને એટલી સગવડ ઊભી કરી છે, પણ ભગવાનનો આભાર આપણે માન્યો નથી, એટલા આપણે કૃતઘ્ની છીએ.

❦

હમણાં કોઈ વસ્તુ એક રૂપિયામાં મળે, પણ પછી સો રૂપિયામાં મળે, તો તે વખતે એની બહુ કાળજી કરશો. વસ્તુ તો એની એ જ છે. પણ લોકો કહેશે કે, 'ભાઈ, બહુ મોંઘી છે, માટે કાળજી કરવી જોઈએ.' આ બધાં માને એવી વાત છે. એટલે જે અપ્રાપ્ય છે, એની આપણે બહુ સંભાળ રાખીએ છીએ. તેવી જ રીતે અમે કહીએ છીએ કે, 'ભગવાન બહુ દુર્લભ છે. અને ए એમ મળી શકતો નથી.' તો પણ એનું

મહત્ત્વ સમજાતું નથી કે જાગતું નથી. કેમ ? કારણ કે ભગવાન પ્રત્યે એવી સભાનતા આપણને જાગી નથી.

❦

કોઈ પૂછે કે, 'ભગવાનથી ફાયદો શો ?' આપણે તો સ્વાર્થી લોકો ! સંસારમાં જેનાથી આપણું હિત સધાતું હોય, તેનું આપણે બહુ જાળવીએ. દાખલા તરીકે, કોઈ આપણને મદદ કરતો હોય, તો એ આપણું અપમાન કરે, તો પણ આપણે નીચી મૂંડીએ સાંભળી લઈએ અને સંબંધ બાંધી રાખીએ. એવી જ રીતે ભગવાન જેવો કોઈ મદદગાર નથી. સાંસારિક મદદગાર કરતાં એ વિશેષ છે, એ આપણા દિલમાં ઊતરતું નથી. એ ખૂબ ખપનો છે. જો તમે તમારું મોં ભગવાન તરફ ફેરવી લો, તો એ દેખાય. ભગવાન જીવન-વહેવારના ક્ષેત્રમાં, મુશ્કેલીમાં, ગૂંચમાં હળવાશ પ્રગટાવે છે. એટલે આપણે જો જીવનવહેવારના સાંસારિક સંબંધમાં તેમ જ રોજબરોજના સંબંધમાં જેનો આપણને ખપ હોય, મદદકર્તા હોય, તેનું ગમે તેવું આડું તેડું ચલાવી લઈએ છીએ, તો ભગવાનનો સંબંધ કેમ કેળવતા નથી ? એ તમે માગશો તે આપશે, પણ જો તમે એની સાથે સંબંધ કરી દો તો.

❦

એક વાર તમે ભગવાનના થઈ જાવ, પછી એ તમને મદદરૂપ થાય છે કે નહિ, એ જુઓ.

❦

આપણે જે કંઈ કરીએ, તે બધાં મળેલાંની સલાહ લઈને કરીએ અને મનસ્વીપણે ન કરીએ. જેટલું કામ પ્રેમથી,

સહકારથી કરીશું, મન મેળવી કરીશું, તો તેમાં બરકત રહેશે. પણ જો એમ કરીશું નહિ, તો મનમેળ થતો હશે, એ પણ નહિ થાય. દિલનો મેળ એ બહુ મોટી વાત છે. એનાથી આપણું અનેક પ્રકારનું હિત થાય છે. એકબીજાને સ્વભાવથી ત્રાસ-મુશ્કેલી થાય છે, તે પણ નહિ થાય. તમે બધાં સાથે મેળ નહિ રાખો, તો પંચાત પડશે. માટે સંસારના, જીવન-વ્યવહારના ક્ષેત્રમાં, કમાવાના ક્ષેત્રમાં આટલું તો જરૂર શીખજો. મેળ રાખવો એ મુખ્ય વસ્તુ છે.

❦

જેમ મેળ મેળવવાની વાત સંસાર-વહેવારમાં ખપની છે, તે પ્રમાણે આપણામાં પાંચ કરણો છે-મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્-એ દરેક સાથે મેળ રાખીએ. પણ એની સાથે મેળ રાખવો બહુ મુશ્કેલ કારણ, એ દરેક કરણ જુદી જુદી રીતે વિચારે છે. એ બધાં પાંચે કરણો અંદરોઅંદર આપસમાં લડતાં હોય છે. એનો મેળ મેળવવા માટે ભગવાનનું ભજન જ એક સાધન છે. એના વડે કરીને જ આપણી બધી વૃત્તિઓનું રૂપાંતર થઈ શકે છે.

❦

**દૂધમાં જેમ મેળવણ નાખો, તો દહીં થાય, તેમ જો સંસારમાં ભગવાનનું મેળવણ કરતા રહો, તો સદ્‌ભાવ અને સુખ મળશે.**

❦

સુખી થવું હોય, તો એક જ ચાવી છે કે, મેળ મેળવવો અને મેળ રાખવો. ખરેખર સુખી તો એ માનવી છે, જેણે પોતાનાં મન, બુદ્ધિ, પ્રાણ અને અહમ્‌ને મઠાર્યાં હોય. સાચા

અર્થમાં સુખી તે જ હોઈ શકે એવો અનુભવ છે. પછી એ ગરીબ, રોગી કે ગમે તેવો ભલે હોય, તે જ સુખની સમૃદ્ધિમાં હોય છે. **ગીતામાતા પણ કહે છે કે, સુખ બાહ્ય સાધનો પર આધાર નથી રાખતું, પણ આંતરિક કરણો પર જ આધારિત છે.**

સ્વેચ્છાથી સ્વીકારેલી ગરીબીમાં સુખ છે.

ધનનો આશરો, તેમ જ માતાપિતાનો, પુત્રનો કે એવો કોઈ સંસારી આશરો લઈએ, તો એ તો ચંચળ છે, ખરો આશરો નથી. ભગવાનનો આશરો એ બહુ સમર્થનો આશરો છે, એ ચંચળ નથી.

રોજ બેસીને આત્મનિવેદન કરો. ભગવાનને તમારો સાથી રાખો. મિત્ર હોય એમ એ તમારી સન્મુખ હાજર હોય, તેવી રીતે વર્તો. જો તમે રોજ આત્મનિવેદન કરશો, તો મન હળવું થશે અને માનસિક બોજો ઓછો થઈ જશે.

સકળ કામ કરતાં કરતાં જો ભગવાનનું નામ લેશો, તો એથી એક પ્રકારની તમારા મનમાં સાંકળ જોડાશે, તમારો એની સાથે એક અનોખો સંબંધ થશે કે જે તમારામાં હિંમત, બળ, સાહસ, સહનશીલતા, સદ્‌ભાવ વગેરે પ્રગટાવશે અને અનેક કોયડાના ઉકેલમાં મદદરૂપ થશે.

જ્ઞાનમાં ભેદ ન હોય. સમજણમાં ભેદ પ્રગટે, તો વાંધા-વચકા જાગવાના. એટલે ભેદ હંમેશાં દુઃખનું કારણ છે.

**ઘર્ષણ ઘટે તે સેવા, વધે તે દુઃખ.**

મનમાંથી રાગદ્વેષ ઘટે તો જ ભેદ ઘટશે. નહિ તો નહિ. એ મોળા પડ્યા સિવાય ભેદ ઘટે નહિ. માટે **જો સુખી થવું હોય, તો રાગદ્વેષ મોળા પાડવાનું વિચારવું.** રાગદ્વેષ અટકાવવાનું બળ પ્રગટે એવી વૃત્તિ થાય, તો બને. એટલે રાગદ્વેષ પ્રગટે, ત્યારે એને સંયમમાં પ્રગટાવવાને આંતરિક બળની જરૂર. અને એને માટે ભગવાનનું સ્મરણ એ એક ઉપાય છે. એનો પ્રયોગ કરી જુઓ.

ભગવાનનું સ્મરણ-મનન કર્યા કરીએ, તો આંતરિક બળ પ્રગટે. એનાથી રાગદ્વેષ મોળા પડશે. એમાંથી તટસ્થતા જાગશે અને તો જ વિવેક પ્રગટશે. પછી જ સંયમ કેળવાશે. માટે કહું છું કે, ભગવાનનું સ્મરણ જીવનમાં બહુ ઉપયોગી છે.

જે મથે છે, તેને સત્ય જડે છે. બારણું ઠોકે, તો ઊઘડે. શોધે તેને જડે.

આ કાળ કઠણ છે. અનેક પ્રકારની મુશ્કેલીઓથી ઘેરાયેલાં છીએ. એમાં આસાએશ પ્રગટે એ માટે ભગવાનનું સ્મરણ, પ્રાર્થના કર્યા કરો. **ભાવના કેળવવા માટે ભગવાનનું સ્મરણ**

**નિર્દોષ અને ઉત્તમ સાધન છે.**

❦

સદ્‌ભાવ, સહાનુભૂતિ, મતસહિષ્ણુતા, એકબીજા માટે ઘસાવાની વૃત્તિ વગેરે કેળવીએ, તો એ સાચે જ સમાજની મોટામાં મોટી સેવા છે. એવું ઘસાવાનું પ્રેમથી કરો, બેળેબેળે ન કરશો. આ બધું તમે વિચારજો.

❦

ઘસાયા વિના દુનિયામાં ચાલતું નથી. પ્રેમથી ઘસાશો, તો ઘણી શક્તિ જીવનમાં પ્રગટશે.

❦

ત્યાગ કરવાનો જ હોય, તો હૈયાના ઉમળકાથી કરો. તેનાથી ગુણશક્તિ પ્રગટશે. ઉમળકાથી કરેલો ત્યાગ ઉપકારક છે.

❦

આ સંસાર મળેલો છે, એમાં રગદોળાઈ જવું નહિ. પણ એમાં ઉપર તરતાં રહીએ. ભગવાનની જે ચેતનની સ્થિતિ છે, તે પ્રગટ થાય, એ માટે સંસાર મળેલો છે.

❦

આપણા લોકો સમાજને માટે જરા પણ ત્યાગ નથી કરી શકતા. અરે, સમાજની વાત બાજુએ મૂકો, કુટુંબની વાતમાં પણ કોઈ ત્યાગ કરવાને તૈયાર નથી. એટલી આપણી નબળાઈ છે !

❦

માણસને તપાસવો હોય, તો all its totality -એના સમગ્ર ગુણોથી વિચારવો. એકાદ ગુણદોષ વિચારાય નહિ. કારણ,

દરેક ગુણદોષને ઘણાં પાસાં છે.

❦

દુ:ખને ઉમળકાથી સહન કરીએ, એવી જીવન જીવવાની ચાવી દરેકે વિચારીને ખોળી કાઢવી જોઈએ. કારણ, જીવનમાં દુ:ખ, અથડામણ, સંઘર્ષ, ગૂંચ વગેરે પ્રગટવાનાં જ. એ એમ જ દૂર થવાનાં નથી. એ રહેવાનાં અને પ્રગટવાનાં જ્યારે એ બધાં પ્રગટે, ત્યારે સ્થિર બુદ્ધિથી, શાંતિથી, પ્રસન્નતાથી એનો વિચાર કરી શકીએ તે માટે ધીરજ કેળવીએ.

❦

જો સુખ અનુભવવું હોય, તો પ્રકૃતિને સાત્ત્વિક બનાવો. સુખદુ:ખને સમતાથી, શાંતિથી ભોગવો. મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્‌ના જે ધર્મો છે, એમાં તટસ્થતા, સમતા પ્રગટે એમ કરો. એ કર્યા સિવાય અથડામણ, ગૂંચ, ત્રાસ આવશે, ત્યારે અટવાઈ જઈશું અને ગૂંચવાઈ જઈશું. એવી પરિસ્થિતિમાં વિચાર કરતા તટસ્થતા જો કેળવાઈ હશે, તો યોગ્ય રીતે વિચાર કરીશું. માટે તટસ્થતા અને સમતા પ્રગટાવો. મનમાં શાંતિ, પ્રસન્નતા રાખો, કેળવો. એ એક જ ઉપાય છે.

❦

જો જીવનમાં ધ્યેય પ્રગટ્યું ન હોય, તો એના વિના કોઈ પણ માણસ સ્વભાવ બદલી શકવાનો નથી.

❦

સુખનો આધાર બાહ્ય પરિસ્થિતિ પર કે સાધન પર નથી. એ તો આંતરિક કરણો પર છે.

❦

રાગદ્વેષ તેમ જ અનેક પ્રકારના ઓથારોનું જોર ભગવાનના સ્મરણથી ઘટે છે.

❦

ભગવાન પર જેનાં શ્રદ્ધા-વિશ્વાસ જીવતાં થઈ જાય છે, તેને ભગવાન સોએ સો ટકા મદદ આપે છે, મદદ કરનારને મોકલી આપે છે.

❦

ગાડું ચાલે ત્યારે લોઢાની ધરીમાં જેમ દિવેલ પૂરતાં સ્નિગ્ધતા પ્રગટે છે, તેમ ભગવાનનું નામ લેવાતાં આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્‌માં સ્નિગ્ધતા પ્રગટે છે.

❦

જેમ રોગમાં સારા થવા માટે દવા લઈએ છીએ, તેમ માનસિક રોગનો જો કોઈ રામબાણ ઉપાય હોય, તો તે એક ભગવાનનું નામ છે.

❦

પ્રામાણિક માણસ પોતાનો દોષ જોશે. પણ આપણને તો બીજાનો દોષ જોવાની ટેવ પડી ગઈ છે.

❦

જીવનના કોઈ પણ ક્ષેત્રમાં ફના થવાની તૈયારી પ્રગટાવો. એ ગુણ પ્રગટેલો હશે, તો ગમે ત્યારે તમને મદદરૂપ થશે.

❦

એક મર્દ માણસ હોય, તે વિચારથી વાતાવરણ સર્જી શકે. પણ નામર્દાઈની ભૂમિકા પરથી પ્રગટેલો બબડાટ વાતાવરણ પ્રગટાવતો નથી. જેનામાં શહૂર, શૌર્ય, તાકાત છે, તે વિચાર

માત્રથી વાતાવરણ પ્રગટાવે છે.

❦

જમીનમાં અનાજ કેમ પાકે છે ? એને ઊથલપાથલ ન કરીએ, તો ન પાકે. તેમ જ પ્રજામાં ખમીર પ્રગટાવવું હોય, તો ઊથલપાથલને આવકારવી પડશે.

❦

જેમ ખેતર કે જમીનમાં અનાજનું, તેમજ પ્રજાના જીવનના ખેતરમાં કે મનુષ્યના જીવનના ખેતરમાં શહૂરરૂપી અનાજનું સર્જન કરવું હોય, તો ઊથલપાથલ તો થવી જ જોઈશે અને તે થવાની જ છે. એટલે એને માટેનું માનસ કેળવો. એની તૈયારી રાખજો. તો જ આપણા જીવનના ખેતરમાં અનાજરૂપી સર્જન-શહૂર, સાહસ, ઉન્નત જીવન વગેરે ગુણો પ્રગટશે અને કેળવાશે.

❦

સવારે વહેલા ઊઠવાનું કરીશું, અને આળસમાં સમય ન ગુમાવતાં ચાલવાનું, અખાડામાં જવાનું, વ્યાયામ કે યોગાસનો એવું કરવાનું કરીએ, તો ઉત્તમ.

❦

આજે તો શ્રમ અને શ્રમનું મહત્ત્વ આપણે ભૂલી ગયા છીએ.

❦

ખાવાનું સ્વાદવાળું, શ્રમ કરવો નહિ અને બેઠાડુ જીવન એટલે શરીરને અનેક રોગોનું ઘર કરવું.

❦

આજકાલ ખાવાનું સ્વાદવાળું અને શ્રમ મળે નહિ અને

વૈભવ-વિલાસ વધ્યા. એનાથી ફેફસાં બગડ્યાં, એની શક્તિ ક્ષીણ થઈ. ફેફસાંની અસલ સ્થિતિમાં મંદતા આવી. એનાથી હૃદયમાં લોહી પસાર કરવાની ગતિ મંદ થઈ, આંતરડાં બગડ્યાં અને એનાથી શરીરમાં રોગો થયા. આ બધું શ્રમ ન આપવાનું પરિણામ થયું, એમ કરતાં આરોગ્ય ગુમાવ્યું.

ગુણ મર્યાદા વટાવી જાય, ત્યારે એ અવગુણ થઈ જાય. એટલે જે તે મર્યાદામાં હોવું જોઈએ. જો અમર્યાદ થઈ જઈશું, તો જીવન બગાડીશું.

દરેકે ખાવામાં તેમ જ દરેકમાં મર્યાદા કેળવવી પડશે. અરે, બોલવામાં પણ મર્યાદા રાખવી પડશે અને કેળવવી પડશે.

**લોકો ફૂલહાર ચઢાવે, પણ કહેલી વાત કોઈ માને નહિ. જેને પૂજતા હોઈએ, એનું વચન પાળવાની તાકાત કેળવીએ, તો જીવનમાં ખમીર પ્રગટે, તો ભક્તિ કેળવી શકાય અને તો જ ભગવાન આપણામાં છતો થાય. ભગવાન તો આપણામાં છે જ. ફક્ત એની પરનાં આવરણો ખસી જાય, તો એ છતો થાય.**

આધ્યાત્મિક શાસ્ત્રમાં વરસ એ જીવન નથી, પણ શ્વાસને જીવન કહ્યું છે. એટલે તટસ્થતા - આશા, તૃષ્ણા વગેરેથી નોખા થવાની શક્તિ કેળવાતાં શ્વાસ અને પ્રાણ શુદ્ધ થતાં જીવન લાંબું થશે.

❦

નામસ્મરણનો કાળ વિશેષ શ્વાસ સાથે પ્રગટે, ત્યારે એમાં વધુને વધુ ભાવના પ્રગટે છે. એટલે સ્મરણનો જેટલો વિશેષ કાળ શ્વાસ સાથે પ્રગટે અને એમ વધુને વધુ ભાવના પ્રગટતાં વધુ ને વધુ ઉન્નત જીવન થાય. શ્વાસની ગતિમાં પણ ચોક્કસ ફેર પડે અને એ રીતે પ્રાણાયામ થાય છે. શ્વાસ તો જીવનનું રહસ્ય છે. અને **શ્વાસ એકધારો વહે એટલે જીવનની ગતિ કે ભાવના ઊર્ધ્વમુખી પ્રગટતાં શ્વાસ સમતાવાળો પ્રગટે અને એમ જીવન લંબાય.**

❦

બીજાને અનુભવવા કરતાં પોતાને અનુભવવાની વાત કરવી.

❦

જ્ઞાન થયું એટલે પરિપૂર્ણતાને પામી ગયા, એવું નથી.

❦

મહાત્માઓને આદર આપવાથી કે એમના તરફ ભક્તિભાવ રાખવાથી આપણી પોતાની જ દિલની ભાવનાને ઉચ્ચતર રીતે પ્રગટાવીએ છીએ. એ રીતે આપણો ઉત્કર્ષ થાય છે.

❦

ભાવનાથી કરેલા ત્યાગનું ફળ અમૃત છે. જો સાચી ભાવનાથી ત્યાગ થાય, તો આનંદ-ઉમળકો પ્રગટે, એનાં ગુણ અને શક્તિ પ્રગટે.

❦

આ મનુષ્ય-જીવન છે, તે ખાઈ-પીને મજા કરવા કે સુખી

થવા માટે નથી, પણ એનો ઉચ્ચ હેતુ છે.

ખરું જોતાં તો આપણે સ્થગિત થઈ ગયેલા હોઈએ છીએ. આમ તો આપણે ગતિ કરીએ છીએ, એવું ભાસે ખરું. પણ એ ગતિ ઘાંચીની ઘાણીએ જોતરેલા બળદ જેવી હોય છે. ગતિમાન જણાતા હોવા છતાં આપણી ગતિ આગળ થતી નથી. જો સદ્‌વૃત્તિ, સદ્‌ભાવના તરફ ઝંખના જાગે, તો ગતિમાન થયેલા જીવને ઊંચે પ્રગટવાની સ્થિતિ થાય છે. એમાંથી બહાર નીકળવાનું હોય, તો સભાનપણાવાળી સંપૂર્ણ જાગૃતિ રાખીએ, તો જરૂર મુક્ત થઈ શકીએ. **કોઈ ઘટમાળમાંથી મુક્તિ મેળવવાનું સરળ સાધન એ ભગવાનનું સ્મરણ છે.**

દુઃખ વગર સિદ્ધિ નથી. દુઃખ આવે તો જ મનુષ્ય વિચાર કરે છે. દુઃખમાંથી સાચો માર્ગ કાઢે એવું કોઈ સાધન હોય, તો ભગવાનનું સ્મરણ છે.

બીજાના અવગુણો ન જોવાનું અને માત્ર ગુણો જોવાનું કરીને સુમેળથી, સારી ભાવનાથી જોવાનું અને અનુભવવાનું થઈ જાય, તો પણ ઠીક. મળેલાંઓ સાથે સદ્‌ભાવથી, પ્રેમથી, ત્યાગની ભૂમિકાથી વર્તતા થઈ જઈએ. તેવી ભાવના પ્રગટાવવા માટે ભગવાનની ભાવના પ્રત્યેનું ધ્યેય પ્રગટે, તો થઈ શકે.

ત્યાગની ભૂમિકા પ્રગટ્યા વિના મનુષ્યજીવન ઊંચે આવવું શક્ય નથી. **બીજાનું ઉદારતાથી, પ્રેમથી સહન કરીએ, તો એ**

**પણ મોટું તપ છે.** શાસ્ત્રકારો અને અનુભવીઓ કહી ગયા છે કે, મનુષ્યશરીર દ્વારા જ મુક્તિ મળી શકે. આપણને મનુષ્યજીવનરૂપી મોંઘું રત્ન મળ્યું છે. આપણે તેની કિંમત જાણતા નથી. આપણને તેનું રહસ્ય સાંપડ્યું નથી. આપણે મનુષ્યજીવનનો અર્થ સમજતા નથી. અને પશુનું જીવન જીવી રહ્યા છીએ. **પશુનું જીવન તો આપણા જીવન કરતાં સારું છે. કેમ કે તેમને પાપ-પુણ્યનું બંધન નથી.** મનુષ્ય તો પશુ કરતાં બદતર પ્રાણી છે. મનુષ્ય અનેક પ્રકારનાં પાપ કરે છે અને પુણ્ય ઓછાં કરે છે. આપણે તો સુમેળ સાધવાનો છે. એકબીજાની મદદમાં લાગવાનું છે. પણ તે આપણાથી બનતું નથી. એથી ઊલટું આપણે નિંદા, અદેખાઈ વગેરે પેદા થવા દઈને પાપાચરણ કરીએ છીએ !

❦

જીવનમાં એકબીજા સાથે જતું કરીને પણ સદ્‌ભાવ, સુમેળ પ્રગટાવીને જીવીએ. **બીજા વિષે ઓછી વાતો થાય એમ કરીએ. આપણા ઘરમાં-કુટુંબમાં એકબીજાના દોષોની વાતો ન કરીએ.** મનુષ્યજીવન દોહ્યલું છે. આપણાથી બની શકે તો, રાગદ્વેષ મોળા પાડીએ. કોઈના કદાચ અવગુણ જોવાઈ જાય, તો પણ આપણે બદબોઈ ના કરીએ. આટલું કરીએ તોય, મને લાગે છે કે, ઘણું કર્યું છે.

❦

ભગવાનની વાત કરનારા ઘણા ખરા જીવો કશી મહેનત કરતા નથી. તેમના વિચાર અને વર્તનમાં કશો ઢંગધડો નથી. એવા જીવો ભગવાનની વાતો કરે, ત્યારે મને ખૂબ લાગી

આવે છે. એવા લોકો જ્યારે બીજાઓ વિષે વાત કરે, ત્યારે કહું છું કે, તારી જાતને તપાસ. તું કેટલો ઊંચે ગયો છે, કેટલે ઊંચે પડ્યો છે, તેનો વિચાર કર. બીજાનું જોવાનું છોડી દે.

❦

અભિલાષા વગરનું જીવન કદી પણ ન જીવવું. અભિલાષા ન હોય તો લાચાર બની જવાય. અભિલાષા વગરનું જીવન ચીંથરેહાલ સ્થિતિ જેવું છે. થોડોક આનંદ અને રસનો જેણે અનુભવ કરવો છે, તેણે અભિલાષા રાખવી. એ માટે ખંત, ઉત્સાહ, શૌર્ય વગેરે ગુણો ખીલવવાની જરૂર પણ છે. જીવન એ સ્થૂળ નથી. પણ ઉચ્ચ પ્રકારની અભિલાષા સાકાર કરવાનું એક મહામૂલું સાધન છે. મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ એ ઓજારો છે. આપણા જીવનને આ પાંચ ઓજારો વડે આકાર પમાડી શકાય.

❦

જીવનમાં આનંદ પ્રગટાવવો હોય, તો મહત્ત્વાકાંક્ષા સેવવી જોઈએ.

❦

જ્યાં સુધી સત્સંગની ભાવના પ્રગટી નથી, ત્યાં લગી તમારું કશું વળવાનું નથી. વગર મહેનતે માગ્યે કશું મળતું નથી. તમારે કશી અપેક્ષા હોય, તો મહેનત કરો. ફળ તો મળવાનું હશે તો મળશે. **મફતનું કોઈનું પણ લેશો નહિ. કેમ કે મફતનું લીધેલું પચતું નથી.**

❦

પ્રારબ્ધ તો વ્યવહારમાં છે. ભગવાનની ચેતનાત્મક ગતિમાં

ઊડવા માટે પ્રારબ્ધ બિલકુલ ખલેલ નહિ પાડે.

ભગવાન અધ્ધર લટકતો નથી. એ તો આપણા હૈયામાં રહેલો છે. આપણને એને બોલાવવાનું જ્ઞાનભાન નથી.

ભલેને તમે આઠ પ્રહર ભગવાનનું નામ લો. પણ જીવનમાં ભાવના ટકાવ્યા વિના કશું જ વળે નહિ.

આપણને જે કાંઈ સંપત્તિ મળી છે, તે આપણને એકલાને માટે નથી. શરીરસંપત્તિ મળી હોય, તો એ બીજાને હેરાન કરવા માટે નથી, પણ બીજાને મદદ કરવા મળેલી છે.

આ પ્રપંચકાળમાંથી ઊગરવાનું સાધન જ્ઞાનભક્તિપૂર્વકનું ભગવાનનું સ્મરણ છે.

ભગવાન આપણને જોયા કરે છે, પણ આપણે એની સામે ન જોયા કરીએ, તો આપણને મદદ નહિ મળે. સંસારી લોકો પ્રવૃત્તિમાં એટલા રચ્યાપચ્યા રહે છે કે ભગવાન સાથે હોવા છતાં એ અંગે કશું ભાન જાગતું નથી.

મનુષ્ય સત્સંગ દ્વારા શાંતિ અને હળવાશનો અનુભવ કરી શકે.

સંસારમાં ભલે રગદોળાયેલા હોઈએ, ત્યારે દસ-પંદર મિનિટ માટે ચેતનમાં પ્રગટેલા મહાત્માના સંસ્કાર આપણી ભૂમિકામાં

પ્રગટે, તો તે સમય પૂરતી તેમની ઉચ્ચ પ્રકારની ભૂમિકા આપણામાં પ્રવેશે અને સૂક્ષ્મમાં પણ એ સંસ્કાર પ્રગટે. એનાથી જે ઉચ્ચ પ્રકારની ભૂમિકા થાય, એનું પરિણામ પણ ઉત્તમ પ્રકારનું આવે.

મનુષ્ય ઊર્ધ્વ જીવનની ભાવનાથી અને જિજ્ઞાસાથી સત્સંગ કરવા જાય, તો ચેતનામાં નિષ્ઠા પામેલા મહાત્માથી આપણું ઘણું કલ્યાણ થાય.

મન અવગુણ જોવાનું કરે, તો ઝાટકો મારીને એને દૂર કરીએ, તો આપણો વિકાસ થાય.

મળેલા જીવો સાથેના સંબંધમાં-વાતચીતમાં તટસ્થતા, સમતા કેળવીએ, પ્રપંચથી ન વર્તીએ, આપણો સ્વાર્થ ન રાખીએ, કોઈનું ભલું કેવી રીતે થાય, કોઈનું દિલ ન દુભાય, કોઈનું અહિત ન થાય એ રીતે પળેપળ વર્તીએ—એનું નામ ધર્મ. આવા આચરણ સાથે ભગવાનનું નામ લેવાય, તો જીવનનો ઉઠાવ જલદી થાય.

જીવનમાં સ્વાર્થ સાધી લેવાનું કરીએ, પ્રપંચથી વર્તવાનું કરીએ અને ભગવાનની માળા કરીએ અને તેમાં ઘણો સમય વિતાવીએ, તેથી આપણું કલ્યાણ ન થઈ શકે.

આપણે આપણી રોજબરોજની પ્રવૃત્તિમાં સજાગ ન બનીએ,

તો જીવનમાં અડધો કલાક સવાર-સાંજ નામસ્મરણથી કશો અર્થ સરશે નહિ.

❦

કેટલાંય વર્ષોથી મારી સાથે રહેલા જીવોને જોઉં છું કે, તેઓ ક્ષુલ્લક વાતોમાં અટવાયા કરે છે. કલાક બે કલાક ભગવાનનું નામ લો એ તો દંભ છે. એનાથી ઉઠાવ નહિ થાય. કામી-ક્રોધી હોય, તેની ગતિ થાય. પણ દંભીની ગતિ કદી ન થાય. કારણ દંભથી એવી જાતનો પડદો રચાય છે કે જે તોડી શકાય નહિ. દંભીની ક્રિયા એટલી બધી ગહન છે કે એને દંભ હોવા છતાં પોતે સચ્ચાઈથી ચાલે છે, એવું વાતાવરણ એ ઉપજાવે છે. કામી-ક્રોધીને ભાન જાગે છે, પણ દંભીનો પડદો તૂટતો નથી.

❦

આપણને દુઃખ આવે છે, એ આપણા અનેક પ્રકારનાં કર્મને કારણે આવે છે, એમ સમજીને અને એવી રીતે ભાવનાથી એ દુઃખ ભોગવીએ. એવે વખતે જે ભગવાનને પ્રાર્થના કરે છે, અને જે થતું હોય એ નિવેદે છે, તે દુઃખને શક્તિ પ્રગટાવવાનું મોટામાં મોટું સાધન સમજે છે.

❦

નિર્મમત્વપણું, નિર્ભેળપણું કેળવીએ, તેમ બુદ્ધિ શુદ્ધ થતી જાય છે, તેજસ્વી બને છે અને આપણા પ્રશ્નો, કોયડાઓનો ઉકેલ બહુ સરસ રીતે નીવડે અને કઈ રીતે કામ કરીએ તો એનો યોગ્ય ઉકેલ આવશે, એની આપણને સમજણ પડતી જશે. અને સામાન્ય બુદ્ધિ કરતાં વિશેષ સમજણ આપણામાં પ્રગટે છે.

❦

પ્રાણ અને બુદ્ધિને મોળાં પાડવાં હોય, તો તમારે મોઢું સંસારમાંથી ફેરવવું પડશે. તમે ગમે તેટલી પ્રવૃત્તિ કરો, પણ મોઢું ફેરવ્યા સિવાય કશું થવાનું નથી.

❦

સમૃદ્ધિ, વિલાસ ભોગવવાનો પ્રયત્ન કરો તો પણ સુખ કાયમ પહોંચવાનું નથી. અસુરોએ ખૂબ વિલાસ કર્યો. એ માટે એ લોકોએ ભારે તપ કર્યું અને વૈભવવિલાસ ભોગવ્યો. પણ એ ટક્યું નહિ અને જતું રહ્યું. પણ અસુરો કરતાં ઋષિઓ મહાન હતા. કારણે એમને સુખ સતત રહેતું હતું.

❦

ભગવાનનું શરણું લો, પ્રાર્થના કરો, સદ્‌વાચન કરો, નિવેદન કરો, તો મનને શાંતિ થશે.

❦

પાયા વગર ઘર ન ચણાય, તેમ જીવનનો મૂળ પાયો આપણા જીવનમાં પડેલા સંસ્કારો છે.

❦

જીવનનું ધ્યેય પ્રાપ્ત કરવા માટે ભગવાનનું સતત સ્મરણ કરો, પ્રાર્થના, નિવેદન કરો. એનાથી ધ્યેય સન્મુખ થશે.

❦

પાંચ પૈસા સિલકમાં ઘટે, તો જરૂર ઘડભાંગ કરીએ. પચાસ રૂપિયા ખોવાઈ જાય, તો પસ્તાવોય થાય. પણ એનાથી વિશેષ કિંમત -મનુષ્યજીવન ખોવાની સ્થિતિમાં કે ખોતા જ રહીએ છીએ તેમાં ચૂકવીએ છીએ, તો પણ તેનું આપણને ભાન પ્રગટતું નથી ! જીવન કેવી રીતે ખોઈ નાખીએ છીએ ? અનેક પ્રકારના

વિચારો, રાગદ્વેષ, આઘાત, પ્રત્યાઘાત વગેરેમાં માનવી જીવન વેડફી રહ્યો છે. એક અણમૂલો હીરો આપણે વેડફીએ છીએ, એવું જો ભાન જાગે, તો બહુ સારી રીતે એનું જતન કરીએ. પણ એવું સાચું ભાન પ્રગટ્યું નથી.

બધા જીવો તો દરેક પ્રકારનું જીવન જ વ્યતીત કરે છે. એથી વધારે ને વધારે ગૂંચવાયેલું જીવન બનાવે છે. વળી કહે છે કે, દુઃખ આવ્યું, મુશ્કેલી આવી, એ રીતે દુઃખી થઈ જાય છે. રાગદ્વેષનાં કૂંડાળાં કેવી રીતે ઓછાં પ્રગટે, કેમ કરીને બધાં સાથે સદ્‌ભાવ પ્રગટે, સુમેળ થાય, એવું કોઈ કરતું નથી પણ કેમ કરીને ભેદ વધે, એવું થતું જ હું તો જોઉં છું. અને એમાં પાછા ગુલતાન થયા કરે છે ! એવા જ વિચાર અને વૃત્તિમાં માનવી અથડાય છે ! **સુખી થવાનો રસ્તો તો સદ્‌ભાવ, સુમેળ, પ્રેમ અને સહાનુભૂતિ કેળવવાનો છે. કોઈએ દ્વેષ કર્યો હોય, તો પણ તેના પરત્વે સદ્‌ભાવ કેળવો, સહનશક્તિ કેળવો, ઉદારતા કેળવો. આ બધું તપ છે.**

મનુષ્યજીવનનું ખરું મહત્ત્વ સમજીએ. અને એના અમૃતનો સ્વાદ ચાખવો હોય, તો ભેદ ઘટાડવાથી એમ થશે, ભેદ વધારવાથી નહિ. ભેદ ઘટાડવાથી સુખ મળે. ઘણી સમજણવાળો માનવી પણ ભેદ વધારે છે. ભેદ ઘટે એ તરફ એનું લક્ષ જ દોરાતું નથી. એ બુદ્ધિથી સમજે છે, પણ એ પ્રમાણે વર્તતો નથી. ફલાણો આમ વર્ત્યો, એમ કરીને એ પણ એ જ રીતે વર્તે છે. તો એ પ્રમાણે વર્તાતું કેમ નથી ? કારણ એ સમજણ બરાબર પાકી ગયેલી કે ઊંડે ઊતરેલી નથી. એ સમજણ

ઉપરછલ્લી કે દંભ જેવી છે.

**જો સુખી થવું હોય, તો દંભના પડદાને ચીરવો પડશે. મનુષ્યના સુખની આડે તો મોટામાં મોટો પડદો દંભનો છે. એને પોતે જ ચીરવો પડશે. એ માટે સમજણ જોઈશે. એ કેવી રીતે ઊગે ? આપમેળ ઊગે.**

સંસારમાં અનેક પ્રકારની આશા, ઈચ્છા, તૃષ્ણા, લોલુપતા, કામના વગેરે થાય. એમાં ઘડીકમાં અમુક આશા, ઈચ્છા, કામના ઊગે. એટલે એમાં તાણાતાણ થાય. આમ વિચારો પ્રાણ ખેંચતાણમાં પડે છે. અને એની પાછળ બીજાં કરણો પણ ખેંચાય. એ ખેંચનો જે અનુભવ થાય છે, એનાથી સમતુલા ઘવાય છે. Balance of power, disturbs. આ બધા આઘાત-પ્રત્યાઘાતોથી ઘર્ષણ વધે, જ્ઞાનતંતુ નબળા પડે અને તેથી શરીરમાં રોગ વગેરે થાય અને દુઃખી થવાય. એટલે જો સુખી થવું હોય, તો સમતા, તટસ્થતા વગેરે કેળવીએ, તો બહુ સરળતા થાય. એને લીધે જ્ઞાનતંતુની સમતા જળવાય. એવા લોકો બહુ સમતા કેળવીને ગમે તેટલું દુઃખ હોવા છતાં ખૂબ પ્રસન્નતા ભોગવે છે.

॥ હરિઃૐ ॥

# પૂજ્ય શ્રીમોટા
# વચનામૃત
## ભાગ - ૩

બીજા મેળ રાખે કે ન રાખે, મારે તો સુમેળ રાખવો છે, એવું જો વિચારે તો જ મનુષ્ય સુખી થઈ શકશે.

શબ્દની-નામસ્મરણની ઉપાસના એ માત્ર બોલવા-કરવાની પદ્ધતિ નથી, પણ હૃદયને વિશુદ્ધ કરવાની અમૃત સંજીવની છે, ક્લેશ પામેલા જીવને શાંતિ પ્રગટાવવા તે ઉત્તમમાં ઉત્તમ પ્રકારની દવા છે.

અનેક પ્રકારે આપણે ફેંકાઈ ગયેલા હોઈએ, ત્રાસ પામેલા હોઈએ, મૂંઝાયેલા હોઈએ, ત્યારે પ્રાર્થના, આત્મનિવેદન કર્યાં કરો. અને પછી જુઓ તો ખરા કે તમને તેમાં ફેર લાગે છે કે નહિ.

સંસારમાં દુઃખ, મુશ્કેલી તો આવવાનાં જ. તો તેવી સ્થિતિમાં ભગવાનની ઉપાસના એ ઉત્તમમાં ઉત્તમ દવા છે. તે આપણે બધાં સમજી કરીને કરીએ, એવી મારી તમને પ્રાર્થના છે.

કર્મને અવગણે તે ભક્તિ કરવાને લાયક નથી. જેનામાં કર્મ કરવાની હિંમત, સાહસ, પુરુષાર્થ નથી તે ભક્તિ નહિ કરી શકે. ભક્તિનો મૂળ પાયો પુરુષાર્થમાં છે. પુરુષાર્થ એટલે પરાક્રમ, શૌર્ય, દૃઢતા વગેરે ગુણોનો સમૂહ. માટે કર્મ એવી રીતે કરો કે જેનાથી લદાઈ ન જવાય, તેના ભારથી બેસી ન જવાય કે તેનો બોજો ન લાગે. જો કર્મ કરવાથી હળવા નહિ બનો, તો ગુણશક્તિ નહિ ખીલી શકે અને કર્મ પણ ઉત્તમ નહિ થાય. શાંતિ અને પ્રસન્નતા પણ નહિ મળે.

જે કર્મ કરીએ, તે નિરાસક્ત-નિરામય ભાવે કરીએ, જેનાથી સત્ત્વગુણ પ્રગટે અને એ રીતે કર્મ કરવાથી તેના ભારથી લદાઈ ન જઈએ.

જ્યાં ઘર્ષણ છે, ત્યાં બુદ્ધિ વિચાર કરવા લાગી જાય છે. કોઈ માનવી સાથે સમતાભર્યો બહુ વ્યવહાર કર્યો હોય અને પછી કોઈ કારણે ઘર્ષણ થાય, તો એની પ્રકૃતિ આપણી ઉપર તરત જ તપી જાય છે. ઘર્ષણ થાય છે, ત્યારે એ કેવો છે અને હતો તેના વિચારો આવે છે. માટે દ્વંદ્વની રચના સમજણ પેદા કરવા માટે છે. સામસામાં જોડકાં સુખ-દુઃખ, લાભ-ગેરલાભ, સત-અસત, અનુકૂળતા-પ્રતિકૂળતા વગેરે સામસામી બાજુઓ છે. એવું જ્ઞાન મનુષ્યયોનિમાં જ થઈ શકે. એથી સમજણ પ્રગટે.

સકળ કર્મ પ્રભુપ્રીત્યર્થે, પ્રભુને સમર્પણ કરીને, એનું સ્મરણ

કરતાં કરતાં કરવાં સકળ ક્રિયા સ્મરણ કરતાં કરતાં પ્રભુપ્રીત્યર્થે કરો, તો એનું સંધાન ચાલ્યા કરે. સતત સ્મરણમાં રોકાવાથી જડ રીતે કર્મમાં ભેરવાઈ જવાનું બનતું નથી.

❦

જે ભગવાનનો ભક્ત છે. જેની બધી વૃત્તિઓ ભગવાનમાં ગળી ગઈ છે, જે ભગવાનમય થઈ ગયો છે, જેની બુદ્ધિના અનેક પ્રકારના વિકલ્પો હઠી ગયા છે, જેના પ્રાણમાંથી આશા, કામના, લોલુપતા વગેરે ટળી ગયાં છે અને જેના પ્રાણમાં ચેતનની લગની લાગી ગઈ હોય છે, વળી જેનું ચિત્ત દ્વંદ્વાતીત અને ગુણાતીત થઈ ગયું હોય છે-તેવા ભક્તનાં કામ ભગવાન જરૂર કરે છે.

❦

જ્યારે ચિત્તમાંથી નકારાત્મક સંસ્કારો દૂર થાય છે, અને એકમાત્ર ભગવાનની લગની લાગે છે, ત્યારે આપણે શરણને યોગ્ય ઠર્યા કહેવાઈએ. આપણે દશ-બાર-ચૌદ કલાક લગી સ્વાર્થમાં રહીએ એવી શક્તિ કેળવી છે. પણ જે જરૂરી છે તેને માટે કંઈ કર્યું નથી. ભગવાનના નામસ્મરણમાં ગરજ પ્રગટી નથી. તેથી તેમ બન્યું છે.

❦

જ્યારે મન અથડામણ, ગૂંચવાડો, સંઘર્ષ, દુઃખ, શોકમાં આવી પડેલું લાગે, ત્યારે માનવીએ એની એ સ્થિતિમાં પડી ન રહેવું. એને વળાંક આપવો. આવી સ્થિતિ વખતે મનને હળવાશ પ્રગટે એવો ઉપાય લેવો.

❦

ભાવનાનો સતત ફૂવારો પ્રગટે એ માટે તેવા વિચારમાં પડવું. સંસારવહેવાર અને કર્મ પ્રત્યેના વિચારોને બદલે એનાથી અતિરિક્તપણે વિચારવાનું બને એ માટે ભજન, પ્રાર્થના વગેરેનો ઉપાય લો, તો ભાવના પ્રગટે. એના સંસ્કાર જ્ઞાનતંતુ પર પડે.

❦

આપણને દુઃખ, હર્ષ વગેરે થાય છે. એની સમજણ જ્ઞાનતંતુને લીધે પડે છે. આપણા જ્ઞાનતંતુ જેટલા મજબૂત એટલા પ્રમાણમાં દુઃખ વગેરેના હુમલાની અસર મન ઉપર ઓછી થાય. માટે દુઃખમાંથી બચવા આપણા જ્ઞાનતંતુઓ મજૂબત થવા જોઈએ.

❦

સંસારમાં અનેક જીવો સાથે સંપર્કમાં આવવાનું થાય છે. એમાંથી સંઘર્ષણ, ગમા અણગમા, અવહેલના વગેરના આઘાત-પ્રત્યાઘાત જ્ઞાનતંતુઓને લાગે છે. એથી જ્ઞાનતંતુ નબળા પડે છે. અને એ સમારકામ પણ થવું જોઈએ, એમ થતું નથી.

❦

ભગવાને માનવીના શરીરને લાગતા થાકનું સમારકામ કરવા માટે ઊંઘ આપી છે. ઊંઘની બક્ષિસ આપી છે. પણ આપણા જ્ઞાનતંતુઓ એવી રીતે ઊંઘતા નથી. એ તો ઊંઘમાં પણ ચાલ્યા કરતા હોય છે. એના ઉપર રાગદ્વેષ, અથડામણ અને અનેક પ્રકારના હુમલાઓનો જે માર પડે છે, તેના વિચારોથી અને ઘર્ષણથી જ્ઞાનતંતુની નબળાઈ વધે છે. શરીરનો થાક દૂર કરવા કુદરતે ઊંઘ આપી છે. પણ જ્ઞાનતંતુને મજબૂત

કરવા કોઈ સાધન આપ્યું નથી. તેથી સાધુ-સંતો વગેરે અનુભવીઓએ પોતાના અનુભવ વડે કરીને ભગવાનના નામસ્મરણનું સાધન બક્ષ્યું છે.

❦

જો માનવી તટસ્થ થાય, સમતા કેળવે, તો જ્ઞાનતંતુને મજબૂતાઈ મળે. પણ તટસ્થતા અને સમતા કેળવવા માટે આધ્યાત્મિક પ્રકારનું જીવન વધારે જરૂરનું છે. જ્ઞાનતંતુને Tone up (સંમાર્જિત) કરવા માટે તેને મજબૂત કરવાની જરૂર છે. જ્ઞાનતંતુના સમારકામ માટે નિર્દોષ અને સરળ ઉપાય : ભગવાનનું નામસ્મરણ, પ્રાર્થના, ભજન અને એના ચરણકમળે સમર્પણ.

❦

આપણે જેવી રીતે આપણા મિત્ર પાસે ખાનગીમાં ખાનગી હકીકત કહી દઈએ છીએ, પણ તે કાંઈ આપણું દુઃખ હળવું કરે એવું હોતું નથી. પણ ભાવના તેમ કરાવે છે. એવી રીતે દરેક કલાક-મિનિટનાં અનેક સંઘર્ષણ વગેરે જે બધું હોય તે આપણા પ્યારા સગાને-ભગવાનને સમર્પણ, આત્મનિવેદન કરતા રહીએ, તો જ્ઞાનતંતુ જરૂર Tone up થાય છે, તેને બળ મળે છે. એ એટલા મજબૂત થાય છે કે આપણે મુશ્કેલી અને સંઘર્ષણથી અલિપ્ત રહી શકીએ છીએ, કશાથી આવરાઈ જઈએ નહિ. કોયડાનો ઉકેલ પણ આપણે ઉત્તમ રીતે કરી શકીએ છીએ. સંસારનો વહેવાર ઉત્તમમાં ઉત્તમ રીતે પ્રગટાવવા માટે ગૂંચોથી આવરાઈ નહિ જવાય એ માટે આ એક ઉત્તમ ઉપાય છે.

❦

મનાદિ કરણોને સમતોલપણે પ્રગટાવવા માટે સકળ પ્રકારનાં કર્મ ઉત્તમમાં ઉત્તમ રીતે થવા માટે સદ્વાચન, સત્સંગ અને ભગવાનની ભાવના ઉત્તમમાં ઉત્તમ સાધન છે.

❦

આપણે કર્મ કરીએ છીએ, પણ વેદિયાની જેમ કરીએ છીએ. કર્મ કરીએ તેમાં ભાવના હોતી નથી. અનુભવીઓએ કહ્યું કે, કર્મ પ્રભુપ્રીત્યર્થે કરો. એથી કામ, ક્રોધ, લોભ, મોહ વગેરે મોળા પડશે. ભગવાનની સાથે રમો, લડો, હસો. એથી એનું રૂપાંતર Sublimation થશે.

❦

આ જગતમાં પોતાનું દુઃખ રડતું ન હોય એવું કોઈ નથી. મુશ્કેલીઓનો પાર દેખાતો નથી. આપણે અનેક રોગોથી અનેક રીતે હેરાનગતિ ભોગવતા હોઈએ છીએ. આપણે કોઈને પૂછીએ કે, તમને શાંતિમાં વિક્ષેપ પડે છે એવી વસ્તુને તથા પરિસ્થિતિને તમે કેમ વળગેલા રહો છો ? તો તે કહેશે કે, 'એનો ઉપાય નથી !' આટલું બધું દુઃખ પડવા છતાં પણ મન એમાં વળગેલું કેમ રહે છે. એ એક મોટો કોયડો છે. માયા છે એટલે એમાં લપટાઈ જઈએ છીએ, એમ કહેવાય છે. એ વાત ખોટી છે. તમારે એમાંથી ઊઠવું નથી, નીકળવું નથી. તમને સાચા સુખની ગતાગમ નથી. સાચા સુખ માટે ફના થઈ જવાની તત્પરતા નથી.

❦

કર્મની પાછળ જેવી ભાવના તેવું કર્મનું પરિણામ નીપજે

છે. આપણે ઉત્તમ કર્મ કરતા હોઈએ, પણ મન ઊંધું વિચારતું હોય, તો એ ઉત્તમમાં ઉત્તમ કર્મનું પરિણામ પણ તેવું જ આવે. **ઉત્તમ કર્મ તેથી ઉત્તમ પરિણામ નહિ. કર્મ કરતી વખતે તમારો હેતુ, વિચાર કેવા પ્રકારનો છે, તેવું પરિણામ આવે છે. કર્મ કરતી વખતે મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ, અહમ્ કેવી સ્થિતિમાં છે, તેના ઉપર કર્મનું પરિણામ આધાર રાખે છે.**

❦

મનુષ્યનો ઉદ્ધાર તો ફક્ત ભગવાનના નામથી જ થઈ શકે.

❦

ભગવાનનું નામ લેવાય તો ઠીક અને ન લેવાય તો પણ કાંઈ નહિ. એકબીજાના દોષ ન જોવાય તો ઉત્તમ. જો જોવાય જાય, તો ગુણો જુઓ. ગુણ પ્રત્યે વિશેષ મહત્ત્વ રાખો, તો બધાં પ્રત્યે સદ્ભાવ-સુમેળ રાખી શકશો. જો બુદ્ધિ દોષો તરફ વળે, તો સુમેળ નહિ રહી શકે. જો બુદ્ધિ બીજામાં રહેલા ગુણો તરફ વળશે, તો શાંતિ મળશે.

❦

આપણે પોતાના થર્મોમિટર-માપદંડ બની રહીએ. બધાં સાથે પ્રેમ, આનંદ, સદ્ભાવથી વર્તશો, તો સુખ મળશે, શાંતિ મળશે. તમારો સ્વભાવ કેવો રાખવો છે, એ તો તમે વિચાર કરો. તમારે કેમ વર્તવું છે, એનો તમે વિચાર કરો. **સુખી થવું હોય, તો બધાં સાથે પ્રેમથી-સદ્ભાવથી રહીએ.**

❦

ત્યાગ કરવા જતાં કેટલુંયે જતું કરવું પડે. બેળેબેળે,

કંટાળાથી કર્યું, તો વિકૃતિ પેદા થાય.

ત્યાગથી તો શાંતિ, પ્રસન્નતા, ગુણશક્તિ પ્રગટે. આપણે તો બેળેબેળે By force of circumstances સંજોગના દબાવથી કરીએ છીએ. સમાજની બીકથી કરીએ છીએ. એ ગુણ નથી, પણ અવગુણ છે. સાચા ત્યાગથી તો શક્તિ પ્રગટે અને ઊર્ધ્વ ગતિ થાય.

આપણે ઘણું નકારાત્મક વિચારીએ છીએ. દરેક માણસ પોતા કરતાં બીજા વિશે વધુ વિચારે છે. અને એ રીતે શક્તિનો નાશ કરે છે. બીજા વિશે વિચારનાર પોતાના જીવનમાં કશું સાધી શકે નહિ. તે પોતાને સુધારી શકે નહિ. ઊલટું તે પોતાની શક્તિનો નાશ કરે.

જો આપણે શાંતિ, પ્રસન્નતા વગેરે અનુભવવાં હોય, તો બીજાંના વિચાર કરવાનું છોડી દેવું જોઈએ. પોતાની જાતને જ તપાસાય. અને એ પણ ઉત્તમમાં ઉત્તમ કેવી રીતે થાય, એનો વિચાર કર્યા કરવો. બીજાં શું કરે છે, એ જોવું નહિ. જે **માણસ બીજાની ચિંતાનો ટોપલો માથે રાખી ફરે છે, તેને જ રોગનો હુમલો થાય છે, તે શક્તિહીન થાય છે. રોગના હુમલા ન વધે એ માટે પોતાના માટે વિચાર કરો, તો તે ઉત્તમ છે.**

માણસમાં ગુણ અને અવગુણ બંને રહેલા હોય છે. માટે હંમેશાં એના ગુણના જ વિચાર કરો. જ્યારે પણ કોઈના વિશે

નકારાત્મક-ખરાબ વિચાર આવે, ત્યારે તેના સારા ગુણનો વિચાર કરો. આ રીતે માનવી પોતાના મનને સારું કરે, પાંસરું કરે, તો મન સુવિચારમાં પ્રગટી જાય. આવી રીતે રચનાત્મક વિચાર-Positive thinking કરવાથી લાભ થશે. માટે જો આપણે રચનાત્મક વિચાર કરવાની ટેવ પાડીશું, તો વસ્તુનો ઉકેલ કરવાની પણ ટેવ પડશે. ગમે તેવાં ગૂંચ, કોયડા, મુશ્કેલીઓમાં પણ રચનાત્મક રીતે વિચાર કરવાથી શાંતિ, પ્રસન્નતા ટકી રહેવાનાં અને તેનો ઉકેલ પણ તે સારી રીતે કરી શકવાનો.

જ્યારે જ્યારે ગૂંચ-મુશ્કેલી પ્રગટે, ત્યારે તેમાં પડી ન રહેતાં આપણે મનના વલણને બીજી બાજુએ વાળીએ. સ્મરણ, ભજન અથવા મિત્ર સાથે વાત કરીએ, તો મનનું વલણ ફેરવાય અને એ સમતામાં પ્રગટે. જો આવી રીતે વર્તતા રહીએ, તો પ્રશ્નોનો, ગૂંચનો, કોયડાનો સારી રીતે ઉકેલ કરી શકીએ. અને આ રીતે નહિ વિચારીએ તો ગૂંચવાયેલા હોઈએ ત્યારે ઉકેલ આણી નહિ શકીએ.

સંસારમાં સારી રીતે કર્મ કરવાને મન ધીરજ અને સહનશક્તિવાળું હોય, તો મન કાબેલ બનવાનું. અને કર્મ સારી રીતે પાર પડવાનાં. અંતે આપણે સુખી થવાનાં. આપણા વડે કોઈને ઉદ્વેગ નહિ થાય. ગીતાના બીજા અધ્યાયમાં શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું છે કે, **જે કોઈને ઉદ્વેગ ન પમાડે અને પોતે ઉદ્વેગ ન પામે, એને સ્થિતપ્રજ્ઞ જાણવો.**

❦

આપણે પોતાના વિશે વિચારવાનું છે. પણ દોષના કે વિકાર વાસનાના વિચાર કર્યા કરવાના નથી. એ બધું તો નબળાઈના ઢગલા વધારે. દોષનું ભાન જાગે, એ જરૂરનું છે. પણ એને નિવારવા પોતે કેવું મથી રહ્યો છે, કેવા પ્રયત્નો કરે છે, એ વિચારવાનું છે. એમાંથી નીકળી જવા કેવા ભગીરથ પ્રયત્ન, જોશ, ઉત્સાહ, ઉમળકો પ્રગટ્યો છે, તે જોવાનું-વિચારવાનું જરૂરનું છે. આવું ન અનુભવાતું હોય, તો માનવી ઊંચે ન આવી શકે. આ બધું કરવા માટે આંતિરક બળ જોઈએ. એ માટે ભગવાનનું નામસ્મરણ ઉત્તમમાં ઉત્તમ ઉપાય છે.

❦

આપણે તો માનવી હોવા છતાં જાણે પશુયોનિમાં છીએ ! કેમ કે આપણે જે વિષયવિકારને ભોગવીએ છીએ, એના વિશેનું પણ આપણને ભાન નથી. આપણે એના વિચાર પણ કરતા નથી. ઢોર ગમે તેવું કર્મ કરે, એનો તેને વાંધો નથી. એનું તેને બંધન નથી. કેમ કે એ તો કર્મને માત્ર ભોગવે છે. પણ મનુષ્યને તો સારાં કે ખોટાં કર્મ કરતાં વિચારો થાય છે, અને એ રીતે અનેકગણી રીતે પ્રારબ્ધ વધાર્યાં કરે છે. તમને ખોટું લાગે તો ભલે ! તોય હું તમને કહું કે, ઢોર પ્રારબ્ધ વધારતું નથી. આપણે તો પ્રારબ્ધ ઘણું વધારીએ છીએ, પોષીએ છીએ. આપણે તો પળેપળ રાક્ષસોને જન્માવીએ છીએ. વિચારની રીતે મને આ હકીકત લાગે છે.

❦

દંભી કોઈ દિવસ આગળ વધી શકતો નથી.

❦

જો સુખી થવું હોય, શાંતિ મેળવવી હોય, તો વિચાર કરવાની રીતે બદલો. હંમેશાં તમારામાં રહેલી નબળાઈઓનું ભાન પ્રગટાવો. તેમાંથી નીકળવાને મથો.

❦

જેવી રીતે એન્જિન ચલાવવા વીજળી, ક્રૂડ ઓઈલ, કેરોસીન જોઈએ છે, એમ આંતરિક બળ માટે ભગવાનનું નામસ્મરણ, ભજન, પ્રાર્થના અને સદ્વાચન જરૂરી છે.

❦

ઘણા માણસો મારી પાસે વાતો કરવા આવે છે. પણ એ બીજાને વિશે જ કહેતા હોય છે. પોતાને વિશે કોઈ કશું કહેતું નથી. આવું જ્યારે જોઉં છું, સાંભળું છું, ત્યારે એમ લાગે છે કે, તે ભૂલો પડેલો છે. જે ખરી રીતે પોતાની જાતને શોધતો હોય, એવો કોઈ નથી આવતો. જ્યારે હું આવા લોકોનું આવું બધું સાંભળું છું, ત્યારે મને એમ જ લાગે છે કે આ દુઃખી થવાને લાયક છે. માટે મારી તમને બધાંને પ્રાર્થના છે કે, સુખ મેળવવું હોય, તો પોતાને વિશે જ વિચાર કરો.

❦

**મારી તમને વિનંતી છે કે, દેવું કરશો નહિ. કરો તો સગાંવહાલાનું દેવું કરશો જ નહિ. બહારથી લેજો.** ભગવાનની કૃપાથી સંસારીઓને આ સલાહ આપું છું. મેં સગાંવહાલાંના પૈસા લીધેલા ને મહેણાં-ટોણાં સાંભળેલાં. સગાંના પૈસા લો, તો તેવું સાંભળવું પડે.

❦

જો મનુષ્યમાં એકબીજાનું ભલું કરવાની અને પ્રભુપ્રીત્યર્થે બીજાનું સારું કરું, એવી ભાવના નહિ હોય, તો પતન થાય.

જ્ઞાન મેળવવા માટે સંકુચિત ન રહેવું જોઈએ. બુદ્ધિ જ્ઞાન મેળવવા-અનુભવવા માટે છે.

સંસારમાં આપણે કર્મ તો કરવાં જ પડે છે. પણ લોભ ન રાખીએ. પાંચના પચ્ચીસ કેમ નહિ ? પચ્ચીસના પચાસ કેમ નહિ ? એવી ધારણા નહિ રાખીએ.

કર્મ તો સદ્ગુરુ છે. એને ઉત્તમમાં ઉત્તમ રીતે કરો, તો એનાથી અનેક ગુણો ખીલશે.

**જેટલું વધારે જ્ઞાનપૂર્વક સહન કરીએ, એ મોટામાં મોટું તપ છે.** એનાથી શુદ્ધિ થાય. આવું તપ થાય, તો પ્રાણની શુદ્ધિ થાય. અનેક જાતની સમજણોના આડપડદા હોય, તે ખસી જાય.

આપણું કશું પણ બીજાને ન ખૂંચે, એવી રીતે જીવતાં શીખો.

પહેલાં જીવન-વ્યવહારમાં સરળતા હતી. પાપ ઓછું હતું. એકબીજા સાથેનો વ્યવહાર સીધો હતો. ગરીબોને માટે પ્રેમ હતો. ગરીબને ત્યાં પ્રસંગ આવે, તો જે સાધનસંપન્ન હોય,

તે બધું પહોંચાડે. એક રાવસાહેબ હતા. કોક ગરીબને ત્યાં લગ્નપ્રસંગ હોય, તો પોતાની ઘોડાગાડી એને ત્યાં મોકલતા. અને પોતે ચાલતા જતા. આ તો મેં જાતે જોયેલું છે. પ્રેમથી ઘસાવું એવું ભાવનાતત્ત્વ પહેલાં હતું. આજે ઓછું થઈ ગયું છે. આપણા સ્વાર્થમાં રાચવું, બીજાને ભલે નુકસાન થાય. આજે આવી વૃત્તિ વિશેષ જોવા મળે છે.

જે માણસ પોતાના સ્વભાવને-પ્રકૃતિને બરાબર પારખી શકે, તે જ બીજાના સ્વભાવને-પ્રકૃતિને પારખી શકે.

ભગવાનનું નામ લેનારને બીજા સાથે કેમ વર્તવું, એની સમજણ પ્રગટે છે.

જો આપણે જીવનની મળેલી પ્રવૃત્તિને શોભાવવી હોય, તો એ પ્રવૃત્તિ અંગે જે જે માણસો જોડે મળવાનું બને, તે તે બધા સાથે સદ્‌ભાવ-સુમેળથી વર્તીએ, તો આપણને લાભ મળે છે. એને લીધે આપણું ખમીર વધવાનું છે. આ પણ એક સાધના જ છે.

મનુષ્યની જિંદગી કેવળ મહાલવા કાજે નથી. પણ ઊંચા પ્રકારની ભાવના પ્રગટાવવા કાજે છે.

આપણે એકલા હોવા છતાં સમાજ સાથે સંકળાયેલા છીએ. આપણાથી સમાજ ઊંચો આવે એવું કરીએ, તો તે પણ

ભગવાનની ભક્તિ છે.

આપણા રાગદ્વેષ મોળા પડ્યા વિના, અંતરના મેલની શુદ્ધિ થયા વગર આપણી કે સમાજની ઉત્તમ સેવા થઈ શકતી નથી.

ભગવાનની ભાવનાનો ભંડાર આપણા ચિત્તમાં પડેલો છે.

આપણામાં સચ્ચાઈપૂર્વક, ભક્તિભાવથી અને પ્રામાણિકતાથી જીવન જીવવાની ભાવના પ્રગટે, તો ભગવાનની કૃપાનું અવતરણ થયા વિના રહે નહિ.

સુખદુઃખના અનુભવનો આધાર મન પર છે. સુખ અને દુઃખનો મન કેવી રીતે સ્વીકાર કરે છે અને એનો કેવી રીતે પ્રત્યુત્તર વાળે છે, એના પર સુખદુઃખના અનુભવનો આધાર રહેલો છે.

અનંત પ્રકારના અને અનંત મનુષ્ય સાથેના સંબંધો હોય છે. એવા સંબંધોમાં મીઠાશ વગેરે પ્રગટે અને તેમની સાથે ભ્રાતૃભાવે, સદ્‌ભાવથી, સુમેળથી, પ્રેમથી વર્તીશું, તો આપણા પોતાના માટે જ એમ કરવાનું છે, એ સમજજો. આપણી બુદ્ધિ સૂક્ષ્મ થશે, આપણી વાણી સરળ થશે, એની અસર આપણી પ્રકૃતિ-સ્વભાવ પર પણ થશે. જેને આવું ઉત્પન્ન કરવું છે, તેણે સંસારમાં આ રીતે વ્યવહાર કરવો જોઈએ. આમ કરીશું

તો સ્વભાવમાં રૂપાંતર થવાની શક્યતા છે. તમારી સ્થિતિ સમજીને નાનકડું ધ્યેય પણ લો. તમારામાં જે પ્રકારના વિચાર, કામના, ઈચ્છા ઊઠે છે, તેને સમજીને નાનું સરખું પણ ધ્યેય રાખો. તેને પ્રાપ્ત કરવા મથો. એમ કરતાં પણ ધ્યેય ઊંચું થતું જશે.

ભાવના તો પ્રકાશ આપનારી છે. હૈયાસૂઝ આપનારી છે.

આપણે કોઈ પ્રવૃત્તિ કરવી હોય, તો તે ધ્યેય રાખીને કરવી જોઈએ. તેને માટે ઉત્સાહ, દૃઢતા, ખંત, કાળજી, થનગનતો ઉત્સાહ દર્શાવો. તેને માટે ફનાગીરીની તૈયારી, જીવનને ન્યોછાવર કરવાની તાલાવેલી હોવી જોઈએ.

સંસારવ્યવહારમાં દુઃખ તો જરૂર આવવાનું છે. ફલાણાએ આમ કહ્યું, તેમ કર્યું એવું બધું આપણામાં પ્રગટે, ત્યારે તેનો હેતુ વિચારવો, પણ આપણે સામો માણસ વર્તે એ રીતે વર્તવાનું ન રખાય. આપણે તો ભાવના સતેજ રહે અને થયા કરે, એ રીતે જ વર્તવાનું રાખવું. એમ વર્તતાં વર્તતાં ભાવના પણ જ્વાળામુખી જેવી થવાની છે. એ સાથે ભગવાનનું નામ અને સત્સંગ ચાલુ રાખવાં. આમ થશે તો જ આપણે ચેતનના માર્ગે જઈ શકવાના છીએ.

આપણે જાતે ભાવનાથી વર્તીશું તો સામો માણસ પણ ભાવનાથી વર્તશે, એમ બનવાનું નથી. બીજા માણસો

પોતપોતાની ભાવના પ્રમાણે વર્તવાના. પણ આપણે તો ગુણશક્તિથી વર્તવાનું રાખવું.

❦

મેં તમને રસ્તો બતાવ્યો છે કે, ભાવનાને કૂણી રાખવા માટેનું કર્મ સત્સંગ છે. ભાવનાથી સત્સંગ કરીશું, તો ધ્યેયને આગળ વધારી શકીશું. બાકી સંસારવ્યવહારના રગશિયા ગાડામાં બેસીને રગદોળાવું હોય, તો ભલે.

❦

જ્યારે આપણને કોઈ વ્યક્તિ વિશે આદરભાવ પ્રગટે છે, અને તેવો આદરભાવ જીવંત બને છે, ત્યારે તેના વચનમાં શ્રદ્ધા વિશ્વાસ ઝટ બેસે છે. જેટલો આદરભાવ જેનામાં આપણો જ્ઞાનપૂર્વક વધારે હોય, તેટલાં શ્રદ્ધા-વિશ્વાસ તેના કહેવામાં આપણને વધારે પ્રગટે છે. તેનું બતાવેલું કરવાને આપણે હૃદયના ભાવથી પ્રેરાયા કરીએ છીએ.

❦

તમને લાખવાર વિનંતી કરવાની કે, આપણે જે કંઈ કરવાનું છે. તે બધું સમજી સમજીને ઘણી ઘણી જાગ્રતિથી ધ્યેયને લક્ષમાં રાખીને જ્ઞાનપૂર્વક કરવાનું છે. અંધશ્રદ્ધાને તો ક્યાંયે ખૂણેખાંચરે પણ રાખવાની નથી.

❦

પ્રેમભાવ એ આ માર્ગમાં એક બળવાન અને અનિવાર્ય સાધન છે. કેમ કે તે સદ્‌ગુરુની ચેતનાશક્તિનું સુંદર વાહન છે. સદ્‌ગુરુની ચેતનાશક્તિ આપણા સત્ત્વમાં-આધારમાં પહોંચાડનાર ને પ્રસરાવનાર શ્રેષ્ઠ સાધન તે પ્રેમભાવ છે. તેમાં

પછી સદ્‌ગુરુ પરત્વેનો આદરભાવ અને ભક્તિભાવ ઉમેરાય અને જીવનનો પ્રવાહ પ્રભુપંથે વળે એવી જાગ્રત, ઉત્કટ તમન્ના પ્રગટે, એટલે આપણું કામ થઈ જાય છે.

જેમની પાસેથી કંઈક મેળવવું છે, તેમને તેમને આ જીવે એટલા પ્રેમભાવથી ચાહ્યા છે કે તેઓ જ મારા પર ફીદા થઈ જતા ને મારા પર ઘણો પ્રેમ દાખવતા. જેની કનેથી આપણે મેળવવાનું છે, તેના દિલમાં આપણું દિલ એક કરી દઈ શકીએ, અને આપણે જો તેના જ પૂરેપૂરા થઈ જઈ શકીએ, તો તેનું દિલ આપણા પર પ્રગટે છે.

સાહસના પ્રસંગોને ખાસ આવકારવા જોઈએ. એવા મળેલા પ્રસંગો તો પ્રભુની કૃપા-તક છે. જો જીવનધ્યેયનો હેતુ લક્ષમાં હોય, તો મળેલો પ્રસંગ તો જીવનના ઘડતરની એરણ છે.

જીવનમાં શ્રીભગવાન ઉપર શ્રદ્ધા કેળવવાની ઘણી જરૂર છે. જ્ઞાનભક્તિપૂર્વકની શ્રદ્ધા વિના આ પંથમાં એક ડગલું પણ આગળ ભરી શકાશે નહિ.

**આપણે સામાન્ય લોકો તો સહીસલામતીને જ ખોળીએ છીએ, કેમ કરીને જીવનમાં એશઆરામ ને સુખચેન વધારેમાં વધારે મળે અને સાહેબી ભોગવી શકાય એ જ એક માત્ર દૃષ્ટિબિંદુ આપણું હોય છે. પરંતુ આ માર્ગના પ્રવાસીએ તો**

**એવી સહીસલામતીને, ઉપભોગની લાલસાને તિલાંજલિ આપી દેવાની છે. સહીસલામતીની વૃત્તિના સકંચામાં જે રહ્યા કર્યો, તે તો મૂઓ જ સમજવો. એવાનામાં આત્મબળ ક્યાંથી પેદા થાય ?**

કોઈપણ સત્પુરુષનો ભાવનાથી સેવાયેલો સત્સંગ કદી પણ નિષ્ફળ જતો નથી. ઘરમાં પ્રવેશવાને માટે જેમ ઊમરો છે, તેવી રીતે જીવનવિકાસના યોગમાં પ્રવેશ થવા કાજે અને આગળ ધપવા કાજે કર્મ તે ઊમરો છે.

સદ્‌ભાવથી અને દિલના ઉમળકાથી કરેલી સેવા આપણાં મનાદિકરણને એક પ્રકારની સુખદ લાગણી પ્રેરાવે છે, અને તેમને ભાવનાથી ભીંજાયેલાં રખાવે છે. જે કોઈ જીવ પોતાના સદ્‌ગુરુને પોતાના જીવનથી કરીને દિલમાં દિલથી સંતોષ આપે છે, તેનો બદલો તેને પૂરેપૂરી રીતે બેવડો, તેવડો, ચોવડો મળી રહે છે.

જીવન ગુણ અને શક્તિ વિના કદી ટકી શકતું નથી, નભી શકતું નથી. ને જીવનને તેના વિના ચલાવી શકાતું નથી. જીવનમાં તેની ઘણી જરૂરિયાત છે.

જેણે ભગવાનની કૃપા ઈચ્છવી છે, તેવા જીવે ભગવાનને રુચે તેવો પૂરેપૂરો સંતોષ પ્રગટાવવો પડે છે.

આ જીવથી જે કંઈક થઈ શક્યું છે, તે માત્ર શ્રીહરિની કૃપા-શક્તિથી જ. તણખલા જેવાને પણ શ્રીહરિની ભક્તિ લાગતાં, તેવા શરણજનથી કેવાં ભગીરથ કર્મ થઈ શકે છે, તેનો જીવતોજાગતો દાખલો આ જીવ છે.

❦

કર્મ વિના જ્ઞાન નથી. ને જ્ઞાનના અનુભવ વિના કર્મથી મુક્તિ પણ નથી.

❦

ભગવાન તેના ખરેખરા ભક્તને તેની આપત્તિના સમયમાં કોઈ ને કોઈ રીતથી મદદ પ્રેર્યા કરે છે.

❦

**આપણાથી હજી પૈસાનો ત્યાગ થઈ શકે, કીર્તિનો ત્યાગ થઈ શકે, સગાંવહાલાંનોયે ત્યાગ થઈ શકે. પરંતુ 'આપણાં' માની લીધેલાં, આત્મસાત્ કરી લીધેલાં એવાં મંતવ્યો, ટેવો, ગણતરીઓ, સમજણો, મૂલ્યાંકનો વગેરે વગેરેનો ત્યાગ થવો ઘણો મુશ્કેલ છે.**

❦

આપણી પોતાની ભાવનાને તત્પરતાયુક્ત કેટલી તાલાવેલી જાગેલી છે, તે તપાસી જોવા માટે મુશ્કેલી તો કસોટીનો પથ્થર છે.

❦

જીવનનું એકએક પાસું સાધનાનો ભાવ કેળવવા માટે છે.

❦

આપણું કર્તવ્યપણું, આપણું બળ, આપણી કરામત અને આપણાથી બનતો જતો પુરુષાર્થ એ બધું ભગવાનની કૃપાના બળ આગળ કશી જ વિસાતમાં નથી.

❦

વર્તમાનમાં જીવનભાવે જાગ્રત રહીને યથાયોગ્યતાથી જેનું જીવન વહ્યાં જશે, તેને ભૂતકાળ કશો જણાવાનો નથી, ને ભવિષ્ય તો વર્તમાનમાં આપમેળે પ્રગટવાનું જ છે.

❦

મક્કમ દૃઢ નિર્ણય પ્રગટ્યા વિના સાધનાની દિશાના પ્રયત્નમાં કશા ચેતનવંતા પ્રાણ પ્રગટી શકવાના નથી.

❦

સાચી શ્રદ્ધાથી જામેલો વિશ્વાસ જ કસોટીના કાળે ટકી શકશે, બીજો નહિ.

❦

અક્કડપણાને અને અહમ્‌ને નમ્રતામાં પ્રગટાવવાને માટે જ્ઞાનભક્તિયુક્ત ભાવથી નમવું, તે પણ સાધનાનો એક પ્રકાર છે.

❦

જીવનવિકાસમાં આડે આવનાર જે કોઈ આવરણો છે, તેમાં અહંકાર જેવું સૂક્ષ્મ અને બળવાન બીજું કોઈ તત્ત્વ નથી.

❦

દેખાતી નમ્રતામાં ભારેમાં ભારે અહંકાર છુપાયેલો પડ્યો હોય, એ પણ એક નક્કર અનુભવની હકીકત છે.

❦

જીવનને પ્રત્યેક તબક્કે યુદ્ધ રહેલું જ છે. એવું જીવનસંગ્રામનું યુદ્ધ એટલે દેવાસુર સંગ્રામ. એ યુદ્ધ જીવનમાં સતત ચાલી રહેલું છે એવો અનુભવ જીવનવિકાસના સાધકને થયા વિના રહેતો નથી.

❦

અનેક પ્રકારની માન્યતાઓ, સમજણો, ટેવો, આગ્રહો- આ બધાંને ટકાવી રાખવામાં ને જીવતાં રાખવામાં अहम् મોટો ભાગ ભજવે છે. अहम्ને કારણે મડાગાંઠો ઓગળી જઈ શકતી નથી.

❦

કેટલીક વાર ભીંત સાથે માથું અફળાયા વિના માનવીને સાચું ભાન પ્રગટતું નથી. અરે ! તેથીયે બસ થતું નથી. અને કેટલીક વાર એક વાર નહિ પણ અનેક વાર માથું અફળાવાનું બને છે, ત્યાર પછી કંઈક થોડું ઘણું ભાન જાગે છે. જ્યારે જ્યારે એવું અફળાવાપણું બને છે, ત્યારે તેમાં ધ્યેયના હેતુનું જ્ઞાનભાન તાત્કાલિક જાગે, તો તેવી વેળાએ એવા અથડાવાના પ્રસંગને જીવનનો સાધક પ્રેમભક્તિભાવે નવાજે છે ને તેમાંથી તે કેળવાય છે ને કમાય છે. એટલે એવા અથડાવાના પ્રસંગોમાંથી પણ, જો આપણે સંપૂર્ણ સજાગ હોઈશું, તો ઘણું મેળવી શકીશું.

❦

મનના અસંખ્ય ફંદોને ઓળખી કાઢી, તેવા કોઈ પણ ફંદામાં ન ફસાઈએ, એટલી પૂરેપૂરી જાગૃતિ રાખ્યા કરવાની છે.

જેને આજે આપણે સાત્ત્વિક વિચાર, વાણી ને વર્તન સમજીએ છીએ, એમાં પણ કેટલું સેળભેળપણું હોય છે, તેનું આપણને ભાન નથી.

ભૂતકાળમાં થઈ ગયેલા પ્રસંગોને સંભારી સંભારીને તેમાંથી ઊપજતા લાગણી ને વિચારોના તાંતણાને લંબાવા દેવાના નથી.

આપણા લક્ષને કદી પણ આડફંટે ફેંકાવા ન દો.

આજને જેણે પ્રેમભક્તિજ્ઞાનપૂર્વક જીવનવિકાસના ધ્યેયના જ્ઞાનભાનથી, સંપૂર્ણ યોગ્યતાથી જીવી જાણી, તેનું ભવિષ્ય પણ તેટલું જ ઉજ્જ્વળ છે.

શ્રીભગવાનની કૃપાશક્તિ નિઃસીમ અને અપાર છે. પરંતુ તે કૃપાશક્તિને અનુકૂળ જીવવાનું આપણાથી બની શકતું નહિ હોવાથી, एની કૃપાની શક્તિનો સ્વીકાર આપણાથી થઈ શકતો નથી. પ્રભુની કૃપાશક્તિને કામ કરવાનો આધાર આપણે પ્રગટાવી આપવો પડે છે.

કોઈ પણ પરિસ્થિતિમાં કોઈ પણ ભારેમાં ભારે કટોકટી ભરેલી તંગ સ્થિતિ ભાવ કેળવવાને માટે, ભાવમાં રહેવાને માટે કે ભાવમાં ભાવથી જીવંતપણે જીવવાને માટેની હોય છે.

દિલમાં પ્રગટતા ભાવનાના પ્રવાહને અંતરના બાગના ફળફૂલના ક્યારા ને રોપાને પાવાનું કરવું ઘટે. એને બહાર વહી ન જવા દેવાય.

કોઈ સમયે એવા કોઈ સંબંધી મળે કે જેમના પરત્વે ખૂબ મોહ ને આસક્તિ હોય. તો તેવા સંબંધી સાથેનો આપણો સંપર્ક એક ઊંડી ઘેરી છાયા તે સંપર્ક પૂરો થઈ ગયા પછીથી પણ મૂકી જાય છે. અને ઊંડા સંસ્કાર તેવો સંપર્ક પાડી જતો હોય છે. આવા પ્રકારના કશા ઊંડા સંસ્કાર અને આવી છાયા ચિત્તમાં ન પડી જાય, તેની તો ઘણી ઘણી કાળજી રાખવાની છે. એટલે એવા પ્રસંગ, વિચાર કે બનાવ કે તેની છાયાને કોઈ ને કોઈ રીતે પ્રેમથી વિદાયગીરી આપી દેવાની છે.

આનંદની પ્રગટતી જતી વૃત્તિને તમે કંજૂસના ધનની જેમ સાચવી સાચવીને સાધનના અભ્યાસમાં જ વાપર્યાં કરશો, તો આપણું એ સાધન-ધન, સાધના-મૂડી બેવડાતી ને તેવડાતી જશે. જો તેમ નહિ કરીશું તો, નદીના પૂરનાં પાણીને નહેરો મારફત ખેતરોમાં વાળવાને બદલે નકામું વહી જવા દેવા જેવું થશે. એટલું જ નહિ પણ પૂર ઊતરી જતાં (ભાવની) જે ઓટ થશે, તે સહેવી મુશ્કેલ થઈ પડશે, અને પાછા પડવાપણું થવાનું.

‘A rolling stone gathers no moss.’-‘સતત ગબડ્યા કરતા પથ્થરને લીલ બાઝતી નથી.’ એને આ અર્થમાં ઘટાવું છું. જો આપણે ગબડતા જતા પથ્થર જેવા-નહિ કે જડ,

પડી રહેલા પથ્થર જેવા-બની ગયેલા હોઈશું, તો moss-લીલ-એટલે કે આધ્યાત્મિક જીવન સિવાયની બીજી રાગમોહાદિક વૃત્તિની લીલ આપણને બાઝી શકશે નહિ.

❦

માનવીની પાસે-દરેકની પાસે પોતાનું એક અલગ ધોરણ, માપપટ્ટી હોય છે. તેના વડે તેના સર્વ સંબંધીઓને તે માપે છે. કોઈને 'સારો' ને કોઈને 'નરસો' ગણે છે. આમ એકને કોઈ માનવી સારો લાગતો હોય, પણ બીજાને તે જ માનવી ખરાબ લાગે છે. એમ આપણે વહેવારમાં જોઈએ છીએ. આવું ધોરણ બહુ કાચા અને મલમિશ્રિત મનથી અને અધકચરી બુદ્ધિના વલણથી ઘડાયેલું હોવાથી તે ઘણું સંકુચિત અને આધાર ન રાખવા લાયક હોય છે. એટલે એવા માપથી કોઈનું મૂલ્યાંકન કરવું, એ બિલકુલ યોગ્ય નથી, એટલું જ નહિ પણ તેમ કરવામાં આપણી જ મોટી ખોડ છે. ઈશુ ભગવાને કહ્યું છે કે-'Judge not that ye be not judged.'-'કોઈનું યે મૂલ્યાંકન કરવા બેસશો નહિ, નહિતર તમારું જ મૂલ્યાંકન થઈ જશે.' એ નક્કી જાણજો.

❦

આપણે બીજાં માટે મત બાંધી દેવાનું પ્રયત્ન કરીને છોડી દેવાનું રાખવું.

❦

આપણે વિચારોના ચગડોળે બહુ ચઢી જઈએ છીએ. એટલે પ્રથમ તો આપણે એના ઉપર કાબૂ મેળવવાનું કરવું જોઈએ.

❦

આપણામાંનાં ઘણાંને વિચારના લાંબા લાંબા તાંતણા જોડીને તે પછી નિર્ણય કરવાની જે ટેવ છે, તે તો જવી જોઈએ.

**મૌન એ સ્થૂળપણે મૂંગા રહેવું તે નહિ. મૌન એટલે તો હાલના તબક્કે વિચારોના ખળભળાટ, પ્રાણનાં પ્રચંડ વાવાઝોડાં, બુદ્ધિમાં સંશય, શંકા અને અનિશ્ચિતતાના પરિણામે જન્મતી ગડમથલો, સંસ્કારોનું ઊછળ્યા કરવું ને અહમ્‌ની જોરદાર જીવદશાની પ્રેરણાઓ-આ બધાંમાંથી મુક્તિ મેળવવી તે મૌન.**

ઝંખના તો રાખો, પરંતુ તે ધ્યેય પરત્વે.

શરીરને કારણે કામ અટકી શકતું જ નથી. ધ્યેયને પ્રાપ્ત ન કરી શકવાનું એકમાત્ર કારણ જો શરીર હોય, તો તો રોગી, દુ:ખી, દર્દી કદીયે ભગવાનને ભજી જ ન શકે ને ? ના, તેમ નથી. શરીરની સ્થિતિને કારણે પ્રગતિમાં વાંધો પ્રગટી શકતો નથી. પ્રગતિમાં વાંધો પ્રગટે છે તે તો સ્વભાવ ને પ્રકૃતિને લીધે જ.

મનને આપણે બહુ જ દોડવા દઈએ છીએ. તેથી તેમાં કોઈ પ્રકારની સ્થિરતા ટકતી નથી.

વાસનાનું ઊર્ધ્વીકરણ ત્યારે જ શક્ય બને છે કે જ્યારે આપણા આધારનાં કરણોમાં સાંગોપાંગ ભગવાનનું સાતત્ય પ્રગટેલું હોય છે. એની મેળે વાસનાનું રૂપાંતર કદી થઈ શકતું નથી. તેથી પ્રથમ

શરત તો કરણોમાં પ્રગટેલું ભાવનાનું સાતત્ય છે.

આપણે તો સુગંધીદાર ફૂલોની સુવાસ પળેપળ લેવાનું કરવું છે. અને અનેક પ્રકારની દુર્ગંધ પ્રગટે એવા મનાદિ કરણના ખેલોમાં હજી તો આપણે અટવાઈ પડીએ છીએ !

જેની જેની પરત્વે આપણને અણગમો હોય કે કંટાળો જાગતો હોય, તેને તેને આપણે વધારે ચાહી ચાહીને દિલથી વધારે ગમવાનું બને તેમ આપણે પ્રવર્તવાનું છે.

મુશ્કેલી એ તો ખમીર પ્રગટાવવા માટેનું સોપાન છે.

આપણે સંસારવહેવારના વર્તનમાં બને તેટલો આપણો પોતાનો જ દોષ જોવાને પ્રવર્તવું અને તેને જ મહત્ત્વ આપ્યા કરવું. બીજાના દોષ જોવાનું મન, ઇંદ્રિયો કરે, ત્યારે તેમાંથી તેમને પાછાં વાળવાને પ્રેમથી મથવું.

સંસારવહેવારમાં બધાંની સાથે સદ્ભાવની ભૂમિકા કેળવ્યા કરો. એથી કરીને લાભ આપણને પોતાને છે. સંસારમાં મળેલાંઓની સાથે સુમેળ, સદ્ભાવ, પ્રેમભાવ, સહાનુભૂતિ વગેરે વગેરે કેળવ્યા કરવાનું રાખીશું, તો મનનાં શાંતિ, પ્રસન્નતા ટકવામાં અને તે તે ભાવનાને પ્રજ્વલિત કરવામાં સંસારમાં આ પ્રમાણે આચરવાની રીત આપણને ઘણી મદદકર્તા નીવડે છે, એવો મારો પ્રત્યક્ષ અનુભવ છે.

❦

સંસારવહેવારની કઠણાઈને સાચી ભાવનાથી કૃપા કરીને ઓળખવાનું કરજો. જીવનમાં જીવને ઉચ્ચતર ગતિમાં પ્રગટાવવાને માટે કઠણાઈની જરૂર છે. હથિયારની ધારને તેજ કરવાને માટે તેને કઠણ પથરી પર ઘસવું પડે છે, એ તો જાણીતી હકીકત છે. **સંસારવહેવારની તેવી કઠણાઈ અથવા તો સાધનાના માર્ગની તેવા પ્રકારની કઠણાઈ જીવનને વધારે તેજસ્વીપણે પ્રગટાવવાને માટે શ્રીભગવાનની કૃપાપ્રસાદી છે, એવું લેખવાની સદ્‌ભાવના કૃપા કરીને કેળવ્યા કરવાનું રાખજો. કઠણાઈ તો ઊંડાં ઊંડું પ્રવેશવાની ગતિ થવાને માટે છે.**

❦

પોતાના દિલનો આત્મવિશ્વાસ એ ભારેમાં ભારે કામ કરી શકે છે.

❦

આપણે ઊર્મિ કે લાગણીમાં તણાઈ જવાનું નથી. આપણી જાતના આપણે ખૂબ કડકમાં કડક પરીક્ષક થવાનું છે. ભૂલેચૂકે પણ આપણાથી આપણા કોઈ કાર્યને જરા પણ વધુ પડતું અંકાઈ જાય નહિ તે તો ખાસ જોવાનું છે.

❦

શ્રીભગવાન તો સો ટચનું સોનું માગે છે. અને ए તો આપણું एનામાં સંપૂર્ણ ભળી, મળી, ગળી ગયેલું દિલ માગે છે.

❦

ભગવાન કૃપાળુ છે. આપણી આંખો ને હૃદય ઉઘાડવાને

સદાય જીવંત છે. એના રસ્તા પણ ન્યારા ન્યારા છે.

આત્મવિશ્વાસ એ એક એવું મોટું જબરજસ્ત જીવનને પ્રેરાવનારું સાધન છે કે, જો તે સાધનની સમર્થતા પ્રભુકૃપાથી દિલમાં ઊગી આવે, તો માનવી કદી પણ તેનાથી કરીને (એ સાધનને લીધે) નિરાશ બની શકતો નથી. સાધનાના માર્ગમાં જેમ શ્રદ્ધાની અચૂક મહત્ત્વની જરૂરિયાત છે, તેમ આત્મવિશ્વાસની પણ છે.

કોઈ પણ પરિસ્થિતિમાં શાંતિ ને પ્રસન્નતા જાળવી રાખવાં જ. શાંતિ-પ્રસન્નતા જો નહિ ટકાવી શક્યા, તો આપણાથી કંઈ કશું બની શકવાનું નથી, તે નક્કી જાણશો. **પ્રસન્નચિત્તતા એ તો સાધનાનું પ્રથમ લક્ષણ. શાંતિ ને પ્રસન્નતા એ સાધનાનાં પ્રવેશદ્વાર પણ ગણાય.**

આપણે મનના ગુરુ મનને કરવાનું છે. મનમાં અનેક પ્રકારનાં તરંગો, કલ્પનાઓ, ઉડ્ડયનો, વિચારો, વૃત્તિઓ, લાગણીઓ-આ બધાંમાં મન આપણને પૂરેપૂરું ફસાવી દેવાનું કરતું હોય છે. તે તે વેળાએ જાગેલા મનની મદદ વડે કરીને પેલા નીચલા થરના મનને તે તે પ્રકારના પ્રવાહમાં તણાઈ જતું અટકાવવાને જાગ્રત મન હંમેશાં મદદ કરી શકે છે.

બીજાંઓ પરત્વે હૃદયનાં પૂરેપૂરાં આદર, સદ્ભાવ અને ભક્તિયુક્ત ઉદારતા રાખ્યા છતાં પોતાના અનુભવ ઉપર જ

આધાર રાખવાનો તેમ જ હૃદયમાંથી મળતી પ્રેરણાને જ સ્વીકારવાનો માર્ગ વિશેષ કલ્યાણ કરનારો થઈ પડે છે. એવું મને મારા પોતાના અનુભવમાં લાગ્યું છે.

❦

શ્રીસદ્‌ગુરુની આજ્ઞાના પ્રેમભક્તિપૂર્વકના પાલનમાં જીવનનું કલ્યાણ છે.

❦

ખરેખરી શ્રદ્ધા પ્રગટેલી તો તેનું નામ કે જેમાં શંકા, સંશય, વિચાર કે કશાને સ્થાન નથી.

❦

જે શક્તિ ભાવનાની ભૂમિકામાં પૂરેપૂરા તદાકાર રખાવી શકે અને તેમાં પૂરેપૂરા પરોવાયેલા રહેવાનું જેમાંથી કરીને બને, તેવું બળ તે શ્રદ્ધાનું બળ છે.

❦

**જ્યારે પ્રેમભક્તિથી સદ્‌ગુરુની આજ્ઞાનું આપણે પૂરેપૂરું પાલન કરીએ છીએ, ત્યારે સદ્‌ગુરુને આપણે માટે તેના દિલમાં જે ઉમળકાનો સંતોષ પ્રગટે છે, તેવો સદ્‌ગુરુનો આપણા પરનો પ્રગટેલો દિલનો સંતોષ એ આપણા જીવનનું પરમ કલ્યાણ નિપજાવનાર છે.**

❦

જો કંઈ કશાનો નાદ આપણે લગાડવો હોય, તો તેમાં એકધારું સતત રચ્યાપચ્યા રહ્યા ન કરાય, અથવા એવી મનની સ્થિતિ પ્રગટી ન જાય, ત્યાં સુધી આપણે પૂરેપૂરા ફાવી શકવાના નથી.

ચેતનયુક્ત જાગ્રતિને સાધનાનું હૃદય ગણેલું છે.

બધાંનો પ્રેમભાવ લેવાને જે કોઈ ભટકે છે, તેનાથી આ (સાધના) માર્ગનું કશું વળી શકવાનું નથી. આપણે તો એકમાત્ર ભગવાનનો પ્રેમભાવ મેળવવો છે. તેમ છતાં આપણે કોઈની અવગણના પણ કરવાની નથી.

બીજાંને સુધારવાની ફિકર-ચિંતા આપણે મૂકી દેવાની છે. આટલું તો સમજો કે, જો આપણે જ હજી સુધરેલા નથી, તો બીજાને શું સુધારી શકવાના છીએ ?

જે કંઈ મળ્યા કરતું હોય કે મળે તે પરત્વે અણગમો પ્રગટાવવાનું, બળાપો કરવાનું, કંટાળો દર્શાવવાનું ને ફરિયાદ કરવાનું - આ બધું જ્યાં સુધી આપણામાં ઊગે છે, ત્યાં સુધી આપણે સાધનામાં મિથ્યા છીએ, એમ નક્કી પ્રમાણવું.

તમન્નાના અગ્નિને તો સદા સર્વદા સળગેલો જ રાખ્યા કરીએ. તો જ સાધનાનો માર્ગ કપાયા જવાનો છે. ભાગ્યે જ કોઈ જીવની અપવાદ તરીકે જ્વાળામુખીના જેવી ધગધગતી તમન્ના હોય છે. સાધનામાં પ્રગતિમાન થવાની ખરી ચાવી તો તેના પરત્વેની તમન્નાને સતેજ રાખ્યા કરવામાં છે.

દિલમાં કશી પણ શંકા-કુશંકા કે આશા-અપેક્ષા રાખ્યા

વિના જે કરવું ઘટે તે કરવું.

આળસ ને પ્રમાદ એ જીવનનો ધ્વંસ કરનાર શત્રુ છે, તેવી જ રીતે કામ અને ક્રોધ પણ.

મુશ્કેલી, ઉપાધિ, અનેક પ્રકારની ગૂંચો, કોયડાઓ તથા ભયંકર વિઘ્નો એ તો આપણી ભાવનાને પકવવાને માટે તત્પરતાયુક્ત કેટલી તાલાવેલી જાગેલી છે, તે ચકાસી જોવા માટેનો તે તે બધું તો કસોટીનો પથ્થર છે. એટલું જ નહિ, પરંતુ સાધનાના ભાવને ઉચ્ચતર સ્થિતિએ પ્રગટાવવા માટે એ બધું એક પગથિયારૂપ પણ છે.

જેમ કોઈને ભારેમાં ભારે વજન ઊંચકવાનું કરવું હોય, તો તેણે પ્રથમ થોડામાં થોડું વજન ઊંચકવું જોઈએ અને વધારે વધારે વજન ઊંચકવાની શક્યતાને માટે હળવે હળવે તેણે વધારે વજન ઊંચકવાની શક્તિ વધારતા જવી જોઈએ. એમ અંતે ભારેમાં ભારે વજન અભ્યાસથી કરીને તે ઊંચકતો જતો હોય છે. તેવી જ રીતે **આ સંસારવહેવારમાં અનેક પ્રકારનાં મુશ્કેલીઓ, ગૂંચો, કોયડાઓ વગેરે બધું આપણને સાંપડે છે, તે આપણામાંના ખમીરને ઉત્તરોત્તર વિશેષ તેજસ્વીપણે પ્રગટાવવાને માટે સાધના રૂપે છે.**

**મુશ્કેલીથી, વિઘ્નોથી, ગૂંચોથી અને કોયડાઓથી ડરીને જે પાછું ભાગવાને કરે છે, તે તો કાયર જીવ છે.**

સમર્પણની ભાવના પૂરેપૂરી કેળવાયા વિના અહમ્ કદી પણ ઓગળી શકતું નથી.

ચૂલામાં બહાર સળગી જતાં લાકડાંને આપણે જેમ સંકોરીએ છીએ અને સંકેલીએ છીએ, તેમ વારંવાર મનાદિ કરણોની પ્રવૃત્તિને પણ અંતર્મુખતાની સ્થિતિમાં લાવ્યા કરવાની છે.

દૃઢ મક્કમ નિર્ણય પ્રગટ્યા વિના સાધનાની દિશાના પ્રયત્નમાં કશા ચેતવંતા પ્રાણ પ્રગટી શકવાના નથી, આપણાં બધાંના પ્રયત્ન સાવ મડદાં જેવા છે !

કુટુંબીજનો માટે ધન એકઠું કરીને ધનની મોટી રકમ આપવી, તેને હું કુટુંબની ઉત્તમ સેવા થયેલી ગણતો નથી.

કુટુંબ પરત્વેના મળેલા ધર્મમાંથી મારી ભાવના પ્રમાણે હું કદી ચ્યુત થયો નથી.

એકવાર ભગવાનના ગુરુત્વાકર્ષણમાં આવી ગયા પછી તો એના દોરવ્યા દોરાવાનું પણ છે. ને નચાવ્યા નાચવાનું પણ છે.

સાધનાની ભાવના પ્રગટતાં પ્રગટતાં જો રસ ન પ્રગટી

શકતો હોય, તો આપણી સાધનામાં જરૂર ખામી ગણવી.

આપણે કોઈનાથી કદી દુઃખી થવાપણું હોતું નથી. બીજાથી કરીને આપણે દુઃખી થઈએ છીએ. એ માન્યતામાં દોષ છે. સાચી રીતે તો આપણે પોતે આપણાં પોતાનાં પ્રકૃતિ ને સ્વભાવથી દુઃખી થતાં હોઈએ છીએ.

દુઃખને દૂર કરવાનો ઉપાય પૈસો છે, એવું ઘણાખરા સાચેસાચ માને છે. પરંતુ હું તેમ માનતો નથી. **દુઃખમાંથી મુક્તિનો ઉપાય પૈસો નથી, પણ વૃત્તિ છે, જુદા જુદા પ્રકારની જીવદશાની અનેક પ્રકારની વૃત્તિઓથી ને તેની અથડામણથી અને તેનાથી પ્રગટતા અસંતોષથી માનવી દુઃખી દુઃખી થઈ જતો હોય છે. વૃત્તિ એ દુઃખનું મૂળ કારણ છે. એ વૃત્તિ પલટાય, તો દુઃખ પણ જાય.**

**મારી તો બધાં સ્વજનોને વિનંતી છે કે, જીવનની મર્દાનગીને સદાય જીવતી રાખજો. મર્દાનગી દાખવવાના પ્રસંગે કદી પણ પીઠ ફેરવશો નહિ. પરાક્રમને વાપર્યા કરવાથી જ પરાક્રમ વિશેષ પરાક્રમમાં પ્રગટે છે.**

**જીવનમાં સાહસ, હિંમત, શૌર્ય વગેરે ભાવના કેળવવાને માટે પ્રસંગ એ તો ધાર તેજ કરવા માટેના પથ્થર જેવો છે. એવા પ્રસંગને જ્યારે જ્યારે તક સાંપડે, ત્યારે ઉમળકાથી વધાવી લેવાનું કરવું.**

❦

જે કરવાનું નક્કી કર્યું હોય, જે કરવાનું વ્રત લીધું હોય, ને જે બાબતમાં આપણે ટેક રાખ્યો હોય, તેને યથાર્થતાથી પરિપૂર્ણપણે પાર ઉતારવાથી નિશ્ચયબળમાં વધારો થાય છે અને વિશેષ પ્રાણવંત આત્મવિશ્વાસ પ્રગટે છે.

❦

ખાસ ખબરદારી રાખીને કોઈપણ દિવસ વ્રતનો, ટેકનો, કે કરવાનું જે માથે લીધું હોય તેનો ભંગ ન થઈ જાય, તેની તો ઘણી ઘણી સાવચેતી રાખવી.

❦

ગમે તેમ કરીને પણ ધારેલું તો પ્રભુકૃપાથી પૂરેપૂરું પાર પાડવામાં જ મચેલા, મંડેલા ને વળગેલા રહ્યા કરવું.

❦

**મારી તમને બધાંને પ્રાર્થના છે કે, ગજા ઉપરાંતનું કામ મળે, અનંતગણું કામ મળે, તેવી વેળા તમે વધારે હિંમત પ્રટાવજો, સામર્થ્ય પ્રગટાવજો, ખમીર પ્રગટાવજો અને 'ગમે તેટલું કામ મળે, તો પણ તે કરી શકીશું જ,' એવો દૃઢ આત્મવિશ્વાસ દિલમાં દિલથી પ્રગટાવજો. દિલના એવા ભાવથી કરેલા કર્મમાંથી ગુણ ને શક્તિ બંને પ્રગટે છે.**

❦

ભાવનાથી કરેલું કર્મ સમજણની આંખ ઉઘાડે છે. **આજે તો સ્વજનને પોતાના ઘરનું જ કામ કરતાં કરતાં દિલમાં પૂરું સુખ ઊપજતું નથી. ને કદીક કદીક તો કંટાળો પણ આવે છે. વારંવાર કામ ચીંધવાનું થતાં સ્વજનનું મન બળવો પણ પોકારે**

**છે. આ બધાં લક્ષણો જીવનના ખમીરનાં નથી.**

જીવનમાં સૌ કોઈને કારમા કારમા કઠણાઈ ને મુશ્કેલીના પ્રસંગો સાંપડતા હોય છે. મરદ માનવી તેની આગળ નમી પડતો નથી.

**આ જગતમાં ધન, વૈભવ, વિલાસ, પ્રતિષ્ઠા અને ઉત્તમ પ્રકારનું બીજું સઘળું મળી શકે. પરંતુ ચેતનાની ભૂમિકામાં નિષ્ઠા પામેલા આત્માનાં દર્શન થવાં ને એવા જાગતાજીવતા નરનો સમાગમ થવો, એ તો મહા દુર્લભ છે.**

પ્રમાદી અને આળસુને જ્ઞાન થવાની કદી પણ શક્યતા નથી.

જે જીવને નિર્ણયાત્મક નિશ્ચયબળ પ્રગટેલું નથી કે પ્રગટતું નથી, તે કદી જ્ઞાન પામી શકતો નથી.

જીવનવિકાસનો પંથ ઘણો ઘણો સાંકડો અને સીધાં ચઢાણવાળો છે. એ પંથે ધપવાને કાજે સર્વ ભાવે અને સર્વ રીતે દિલથી ફના થઈ જવાની હૃદયની ઉમળકાભેર તૈયારી અને હૃદયમાં હૃદયની ઝંખના ને તલસાટયુક્ત ઉત્કટતાવાળી તત્પરતા જો જીવતાજાગતા પ્રમાણમાં હોતાં નથી, તો એવા જીવોને માટે ઊંચે પ્રયાણ કરવું ઘણું ઘણું અઘરું હોય છે.

**જેટલા બહિર્મુખ આપણે રહ્યા કે બન્યા, તેટલું સાચું ધન આપણે ખોયું.** બહિર્મુખ થવાથી અંતરમાંનો જાગેલો વેગ ઓસરી જવાનો. જેમ કેટલીક નદીમાં ઘોડાપુર આવે છે, પણ પાછું થોડાક વખતમાં પાણી વહી જઈને નદી અસલ જેવી થઈ જાય છે તેમ.

❦

કસોટી કાળે જે જીવ જાગ્રત બને છે, તે જ જીવી શકે છે. તેવા કસોટીના કાળે આપણએ કેટલા પ્રમાણમાં જાગ્રત રહીએ છીએ, તેના પરથી આપણી જીવનકક્ષા વિશે ને આપણા ધ્યેય તરફ જવાની આપણી તમન્ના વિશે આપણને સાચો ખ્યાલ પ્રગટે છે.

❦

જીવનમાં શુદ્ધ પ્રેમભાવનો વિકાસ એકાગ્ર અને કેન્દ્રિત થાય, એ જોવાનું છે.

❦

આપણા જીવનવિકાસના પંથે આપણે પોતે જ આપણા એક સાથી -સાચા સાથી છીએ. આપણે બની શકે તેટલા નિઃસંગ રહ્યા કરવાનું છે. **નિઃસંગને તમે તેના સ્થૂળ અર્થમાં તો સમજી શકશો. પણ સૂક્ષ્મ અર્થમાં પણ નિઃસંગ થવાનું છે. આપણામાં ભરાઈ વસેલાં મંતવ્યો, ગણતરીઓ, માપો, મૂલ્યાંકનો, ગમા-અણગમા, રાગદ્વેષ, સમજણો, સંસ્કારો અને નવા નવા સંસ્કારોનો સ્વીકાર કરનારી આપણી ઊંચાનીચા પ્રકારની ભૂમિકાઓ - એ બધાં આપણાં સંગીઓ છે. એમાંથી આપણે નિઃસંગ થવાનું છે.**

❦

હૃદયનો સંપૂર્ણ પૂરેપૂરો યોગ્ય સાથ મળ્યા વિના કંઈ કશું બની શકતું નથી.

❦

જ્યારે આપણને કોઈ વ્યક્તિ વિશે આદરભાવ પ્રગટે છે અને તેવો આદરભાવ જીવંત બને છે, ત્યારે તેના વચનમાં શ્રદ્ધાવિશ્વાસ ઝટ બેસે છે. તેનું બતાવેલું કરવાને આપણે હૃદયના ભાવથી પ્રેરાયા કરીએ છીએ.

❦

પ્રેમભાવ એ સાધનામાર્ગમાં એક બળવાન અને અનિવાર્ય સાધન છે. કેમ કે તે સદ્‌ગુરુની ચેતનાશક્તિનું સુંદર વાહન છે. સદ્‌ગુરુની ચેતનાશક્તિને આપણા સત્ત્વમાં-આધારમાં પહોંચાડનાર ને પ્રસરાવનાર શ્રેષ્ઠ સાધન તે પ્રેમભાવ છે.

❦

જીવનસાધના જેવું દિલમાં અરે ! સ્થૂળ અને સૂક્ષ્મ અંગેઅંગમાં ને રોમેરોમમાં અસર કરનારું બીજું કોઈ વિજ્ઞાન કે બીજી કોઈ કળા નથી. કોઈ વિજ્ઞાન અમુક પ્રકારની બુદ્ધિને વિકસાવે, કોઈ કળા લાગણીને વિકસાવે, કોઈ શાસ્ત્ર હસ્તકળા વિકસાવે, કોઈ શરીરને વિકસાવે. પણ સારાય જીવનને વિકસાવે તથા બધાં જ સ્થૂળ સૂક્ષ્મ અણુપરમાણુમાં પ્રસરી તેને પાંગરાવે એવું તો આ એક જ વિજ્ઞાન અને કળા છે.

❦

જેની પાસેથી આપણે મેળવવાનું છે, તેના પરત્વે આપણામાં કૃતજ્ઞતાની ભાવના જાગવી ઘટે છે.

❦

વિઘ્નદોડની શરતના ઘોડાઓને વચમાં hurdles -વિઘ્નો જાણી જોઈને મૂકીને તેમાંથી જવાની કેળવણી આપવામાં આવે છે. તેવી રીતે વિરોધાભાસી પ્રસંગો પણ માત્ર આપણાં hurdles રૂપે છે. તેનો હેતુ આપણને વધારે કાર્યક્ષમ, વધારે શ્રદ્ધાન્વિત, વધારે ધૈર્યવાન વગેરે વગેરે પ્રકારના બનાવવાનો છે. એ દૃષ્ટિએ જોતાં પછી વિઘ્ન એ વિઘ્ન નથી દેખાતાં ને નથી રહેતાં, પણ ઊલટા શ્રેયસ્કર છે, એમ અનુભવાય છે.

❦

આપણે અપરિગ્રહી થવાનું છે ને રહેવાનું છે. પણ તે તેના સૂક્ષ્મ અર્થમાં. વિચારો, સંસ્કારો, રૂઢ થઈ ગયેલાં વૃત્તિનાં વલણો, હુમલા લઈ આવતા moods (આવેશયુક્ત આવેગ) -એ બધાંનો ઘણો સંગ્રહ, ઘણો પરિગ્રહ આપણે કર્યો છે, તે છોડવાનો છે.

❦

આપણે સતત જે જે મનમાં વલણો ઊઠે, તેને તપાસતા રહેવું ને તે પ્રમાણે પ્રભુકૃપાથી મઠારતા રહેવું.

❦

કોઈ પણ પ્રકારની છેતરપિંડી કે દંભ જીવનવિકાસના માર્ગે ચાલી શકે તેમ નથી. માનવીને કદી પણ એવો જીવતો ખ્યાલ પ્રગટી શકતો નથી કે, તે સાવ પોકળતાભર્યું ને દંભી જીવન જીવી રહ્યો છે ! પ્રભુના માર્ગે જીવવા ઇચ્છનારને તો તેની પ્રકૃતિનું, તેના સ્વભાવનું, તેના ગુણનું, તેના અવગુણનું -એ બધાંનુંયે સ્પષ્ટ દર્શન થઈ જતું હોવું જોઈએ.

❦

બને તેટલા નિઃસંકોચપણે જ્ઞાનપૂર્વક જીવનમાં વર્તવાનું છે.

❦

**સમાજના શિષ્ટાચારોમાં જકડાઈ જવાનું નથી.**

❦

માનવીને જ્યારે પોતાના જીવનધ્યેયની દિલમાં ખરેખરી તત્પરતાયુક્ત વ્યાકુળતા પ્રગટે છે, ત્યારે જ જીવનવિકાસના માર્ગનું ખરેખરી રીતનું કામ થતું અનુભવાય છે. એટલે ભગવાનમાં અથવા આપણા પોતાના જીવનવિકાસના ધ્યેયમાં ધગશવાળી સાચી વ્યાકુળતા આપણામાં પ્રગટે તો બીજું બધું તો આપમેળે બની રહેવાનું છે.

❦

જો આપણું દિલ જીવનવિકાસના ધ્યેયમાં લગનીવાળું પ્રગટી શકે, તો જીવદશાની નકારાત્મક વૃત્તિઓ પ્રગટતાં, આપણાથી તેનો સહજપણે ઇનકાર સરળતાથી થઈ શકવાનો છે.

❦

મન અને બુદ્ધિના ખેલો તટસ્થતા કેળવી કેળવીને જોયા કરવાનો જીવતોજાગતો અભ્યાસ પાડશો. એમના જેવો કુશળ ખેલાડી જગતમાં બીજો પાક્યો નથી.

❦

સાધનાની શરૂઆતમાં સાધકને જે આનંદ રહે છે, તે તો નદીના મૂળ જેવો છે. ભરૂચ આગળ આવડી મોટી થઈ જતી

નર્મદા નદી એના મૂળ આગળ તો એટલી નાની અને સાંકડી હોય છે કે, તેને હરણથી કૂદી પણ જઈ શકાય. જીવનસાધના પણ એક નદી જેવી છે. જ્ઞાનભક્તિપૂર્વકનો જીવતો અભ્યાસ વધતાં વધતાં તે મોટી ને પહોળી થતી જાય છે ને ઊંડી પણ થતી જાય છે.

❦

આંતરિક પૂરેપૂરી પળેપળની જાગ્રતિ જ્ઞાનપૂર્વક જો રાખી શકાય, તો આત્માની સ્વતંત્રતા પામી શકાય છે. અજાગ્રત દશામાં એક પણ વખત જો આપણે મનના સ્વરૂપમાં જરાક પણ ભળ્યા, તો પછી તે પોતાનામાં આપણને ભેળવી દીધા વિના રહેતું નથી. તેથી મનમાં ઊઠતી અસંખ્ય વૃત્તિઓનું સતત જાગ્રત રહીને તટસ્થતાથી પૃથક્કરણ કર્યા કરવાનું છે.

❦

ચૂંથણાં ચૂંથવાથી મન વધારે બગડવાનું છે. જે ચૂંથીશું તેના તે પ્રકારના સંસ્કાર પડવાના છે. શંકાને નિવારવાને ભાવ ને દિલ જરૂરનાં છે.

❦

શંકા-કુશંકાની વૃત્તિ ઉદ્‌ભવે, ત્યારે આપણે પોતાનું તપાસવું ઘટે. દોષ વિચારતાં કે અવગુણ વિચારતાં કે કોઈનું આડુંતેડું વિચારતાં તેના તેવા સંસ્કાર આપણામાં પડવાના છે, તે નક્કી જાણજો.

❦

આધ્યાત્મિક માર્ગમાં અશ્રદ્ધા આપણું મોટામાં મોટું પાપ છે. એટલે કે તે ભારેમાં ભારે, વધારેમાં વધારે અવરોધક છે.

શ્રદ્ધા વિના આધ્યાત્મિક માર્ગમાં કશું ચાલવાનું નથી. શ્રદ્ધા તો જ્ઞાનાત્મક છે.

❦

જે કંઈ અનુભવ થાય અને તેથી કરીને મનની સ્થિતિ પલટાય, તો તે અનુભવ પણ સદ્‌ગુરુ છે.

❦

**Frankness -એટલે કે દિલનું ખુલ્લાપણું એ પણ આધ્યાત્મિક માર્ગનું એક સૌથી સબળમાં સબળ સાધન છે. ખુલ્લા થવાપણું એટલે મનાદિ કરણોના પ્રાકૃતિક ધર્મોનું ઓગળી જવું તે.**

❦

ઇન્દ્રિયોનું આકર્ષણ બળવાન છે અને તેવા આકર્ષણને વશ ન થતાં તેનાથી ઉપરવટ થવાનો જ્ઞાનપૂર્વકનો જીવંત અભ્યાસ પડી જાય, એ જરૂરનું છે. ઇન્દ્રિયો પાસે ખરી રીતે તો આપવા જેવો કીમતી માલ છે જ નહિ. જાહેરખબર ખૂબ આકર્ષક ને માલ ધૂળ જેવો ! એવી ઇન્દ્રિયોની સ્થિતિ છે. પરંતુ લોકસમુદાયનો ઘણો મોટો ભાગ તો એ જ રસ્તે તણાય છે.

❦

બહારની દુનિયાના રંગરાગ છોડી અંદરની દુનિયાના સંશોધનને માટે આપણે કટિબદ્ધ થવું જોઈશે.

❦

આપણા અંતરનાં કરણોમાંની થતી રહેતી પ્રવૃત્તિનું અવલોકન કર્યા કરો. અને તેમાં તટસ્થતા કેળવો. એ પ્રવૃત્તિનાં

મૂળ શોધો. ક્યાં રાગ છે ? ક્યાં મોહ છે ? ક્યાં આસક્તિ છે ? ક્યાં કામના છે ? શી શી ઈચ્છાઓ ગૂઢ થઈને છુપાયેલી છે ? -એ બધું શોધી કાઢો. ને તેમાંથી નિવૃત્તિ મેળવો. આપણી પ્રવૃત્તિ તે આવી આંતરિક પ્રવૃત્તિ છે. એમાં પળવારની પણ નિવૃત્તિ નથી. ન હોવી જોઈએ.

❦

આજની દુનિયા તો ભોગવિલાસ ને તેનાં ઐશ્વર્યની પાછળ પડેલી છે. એના સંસ્કારનું વાતાવરણ આગળપાછળ એવું તો ઘાડું ફેલાયેલું છે કે, એ છેદતાં છેદતાં દમ નીકળી જાય. પરંતુ જેને પાર તરી જવાનો અદમ્ય ઉત્સાહ પ્રગટેલો છે, તે તો તેમ કરી શકે છે.

❦

કોઈ પણ રીતે હૃદયમાં ભાવનો લગાતાર સંગ રહ્યા કરે, એ જીવનવિકાસના ભાવને કાજે ઘણું ઘણું જરૂરનું છે.

❦

સદ્ગુરુ પરત્વેની ભાવના એટલે જીવનવિકાસની ભાવનાને પ્રેરણાત્મક ધક્કો. તેમ થતાં પ્રેમશ્રદ્ધાભક્તિ પ્રટવાનાં.

❦

જીવનવ્યવહારમાં બીજા સંબંધીઓ અને માનવી પણ મળ્યાં કરવાનાં તેમના દેખાતા દુર્ગુણ તરફ દુર્લક્ષ કરી, તેમના તેમના સદ્ગુણ દિલ જોયા કરે ને એવો સળંગ જીવતો અભ્યાસ પ્રગટે, તો દિલમાં ભાવનાનું સાતત્ય જીવ્યા અને રહ્યા કરે છે.

❦

કોઈ પણ જાતની જીવનવિકાસની સાધનાનો પાયો જ

શ્રદ્ધા છે. એટલે કોઈ પણ કર્મના આરંભ પહેલાં બીજા ભાવનો ઉદ્‌ભવ ન થવા દેવા કાજે ને શુભ ભાવનાનું વાતાવરણ જામે તે કાજે, બાળકના જેવી અતૂટ શ્રદ્ધાનું જ્ઞાનપૂર્વકનું પરિશીલન જીવનવિકાસના કાજે અત્યંત આવશ્યક છે.

❦

નમ્રતા એટલે કાયરતા નથી. સાચી નમ્રતામાં તો તેજસ્વિતા અને શૌર્ય પ્રગટે છે.

❦

જ્યારે તમને ગમગીનીનો mood- લાગણીનો આવેશયુક્ત આવેગ આવે, ત્યારે તુરત દૂર થઈને મોટેથી હરિઃૐ બોલશો અથવા સદ્‌ગુરુને હૃદયમાં હૃદયથી પોકારશો, તો ગમગીનીની વૃત્તિ ક્યાંયે અદૃશ્ય થઈ જશે ને પાછો આનંદ પ્રગટશે.

❦

જરાક ઊંડું મનન કરતાં સમજાશે કે, આપણને હજી જીવનવિકાસ માટે સાચી ભૂખ લાગી નથી, સાચી ગરજ પ્રગટી નથી, ખરો રસ ઉદ્‌ભવ્યો નથી. હજી આપણને પ્રભુને મંદિરે જવાની ખરેખરી તાલાવેલી લાગેલી નથી. તેના ઘંટ થોડા થોડા સંભળાય છે તો પણ જેમ રમતિયાળ અને બેદરકાર નિશાળિયો રસ્તામાં લહેરથી રઝળતો રઝળતો નિશાળે જાય છે, તેમ આપણને પ્રભુને મંદિરે જતાં રસ્તામાં વચમાં આવતા બાગબગીચાનાં ફૂલો વીણવાનું મન થયા કરે છે ને તેમાં પડી જઈને આરતીની વેળા વહી જતી હોય છે, તેનું ભાન પણ રહેતું નથી.

❦

**એક સિવાય બીજી બધી બાબતોમાં નિરાગ્રહનો આગ્રહ કેમ રાખું છું ? કેમ કે સાધનાના ક્ષેત્રમાં 'આગ્રહ'નો અર્થ જુદો છે. ધ્યેયમાં એકનિષ્ઠાપૂર્વકની એકાગ્રતા અને કેન્દ્રિતતા તથા વચમાં આવતાં વિઘ્નોને પાર કરવાની તત્પરતા.**

❦

જીવનસાધના એટલે કેવળ નિર્બંધ રીતે સર્વાંતર્યામી અને સર્વજ્ઞ આપણને દોરે તે રીતે દોરાવાની જ્ઞાનભક્તિપૂર્વકની જીવંત ચેતનાત્મક મુલાયમતાવાળી આંતરિક પ્રક્રિયા.

❦

સાધનામાં જીવતાજાગતા આત્મવિશ્વાસનું કામ છે. જેને પોતાને આત્મવિશ્વાસ નથી, તે જગતમાં પણ કંઈ કશું કરી શકનાર નથી. **સાધનામાં આત્મવિશ્વાસ એ તો એક મોટામાં મોટું હથિયાર છે.**

❦

સાધનામાં જ શું, જીવનનાં બીજાં ક્ષેત્રમાં પણ કદરભાવના અને ગુણગ્રાહકતાનો ગુણ અતિ ઉપયોગી ને જરૂરી છે.

❦

આપણા પોતાના શ્રેયને માટે સદ્‌ગુણો તરફ નજર રહે તેની એટલે કે ગુણદૃષ્ટિ કેળવવાની ઘણી ઘણી જરૂર છે. બીજાના દોષ તરફ નજર નાખવાને બદલે તેના ગુણ તરફ નજર દિલમાં જો રહ્યા કરે, તો તેવા ગુણ આપણામાં પણ વિકસશે.

❦

જ્યાં સુધી પૂરેપૂરી હૃદય દ્વારા બુદ્ધિની શુદ્ધિ થઈ ગઈ નહિ હોય, અને જ્યાં સુધી તે કોઈ પ્રકારના મોહના કાદવથી

ખરડાયેલી હોય, ત્યાં સુધી સત્ય કોઈ પણ બાબતમાં સૂઝવાનું નથી.

જીવનવિકાસની સાધનાના માર્ગમાં પ્રવેશ્યા પછી કદી પણ નહિ કલ્પેલા એવા વિચાર ઉપર તરી આવશે. મનનો તો સ્વભાવ સંકલ્પ-વિકલ્પ કરવાનો છે. સાધનાના ગાળામાં જીવપ્રકારનો અનેક જાતનો મળ ઉપર તરી આવવાનો છે. એવા કાળની તે દશામાં તણાઈ જઈને આપણને કંઈ અન્યથા પ્રકારનું વિચારવાનું બનવાનું છે. ત્યારે જો સંપૂર્ણ જાગ્રત ને યોગ્ય પ્રકારના વિવેકવાળા ન રહી શક્યા, તો અથડાઈ પણ પડીએ.

આપણે જો ખુલ્લા હૃદયનો મુક્ત એકરાર કરતા હોઈએ છીએ, તો તેમાંથી તો શૌર્ય, હિંમત ને ધીરજ પ્રગટે છે. તો જ તે હૃદયનો સાચો એકરાર ગણાય. નહિતર તો તે માત્ર ઉપર ઉપરનો ઉપરછલ્લો લૂલો લૂલો એકરાર ગણાય.

આધ્યાત્મિક જીવન જેને જીવવું છે, તેવાના જીવનમાં પોતાના સકળ કર્મવહેવાર પરત્વે પ્રામાણિકતા, વફાદારી, નેકદિલી, શુદ્ધ દાનત, સચ્ચાઈ, સરળતા, આરપાર-દર્શકપણું વગેરે ગુણો પ્રગટતા રહેવા ઘટે છે.

દરેક આઘાત-પ્રત્યાઘાતમાં આપણે જો જ્ઞાનપૂર્વક સમતા, શાંતિ જાળવી શકીએ, તો અંતે તે બળ પ્રેરનાર નીવડે છે.

જીવનપંથમાં આવતાં વિઘ્ન, મુશ્કેલી, ગૂંચ તો ઊલટાં આધ્યાત્મિક તંદુરસ્તી ને બળને પુષ્ટ કરનાર ઔષધિ જેવાં નીવડે છે જો આપણી તે પરત્વેની જીવંત વેધક દૃષ્ટિ પ્રગટેલી હોય તો.

❦

સત્પ્રયત્નમાંથી અને તે પરત્વેના પ્રયાણમાંથી આત્મસંતોષ પ્રગટતો હોય છે.

❦

જાગૃતિ એ તો સાધનાનો મૂળ પાયો છે, તેમ જ એ તેનું ઘડતર ને ચણતર છે.

❦

સર્વશ્રેષ્ઠ કળા તો દિલનો મેળ ઉપજાવવામાં ને રાખવામાં સમાયેલી છે.

❦

જે સદ્‌ગુરુની હૃદયમાં હૃદયથી પ્રતિષ્ઠા કરી તેના વક્તવ્યમાં જ ઊંડું ઊતરીને તેનું જ્ઞાનભક્તિપૂર્વકનું અનુશીલન, પરિશીલન થયા કરે, તે આપણા કાજે વધારે હિતાવહ છે.

❦

એક સદ્‌ગુરુમાં જ સદ્‌ભાવનાને એકાગ્ર ને કેન્દ્રિત કરવાથી સંકુચિતતા પ્રગટે છે, એમ કોઈ જો માને, તો તે સાવ હકીકતથી વિરુદ્ધની વાત છે. સદ્‌ભાવના જ્યાં કોઈમાં યોગ્ય રીતે એકાગ્ર ને કેન્દ્રિત થાય, એટલે તે વિસ્તારને પામે જ, તે સાધનામાર્ગની વૈજ્ઞાનિક હકીકત છે. એકાગ્ર ને કેન્દ્રિત થયેલી સદ્‌ભાવના કદી પણ સંકુચિત બની શકતી નથી, એ અનુભવની હકીકત

છે.

કોઈ પણ વિચાર આવે અને તેની પરંપરા જાગે, ત્યારે સફાળા જાગ્રત થવાનું બને, તો ઉત્તમ. તેનાં મૂળને શોધી કાઢવું અને એ મૂળને ખોળી કાઢીને એ મૂળની વૃત્તિથી અનાસક્ત કેમ કરીને થવાય, તેવા પ્રયત્ન કરતા રહેવું.

આપણે અનાસક્ત, નિર્મમ, નિરહંકારી થવાને જાગૃતિ રાખી રાખીને તેવા સત્પ્રયત્નમાં પ્રભુકૃપાથી મંડ્યા રહેવાનું છે.

**કશી કોઈ નવી ટેવ પડવા દેશો નહિ. આપણે તો બધી જૂની ટેવોને પણ ફગાવી દેવાની છે. એટલે કે, એના ગુલામ હવે રહેવાનું નથી.**

હૃદયમાં પ્રગટેલો ભાવ વ્યવહારમાં પણ જ્ઞાનપૂર્વક ઉપયોગમાં પ્રગટાવવાનો છે. જેમ આપણે ભૂમિતિમાં Theorem-પ્રમેય કરતા ને તેની Exercise-મનોયત્ન કરતા હોય, તેવી રીતે ધ્યાન વગેરે સાધનો પ્રમેય છે, જીવનવ્યવહારમાં પ્રત્યક્ષ આચરણ એ મનોયત્ન છે.

કશાથી ભાગવાનું નથી. દરેક પ્રવૃત્તિ કે પ્રસંગ આપણને વેગ આપે ને આપણા માર્ગમાં મદદરૂપ થઈ પડે, તેવી રીતે તેનો ઉપયોગ કરી લેવા માટે તે મળેલાં છે, એવું અનુભવવાનું છે.

પ્રસંગમાં કે પ્રસંગથી મન અને વૃત્તિની કેળવણી કરવાનું આપણે જાગ્રત ભાન રાખવાનું છે.

આપણે તો બધાંની સાથેનો ભાવસંબંધ ભગવાન પરત્વેના ભાવમાં પ્રગટવાને માટેનો છે, એવી રીતે સ્વીકારવાનો છે. એવું આપણે સતત જ્ઞાનપૂર્વક લક્ષમાં રાખવાનું છે. જીવનની પ્રત્યેક પ્રવૃત્તિ પણ તેવા સંબંધને કેળવવા માટે ને દૃઢ કરવા માટે છે.

કેટલાક પ્રસંગો એવા બને છે કે, જે આપણું ચણતર હચમચાવી મૂકે છે અને બધું અસ્તવ્યસ્ત થઈ જાય છે, એવું આપણને દેખાય છે ને લાગે છે પણ ખરું. પરંતુ એવા પ્રસંગોમાંથી આપણે તટસ્થતા, સમતા, શાંતિ, પ્રસન્નતા, ધીરજ વગેરે કેળવવાને માટે પ્રભુકૃપાથી તે પ્રસંગ મળ્યો છે, એવી ભાવના કેળવવાની છે. એ રીતે પ્રસંગને ભાવનાપૂર્વક જ્ઞાનપૂર્વક જોતાં શીખ્યા, તો દિલગીરીમાં કદી ગરકાવ નહિ થઈ જઈએ, તે નક્કી જાણશો. જીવનમાં આવા પ્રકારના અનેક પ્રસંગોમાં આ જીવે તેવી કેળવણી પ્રભુકૃપાથી લીધેલી છે.

આપણા જીવનસાધનાના કર્મને માટે જ્ઞાનપૂર્વકનાં ગાંડપણ અને મસ્તી પ્રગટવાં જોઈશે. તે વિના આમાં વિકાસ થવાનો નથી, તે નક્કી જાણશો.

જે માનવીનું દિલ જે વિષયમાં શ્રદ્ધાપૂર્વક સતત રમમાણ રહ્યા કરતું હોય ને તેમાં તેવી શ્રદ્ધા-ભાવનાની સાથે યોગ્ય પુરુષાર્થ થયા કરતો હોય, તેને તે વિષયનું હાર્દ અને જ્ઞાન જેટલાં સાંપડે છે, જેટલી તે વિષયને સાચી રીતે સમજી જવાની દૃષ્ટિ ઊગી જાય છે, તેટલી એ વિષયમાં થોડુંક ને ઉપરછલ્લું ધ્યાન રાખનારને સાધારણપણે ઊગતી નથી.

આપણને જેના પરત્વે અણગમો હોય કે થાય, તેને જ્ઞાનભાવપૂર્વક ખાસ સવિશેષ પ્રેમથી ચાહવું. અને તે આપણા પોતાના જ હિતને ખાતર તેમ કરવાનું છે.

આપણા જીવનપથમાં પ્રભુકૃપાથી જે જે કોઈ મળે, તેને અંતરના ઉમળકાથી ચાહીએ અને એ પ્રેમની ભાવનાના વિકાસને લીધે જે ભાવના જીવનમાં પ્રગટશે, સ્ફુરશે ને જામશે, તેનો ઉપયોગ સાધનાના માર્ગમાં કરીએ. એ રીતે તેનો લાભ લેવાનો છે.

મનમાં કેવા વિચાર, વૃત્તિ ઊઠે છે, તે પરથી આપણે પોતાનું માપ કાઢતા રહેવું.

જિજ્ઞાસામાં ઉત્કટતા વધે છે કે નહિ ? જે હેતુથી જિજ્ઞાસા પ્રગટેલી છે, તે હેતુ ઝટ પાર પડે, એવી રીતે જીવનવર્તન થયા કરે છે કે નહિ ? જીવનમાંના રાગદ્વેષો મોળા પડતા જાય છે કે કેમ ? -વગેરેનું સાચું સરવૈયું આપણા સાધનાના

અભ્યાસની સાથે સાથે આ કામ પણ આપણે કરવાનું છે.

પ્રસંગોથી દૂર ભાગી જવા કરતાં તેનો જ્ઞાનપૂર્વક પ્રત્યક્ષ સ્વીકાર કરીને તેનાથી કરી ભાવના કેળવવાનો ને દૃઢાવવાનો જીવનમાં સુયોગ સંપડાવવો એનું નામ છે જીવનયોગ.

**આપણે બધાં સાથે આમ તો હળીમળીને પ્રેમ રાખીને રહીએ છીએ. પરંતુ વિરોધના પ્રસંગે પણ તેવી ભાવના કાયમ રહી શકે, તો જ સાચું.**

જ્ઞાનપૂર્વકનો હૃદયસમર્પણનો ભાવ કાળે કરીને અસર પહોંચાડે છે. અને સામેની વ્યક્તિનો હૃદયપલટો પણ કરાવી શકે છે.

વ્યવહારની બહારની પ્રવૃત્તિઓમાંથી અલિપ્ત રહેવાનું છે, તે વાત સાચી, પરંતુ જે પ્રવૃત્તિ આવી મળેલી હોય, તે તરફ એક પ્રકારની અરુચિની વૃત્તિ, ત્રાસ ને કંટાળાની વૃત્તિ ઊપજતી હોય ને તેને લીધે તેમાંથી ભાગી છૂટવાની વૃત્તિ પેદા થતી હોય, તો તે યોગ્ય નથી.

**ગુરુભક્તિ એટલે ગુરુના દેહની ભક્તિ નહિ, પરંતુ તેનામાં પ્રગટ થયેલી ચેતનાશક્તિ પરત્વે આરોહણ કરવા માટેની ભાવના તે ગુરુભક્તિ.** એવા ભક્તિભાવનો હેતુ એ છે કે, એવી ચેતનાશક્તિ દ્વારા આપણા જીવનમાં પણ તે ભાવ પ્રગટ

થાય અને તેનું જ્ઞાનભાન આપણને જીવતું રહ્યા કરે.

❦

નિર્ણયાત્મક અને નિશ્ચયાત્મક મક્કમતાભર્યું દૃઢ વલણ જ્યાં સુધી જીવનમાં પ્રગટતું નથી, ત્યાં સુધી સાધનાના માર્ગમાં પ્રગતિ થઈ શકનાર નથી, એ નક્કી જાણશોજી. આપણી પ્રકૃતિ ને સ્વભાવ અનેક પ્રકારની આશા, ઈચ્છા ને વાસનાથી ભરેલાં છે. અને તેની તાણમાં વારંવાર આપણે તણાતા જઈએ છીએ. તેમાંથી મુક્ત થવાને અદમ્ય ઉત્સાહ, ખંત ને બળ પૂરેપૂરાં આપણે જાગૃતિથી વાપરતા નથી. એટલે પછી આપણે એને વશ થઈ જઈએ ને ? બીજું થાય પણ શું ?

❦

જેમ ગટર સાફ થતી વખતે પહેલાં કરતાં પણ તે વધારે ગંધાય છે, પણ અંતે તો ગટર સાફ થઈ જઈ પાણી ચોખ્ખું થાય છે ત્યારે, ગટર ગંધાતી નથી. તેમ આપણું મન અને બીજાં અંતરનાં કરણો સાધનાના શરૂઆતના ગાળામાં ઊલટાં વિકૃત થયેલાં દેખાય, પણ અંતે સ્વચ્છ થાય છે.

❦

અભિમાન, ભય, ક્રોધ, કામ વગેરે વગેરે જીવપ્રકારની વૃત્તિઓમાં માંહોમાંહે ભેરુભાવ હોય છે. ને તે પણ એક જ આસુરીવૃત્તિનાં જુદાં જુદાં સ્વરૂપ છે. એટલે આવી જીવપ્રકારની કોઈ લાગણી કે વૃત્તિ પ્રગટે, ત્યારે આપણી જાત પર જરૂર પડે તો નિર્દય થઈને પણ એ લાગણીને ફાવવા દેવી નહિ. એટલે આપોઆપ એ વિજયની અસર એવી બધી નકારાત્મક લાગણીઓ ઉપર પડવાની.

સકળ કંઈ કરતાં કરતાં દિલમાં શ્રીપ્રભુપ્રીત્યર્થની ભાવના સાચી રીતે કેળવાયા કરે, તો અહંકારનો લય થઈ જવાનું શક્ય બને છે. જીવપ્રકારના અહંકારને કારણે ભાવ પ્રગટતો અનુભવાતો નથી.

ભાવ તો હૃદયમાં છે. નિરાસક્તિ, નિર્મમત્વ, નિરહંકારીપણું ઉદ્‌ભવતાં ભાવ તો આપોઆપ પ્રગટવાનો છે. માત્ર આપણા જ દોષે તેનું સ્ફુરણ થતું નથી. એવો ઉત્કટ હૃદયનો ભાવ થતાં જીવપ્રકારનો સકળ મળ બળીને રાખ થઈ જવાનો છે.

આપણે ભાગે આવેલું કર્મ તેની સંપૂર્ણ યથાર્થતામાં, તેની ઉત્તમમાં ઉત્તમ રીતે પ્રેમભક્તિથી કર્યા કરીશું, તો બીજો તેને ભાગે આવેલું જરૂર સંભાળી લેશે, એ નિશ્ચિતપણે જાણશોજી. જે પોતાને ભાગે આવેલો ધર્મ સંપૂર્ણ અદાથી કરીને પાળે છે, તેને કોઈ કશાની ફરિયાદ કરવાપણું પ્રગટતું નથી.

ધ્યાનમાં ત્રણ કલાક કે ચાર કલાક બેસાયું કે અમુક સાધન આમ થયું કે તેમ થયું અથવા અમુક રીતે દૃઢ રહેવાયું કે મક્કમપણે વર્તાયું, વ્યવસ્થા જળવાઈ, નિયમબદ્ધ ચલાયું- આ બધું ખાસ મહત્ત્વનું નથી. **પરંતુ એ બધાંના પરિણામે કરીને રોજિંદા કર્મવ્યવહારમાં ભાવના જીવતીજાગતી કેટલી રહે છે, एकમાં જ રમમાણ કેટલી રહે છે, ભાવનામાં**

**ઉત્કટતાની માત્રા કેટલી વધે છે, સદ્‌ગુરુમાં કેટલી પ્રીત વધે છે-તે બધું સાચું પ્રમાણ છે. અને તે તરફ આપણું લક્ષ ને મહત્ત્વ રહેવાં ઘટે છે. એનું નામ સાચું ધ્યાન છે.**

❦

જે પોતે ખરેખરી રીતે વિકસીને પોતાને મદદ કરતો નથી, તેને બીજાની મદદ મળતી નથી, એ નક્કી જાણશોજી.

❦

અત્યાર સુધી તો મન નકામા વિચારો કરીને ને બોજા ઉઠાવીને ફર્યાં કરતું હતું ને હજી ફરે છે. મનની આ કુટેવને પ્રયત્ન કરી કરીને આપણે ટાળવાની છે. *'પડી ટેવ તે તો ટળે કેમ ટાળી'* એમ કંઈ કશામાં માનવાની જરૂર નથી. પડેલી ટેવને નથી સુધારી શકાતી, એમ કોણ કહે છે ? જેવા થવું છે, તેમાં જો ખરેખરું દિલ લાગે છે, તો જરૂર તેમ થઈ શકાય છે.

❦

આપણી અંદર ચાલી રહેલા પ્રવાહોનું, ઘમસાણનું, ઊથલપાથલનું અને તેનાં પરિણામોનું ને તેની અસરનું આપણને કશું ભાન રહેતું હોતું નથી. માનવી તો સાધારણ રીતે પવન તણખલાને ઉડાવે છે ને તે ઊડ્યું જાય, તેવી રીતે પોતાની પ્રકૃતિને વશ રહેતો જીવનમાં વહ્યા કરે છે. તણખલામાં ને માનવીમાં ફેર એ છે કે, તણખલામાં ચેતન નથી ને માનવીમાં છે. અહંપ્રેરિત પ્રવૃત્તિઓમાં માનવીનું જીવન વહ્યે જાય છે.

❦

આપણે જે કંઈ કરવું હોય, તે પ્રેમભક્તિભાવ વડે જ્ઞાનપૂર્વક કર્યા કરીશું, તો કોઈ પણ પ્રકારનો તેમાં દ્વિધાભાવ

જન્મી શકવાનો નથી.

❦

ખંત, તમન્ના, તલસાટ એ બધું જોઈએ તેવું ન થતું હોય, ત્યારે ભાવનાના પ્રસંગો પ્રગટાવી પ્રગટાવીને તેમાંથી ખંત, વગેરે બધું પ્રગટાવવું ઘટે.

❦

ભાવનાના પ્રસંગ જીવનમાં નથી બનેલા હોતા એવું નથી. અનુદાર માણસ પણ કેટલીક વાર ઉદાર થયેલો અનુભવાય છે. કંજૂસ ગણાતો માનવી પણ છૂટે હાથે ખર્ચતો જાણેલો છે. આપણે જીવપ્રકારની દશામાં હોવા છતાં એમાં પણ મંગળ અને પાવનકારી અનુભવો પ્રગટતા અનુભવ્યા છે. તેથી એવા અનુભવોનું સ્મરણ પ્રગટાવીએ, તો દિલમાં ભાવના સતેજ થાય છે.

❦

ભાવના જો પ્રગટેલી રહે છે, તો મન સંકલ્પવિકલ્પ કરતું હોતું નથી. પ્રાણના આવેશ અને આવેગો તે વેળા પ્રગટતા નથી. બુદ્ધિ તર્કવિતર્ક કરતી નથી. ને અહમ્ પોતાનું માથું ઊંચું કરતું હોતું નથી આ બધું અનુભવથી સમજાય તેવું છે એટલે ભાવનાનું એકધારું વહન જો થયા કરે, તો જીવદશાનું શમન થવું પૂરેપૂરું શક્ય છે.

❦

જે કોઈ પોતાની આજ યોગ્ય રીતે સંભાળે છે, તેની કાલ યોગ્ય રીતે પ્રગટવાની છે, એ નક્કી જાણશો. કાલનો આધાર અને મદાર આજ પર છે.

**સાધનાના માર્ગમાં તત્કાળનું મહત્ત્વ ઘણું છે.** જે કંઈ કરવાનું પ્રગટે તે, તે ને તે કાળે ઉમંગથી, ઉત્સાહથી, પ્રભુપ્રીત્યર્થની ભાવનાથી કરતા રહીએ, તો પ્રગટેલી ભાવનાનો પૂરેપૂરો સદુપયોગ થાય છે. ભાવના મોળી પડી જતી નથી.

માનવીના જીવનપ્રવાહમાં જે વખતે એક ભારે ભરતી આવે છે, તે વખતે તે ભરતીનો ઉપયોગ કરી લીધો, તો માનવી ભારે ભાગ્યવંત થઈ જાય છે. પણ લક્ષ ન રાખવાથી તે ભરતીની સમજણ ન પડી કે પ્રમાદથી તેની અવગણના કરી, તેને એળે વહી જવા દીધી, તો તત્કાળની યોગ્ય પિછાન ને કદર ન થઈ શકવાથી આપણે ઠેરના ઠેર રહીએ છીએ. માટે જ્યારે જ્યારે લાગણી, ઊર્મિ ને ભાવના પ્રગટે, ત્યારે ત્યારે તેને એળે વહી ન જવા દેવી. એટલું આપણે જ્ઞાનપૂર્વક લક્ષમાં રાખવાનું છે.

જે ઉદ્ભવે તે કામ તત્કાળ કરતાં આપણામાંની જડતા થોડીઘણી ઘસાતી જાય છે, તથા મન ઉપર ભાર રહેતો નથી.

હૃદયમાં જિજ્ઞાસુભાવ પ્રગટતો હોય અને તેવી ભાવનાથી જે સત્સંગ થાય છે, તેમાં તો ભાવનાનો ઓઘ ઊભરાય છે અને દિલ ખુલ્લાં થાય છે. જ્યારે ખાલી ચર્ચામાં તો વિશેષ ને વિશેષ મતાગ્રહ પ્રવર્ત્યા કરે છે. ચર્ચામાં દિલ છતું થતું હોતું નથી. જ્યારે જિજ્ઞાસુ ભાવનાથી થતા રહેતા સત્સંગમાં દિલ

પ્રગટે છે. ચર્ચાથી કરીને નકામી શક્તિ વેડફાઈ જાય છે અને એ પ્રકારની ચર્ચામાં તો અહંપણું જ વિશેષપણે ડોકિયાં કરતું હોય છે. 'અહંતાથી છે વાદ નાના વિકારી !'

❦

સંસારમાં લોકો દુઃખોથી ઘેરાયેલા છે. એ બધા ભગવાનને માર્ગે જાય, તો સુખ પામે. સંતો-ભક્તોએ આધાર આપ્યો છે : ભગવાનનું શરણ. એનાથી સહારો મળે છે. ઓથ મળે છે. ક્લેશ, દુઃખ, મૂંઝવણ વગેરેમાં ભગવાનના શરણથી હળવાશ થાય છે. સંસાર-વહેવારમાં બીજું પણ એક પાસું છે. અને તે ગૂંચ-મુશ્કેલીઓથી આવરાયેલું છે. એમાંથી છૂટવા માટે એક જ આધાર છે : ભગવાનનું સ્મરણ. એથી કરીને જરૂર શાંતિ મળવાની.

❦

કર્મ વ્યવહારમાં અનેકની સાથે થતા સંબંધમાં પ્રકૃતિ-સ્વભાવના કારણે અશાંતિ, સંઘર્ષ, ગૂંચ, મુશ્કેલી પ્રગટે છે. શાંતિ રહેતી નથી. સંસારમાં આપણે કોઈનાં બાપ, મા, બહેન, ભાઈ, દીકરી, દીકરા વગેરે હોઈએ છીએ. જીવનમાં દરેક સાથે જે રીતે સંબંધ હોય, તે રીતે વર્તતાં હોઈએ છીએ. તેમને કારણે આપણને દુઃખ, અશાંતિ વગેરે થાય છે. અને આપણા કારણે તેમને પણ તેવું થતું હોય છે. સંસારમાં બીજા જીવોથી આપણને ત્રાસ, સંતાપ, ક્લેશ, હરકત, મુશ્કેલી થયા વિના રહેતી નથી. એનાથી મુક્ત થવું હોય, તો ગમે તે પ્રકારની પ્રવૃત્તિ લઈએ, તો મુક્ત ન થઈ શકીએ. પ્રવૃત્તિ એવા પ્રકારની હોવી જોઈએ કે, જેનાથી બીજા સાથેનો સંપર્ક ઓછામાં ઓછો

હોય અને આપણે તેનાથી અલિપ્ત થતા જઈએ. આવી પ્રવૃત્તિ એ નામસ્મરણ છે. તેની સાથે આપણી ચાલુ પ્રવૃત્તિ પણ થઈ શકે.

❦

જીવનમાં સદ્‌ભાવ, સુમેળ, સદ્‌વૃત્તિ એ બધાંની ખાસ જરૂર છે. એકબીજા ખાતર ઘસાવાનું હોય છે, પણ તે બેળેબેળે નહિ. સમાજની રચના જ એવી છે કે, એમાં કોઈનું ચાલતું નથી. જો ઘસાવાનું પ્રેમથી ન થાય, તો વિકૃતિ થાય છે. એટલે જે પ્રેમથી કરવાનું હોય છે, એ કાંઈ જુદી પ્રવૃત્તિ નથી. જો આ બધું પ્રેમથી કરવાનું બને, તો તે વિકાસ પામે, સદ્‌ગુણો ખીલે. એના સિવાય નામસ્મરણમાં ઉઠાવ નથી આવતો. આની સાથે અનાસક્ત, નિષ્કામ, નિર્મમત્વ, નિરહંકાર વગેરે ગુણો પણ પ્રગટાવવાની જરૂર.

❦

આપણે સંસાર-વહેવારમાં જીવવું તો છે. તો શા માટે દુઃખી થઈને, ક્લેશ પામીને જીવવું ? અશાંતિમાં શા માટે રહેવું ? માથું મૂકી દેવાનું પણ આપણાથી બનવાનું નથી. માટે ભગવાનનું નામ લેતાં લેતાં એક એવા પ્રકારની ભૂખ જાગશે કે, આપણે માથું મૂકી દેવા પણ તૈયાર થઈ જઈએ. સંસારમાં તેવું બનતું હોય છે. જ્યારે ગરજ પ્રગટે, ત્યારે માથું મૂકતા હોઈએ છીએ.

❦

સંસારમાં આવી મળેલા ધર્મનું પાલન કરતાં કરતાં સમજણપૂર્વક જીવવાનું કરો. વૈદ્ય લોકો જે ચરી-પરેજી આપે

છે, તેવી આ ચરી છે. જેવી રીતે વૈદ્યની ચરી નહિ પાળવાથી દવાનો ઉઠાવ, ફાયદો થતો નથી, તેવી રીતે ભગવાનના નામનો ઉઠાવ પણ સાત્ત્વિકપણું નહિ પ્રગટતું હોવાથી આવતો નથી. આપણે પણ દવા પાછળની ચરી જેવી ચરી પાળતા નથી.

❦

સંસારના રાગદ્વેષો દૂર કરવા જોઈએ. કુટુંબીઓ સાથે પ્રેમભાવ રાખીએ. એકબીજા સાથે પ્રેમ કેળવીએ. એ રીતે આપણા ચિત્તમાં શુદ્ધિ પ્રગટે અને કામ, ક્રોધ, લોભ, મોહમાંથી નીકળીએ. સાથે સાથે ઈશ્વરની ભક્તિ કરીએ.

❦

'ભાઈ, સત્સંગ કરો.' પહેલાં મને પણ થતું કે, તુલસીદાસજીએ તો અનેકગણી અતિશયોક્તિ કરીને સત્સંગનો મહિમા ગાયો છે. પછી મને સમજાયું કે, એમની વાત તદ્દન સાચી છે. ભગવાનનું નામ સહેલાઈથી લઈ શકાય એમ છે. છતાં માનવી એ લઈ શકતો નથી. માટે સત્સંગ કરવાથી ભાવના જરૂર કૂણી રહેશે. ભાવના વિના તો સંસાર પણ નભી શકતો નથી. સંસારમાં પણ એકબીજા પ્રત્યે પ્રેમ રહી શકે છે, એ ભાવનાને લીધે બને છે. અને ભાવના સત્સંગને લીધે કૂણી રહ્યા કરે છે. તમે જો ભગવાનની ભાવનામાં પ્રગટી ગયેલા આત્માનો સત્સંગ કરશો, તો એમનો પ્રકાશ તમને સ્પર્શ્યા વિના રહેવાનો નથી. એ તો આપણી દ્વંદ્વાત્મક ભૂમિકાને લીધે અનુભવાતો નથી. સૂર્યનારાયણને કારણે જેમ પ્રકાશ સ્પર્શે છે, તેમ આવા મહાત્માઓના સમાગમમાં પણ પ્રકાશ મળે છે. અમેરિકામાં આજે એટલું બધું સંઘર્ષણ અને ગતિ થઈ છે કે,

ત્યાં ટ્રાંક્વિલાઈઝરની શોધ થઈ છે. એ લોકોએ સ્થૂળ રીતે મન શાંત થાય, એને માટે સ્થૂળ દવાઓ શોધી. અને એની માઠી અસર થાય છે, તે પણ શોધી કાઢ્યું છે. આ સ્થૂળ ઉપાય યોગ્ય નથી. સંસાર-વહેવારના ઝઘડાઓમાંથી જે ટેન્શન જન્મે છે, એને માટે અનુભવીઓએ કહ્યું છે કે, શબ્દની-ભગવાનના નામની-ઉપાસના કરો. આપણે વિક્ષિપ્ત થઈ જઈએ, ત્યારે ભગવાનને પ્રાર્થના, નિવેદન કર્યાં કરો. લોકો કહે છે કે, 'ભગવાન રોટલા આપી દેવાનો છે ?' તો અમે કહીએ છીએ કે, રોટલાનો આપનારો તો ભગવાન જ છે.

❦

**શબ્દની-ભગવાનના નામની-ઉપાસના એ માત્ર બોલવા-કરવાની પદ્ધતિ નથી. પણ હૃદયને વિશુદ્ધ કરવાની અમૃત સંજીવની છે. અને ક્લેશ પામેલા જીવને શાંતિ પ્રગટાવવા તે ઉત્તમમાં ઉત્તમ પ્રકારની દવા છે.** અનેક પ્રકારે આપણે ફેંકાઈ ગયેલા હોઈએ, ત્રાસ પામેલા હોઈએ, મૂંઝાયેલા હોઈએ, ત્યારે પ્રાર્થના, નિવેદન કર્યા કરો, અને પછી જુઓ તો ખરા કે, તમને તેમાં ફેર લાગે છે કે નહિ. સંસારમાં દુઃખ, મુશ્કેલી તો આવવાનાં જ. એનાથી તનાવ (Tension) અને સંઘર્ષણ પણ થવાનાં જ તો તેવી સ્થિતિમાં ભગવાનની ઉપાસના એ ઉત્તમમાં ઉત્તમ દવા છે. એ આપણે બધાં સમજી કરીને કરીએ, એવી મારી તમને પ્રાર્થના છે.

❦

**સંસારમાં જેની સાથે સંકળાયાં છીએ, તેની સાથે મેળ રાખીને વર્તીએ, તો એ પણ ભગવાનનું ભજન જ છે.** માટે

કૃપા કરીને આટલું તો જરૂર કરજો. દિલનો મેળ એ બહુ મોટી વાત છે. એનાથી આપણું અનેક પ્રકારનું હિત થાય છે. પૈસાથી તો થાય જ. પણ એકબીજાને સ્વભાવથી ત્રાસ, મુશ્કેલી થાય છે, તે પણ નહિ થાય. જો તમે એટલું પણ નહિ કરો, તો મારી સાથે જે સંબંધ રાખો છો, એનો પણ કશો અર્થ નથી. એટલે તમે બધાં સાથે મેળ નહિ રાખો, તો પંચાત પડશે. માટે સંસારના, જીવન-વ્યવહારના ક્ષેત્રમાં, કમાવાના ક્ષેત્રમાં આટલું જરૂર શીખજો.

❦

દ્વંદ્વાતીત, ગુણાતીત બનીએ. ભગવાનનું નામ લેતાં લેતાં અનાસક્ત થઈએ. નિર્મોહી, નિરાગ્રહી કેમ કરીને બનીએ તે જોવું જોઈએ. ભગવાનનું સ્મરણ કરતાં કરતાં જો આ ગુણો કેળવાય, તો જ સાચા દિલની શુદ્ધિ થઈ શકે.

❦

ભગવાનનું નામ સતત લેવાથી ફાયદો થાય, એ વાત સાચી. પણ સંસારમાં સ્વચ્છંદી થઈને જીવદશાથી વર્તો, ત્યારે ફાયદો થાય નહિ.

❦

જ્ઞાનથી કરીને, સહનશીલતા દાખવીને, અન્યાય સહન કરશો, તો એ તપ છે. પ્રેમથી, ઉદારતાથી તેમ કરવું જોઈએ. મારે એકલાએ જ આમ શા માટે કરવું, એ વિચારવું નહિ. સામો ન સમજે, તો ત્યાગપૂર્વક સહન કરવું. બળેબળે નહિ. આ તો ઉમળકાનો માર્ગ છે. પ્રેમથી સહન કરવાને તૈયાર ન હોય, તો ભગવાનને માર્ગે ઉન્નતિ નથી. સંસારવહેવાર એટલા

માટે જ મળેલો છે. આમ ન થાય, તો ભગવાનને માર્ગે ન જઈ શકાય.

❦

સંસારમાં પ્રસન્નતાની ખૂબ જરૂર છે. કેટલાકે સંસારને અમૃતમય કહ્યો છે. આપણને એ વાત ગળે ઊતરતી નથી. એને ગપ્પું માનીએ છીએ. આપણે દુ:ખ, આધિ, વ્યાધિ, ક્લેશ, સંતાપ વગેરેથી આવરાયેલા છીએ. એટલે એક પ્રકારના આંધળા છીએ. આંધળા માણસો હોય અને હાથીના કાન હાથમાં આવે, તો તેને સૂપડા જેવો લાગે. કોઈના હાથમાં પૂછડું આવે, તો તે કહે છે કે, થોડાક વાળવાળું છે. સૂંઢ પગ હોય એમ કહે. જે જેના હાથમાં આવે, તે તેવા પ્રકારનું વર્ણન કરે છે એ સાચું. પણ તે સમગ્ર સત્ય નથી. તેવી રીતે ભગવાન પતિતોદ્ધારક છે જ, એમ મને લાગે છે. પણ ए એકલો પતિતોદ્ધારક જ નથી. एને કોઈ વાતની સીમા નથી, કોઈ વાતનું બંધન નથી. મારી કહેવાની મતલબ એ છે કે, ભગવાન એવું જે ચેતન છે, તેને તમારા સ્વાર્થને માટે પણ કહેતા જાવ. દિવસના ૫૦-૬૦ વાર એવું દુ:ખ, મુશ્કેલીના કારણે, બને. તે વખતે ભગવાન આગળ નિવેદન કરતા રહો. જ્યાં સુધી મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ ભગવાનમાં લય નહિ થઈ ગયાં હોય, ત્યાં સુધી આમ બનવાનું છે. જેની બુદ્ધિ બ્રહ્મમય બની ગઈ હોય, તેને સંસાર અમૃતતુલ્ય લાગે.

❦

સંસારમાં અનુભવ જેવો બીજો કોઈ ગુરુ નથી. મારા જેવા દેહધારી છે, તે એમ નહિ ઓળખાય. જ્યાં સુધી તેમની

સાથે દોસ્તી ના થઈ જાય, તાદાત્મ્ય ન થઈ જાય, તેનામાં એકરૂપ ન થઈ જવાય, ત્યાં સુધી ઓળખાય નહિ. આપણે સંસારી માણસને સંપૂર્ણ રીતે નથી ઓળખી શકતા, તો પેલાને કેવી રીતે ઓળખવાના ? અનુભવે જ એ હકીકત સમજાશે. માટે સંસારમાં જીવતોજાગતો ગુરુ તે નામ-સ્મરણ છે. તે આંધળાની લાકડી છે. તે મુશ્કેલીમાં હિંમત ટકાવી રાખે છે. તે પ્રગતિમાં આગળ ને આગળ ડગલાં ભરાવે છે. બળ, સાહસ, ખંત, ઉત્સાહ, ધીરજ બધું આપે છે. આધ્યાત્મિક ભૂમિકામાં પણ એટલાં બધાં વિઘ્નો આવે છે કે, તે વિઘ્નો પણ દૂર કરવાની ભગવાનના સ્મરણ સિવાય બીજા કોઈની પણ શક્તિ નથી. એટલે બધાંને માટે ઉત્તમમાં ઉત્તમ સાધન સ્મરણ જ છે. અને તે બધાં લઈ શકે. પુરુષ, સ્ત્રી, બાળક તથા કોઈ પણ જાતિ કે ધર્મનાં તે લઈ શકે.

❦

સંસાર-વ્યવહારનાં ગૂંચ-કોયડામાંથી ઊગરવા માટે કોઈ શ્રેષ્ઠ ઉપાય હોય, તો ભગવાનનું સ્મરણ છે. એ બહુ મોટી દવા છે. તે મારણ પણ છે અને તારણ પણ છે. **મારણ એટલા માટે કહું છું કે, જીવદશાને હરનારું છે. અને તારણ એટલા માટે કહું છું કે, સાથે સાથે ભાવનાને પ્રગટાવનારું છે. આવી એક દવા જે મારણ અને તારણ બંને એકસાથે છે, તે નામસ્મરણ.** અનેક ભક્તો અને ઋષિમુનિઓએ લોકો ઉપર કરુણા લાવી આ સાધન આપ્યું છે. એનાથી એકદમ તપસ્વી થઈ જવાના નથી પણ આ સંસાર-વ્યવહારમાં કશા કોયડા કે ગૂંચમાં અટવાઈ જવાનું થવાનું, તેવે વખતે આ **ભગવાનના**

**નામસ્મરણનું ભાથું સાથે રાખજો જેમ ધનને તિજોરીમાં રાખો છો, તેમ ભગવાનના નામસ્મરણને હૃદયમાં સ્થિર કરજો.**

સંસારનાં કામો સારી રીતે કરવા માટે પણ ભગવાનનું નામ એ સરળ ઉપાય છે. એમ કરતાં કરતાં ભગવાનનું નામસ્મરણ ને અભ્યાસ આગળ વધે, તો રાગદ્વેષ ઓછા થાય, મોળા પડે.

દુનિયામાં અનેક જાતના માણસો છે. આપણને અણગમો થાય, મોઢાં પણ ગમે નહિ. કુટુંબમાં પણ મતભેદ હોય, અશાંતિ હોય. તેવે વખતે પણ તેવા લોકો સાથે કામ કરવાનું હોય છે. આવે વખતે ભગવાનનું નામ લેશો, તો જાગૃતિવાળું ભાન પ્રગટશે. એમ કરતાં અનેક જાતના જુદા જુદા સ્વભાવવાળા માણસોના સંબંધમાં આપણે આવીશું, છતાં અપૂર્વ શાંતિ મળશે. આપણા પોતાના મનની શાંતિ રાખવા માટે પણ સારો ભાવ રાખવાની જરૂર છે.

સંસારમાં એકબીજા કાજે ઘસાવાનું પણ બને છે, એમાં કોઈનો છૂટકો નથી. પણ બેળેબેળે કરવાથી કામ બગડે છે અને અકલ્યાણ થાય છે. માટે પ્રેમથી કરશો, તો શાંતિ વધશે અને જ્ઞાનતંતુઓ મજબૂત બનશે. આ સાથે ભગવાનનું નામસ્મરણ કરશો, તો સમતા પ્રગટશે. અગવડ, ગૂંચ, મુશ્કેલી, કોયડાથી અલિપ્ત રહેવાની એક શક્તિ પેદા થશે. સંસારનાં અનેક કર્મમાંથી મુક્તિ મેળવવા આ ઉત્તમ ઉપાય છે.

❦

ભગવાનનું નામ લેનારને બીજા સાથે કેમ વર્તવું, એની સમજણ પ્રગટે છે. ભગવાનનું નામ લેનારે નમ્ર બનવું પડે. નમ્રતા વગર સંસારમાં ચાલતું નથી. નહિ તો આપણો જ સ્વાર્થ બગડે. જે જીવો મળેલા છે, તેમની સાથે સદ્ભાવથી વર્તીશું, તો આપણે આપણું સારું સાધી શકીશું.

❦

સંસારમાં રહ્યા એટલે ક્લેશ, ઉપાધિ તો રહેવાનાં જ. આપણને થાય કે, ભગવાનના નામથી શું થવાનું ? જ્ઞાની, અનુભવી મહાત્માઓ કહી ગયા છે કે, ક્લેશ, ઉપાધિ ભલે રહ્યાં, સંઘર્ષણ ભલે રહ્યું, પણ તમે નામનો ભેખ લો. અખંડ રીતે સળંગ કરી જુઓ.

❦

તમને જે કામની ગરજ પડે છે, તે કામ તમે કર્યા કરો છો. લોકો શું કહેશે એની પરવા નથી કરતા. તો પછી પ્રિયતમ ભગવાનને રીઝવવા હશે, તો એનું નામસ્મરણ કર્યા કરવું પડશે. અને એ કરવા પાછળની આપણી સાચી ભાવના હશે, તો આપણે સાચી રીતે પ્રગટી શકીશું.

❦

સંસાર-વ્યવહારમાં દુઃખ તો જરૂર આવવાનું છે. ફલાણાએ આમ કહ્યું, તેમ કર્યું, એવું બધું આપણામાં પ્રગટે, ત્યારે તેનો હેતુ વિચારવો. પણ આપણે સામો માણસ વર્તે, એ રીતે વર્તવાનું ન રખાય. આપણે તો ભાવના સતેજ રહે અને થયા કરે, એ રીતે જ વર્તવાનું રાખવું. એમ વર્તતાં વર્તતાં ભાવના

પણ જ્વાળામુખી જેવી થવાની છે. એ સાથે ભગવાનનું નામ અને સત્સંગ ચાલુ રાખવા. આમ થશે, તો જ આપણે ચેતનના માર્ગે જઈ શકવાના છીએ, એ વાત નિશ્ચિત છે.

ઋષિમુનિઓએ પોતાનો અનુભવ જગતને આપ્યો છે. સંસારમાં ગૂંચ, કોયડા, દુઃખ વગેરે તો આવવાનાં. પણ બધું જ ભગવાનને કહ્યા કરો. આત્મનિવેદન કરતા રહો. પ્રયોગ કરવાથી ખબર પડશે.

સંસારમાં આનંદથી જીવવું હોય, તો ભગવાનના નામનો વેપાર ચલાવો.

સંસારમાં સ્વાર્થની રીતે ભગવાનને ભજીશું, તો એનો પણ બદલો વળશે. પણ સવારથી ઊઠીને ભગવાનનો ખ્યાલ રાખીને કામકાજ કર્યા કરીશું, તો મન હળવું રહેશે. મુસીબતો ટળશે અને શાંતિ મળશે.

આપણે ભલે સંસારના રગડામાં પડેલા હોઈએ. પણ ભગવાનને સંસાર-વ્યવહારના કામમાં પણ જીવતો રાખીએ, તોય એની મદદ મળે જ છે.

આપણે જો રાગદ્વેષ મોળા કરતા જઈશું અને એ સાથે પરોપકારનાં કામો કરીશું, તો સંસારનાં કામોમાં પણ ભગવાનની મદદ મળ્યા કરશે. કોઈ આપણી સાથે ગમે તેમ

વર્તે, પણ આપણે તો પ્રેમ રાખવો. આ વાતની ખાતરી કરવી હોય, તો પ્રયોગ કરી જુઓ. સંસારમાં સુખી થવા માટે ભગવાનની ભક્તિ છે. ભક્તિ તો જ્ઞાનાત્મક છે. 'ભક્તિ કરનાર ભોટ હોય છે,' એવી માન્યતા ભૂલભરેલી છે. ભગવાનની ભક્તિથી મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ શુદ્ધ થાય છે. ભક્તિ બુદ્ધિ-પ્રકાશ પ્રેરે છે. સંસારમાં કુશળ વહેવારુ કરતાં પણ ભક્તિ કરનાર વિશેષ વહેવારુ બની શકે છે. જે ક્ષેત્રમાં એને દાખલ થવું પડે છે, તેનું વિશેષ જ્ઞાન એને થાય છે. એટલે ભગવાનની ભક્તિ કરવાથી કરણો બહેર મારી જાય છે, ભોટ થવાય છે, એ અજ્ઞાનમૂલક છે, ભક્તની બુદ્ધિથી તો આપમેળે કર્મ કરવામાં ઉત્સાહ પ્રગટે છે. એ બુદ્ધિ સમતાને પામેલી હોવાથી કર્મનો ઉકેલ કરવાને દલીલો કરવી પડતી નથી. એની મેળે તેને બધું સૂઝે છે. એને કર્મનું હાર્દ પકડાઈ જાય છે.

❦

અમે કહીએ છીએ કે, આ સંસારનાં ઘણાં સંઘર્ષણો જે થાય છે, તેમાં જો દુઃખ ન પામવું હોય, અરે, હળવાશ, શાંતિ, પ્રસન્નતા મેળવવી હોય, તો ઉત્તમમાં ઉત્તમ ઔષધ ભગવાનનું નામ છે.

❦

આપણે જીવદશામાં છીએ, સંસારવહેવારમાં છીએ. એટલે ગૂંચ, કોયડા, મુશ્કેલી વગેરે રહેવાનાં જ. કારણ, સંસાર-વહેવારનો એ ગુણ છે. એ બદલી શકવાના નથી. એટલે અમે કહીએ છીએ કે, ભગવાનનું નામ લીધા કરીએ, તો ભગવાનની

એક જબરજસ્ત ઓથ રહે છે. એ ઘણી ભારે ઓથ છે. સંસારવહેવારના કોઈ માણસ કરતાં એ ઓથ ઘણી મોટી છે. એટલે જ્યારે જ્યારે અરે, દરેક પ્રસંગે જો ભગવાનનો આશરો લીધા કરીએ અને એની સાથે સંબંધ રાખીએ, તો જ્યારે આપણું મન ક્ષુબ્ધ થઈ જાય, ત્યારે ભગવાન આપણા જીવનમાં ઘણી હળવાશ પ્રગટાવશે.

❦

સંસારમાં કરવા જેવી વાત તો એ છે કે, માળા કરતાં કરતાં રાગદ્વેષ મોળા પાડો. અહમ્ શૂન્ય થઈ જાય એમ વર્તો. પૂર્વગ્રહ દૂર કરીએ, ત્યાગ કરીએ, ઉદાર થઈએ. સદ્ભાવ, સહાનુભૂતિ રાખીએ. મોટું પેટ રાખીએ. તો આપણી ભૂમિકા કેળવાશે.

❦

સંસાર-વહેવારમાં જે તે બધું કર્યા કરતાં કરતાં ભગવાનનું નામ લીધાં જ કરવું. અને જે જે કંઈ થયાં કરે, તે તે બધું ભગવાનને કહેતા રહેવું. એવો જીવનો સ્વભાવ પડી જતાં આપણો એક પ્રકારનો હૃદયસંબંધ ભગવાન સાથે બંધાઈ જતો હોય છે. તેવો સંબંધ એક વાર જો પ્રભુકૃપાથી બંધાઈ ગયો તો, આપણે પુષ્ટ જીવ ગણાવાના કે થવાના. **પુષ્ટ એટલે જે જીવને ભગવાન પોતાની કૃપાથી પોષે છે તે.** માટે ભગવાનનું નામ લેતા રહેશો લલકારશો.

❦

**તમે કેવળ સત્યનું જ પાલન કરશો, અને એની સાથે જો ભગવાન પ્રત્યે ભક્તિ નહિ હોય, તો સત્યપાલનનું અભિમાન**

**આવશે. ગીતામાતા ચાવી આપે છે કે, ભગવાનના ભક્ત થવું હોય, તો ભગવાનના પ્રિય થઈ પડો.** પ્રભુને પ્રિય થવા માટે તો સંસાર મળેલો છે.

❦

આ પ્રપંચકાળમાંથી ઊગરવાનું સાધન, જ્ઞાનભક્તિપૂર્વકનું ભગવાનનું સ્મરણ છે. એનાથી ભાવના પ્રગટે. રાગદ્વેષ મોળા પાડવાનું કરીએ, તો કાળ નહિ નડે. પ્રથમ બીજાનું સારું તાકો, તો કઠણ કાળ નડી શકવાનો નથી. બીજાને નડે, પણ તમને નહિ નડે. બીજાને સુખ આપવાનો વિચાર કરો. સંસાર-વ્યવહારમાં પણ આ જ જરૂરનું છે.

❦

ભગવાન તો આપણને જોયા કરે છે. પણ આપણે ભગવાનની સામે ન જોયા કરીએ તો આપણને એની મદદ નહિ મળે. સંસારી લોકો પ્રવૃત્તિમાં એટલા રચ્યાપચ્યા રહે કે, ભગવાન સાથે હોવા છતાં, એ અંગે કશું ભાન જાગતું નથી. ઋષિમુનિઓ, સાધુસંતોએ જોયું કે, સંસારમાં લોકોને ભગવાનની સામે જોવાનું પણ ધ્યાનમાં આવવાનું નથી. એટલે એમણે ભગવાનનું સ્મરણ કરવાનો સરળ ઉપાય ખોળી કાઢ્યો. ભગવાનની સ્મરણ-ભાવના પ્રગટશે, એટલે દરેક કોયડા-ગૂંચના ઉપાય આપમેળે મળશે.

❦

**વહેવારમાં મળેલાં સંબંધોમાં, પ્રવૃત્તિમાં, કાર્યોમાં રાગદ્વેષ મોળા પાડીએ. આપણા પોતાના વિકાસને અર્થે, કોઈના પ્રત્યે વેર ના થાય, ઉમળકો પ્રગટે એવી સદ્ભાવના પ્રગટે અને**

**એમ કરતાં કેમ કરીને આ સંસારમાંથી આપણી આશા, ઈચ્છા, તૃષ્ણા, લોલુપતા ઓછાં થાય અને તે કરવાને અંતરનું બળ જગાડવા ભગવાનના સ્મરણનો આશરો લઈએ અને એમ કરીને જીવનની ઉન્નતિ થાય, એ સાચો ધર્મ કહેવાય. મળેલા જીવો સાથેના સંબંધમાં, વાતચીતમાં તટસ્થતા, સમતા કેળવીએ, પ્રપંચથી ન વર્તીએ, આપણો સ્વાર્થ ન રાખીએ, કોઈનું ભલું કેવી રીતે થાય, કોઈનું દિલ ન દુભાય, કોઈનું અહિત ન થાય, એવી રીતે પળેપળ વર્તીએ, એનું નામ ધર્મ. ધર્મ એ આચરણની વિધિ છે.** આવા આચરણ સાથે ભગવાનનું નામ લેવાય, તો જીવનનો ઉઠાવ જલદી થાય.

❦

ભગવાનનો માર્ગ એટલે સંસાર-વહેવારથી ભાગી જઈને અથવા એનાથી તદ્દન અલગ થઈ જઈને કંઈ કશું ન કરવાનો એ માર્ગ નથી. જ્યાં જે સ્થિતિમાં હોઈએ, તે સ્થિતિનાં પ્રાપ્ત થયેલ કર્મ ને ધર્મ જો આપણે શ્રીભગવાન પ્રીત્યર્થે કર્યા કરીએ, જે કંઈ કરીએ, વિચારીએ, ભાવના સેવીએ, તે તે બધું પાછું તે તે પળે ભગવાનને ચરણકમળે સમર્પણ કર્યા કરીએ, તો આપણામાંનું અહમ્ કશું જ ના રહે. જે તે બધું થતું હોય, તે કંઈ આપણાથી થતું હોતું તો નથી. પણ આપણામાં જે ચેતન રહેલું છે, તેને લીધે તે તે બધું થતું હોય છે. એટલે જો આપણે ચેતનને લક્ષમાં રાખીને, ચેતન-પ્રીત્યર્થે કર્યા કરીએ, ને તે તે થતી પળે એને જ પ્રેમભક્તિભાવે જ્ઞાનપૂર્વક સમર્પણ કર્યા કરીએ, તો આપણા મનમાં વલણો જરૂર બદલાય. **સાધના એટલે જીવસ્વભાવને પલટાવવાની કે ઊલટાવવાની**

જ્ઞાનપૂર્વકની પ્રક્રિયા.

❦

સંસારમાં ભગવાનના ભાવને રમતો અનુભવી શકવાને, દિલમાં પ્રચંડ આગ પ્રગટવી જોઈશે. તો જ આપણે જીવતાં રહી શકવાનાં છીએ.

❦

અનુભવીઓએ જોયું કે, માનવી દુઃખથી ત્રાસી ગયેલો હોય, તો એ યોગ કરી શકે નહિ, જ્ઞાનમાર્ગ કે ભક્તિમાર્ગ ગ્રહી શકે નહિ.

❦

મેળ રાખવો એ મુખ્ય વસ્તુ છે. એમાં નીચા જવાની વાત જ નથી. ભાઈ ભાઈને માટે, સ્વજનને માટે પ્રેમ રાખવામાં નીચા જવાનું છે શું ? થોડી ધીરજ નથી રાખતા ? દરેક કોયડાનો ઉકેલ છે. દરેક કાર્ય બધાંની સંમતિ લીધા વિના, મેળ મેળવ્યા વિના કરશો નહિ. જેમ મેળ મેળવવાની વાત સંસાર-વ્યવહારમાં ખપની છે, તે પ્રમાણે આપણામાં પાંચ કરણો-મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ છે, એ દરેક સાથે મેળ રાખીએ. પણ એની સાથે મેળ રાખવો બહુ મુશ્કેલ. કારણ, એ દરેક કરણ જુદી જુદી રીતે વિચારે છે. એ બધાં પાંચે અંદર આપસમાં લડતાં હોય છે. એનો મેળ મેળવવા માટે ભગવાનનું ભજન જ એક સાધન છે. એના વડે કરીને જ આપણી બધી વૃત્તિઓનું રૂપાંતર થઈ શકે છે.

❦

ભગવાન એટલે અંતર્યામી. સ્થળ-કાળનો જેને ભેદ નહિ.

બધામાં હોવા છતાં નોખો. દૂધમાં જેમ મેળવણ નાંખો તો દહીં થાય તેમ જો સંસારમાં ભગવાનનું મેળવણ કરતા રહો, તો સદ્ભાવ અને સુખ મળશે.

કોઈએ મને આજ સુધીમાં એમ કહ્યું નથી કે, 'મને સંસારમાં સુખ છે.' દુઃખ જાતે ઊભું કરીએ છીએ. માનવીને અહમ્ એવો જાગે કે, બીજાને ગણકારે નહિ. માટે જેની સાથે આપણા લટિયાં ગૂંથાયેલાં છે, તેની સાથે ભેગાં રહો. આ એક-બે જણને લાગુ પડતું નથી, પણ દરેકને લાગુ પડે છે. માટે તમને કહું છું કે, મેળ મેળવશો, તો સુખી થશો. એટલે મેળ મેળવવો અને રાખવો. ભગવાનની સાથે એવો મેળ રાખો. ભગવાન તો અમૃતનો સાગર છે. સુખી થવું હોય, તો એક જ ચાવી છે કે, મેળ મેળવવો અને મેળ રાખવો.

॥ હરિઃૐ ॥

# પૂજ્ય શ્રીમોટા
# વચનામૃત
## ભાગ - ૪

સંસારમાં બુદ્ધિ તો અનેક પ્રકારની સંકળામણમાં હોય છે. ઘણા પ્રસંગોમાં એ બહેર મારી જાય છે. તો જે ભગવાનનું સ્મરણ કર્યા કરે છે, મનન-ચિંત્વન કર્યા કરે છે, તેની બુદ્ધિ હળવી રહે છે. હૈયાસૂઝ પ્રગટે છે. એ ઝટ કામ ઉકેલી શકે છે. એટલે જો બુદ્ધિ હળવી રહે, તો કામ જલદી થાય.

❦

આ સંસાર ઉપાધિથી ભરેલો છે. છતાં ધગધગતી તમન્ના પ્રગટેલી નથી. એવી તમન્ના હોય, તો બીજા વિચાર કે વૃત્તિ ન પ્રગટે. આ સંસાર તો ઉપાધિ, મુશ્કેલીવાળો છે, અને એવા સંસારમાં હળવાશ અને આસાએશ પ્રગટે એવું સાધન હોય, તો ભગવાનનું સ્મરણ છે. તમે સ્વાર્થ સમજીને પણ હાલતાં-ચાલતાં, દરેક કામ કરતાં કરતાં ભગવાનનું સ્મરણ કરો, તો જિજ્ઞાસા- ધગધગતી તમન્ના પ્રગટશે. એ એકદમ ન પ્રગટે. પણ અભ્યાસ ચાલુ રાખો.

❦

સંસાર-વહેવારના સંબંધોમાં, સંસાર-વહેવારની રીતે આપણે વર્તવાનું નથી. અને સંબંધોની રીતે મન પણ રાખવાનું નથી કે પરોવવાનું નથી. પ્રભુની ભક્તિ વ્યક્ત અને અવ્યક્ત

બંને છે. જે જે વખતે જે જે કંઈ કામ મળે, તે તે કામમાં ભગવાનની સ્મરણ-ભાવના અને ધારણા જીવતી રાખ્યા કરીને, તે તે જીવના સંબંધને આપણે ગૌણ ગણ્યા કરવાનો છે.

જે જે ઘરમાં સંબંધ છે, તે કોઈને તજવાનો નથી, મૂકી દેવાનો પણ નથી ને સામો વધારવા જવાનો પણ નથી. પરંતુ જેમ જેમ જ્યાં જ્યાં હોઈએ, તેમ તેમ જે થયા કરે, એમાં જ્ઞાનપૂર્વકનું પ્રેમભક્તિનું જીવતું સ્મરણ રહ્યા કરે, એટલું લક્ષમાં રાખવાનું છે. બને તેટલું ઓછામાં ઓછું બોલવું. અને **પ્રભુનું સ્મરણ કરતાં કરતાં જે જે કર્મ મળે, તે કર્મ કરતાં કરતાં પ્રભુની ભાવનાને દૃઢતર બનાવવી.**

મન જો પ્રેમભક્તિની ભાવનાના આવેશથી પ્રભુના સ્મરણમાં મસ્તપણે ગુલતાન રહ્યા કરે, તો સંસારી જીવોનું કશું ટકોરેલું કે કહેવું-કથવું આપણને અયોગ્યતાના ભાનમાં લાગવાનું નથી. એટલે આપણે આપણી માનસિક ભૂમિકા પલટાવવાની છે.

સંસારમાં જીવો પ્રત્યેનો સંબંધ ને સંપર્ક જેમ બને તેમ ઓછો થતો જાય, અને તેને બદલે પ્રેમભક્તિજ્ઞાનપૂર્વક નામ સ્મરણ એટલો સમય થયે જાય, તો તે સારી વાત છે. એમાં કશું ખોટું નથી.

જે જીવનું મન સંસારની ઉપાધિઓમાંથી વળ્યું હોય, ને

જીવનનું મહત્ત્વ જેને સમજાતું જતું હોય, અને જેનું મન ભગવાનના ચરણકમળમાં લાગવાનું બન્યાં કરતું હોય, તેવો જીવ કોઈને પણ તે બાબતમાં પૂછવા ગાછવા રહેતો હોતો નથી. તે તો ઝુકાવ્યે જ રાખે છે. કિંતુ એવા પ્રકારના જીવો કંઈ બધા હોઈ શકતા નથી. જેને જીવનનું એક માત્ર ધ્યેય જીવનના રહસ્યને ઉકેલવાનો, સમજવાનો અને અનુભવવાનો જીવતો આદર્શ ને તેની ધગધગતી તમન્ના હૃદયથી હૃદયમાં લાગ્યાં હોય, તેવો જીવ તો તે જ દિશામાં વળ્યા કરવાનો છે. તેવા જીવને સંસાર કે સંસારની પ્રવૃત્તિઓ, ઉપાધિઓ, મુશ્કેલીઓ, ગૂંચો, પ્રશ્નો, અનેક જાતની હાડમારીઓ વગેરે જીવનના ધ્યેયની પ્રવૃત્તિમાં અટકાવી શકવાનાં નથી.

જે જીવનું મન જરાતરા પણ ભગવાનના ભાવ તરફ થતું જતું હોય, તેવા જીવથી સંસારની પ્રવૃત્તિ એકદમ છોડી શકાતી નથી; એ ઇચ્છે તોપણ. એટલે તેવા મથતા જીવે તો સંસારની પ્રવૃત્તિ કરતાં કરતાં પણ એના જીવનનો સકળ ઝોક ચેતનના ભાવ પરત્વે ઢળતો રહે તે જોવાનું તેનું એક મહત્ત્વનું કર્મ છે. અલબત્ત, લક્ષ્મી-ઉપાર્જનની પ્રવૃત્તિ કરતાં કરતાં એને અનેક પ્રકારનાં કર્મબંધન થવાનાં જ છે ને નવાં કર્મનું ઉપાર્જન તેવો જીવ કરતો જ રહેવાનો છે. અનેક પ્રકારનાં રાગમોહાદિના આવરણમાં પણ તે જીવ સંડોવાયા કરવાનો જ ને તેવાં કર્મનું પરિણામ પણ એને ભોગવવું પડવાનું જ, એ વાત પણ નક્કી છે. પરંતુ સાથે સાથે તેવો જીવ ભગવાનના ભાવ તરફની પોતાની પ્રવૃત્તિ કર્યા જ કરતો રહેશે, તો તેવી પ્રવૃત્તિના સંસ્કાર

પણ તેને પડતા રહેવાના જ. અને તેનું પરિણામ પણ તેને આવવાનું જ.

પ્રભુકૃપાથી જે જીવનું ભગવાનના નામનું રટણ ભલેને ઘરેડની પેઠે થાય, અને એવા રટણની અખંડ ધારા સતત એકધારી ગંગધારાવત્ જો પ્રભુકૃપાથી બની શકી, તો એવી પ્રવૃત્તિમાં પણ ચેતન પ્રગટ્યા વિના રહી શકવાનું નથી. બધાય જીવ સંસારની પ્રવૃત્તિ ને એવી ઈતર પ્રવૃત્તિ એકદમ મૂકી શકતા નથી. તેવું શક્ય પણ નથી. વળી, તે બધું મૂક્યા વિના ભગવાનના ભાવમાં પ્રવેશવાનું થઈ ના શકે, એવું તો કશું નથી. ધારો કે, કોઈ જીવ એકદમ તેવી દ્વંદ્વાદિ પ્રવૃત્તિ મૂકી દે, તો પણ એનું મન ને એના મનમાં રહેલાં દ્વંદ્વ અને તેની પ્રકૃતિ તથા તેના સંસ્કાર એ કંઈ થોડાં જ જીવથી મુકાઈ શકાવાનાં છે? એ તો સતત એકધારી સાધના થયા વિના અને તે પરત્વેના એકધારા જીવતા લક્ષ વિના તેમ થવું કદી પણ શક્ય નથી. જીવ તેવું બધું એકદમ કરી શકતો હોતો નથી. આમ, જેમ જેમ સંસાર પરત્વેનાં મોહ, કામ, રાગ, મમતા આદિ છૂટતાં જતાં લાગે, તેમ તેમ આપણે ભાવભક્તિમાં તલ્લીન થતા જતા આપણને અનુભવી શકીશું.

સંસારની પ્રવૃત્તિ જે જીવ ન છોડી શકતો હોય, તેવા જીવનું મન પણ જરાતરા ભગવાનના ભાવ પરત્વે થતું હોય, તો તેના પરત્વે વધારે સભાન રહીને એને એકધારું અખંડાકાર બને તેવું કરવામાં જો તે ધ્યાન લગાવે, તો તેટલા કાળ સુધીમાં

બનેલાં સારાં-નરતાં બધાં કર્મોનું પરિણામ એને ભોગવવું તો પડવાનું જ. પણ જો પેલી ભગવાનના ભાવની પ્રવૃત્તિ એકધારી જીવતી એનામાં બની શકી, તો પછી પેલાં થઈ ગયેલાં જીવ દશાયુક્ત કર્મોના સંસ્કારનો જ્યારે ઉદય થશે, તે વેળા તે જીવની ભૂમિકા કંઈ આપણા જેવા જીવના જેવી દ્વંદ્વયુક્ત નહિ હોય. એટલે જૂનાં થઈ ગયેલાં કર્મનાં પરિણામ ભોગવતી વેળાનાં જે કર્મ થવાનાં, તે એવા જીવને રાગદ્વેષાદિ દ્વંદ્વાદિકની ભૂમિકામાં લઈ જઈ નહિ શકે, એ વાત નક્કી છે.

❦

જે જીવને શ્રીભગવાનના ભાવની ભૂમિકા એકધારી અખંડાકાર બને, તે વેળા તેનાં મન, ચિત્ત, પ્રાણ, મતિ ને અહમ્ પણ તેવી ભાવનામાં જ રમ્યા કરવાનાં. અખંડાકાર વૃત્તિ થતાં જતાં જૂનાં કર્મનો પાશ-તેવાં તેવાં કર્મો તે તે પળે- ભોગવતાં હોવા છતાં-એવા જીવને લાગવાનો નથી. એ તો આપણાં બધાંની દૃષ્ટિમર્યાદાની બહારનો વિષય ભલે હોય, પરંતુ આપણા બધાનું જીવનનું દૃષ્ટિબિંદુ તો તે જ છે. આપણે આજે નહિ તો કાલે ત્યાં જવું જ છે, એ વાત પણ નક્કી છે. એટલે જે જીવ સંસાર કે લક્ષ્મીની પ્રવૃત્તિ મૂકી ન શકે, એટલી તાલાવેલી જ્યાં સુધી જીવને લાગી ગયેલી નથી, ત્યાં સુધી તેવો જીવ ભગવાનના ભાવ પરત્વે જે કંઈ ને જેટલી કંઈક પ્રવૃત્તિ કરી શકતો હોય, તે એવા જીવ કાજે શ્રેયસ્કર છે જ.

❦

શ્રીહરિની એકદિલથી ભક્તિ ને એનું ભાવમસ્તીભર્યું સ્મરણ, એ કરતાં કરતાં સંસારમાં સકળ કર્મ પ્રભુ-પ્રીત્યર્થે

કર્યા કરીશું, તો આપણને કશું પણ ચોંટવાનું નથી. સદાય શાંતિ, પ્રસન્નતા આદિ અનુભવીશું. સકળ સંસાર જ આપણો થઈ રહેવાનો છે, એ નિશ્ચે કરી જાણજો. કદાચ શરૂઆતમાં સંસારનો વિરોધ જાગે છે ખરો. પણ જો આપણાં મન-હૃદય સાચાં હોય છે, ને આપણો તેના પરત્વેનો સદ્‌ભાવ ખરેખરો નૈસર્ગિકપણે જાગેલો રહ્યા કરે છે, તો તેમનો વિરોધ ગળી જતો હોય છે.

❦

પ્રભુને જેમાં ને તેમાં યાદ કરવાનો છે. ए જ સાચો છે. સંસાર મળેલો છે, એ તેમાં અટવાઈ મરવા માટે નથી મળ્યો. બધા જીવો તેમાં ખદબદ્યા કરે છે. પ્રભુકૃપાથી આપણે સંસારમાં ખદબદ્યા કરવું નથી. આપણે તો બધું પ્રભુપ્રીત્યર્થે જ કરવાનું છે. માટે પ્રભુને જ જેમાં ને તેમાં પ્રથમ મોખરે રાખીને આપણે વર્તવાનું છે.

❦

આપણે બધા જીવો સંસારવહેવારના જાતજાતના વમળમાં ડૂબી મરીએ છીએ. તેનું મૂળ કારણ તો એ છે કે, તે સંસાર આપણામાં ભર્યો પડ્યો છે. તેનાથી અતિરિક્તપણે આપણે ભગવાનમાં રાચતા થઈ શકતા નથી. હૃદયનું સાચું પુરુષાતન પ્રગટ્યા વિના શું થઈ શકવાનું છે ? જો સાચું હૃદયથી જ જગાતું ન હોય, તો પછી દિલમાં તે પરત્વે ઉત્કટ ઝંખના તો ભલા જગાડવાનું કરો ! સ્મરણભાવના જીવતી રાખી શકવા તો જોમ પ્રગટાવો !

❦

જીવનવિકાસ કંઈ એમનો એમ થઈ શકવાનો નથી. સાધન કર્યા વિના પડી રહ્યા કરી, ખાલી ફૂંફાડા માર્યા કર્યે શું દહાડો વળવાનો છે ? ને અત્યાર લગી સાધન પણ શું કર્યું ? સાધનમાં પ્રેમભક્તિથી લગાતાર મંડ્યા રહેવાયા વિના, તેમાં હેતુનું જીવતું જ્ઞાન રાખ્યા વિના, યદ્વાતદ્વા જીવન જીવ્યે જીવનમાં રામ કદી પ્રગટી શકવાના નથી. માટે એ તો જે પ્રભુકૃપાથી હાથમાં લીધું હોય, તેને ભાવથી વળગી રહી, એમાં જો પ્રાણ પ્રગટાવીશું, તો તો आज के काल પ્રભુકૃપાથી જાગવાના હોઈશું તો જાગી શકીશું. માટે एने જ સંભાળવામાં ડહાપણ છે. સંસાર તો આજે છે ને કાલ નથી, તેમ છતાં તે તો પાછો ગળે વળગેલો રહ્યા કરશે. માટે ભગવાનને શરણે ગયા, તો જ આરો આવે.

❦

આ સંસાર તો આપણને ગળી જાય એવો છે. સંસારમાં ભાવમાં ભાવથી જીવતો રહીને, પ્રભુને શરણે સાચા ભાવે ને સાચી રીતે જે જીવી શકે છે, તે જ ખરો नर. સદ્‌ભાવ વિનાનું જીવન એ જીવન નથી. પણ જાણે કે નર્કથી રગદોળાયેલું હોય તેના જેવું જીવન છે.

❦

આપણે તો ભગવાનના થવું છે. એટલે જે તે કંઈ સંસારનું કરીએ, તે પણ શ્રીભગવાનનું જ કરીએ છીએ, એવી જ્ઞાનપૂર્વકની ભાવના હૃદયમાં દૃઢાવતાં રહીએ, તો રાગદ્વેષ ટકે જ નહિ.

❦

સૌ કોઈની પાસે એવી શક્તિ છે, જેથી પોતાની પાસે જે

કોઈ આવે કરે, જેનો સંબંધ થાય, એમને એમને ઊંચી સમજણમાં લાવવાનું નમ્રતા ધારણ કરી કરીને કરે. એમને ધર્મભાવનામાં રસ લેવાનું ને સંસારી રાગદ્વેષ ને અદેખાઈના ઝઘડા ટાળવાનું સમજાવવાનું કર્યા કરે. શ્રીભગવાનના નામસ્મરણથી ભગવાનની ભક્તિમાં મન પરોવ્યા કરવાનું કરે. જે જે કંઈ થયા કરે, તે તે વહાલાને કાજે જ, ને ભગવાનને જ જે જે કંઈ થતું હોય, તે પ્રેમભક્તિજ્ઞાનભાવે સમર્પણ થયા કરે, તો એના જેવો બીજો કોઈ ઉત્તમ આશ્રમ ન હોઈ શકે. શ્રીપ્રભુકૃપાથી જે સ્વજન એવી ભૂમિકાવાળા બને છે, તે જ મારે મન તો સાચો આશ્રમ છે.

❦

સંસારવહેવારમાં આપણે જે કરવું હોય છે, તે તો કરીએ છીએ. ત્યાં આપણને કશી કોઈની આડખીલી નડતી નથી. તો આપણે જો સાચેસાચી રીતે, ખરેખરી ભાવનાથી પ્રભુનું કર્મ કરવું હોય, તો આપણે જરૂર તેમ કરી શકીએ છીએ. ન કરી શકવામાં જો કોઈની પણ આડખીલી હોય, તો તે આપણી પોતાની જ છે. જે હેતુથી આપણે મળ્યાં છીએ, તે હેતુનું આપણને બધાંને સાચેસાચું, પૂરેપૂરું, ગોદાટતું ધક્કેલતું ભાન પ્રગટે, એવી સ્વજનમાંના અંતર્યામીને પ્રાર્થના છે.

❦

સંસારને ભાવ પ્રગટાવવા કે તેમાંથી જીવનની ચેતનાશક્તિ પ્રગટાવવાની ભૂમિકા તરીકે પ્રેમભાવે જે જીવ સ્વીકારે છે, એવા જીવને તે સંસાર ભગવાનનો જ આપેલો લાગ્યા વિના રહી શકવાનો નથી.

❦

ભગવાન ઉપર શ્રદ્ધાને કારણે જીવનમાં ખમીર પ્રગટે છે. માણસને દુઃખમાં ટકી રહેવા સાધન જોઈએ. જગતમાં એવું કોક બળ છે. લોકો ભલે તેને ગમે તે નામ આપે. એને કારણે જ લોકોમાં શ્રદ્ધા રહે છે અને એવી શ્રદ્ધાને કારણે જગતના લોકો ટકે છે.

❦

મુશ્કેલી, આફતમાં આપણો સાચો મિત્ર હોય, તે સહાયરૂપ નીવડે છે, સહાયરૂપ રહે છે. એવી આફત વખતે મિત્રના વચનની ઓથ, સહાનુભૂતિ રહે છે, તો તેની સાથે દિલની મિત્રતા થઈ જાય તેવી દિલની મિત્રતા ભગવાન સાથે પણ થઈ જાય છે. તો અનુભવ થાય. આ વાત બુદ્ધિ નકારી શકે એવી નથી. કેટલાંય માણસોને આવી ઓથના અનુભવો થાય છે. પણ તે માથા ઉપરથી જતા રહે છે. ગુરુની સાથે દિલ એક થતું નથી ઓથ હોવા છતાં કશું થતું નથી. જેવી રીતે મિત્રો વચ્ચે દિલની લાગણી હોય છે, તો એકબીજાની ઓથ અનુભવાય છે. તેવી રીતે આમાં ગુરુની સાથે દિલ મળે, તો ભગવાનની ઓથ મળે.

❦

મુશ્કેલીમાં આવવા છતાં નમી પડવું નહિ. સામા માણસ પ્રત્યેના સદ્‌ભાવમાં જરાયે ઊણપ આવવા ન દેવી. ફક્ત ભગવાનમાં અડગ શ્રદ્ધા અને ટેક રાખો. આવું કરીએ, તો ભગવાન બધું દૂર કરી દે. આપણે ઝૂઝીએ, તો તોફાનો આવવાનાં. પણ એ તોફાનની પળોમાં ખમીર પ્રગટાવીએ,

તેની જ ખરી કિંમત હોય છે. એવા ખમીરવંત માણસનું આ માર્ગમાં કામ હોય છે.

❦

'તું મારો થા, તો હું તારું બધું સંભાળીશ.' ગીતામાં આવું અભય વચન આપ્યું છે. 'મારામાં લીન થઈ જાય, તો- योगक्षेमं वहामि अहम् ।' પણ એની શરત છે : અનન્ય ભક્ત થવાની. પણ આપણે તો સંસારમાં સગુંવહાલું, પૈસા, બૈરાં-છોકરાં વગેરેમાં મનને પરોવાયેલું રાખીએ છીએ; પણ ભગવાનમાં લગાડતા નથી. પછી ભગવાન શું કરે ? એની ઓથ હોવા છતાં સમજાય નહિ. સૂર્યની ગરમીની ઉષ્ણતા વાદળાંના આવરણથી લાગતી નથી. આપણે પણ લોભ, મોહ, અહંકાર, ક્રોધ વગેરેના આવરણથી ઢંકાયેલાં છીએ. એટલે ભગવાનની-ગુરુની ઓથ હોવા છતાં અનુભવી શકતાં નથી.

❦

જ્યારે માણસને એક માત્ર ભગવાનનો સહારો સાચો લાગે, એનામાં વિશ્વાસ, શ્રદ્ધા રાખે, તો ઓથ લાગ્યા વિના રહેતી નથી.

❦

ભગવાન સાથે દિલમાં પ્રેમથી સંબંધ રાખ્યા કરો.

❦

લોકોને ભગવાનના નામસ્મરણમાં શ્રદ્ધા, વિશ્વાસ નથી. શ્રદ્ધા વગર અને સ્મરણ કર્યા વગર તે અનુભવી શકાતું નથી. શ્રદ્ધા એટલે અંધશ્રદ્ધા નહિ. ગોદાટે એ જ શ્રદ્ધા સાચી. અને સાચી શ્રદ્ધા હોય, તો જ જ્ઞાન પામે. ગીતામાતા કહે છે કે,

એવી શ્રદ્ધા પ્રગટે, તો જ ભગવાનનું સ્મરણ આપણને અનેક પ્રકારે મદદ કરનાર બને.

❦

જેવી રીતે બાળક માની સાથે એકરસ એકદિલ હોય છે, એવી રીતે આપણે ભગવાન સાથે એકદિલવાળા થઈ જઈએ, તો આપણી માગણી સંતોષાય, એવો ભક્તોનો અનુભવ છે. પણ આવું ક્યારે બને ? આપણે બાળકના જેવા નિર્દોષ, રાગદ્વેષ વગેરેથી મુક્ત થઈએ, ત્યારે ભગવાન આપણી માગણી પૂરી કરે.

❦

જો ભગવાન સાથે સંબંધ રાખ્યો હશે, તો તો સાચો ઉકેલ મળશે. જો કોઈ મિત્ર સાથે જીવતો સંબંધ રાખ્યો હોય, તો તે મદદમાં આવ્યા વગર રહેતો નથી. ભગવાન આપણો ભાઈ-ભાંડુ, સગો છે. સ્વાર્થના સંબંધ કરતાં આ પ્રકારનો સંબંધ અનેકગણો ચઢી જાય છે. પણ આપણને એનો ખ્યાલ નથી. એટલે આપણાથી એમ બનતું નથી.

❦

આપણે શુદ્ધ ભક્તિ તો કરી શકવાના નથી. માટે ભગવાન સાથે સંબંધ તો બાંધો. સ્વાર્થને માટે તો એમ કરો. ભગવાન એવી શક્તિ છે કે એ અદૃશ્ય નથી. સકળ બ્રહ્માંડમાં જે ચેતના છે, એ જ ચેતના શક્તિ ચેતનનિષ્ઠ જીવાત્મામાં પ્રગટેલી હોય છે. એનામાં શક્તિનું સ્વરૂપ છતું થયું હોય છે. એવા જીવાત્મા સાથે જીવતો સંબંધ રાખીએ; એની સાથે મૈત્રી રાખીએ. મુશ્કેલીની વખતે તેને જ પ્રાર્થના કરીએ. સ્વાર્થ બગડતો હોય,

ત્યારે એને પોકારીએ. પણ એમ ને એમ પોકાર્યે નહિ ચાલે. એની સાથે પ્રેમભર્યો દિલનો જ્ઞાનપૂર્વકનો સંબંધ રાખ્યો હશે, તો કામ પાર પડશે. આ તો પ્રયોગ કરીને અનુભવી શકાય એવું છે. પણ માણસના દિલમાં આ પ્રગટતું નથી. આ પ્રકારનો સંબંધ તમને બુદ્ધિ સુઝાડશે, મદદ કરશે. પણ એ માટે- ચોવીસ કલાક લગીની તમારી સાંકળ એની સાથે જોડાયેલી રાખવી જોઈશે.

❦

બુદ્ધિ પણ ભગવાનનું સ્વરૂપ છે. એના વડે કરીને સંસારમાં સમજણ પ્રગટે છે. બુદ્ધિથી સંજોગોનો પ્રકાશ પણ જોઈ શકાય છે. જો ભગવાન સાથે એકધારો સંબંધ કરીએ, તો તે વધારે તેજસ્વી, ઉકેલ શોધનારી અને કામિયાબ નીવડી શકે.

❦

સંસારવ્યવહારમાં અનેક જાતના કોયડા પ્રગટે. જો એ કોયડા ભગવાનને ચરણકમળે રજૂ કરીએ, અને ભગવાનની સાથે પ્રેમભર્યો સંબંધ થયો હોય, તો ઉકેલ તરત જ મળે છે. જેમ વીજળી કરવા સ્વિચ કરવાની જરૂર હોય છે, એ પ્રમાણે ભગવાન સાથે જીવતો સંબંધ રાખીને એને પોકાર કર્યો હોય, તો એ હાજર થઈ જાય છે. પણ આપણે એવો સંબંધ બાંધવા સ્વિચનો ઉપયોગ પણ કરતા નથી. ભગવાનની સાથે જો પ્રેમભાવભર્યો સંબંધ હોય, તો બુદ્ધિ જે એક સાધન છે, તેના દ્વારા ઉકેલ મળી આવે.

❦

સંસારનાં કર્મો ઉત્તમમાં ઉત્તમ રીતે કરવા માટે ભગવાન

સાથેનો સંબંધ જીવતો રાખો. આપણે ભગવાન સાથે અંતરથી જોડાયેલા, સંકળાયેલા રહીએ, તો મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ દ્વારા કામ કરી શકીએ. પણ આપણે તો એની સાથે દોસ્તી બાંધતા નથી.

❦

ગુરુ પ્રત્યે પ્રેમ રાખવો જોઈએ, ભક્તિ રાખવી જોઈએ. પ્રભુકૃપાથી મારી આ વાત સમજો. આનો અભ્યાસ પાડો, ભગવાનની શક્તિ મળી રહેશે.

❦

આ કાળ પ્રપંચકાળ છે. એમાં બુદ્ધિ વિકૃત થઈ ગઈ છે. એમાં ભગવાનનું સ્મરણ કરવું, ભગવાનમાં વિશ્વાસ પ્રગટાવવો બહુ મુશ્કેલ છે. આ સંસારમાં અને જીવનમાં મુશ્કેલીઓ આવે છે. એટલે આપણામાં જો ભગવાન ઉપર શ્રદ્ધા, વિશ્વાસ પ્રગટી જાય, તો સકળ મુશ્કેલીઓનો કંઈ નિવેડો આવી શકે. આપણે નિશ્ચિંત થઈ શકીએ. એટલે બુદ્ધિની મદદ વડે ભગવાનને સહારે એમાંથી ઉકેલ કાઢી શકીએ. બુદ્ધિથી ઉકેલ કરવાનો પ્રયત્ન કરીએ એની સાથે ભગવાનમાં ભરોસો બેસી ગયો હોય, તો આજ નહિ તો કાલ ઉકેલ આવશે.

❦

આ સંસાર-વહેવારમાં ભગવાનની ઓથની બહુ જરૂર. સંસારમાં પૈસાદાર મિત્રોની ઓથ હોય, તો તે પણ ખરે વખતે લૂલી પડી જતી હોય છે. પણ એક ભગવાન જ એવો છે કે, જેની ઓથ ખરે ટાંકણે કામ આપે છે.

❦

દુનિયાની ઓથ કે સંસારી પ્રકારની ઓથ ઘણી વખતે ઓછી પડે છે. એનાથી ખમીર પ્રગટતું નથી. પણ ભગવાનમાં શ્રદ્ધા, વિશ્વાસ જીવંત થઈ જાય, ત્યારે આપણને એમ થાય કે, આપણી પાસે સાથે કોઈ છે જેના વડે કરીને પ્રેરણા, ઉલ્લાસ, બળ મળ્યાં કરે છે. ઉદ્યમ અને ઉત્સાહ પ્રગટે છે. એટલે ભગવાનની ન માની શકાય એવી ગેબી મદદ મળ્યા કરે છે, કે જેની કોઈને સમજ પડે નહિ.

ભગવાનની સમર્થતાની તોલે આ દુનિયાની કોઈ ઓથ કામ આપતી નથી. એની ઓથે તો એવા પ્રકારની ખુમારી, મસ્તી પ્રગટે છે કે પછી કોઈ પ્રકારની ચિંતા રહેતી નથી.

ભગવાનની ઓથ આ કાળમાં વૈરાગ્ય વગર પ્રગટવી મુશ્કેલ છે. આ કાળમાં વૈરાગ્ય પ્રગટવો સરળ નથી. પણ અભ્યાસ જો પ્રગટે, તો વૈરાગ્ય આવે છે, એવો મારો અનુભવ છે. મારા-તમારા જેવાને વૈરાગ્ય થતો નથી. એટલે આપણે તો અભ્યાસ જ કરવાનો રહે છે અને તે માટે ભગવાનનું સ્મરણ જ એક સુલભ વસ્તુ છે. અનુભવીઓ કહે છે કે, શું કરવા યોગની પાછળ પડો છો ? એકલું સ્મરણ જ ઉત્તમ પ્રકારનું ફળ આપવાને કે પરિણામ અપાવવાને શ્રેષ્ઠ છે. ગીતામાં તો કહે છે કે- 'મારામાં તારા મનને પરોવી દે. પછી તું જો કે શું પરિણામ આવે છે ! તારે પછી કશું જોવાનું નથી, પછી હું તારું બધું કર્યા કરીશ.'

મા બાળકનું મેલું પણ ધૂએ છે. તેમ જો બાળક જેવા થઈ જવાય, તો ભગવાન તેને પવિત્ર પણ બનાવે. એનું બધું ધોઈ નાખે. એવી રીતે જો કોઈ ચેતનામાં નિષ્ઠા પામેલો આત્મા હોય, તેનામાં જો રાગ કરી દઈએ, તો તે પણ આપણને પવિત્ર કરે છે. પણ તે ક્યારે ? જ્યારે એમની સાથે દિલ હળીમળીને એક થઈ જાય. એવી ભક્તિ થઈ જાય, તો એ સમર્થ બનાવી દે. એવા મહાત્માઓ આજે પણ હયાત છે.

❦

આત્મનિવેદન કરવાથી એક જાતનો ભગવાન સાથે સંબધ થાય છે. એને Psychic touch ચૈત્ય સંપર્ક કહે છે.

❦

નવધા ભક્તિ છે. એમાં ઉત્તમમાં ઉત્તમ પ્રકારની ભક્તિ એ કે જે કંઈ થાય, તે ભગવાનને કહ્યા કરો, એટલે કે આત્મનિવેદન કરો તે છે. જ્યારે કંઈ પણ થાય, ત્યારે ભગવાનને નિવેદન કરવાથી બુદ્ધિ શાંત થાય અને એમ કરતાં ઉકેલ કરવામાં સરળતા થાય છે. એમ કરતાં ભગવાનની ઓથનું આપણને ભાન પ્રગટે છે.

❦

આપણા પોતાના વિકાસ ખાતર રાગદ્વેષ મોળા પાડો. પૂર્વગ્રહ છોડો. સદ્‌ભાવ, સહાનુભૂતિ કેળવો. બીજાનો વિચાર છોડો. તમારો જ વિચાર કરવાનો છે. બીજાની વાત તદ્દન છોડો. બીજા કોઈ આપણી કૂથલી કે નિંદા કરે, તો પણ આપણને કંઈ ન થાય, એવી રીતે વર્તો. ભગવાનના સ્મરણનો તો જ ઉઠાવ થશે. જો તમે આ બધું કરશો, તો એનાથી આપણને

ભગવાનની ઓથ, હૂંફ, બળ, ઉઠાવ વગેરે મળશે. અને ત્યારે જ અણીને વખતે સ્મરણ ખપમાં લાગશે. તો જ અણીને વખતે ટકી રહેવાશે. માટે ભગવાનનું સ્મરણ લીધેલું કામનું.

ભગવાનનું સ્મરણ ઉચ્ચ તબક્કે પ્રેરાવનારું સાધન છે. અનેક પ્રકારની ગૂંચોથી, કોયડાઓથી અલિપ્ત રખાવનારું અલૌકિક સાધન છે. એ તો જે એ દવાનો ઉપયોગ કરે, એને જ સમજ પડે.

કામ, ક્રોધ, મોહ, મત્સર વગેરે મોળા પડવા કે ટળી જવા એ સહેલી વાત નથી. જો એ ન બને, તો ભગવાનનું નામ લેવાનો અર્થ શો ? જો કે એવું થતાં વાર લાગશે. છતાં આ પ્રયોગ કરી લેવા જેવો છે.

ગૂંચ, કોયડો ઊભાં થાય કે મુશ્કેલી વેળાએ માણસ તંગ સ્થિતિ અનુભવે, તેવી વેળાએ એકાંત ઓરડામાં મોટેથી સ્મરણ કરી જુઓ. પંદર-વીસ મિનિટ આમ કરશો, તો પણ હળવાશ પ્રગટશે. તંગદિલી ઓછી થઈ જશે. માનતા હોઈએ કે ન માનતા હોઈએ, પણ પ્રયોગ કરવાથી ખાતરી થશે.

ભગવાન-ચેતન-પરત્વેના સંસ્કારો આપણા ચિત્તમાં સુષુપ્ત રીતે પડેલા હોય છે. અને વાતાવરણમાં પણ એવા સંસ્કારો હોય છે. સાથે ચેતનાત્મક શબ્દના રટણથી, મોટેથી ઉચ્ચારણથી પરિણામ આવ્યા વિના રહેશે નહિ.

❦

ભયના સંસ્કારો નામસ્મરણને પરિણામે ઓછા થઈ શકે છે.

❦

જો આપણે હેતુ પ્રત્યેની જાગૃતિ રાખીને નામસ્મરણ કરીએ, તો આપણા અંતઃકરણનું રૂપાંતર થવાનું શરૂ થાય છે. નામસ્મરણ વડે આપણા રાગદ્વેષ મોળા પડે એવા હેતુનું જ્ઞાન બહુ ઓછાને પ્રગટે છે.

❦

ભગવાનની કૃપાથી અને આગલા જન્મના સંસ્કારના પ્રતાપે, સંકટની અનેક વેળાએ આશ્વાસન પામવા માટે, ભગવાનના નામ રૂપી મિત્ર સદા હાજર રહ્યો છે. કોઈક મિત્ર હોય એ પણ એટલું આશ્વાસન આપી શકતો નથી કે જેથી આપણે સાબદા થઈ શકીએ. ભગવાનની ઓથ એટલી જબરજસ્ત છે કે, આ જગતમાં એની તોલે બીજું કોઈ આવી શકે એમ નથી. જેનામાં એવી ઓથ પ્રગટે, તેનામાં સાહસ ધૈર્ય, હિંમત પ્રગટે છે, એ જાણીને તો દંગ થઈ જવાય !

❦

કોઈ ઘટમાળમાંથી મુક્તિ મેળવવાનું સરળ સાધન ભગવાનનું સ્મરણ છે.

❦

દુઃખમાંથી સાચો માર્ગ કાઢે એવું કોઈ સાધન હોય, તો ભગવાનનું સ્મરણ છે.

❦

ત્યાગની ભૂમિકા પ્રગટ્યા વિના મનુષ્યજીવન ઊંચે આવવું શક્ય નથી. બીજાનું ઉદારતાથી, પ્રેમથી સહન કરીએ, તો એ પણ મોટું તપ છે. પણ સામાન્ય માણસને આમ વર્તવાનું દિલ થતું નથી. માટે એવી ભાવના સૌ કોઈમાં જાગતી થાય અને કોઈ પ્રકારે એના દિલને જરા જેટલું પણ ઊંચે પ્રગટાવી શકાય છે, એવો મારો અનુભવ છે. એ માટેનો તરણોપાય ભગવાનનું સ્મરણ છે.

❦

મનુષ્ય-જીવન શેના માટે છે એ સમજો-કડવાશ છોડો. બીજાની નિંદા કરવાનું છોડો. અવગુણો જોવાની દૃષ્ટિ છોડો. એકબીજાના દુઃખમાં કેવી રીતે મદદમાં આવી શકાય એ જુઓ. એકબીજાના જીવનમાં મોકળાશ પ્રગટે એ જુઓ. આમ કરતાં કરતાં ભગવાનનું નામ લઈએ, તો ભગવાનની કૃપા તો છે જ. તે તો સદા-સર્વદા વિકસેલી છે. ફૂલ બાગમાં હોય છે, એની સુવાસ ચોમેર પ્રસરે છે. તેમ મનુષ્યસમાજમાં અનંત પ્રકારની ભાવનાથી પ્રકાશી રહેલા આત્માઓની સુવાસ પ્રગટેલી છે. એવા લોકોના જીવન દ્વારા ભગવાનની કૃપા પ્રસરે છે, એનું ભાન આપણને જાગતું નથી.

❦

જ્યાં સુધી સત્સંગની ભાવના પ્રગટી નથી, ત્યાં સુધી તમારું કશું વળવાનું નથી.

❦

જીવનમાં એકબીજાની સહાનુભૂતિ મેળવીએ. કરવાનાં કામોને ગતિ-ઉમળકાથી શરૂ કરીએ, તો આપણામાં શક્તિનો

સંચાર થશે. એ કર્મ કરતાં કરતાં ભગવાનનું સ્મરણ કરીએ, તો જીવનમાં મળ્યાનો અર્થ છે. આપણને મળેલું કર્મ આજે બરાબર ન કરી શક્યા, તો ભગવાનનું કામ શી રીતે કરવાનાં ? બધાં કાર્યો નિરાસક્ત, નિર્મમત્વ અને નિરહંકારભાવે ભગવાનને સમર્પીને કરો. આવી ધારણા રાખીને આપણે કર્મ કરીશું તો ભગવાનની ભાવના કેળવવાની ભૂમિકા મેળવીશું.

❦

પ્રારબ્ધ તો વ્યવહારમાં છે. ભગવાનની ચેતનાત્મક ગતિમાં ઊડવા માટે પ્રારબ્ધ બિલકુલ ખલેલ નહિ પાડે. મનુષ્યજીવન મળ્યું છે, એ જ બતાવી આપે છે કે, ચેતનને અનુભવવાની શક્યતા છે. પણ એ માટે આપણામાં જ્વાળામુખી જેવી ધગધગતી ભાવના પ્રગટેલી નથી. ઈચ્છા થવી એ જરૂરી છે. પણ એનો વિચાર આવતો નથી. વિચાર આવે, તો ભગવાનની ભક્તિ કર્યા વિના રહેવાય નહિ. ભાવનાનું ઘટ સ્વરૂપ ભક્તિ છે.

❦

કોઈ માણસ ભગવાનનું નામ લીધા કરે, બેસીને માત્ર એ જ કર્મ કર્યા કરે, છતાં પણ રાગદ્વેષમાં જ રહેતો હોય, તો એ ક્રિયાને પણ હું તો દંભ જ કહું છું. લોકો કહે છે કે, રોજ કરોડ જપ કરો, તો મોક્ષ મળી જાય. એવું કહેનારાઓને હું કહું છું કે, એ વાત ખોટી છે. લોકોને ભ્રમણામાં ન રાખો. જો રાગદ્વેષ મોળા ન પડે, કામ, ક્રોધ, લોભ, દ્વેષ, ઈર્ષ્યા ઘટાડી ન શકાય, તો સતત જપનો પણ ઉઠાવ નહિ આવે.

❦

જેને ભગવાનની ઓથનું ભાન જાગે છે, તેવો જીવ કદી નિર્માલ્ય રહી શકતો નથી.

❦

આપણે સુખી થઈએ, એ કરતાં આપણાથી બીજાઓ કેમ કરીને સુખી થાય એવા વિચાર કરો. ભગવાનને રસ્તે જવું હોય, તો મમતારહિત અને અનાસક્તભાવે વર્તીને બધાંના પ્રિય થઈશું, તો ભગવાનના વહાલા થઈશું. આપણે ભગવાનના સ્મરણ સાથે આ રીતે વર્તવાની ધારણા રાખીશું, તો જ ભગવાનની મદદ મળ્યા કરશે.

❦

ભગવાન અધ્ધર લટકતો નથી. ભગવાન તો આપણા હૈયામાં પડેલો છે. આપણને એને બોલાવવાનું જ્ઞાનભાન નથી. આજે તો એવું ચાલ્યું છે કે, આપણે માત્ર આપણો જ વિચાર કરીએ છીએ.

❦

ભલેને તમે આઠ પ્રહર ભગવાનનું નામ લો, પણ જીવનમાં ભાવના ટકાવ્યા સિવાય કશું જ વળે નહિ.

❦

આપણને જે કાંઈ સંપત્તિ મળી છે, તે આપણા એકલાને માટે નથી. પણ બીજાને મદદ કરવા મળેલી છે. પહેલાં આપણો સમાજ સુખી હતો. કેમ કે લોકો ભગવાનનો વિચાર કરીને ચાલનારા હતા. આજે કોઈ ભગવાનનો વિચાર કરતું નથી. સમાજ ક્યાં જઈને અટકશે તેનો કોઈને ખ્યાલ નથી.

❦

આ પ્રપંચકાળમાંથી ઊગરવાનું સાધન, જ્ઞાનભક્તિપૂર્વકનું ભગવાનનું સ્મરણ છે. એનાથી ભાવના પ્રગટે. રાગદ્વેષ મોળા પાડવાનું કરીએ, તો કાળ નહિ નડે. પ્રથમ બીજાનું સારું તાકો, તો કઠણ કાળ નડી શકવાનો નથી. બીજાને નડે, પણ તમને નહિ નડે. બીજાને સુખ આપવાનો વિચાર કરો. સંસાર વ્યવહારમાં પણ આ જ જરૂરનું છે.

ભગવાન તો આપણને જોયા કરે છે. પણ આપણે ભગવાનની સામે ન જોયા કરીએ, તો આપણને એની મદદ નહિ મળે. સંસારી લોકો પ્રવૃત્તિમાં એટલા રચ્યાપચ્યા રહે કે, ભગવાન સાથે હોવા છતાં, એ અંગે કશું ભાન જાગતું નથી. ઋષિમુનિઓ, સાધુ-સંતોએ જોયું કે, સંસારમાં લોકોને ભગવાનની સામે જોવાનું પણ ધ્યાનમાં આવવાનું નથી. એટલે એમણે ભગવાનનું સ્મરણ કરવાનો ઉપાય ખોળી કાઢ્યો, ભગવાનની સ્મરણભાવના પ્રગટશે, એટલે દરેક કોયડા-ગૂંચના ઉપાય આપમેળે મળશે.

મારા ગુરુમહારાજે મને કહ્યું હતું, જ્યાં સુધી તારું મોં મારા તરફ ફરે નહિ અને એકધારું મારામાં ન રહ્યા કરે, ભગવાનની ઓથ એક એવા પ્રકારની છે કે, એના જેવી બીજી કોઈ નિરાંત અનુભવાતી નથી. એ મેળવવા માટે ભગવાનને આત્મનિવેદન કરવું, એનું સ્મરણ, ભજન, સદ્‌વાચન, સત્સંગ કરવાથી, ભાવનાનું અનુસંધાન કેળવવાથી ભાવનાનું જ્ઞાનભાન સુષુપ્ત પડેલું છે, તે જાગતું થાય છે અને માટે સમર્થ ગર્જે છે,

એમ લાગવાથી કોઈ જાતનો ભય કે ડર રહેતો નથી. એ પ્રકારની ભક્તિ કરવાથી જીવનનિર્વાહમાં પણ સરળતા રહે છે. આપણે એકલા નથી, પણ માથે કોઈ છે અને હંમેશાં એ મદદ કરે છે, ઉકેલ કરે છે. ભગવાનની મદદનો જો ઉપયોગ ન કરી શકીએ, તો આપણે કમનસીબ છીએ !

❦

ભગવાન આવતી આફતમાંથી ચેતવવાનું ક્યારે કરે ? જ્યારે આપણએ ખુલ્લા થયેલા હોઈએ અને એવી સલાહને પ્રેમભક્તિપૂર્વક આચરીએ, તો જીવનના એકેએક ક્ષેત્રને ભગવાન આવરી લેતો હોય છે. પણ આપણે તો મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્‌થી દોરવાયેલા હોવાથી એ મદદ આપણે સ્વીકારી શકતા નથી. એટલે એવી ઓથ સ્વીકારવા પ્રાર્થના, નિવેદન, સદ્‌વાચન, ભજન કરવાથી ભગવાનની ઓથ આપણા દિલમાં છતી થાય છે.

❦

હું તો ગુરુમહારાજની કૃપાથી સાચી વાત કહું છું કે, ભગવાનનું નામ લેતાં લેતાં જો એના પર શ્રદ્ધા થઈ જાય, તો ભગવાનનો સહારો જેવો તેવો નથી. જેમ દીવો સળગતો હોય, તો એનું અજવાળું ચોરેકોર ફેલાઈ જાય છે, તેમ જો ભગવાન પર ભરોસો બેસી જાય, તો અઢળક સહારો મળી રહે છે. એ માટે પ્રાર્થના, ભજન વગેરે સાધનથી પ્રકૃતિને-સ્વભાવને સુધારીએ, તો ધીમે ધીમ એમ શ્રદ્ધા પ્રગટે.

❦

શ્રદ્ધા જ્ઞાનાત્મક અને બળવાન છે. શ્રદ્ધા તો મહાબળ

પ્રગટાવે છે. શ્રદ્ધા જીવનમાં નવો પ્રાણ પૂરે છે. મડદાંને બેઠાં કરે છે. એવી શ્રદ્ધા પ્રગટાવવાને માટે પ્રકૃતિની શુદ્ધિ કરો અને સાથે સાથે ભગવાનનું ભજન, પ્રાર્થના કરો, તો જ શ્રદ્ધા પ્રગટે. એમ જીવન ઊંચે લઈ જવામાં એ તમને મદદરૂપ થશે.

જ્યારે ભાવનાપૂર્વકનું તમારું વર્તન થશે, ત્યારે ભગવાન તો તમારામાં રહેલો જ છે, તે છતો થવા માંડે. ભગવાન તમારામાં છે, સમસ્ત બ્રહ્માંડમાં છે અને છતાં એ નોખો છે.

જો દુનિયામાં ભગવાનનો લાભ લેવો હોય, તો તમે ભગવાનને કઈ રીતે ભજો છો, એની બરાબર ખોજ કરી લો. તો ભગવાન વિશે ભ્રમ રહેશે નહિ.

જો આપણે ભગવાનનું સ્મરણ કરતાં રહીએ, તો ભગવાન અનેક પ્રકારે સહારો આપે છે.

ભગવાને ગીતામાં અભયવચન આપ્યું છે કે, 'તારો યોગક્ષેમ હું માથે લઈ લઉં છું.' પણ ક્યારે ? કે જે મને અનન્ય ભાવે ભજે છે, મારી પાસે રહ્યા કરે અને અનન્ય ચિત્તથી, એટલે જીવનના એકએક ક્ષેત્રમાં મારી પાસે જે ચારે બાજુએ બેસે તેવાઓનું; પળે પળ- नित्य अभियुक्तानाम् એટલે કે જેઓ સતત મારી સાથે અભિયુક્ત- એટલે આગળ પાછળથી બધી રીતે જોડાયેલા છે; તેમનું યોગક્ષેમ હું વહન કરું છું. સાચો અર્થ એ છે કે, એ જીવનો આધ્યાત્મિક ઉદ્ધાર મારે માથે

છે, પણ તે ઉપરાંત એના જીવનવહેવારનો બોજો પણ ભગવાન માથે લેતો હોય છે.

અનન્ય ચિત્તથી કે લક્ષથી ભગવાનનું ભજન-કીર્તન-એનું સ્મરણ જીવનમાં જાગતું રાખ્યા કરીએ, તો ભગવાન બધું માથે લઈ લે છે અને આપણને કેટલી બધી નિશ્ચિંતતા થઈ જાય છે.

ભગવાનને અનન્ય ભાવે ભજવાથી ભગવાન એના ભક્તનું કામ પાર પાડે છે. એટલે ભગવાન પર ભરોસો રાખતા થઈ જઈએ. એના પર વિશ્વાસ રાખીએ, તો ભગવાન આપણાં કામ કરશે. ભગવાને આવું અભયવચન આપ્યું છે, છતાં માનવીનું મન ભગવાનમાં પરોવાતું નથી.

ભગવાનની અદીઠી મદદ આપણને મળશે, એવો વિશ્વાસ આ કાળમાં કેળવવાની ઘણી જરૂર છે.

કોઈ પરોપકારનાં કામ, એકબીજા માટે ઘસાવાનું એવું કંઈક કરીએ, તો 'ભગવાન', 'ભગવાન' કરેલું કામનું. એટલે સમાજમાં ભગવાન વિશેની જે માન્યતા છે તે ઉપરછલ્લી છે. ભગવાનને મન બધાં સરખાં. બધાં પર દયા કરે, કરુણા કરે, એ ભ્રામક માન્યતા છે. તે ખપમાં ન લાગે. જેમ બેંકમાં પાંચ હજાર રૂપિયા હોય, તો ખપ પડે ત્યારે વપરાય, તેમ ભગવાન એક જબરજસ્ત મોટી મૂડી છે. ભગવાનના ઉપરની હૂંડી ગમે ત્યારે સ્વીકારાય. જો તમે ભગવાનના અસ્તિત્વને સમજીને એનાં

કાર્ય કરો, તો તમે ભગવાનની ઓથ, હૂંફ, બળ વગેરે સમજી શકશો. એ સિવાય પત્તો ન ખાય.

ભગવાનની કૃપાથી અને આગલા જન્મના સંસ્કારના પ્રતાપે, સંકટની અનેક વેળાએ આશ્વાસન પામવા માટે ભગવાનના નામ રૂપી મિત્ર સદા હાજર રહ્યો છે. કોઈક મિત્ર હોય એ પણ એટલું આશ્વાસન આપી શકતો નથી કે જેથી આપણે સાબદા થઈ શકીએ. ભગવાનની ઓથ એટલી જબરજસ્ત છે કે, આ જગતમાં એની તોલે બીજું કોઈ આવી શકે એમ નથી. જેનામાં એવી ઓથ પ્રગટે, તેનામાં સાહસ, ધૈર્ય, હિંમત પ્રગટે છે. એ જાણીને તો દંગ થઈ જવાય !

જે ભગવાનને સતત પ્રાર્થના કર્યા કરવામાં જીવતું એકાગ્ર લક્ષ રાખ્યા જ કરે છે, એને શ્રીભગવાન ઊંચકીને પણ તેમાંથી ઊંચે લઈ ગયા વિના રહેતો નથી.

જેમાં તેમાં ભગવાન બળવાન છે. તેવી ભાવના જેમાં ને તેમાં સેવ્યા કરવી.

ભગવાનનો ભાવ એ કંઈ બુદ્ધિગમ્ય, રમ્ય કલ્પના માત્ર નથી. એવી સાધનામાં સર્વભાવે ને સર્વ રીતે જેણે ઝંપલાવ્યું છે, એવા અનુભવીઓની પરંપરા આ દેશમાં અખંડ ધારાવત્ ચાલુ રહ્યા કરેલી છે. જેમ વિજ્ઞાનના પ્રયોગથી સિદ્ધ થયેલી હકીકત માનવામાં આપણને હરકત હોતી નથી, તેમ આવા

સંત, ભક્ત, જ્ઞાની, યોગી આત્માના તેવા તેવા જીવન-અનુભવના સંસ્કાર આજે પણ પ્રજા-માનસમાં સંસ્કારના પ્રાણરૂપે જીવતા રહેલા છે. પણ એને એ રીતે સ્વીકારવા આજે માનવીનું મન તૈયાર નથી.

❦

જેને ભગવાનની જ આસક્તિ લગાડવી છે, એનામાંથી બીજા બધાની આસક્તિ નીકળી જવી જોઈએ. સાધકની મનની તે દશા પરિપૂર્ણ થઈ જતાં તે પછી તો બીજા બધામાં પણ ભગવાનની આસક્તિ ને ભાવના તે અનુભવશે. કિંતુ જીવની તેવી દશા થાય તે પહેલાં તો સર્વ કોઈ સાથેની તેની આસક્તિ તૂટી જવી જ જોઈએ. તે આસક્તિ તૂટ્યા વિના કોઈ પણ જીવ ભગવાનની આસક્તિમાં રહી કે ટકી શકવાનો નથી.

❦

શ્રીભગવાન આપણને સતત પળેપળ પ્રેમ કરતો હોય છે, પળેપળ આપણું પોષણ અનેક રીતે કરતો હોય છે, પળેપળ રસનું સિંચન કરતો હોય છે, અનેક રીતે બહારનું ને અંદરનું, શરીરનું ધારણપોષણ પણ એ જ કરતો હોય છે. એના ચેતન વિના કશું જ હાલીચાલી શકતું નથી એને મુકાબલે આપણે ભગવાનને યાદ જ કરતા હોતા નથી. ભગવાન આપણું જેટલું કરતો હોય છે, ને એ આપણો જેટલો હોય છે, તેના પ્રમાણમાં આપણે તો ભગવાનને નેવે મૂકીને જ વર્તતા હોઈએ છીએ. એનો અફસોસ પણ જીવને થતો હોતો નથી.

❦

ભગવાનનાં ચરણકમળમાં જ્ઞાનભક્તિપૂર્વકની સંપૂર્ણ

શરણાગતિ આપણાં એકેએક કરણની થઈ ગયા બાદ પ્રકૃતિનું દિવ્ય રૂપાંતર થયાં કરતું હોય છે. એ વિના નહિ.

ભગવાનનો ભક્ત એકધારું સ્મરણ કરે, ત્યારે શ્રદ્ધા પ્રગટે છે અને તેને ભગવાન બુદ્ધિયોગ આપે છે. બુદ્ધિયોગવાળા ધારે તો વધારે કમાઈ શકે. માટે કહું છું કે, જીવનનિર્વાહનું બહાનું ન કાઢો. જીવનનિર્વાહ તો ભગવાનના સ્મરણથી વધુ સારી રીતે ચલાવી શકાય.

ભગવાનની કૃપાશક્તિ તો એકધારી મળ્યાં જ કરે છે. પણ એમાં શંકા કરે છે, એટલે પંચાત થાય છે. વેપાર કરવો હોય અને કોઈ મિત્ર ખૂબ પૈસાવાળો હોય, તો એની ઓથ રહે છે. પણ જેને ભગવાનની ઓથ હોય, તો ભગવાન એનું બરોબર ચાલવતો હોય છે. પણ એમાં એક જ શરત છે કે, એકધારો ભગવાનનો થઈ જા.

માત્ર જીવનનિર્વાહમાં જ નહિ, પણ દરેક પ્રવૃત્તિમાં ભગવાન સહાયરૂપ થશે. ભગવાનના નિરંતર સ્મરણમાં આપણું કલ્યાણ છે અને એ દરેક રીતે મદદ પૂરનારું છે.

ભગવાનને આપણે ભૂલી ગયા છીએ. કોઈ કહેશે કે, હું રોજ પાંચ માળા કરું છું, તે પછી જ જમું છું આ રીતે આપણે ભગવાનને છેતરીએ છીએ. એને ટોડલે મૂકતા હોઈએ તો ઠીક. અરે, ખિસ્સામાં રાખતા હોઈએ તો પણ ઠીક. પણ આ તો

ભગવાન છે જ નહિ, એવી રીતે વર્તીએ છીએ, એને છેતરીએ છીએ.

ભગવાન સંસારવહેવારમાં આપણને મદદ કરે છે. જિંદગીમાં કોઈએ પાંચ હજાર રૂપિયા આપ્યા હોય, તો એને ભૂલીએ છીએ ? પણ હવા, પાણી, અગ્નિ, પ્રકાશ વગર જિવાય એવું નથી. એ બધું ભગવાને પેદા કર્યું અને એ બધું સહજ રીતે મળે છે અને એ બધું છે તો ખરું ને ? આ બધાં સિવાય ન જિવાય, એ વાત સાચી ? તો કહે, 'હા.' તો એની કોઈ દિવસ કદરભક્તિ દિલમાં પ્રગટી ? તો કહે, 'ના.' તો આપણે માણસ તરીકે જીવીએ છીએ, તેનું આપણને ભાન નથી. ભગવાન તો આપણને પળેપળ જિવાડી રહ્યો છે, એનું ભાન ભગવાનની કૃપાથી આપણને બધાંને પ્રગટે, એવી મારી વિનંતી છે.

ભગવાનનો સહારો એ જીવનમાં સમર્થ આશરો છે. એ અનેક રીતે મદદ કરે છે. જો ભગવાનનો આશરો લઈએ, તો ભગવાન ખૂબ મદદ કરે છે. પણ આપણને તો ધનનો આશરો છે. બેંક બેલેંસ પર જ આપણે તો આધાર રાખીએ છીએ. ધનનો આશરો તેમ જ માતાપિતાનો, પુત્રનો કે એનો સંસારી આશરો લઈએ, તો એ તો ચંચળ છે, ખરો આશરો નથી. ભગવાનનો આશરો એ બહુ સમર્થનો આશરો છે. એ ચંચળ નથી. કોઈ ભાગ્યશાળીને જ એ મળે. એ એમ ને એમ ન મળે. રોજ બેસીને આત્મનિવેદન કરો. ભગવાનને તમારો સાથી

રાખો. મિત્ર હોય એમ ભગવાન તમારી સન્મુખ હાજર હોય એવી રીતે વર્તો. ભગવાન ભાવનાત્મક રીતે હાજર હોય છે.

ભગવાન પર જેનાં શ્રદ્ધા-વિશ્વાસ જીવતાં થઈ જાય છે, તેને ભગવાન સોએ સો ટકા મદદ આપે છે, મદદ કરનારાને મોકલી આપે છે.

ભગવાન સાથે દિલનો સંબંધ કેળવો, તો ભગવાન તમારું કામ કરશે. એટલે એવી ભગવાન પર પ્રીતિ જાગે, એનું સ્મરણ-મનન કર્યા કરીએ, તો આંતરિક બળ પ્રગટે. એનાથી રાગદ્વેષ મોળા પડશે. એમાંથી તટસ્થતા જાગશે અને તો જ વિવેક પ્રગટશે. પછી જ સંયમ કેળવાશે. માટે કહું છું કે, ભગવાનનું સ્મરણ જીવનમાં બહુ ઉપયોગી છે.

પોતાના અંતરના આર્દ્ર અને આર્ત સાદથી જે જીવ પોતાને મદદ કરવાને ભગવાનની કૃપામદદ પ્રાર્થનાભાવે લળીલળીને યાચ્યા કરે છે, તેવા જીવને ભગવાનની કૃપામદદ મળતી હોય છે. આપણે ડરવાનું કારણ નથી. માથે સમર્થ ધણી ગર્જે છે, એવું જો હૃદયમાં સાચેસાચું પૂરેપૂરું ભાન હોય, તો તેને ડર શેનો ? કરોડાધિપતિની પેઢીનો મુનીમ લાખો રૂપિયાના સોદા કરે અને લાખ્ખો રૂપિયા ગુમાવે. પણ તે બધું શેઠને જણાવી દઈ નિશ્ચિંતતા અનુભવે છે. પ્રમાણિક, વફાદાર અને કામગરો મુનીમ હોય અને જેના પર શેઠનો ઘણો પ્રેમભાવ હોય ને શ્રદ્ધાવિશ્વાસ થયેલાં હોય, તો તેવાની ગફલતને લીધે થયેલી

ભૂલ પણ શેઠ જતી કરે છે. તે જ પ્રમાણે આપણું જે તે બધું ભગવાનને ચરણકમળે આત્મનિવેદન કર્યા કરીએ અને કંઈ પણ તેમ કરવામાં બાકી ન રાખ્યા કરીએ, એટલે કે જમા ને ઉધાર બંને પાસાં એને બતાવતા રહીએ, તો ભગવાન આપણા જીવનનો ચોપડો સંભાળી લેશે.

❦

ભગવાનને આપણે આપણા રોજિંદા વ્યવહારમાં અનેકવાર પ્રાર્થના હૃદયમાં હૃદયથી કર્યા કરવાની હોય છે. પ્રાર્થનાનો કોઈ અમુક મુકરર સમય હોય, એવું કશું પ્રાર્થનામાં નથી. જ્યાં જ્યાં કહેવા જેવું લાગે, ત્યાં પ્રાર્થનાભાવે હૃદયમાં હૃદયથી કહ્યા કરીએ અને એવી પ્રાર્થનાની પરંપરા જો આપણને થયેલા અત્યંત ઉત્કટ માનસિક સંતાપમાંથી પ્રગટેલી હશે, તો તે પ્રાર્થના કરવામાં આપણું હૃદય પણ સામેલ થયું હશે. એવી વેળા ભગવાનની કૃપામદદનો અનુભવ આપણને થાય છે, ત્યારે માથે સમર્થ ગરજે છે, એનું પાકું ભાન થઈ જાય છે.

❦

ભગવાન તો નિરાધારનો આધાર છે. એટલે જેણે એક વાર આ રસ્તે જવાને મરણિયો નિર્ધાર કર્યો છે, તેને એ મારો વહાલો ગમે તેવા કપરા દેખાતા સંજોગોમાં પણ કદી છોડી દેતો નથી. સોનું જેમ ગળાયા વિના એટલે ધગધગતી ભઠ્ઠીમાં તપાયા વિના શુદ્ધ થતું નથી, તેમ આવા પ્રસંગો ભગવાન એની કૃપાથી આપે છે. તે વિના જીવની શુદ્ધિ થવી ઘણી મુશ્કેલ છે.

❦

જે ખરા દિલથી પ્રેમભક્તિભાવપૂર્વક ભગવાનને બારણે હૃદયનો પોકાર પાડે છે, તેના ઉપર પ્રભુકૃપા વરસતી તે અનુભવે છે.

❦

આપણે તો સારા લાગતા કે માઠા લાગતા કોઈ પણ પ્રસંગમાં ભગવાનની કૃપાનો હાથ જોવો. અને ઉત્સાહ ગુમાવવો નહિ. ગમે તેવો હારનો પ્રસંગ લાગે, કે સંજોગો ગમે તેવા વિરોધી લાગે, કે આપણી પોતાની પ્રકૃતિના નીચલામાં નીચલા થરનાં દર્શન થાય અને તે આપણા ઉપર જીતી જતી લાગે, તો પણ, અથવા ત્યારે તો ખાસ ભગવાનને ચરણે આપણું માથું ઝુકાવી, ખરા દિલથી, ભગવાનને ધા નાખી, એની સહાય માગવી તથા એ જ આપણને ઉઠાડે છે, એમ અનુભવવું.

❦

ભગવાનના સ્મરણમાં જેને પૂરો વિશ્વાસ અને શ્રદ્ધા પ્રગટ્યાં હોય, તેવા પણ દવા કદીક લેતા જાણ્યા છે. નામસ્મરણથી રોગ મટે છે, એ સાચું છે. પણ તેવી શ્રદ્ધા પાકેલી હોવી ઘટે.

❦

ભગવાન તો હજાર હાથવાળો છે ને એને હજારો આંખો છે ને હજારો કાન છે. એવું ભગવાનનું રૂપક છે, તેમ છતાં એ સાચું છે. પણ આપણો ભગવાન પરનો ભરોસો હજી પાકો ક્યાં થયો છે ? ભગવાન પર પાકો ભરોસો જાગ્યા વિના એને યાદ કરીએ, કે પ્રાર્થના કરીએ, તે ભગવાનને યથાર્થ રીતે પહોંચતી નથી. જો કે એવા પ્રકારનું, એટલે કે ભરોસા વિનાનું,

નામસ્મરણ કે પ્રાર્થના છેક નકામાં જતાં નથી. યોગ્ય પ્રકારની ભૂમિકા રચવામાં તે મદદકર્તા બને છે.

❦

કંઈક કશામાં મન ભરાઈ જતાં કે ગૂંચવાઈ જતાં કે અટવાઈ જતાં, પગ તળે અંગારો આવતાં ને દાઝી જવાતાં જેમ ઓચિંતી એકદમ ચીસ પાડી ઉઠાય છે, તેમ એવી વેળાએ જો આપણે ભગવાનને અંતરમાં અંતરથી ચીસ પાડીએ, તો જરૂર આપણને મદદ મળતી અનુભવી શકીએ. કળણમાં કળેલો જીવ મહેનત કરવાથી તો ઊલટો વધારે કળણમાં ઉતરતો હોય છે. એટલે તેવી વેળા મહેનતની ત્યાં સાર્થકતા નથી, પણ બીજાની મદદ માટે, જેટલું જોર હોય તેટલાથી મદદ માગવાને માટે બૂમો મારવામાં તેવી વેળાએ સાર રહેલો છે. એટલે એવા કળણમાં ઉતરી જવાતાં ને તેનું ભાન થતાં, એકમાત્ર ભગવાનને આર્ત અને આર્દ્ર હૃદયથી પોકાર કરવાનું શરૂ કરે, ને એકલા તે જ પુરુષાર્થમાં રત રહે, તો તેવા પુરુષાર્થની કારી ફાવે ખરી.

❦

આપણે કોઈ રીતે તંગ થવાનું નથી. સૌ આપમેળે ઊકલ્યા કરશે, એવો ભગવાન પર ભરોસો રાખીએ. ને બસ, ભગવાનને જ ભરોસે રહીને, એને જ સાક્ષી રાખીને, એનું જ સ્મરણ કરીને, જે તે બધું કર્યા કરીએ. ને ભગવાનને બધું સમર્પ્યા કરીએ. આપણાથી બનતું સર્વ કરીને, પ્રભુની કૃપા અને મદદ માગ્યાં કરવાનાં છે. જો તેમ કરી શકીશું, તો આપણું નાવ ભગવાન સીધું હંકારવાનો જ છે, એવો વિશ્વાસ રાખીએ.

❦

આખરે તો આપણે ભગવાન ઉપર ભરોસો રાખીને જ આપણું નાવડું ચલાવ્યા કરવાનું છે ને ? માટે આપણા તોર ઉપર કે વિચારોના ચોક્કસપણાને લીધે આપણે કશું ન કરીએ, તો સારું. પરંતુ જે કંઈ કરીએ તે ભગવાનને ભરોસે રહીને, ખૂબ ખૂબ આત્મવિશ્વાસથી, ભગવાનને સાક્ષી રાખીને એના જ દોરવાયા જે તે કરીએ. આપણી બુદ્ધિથી વિવેક રાખીને કંઈ કરવાનું આવે, ત્યારે પણ ભગવાન જ આપણને દોરે છે, એવી, અને 'જો આમાંથી આડું અવળું કંઈ થવાનું હોય, તો તું મને યોગ્યપણે દોરવજે,' એવી પ્રાર્થનાની ઉત્કટ ભાવના તે તે કાર્યો કરવાની શરૂઆત પહેલાં આપણા દિલમાં થયેલી હોવી જોઈશે. વળી જે કરીએ તે તદ્દન નમ્રભાવે, અહંકાર કાઢી નાંખીને કર્યા કરીએ, એટલે એ રીતે પણ જે આપણાથી થતું હશે, તેમાં પણ ભગવાનનો હાથ આવ્યા વગર રહેવાનો નથી, એ નિશ્ચિતપણે અને નિશ્ચિતપણે સમજજો.

❦

આપણા હૃદયમાં ભગવાનનો રસ જ્યારે બરાબર જામેલો હશે, ત્યારે બધામાં બધી પરિસ્થિતિમાં, બધા સંજોગોમાં, બધાં કર્તવ્યોમાં, જડ ચેતન સૌ વસ્તુમાં ભગવાનનો રહેલો સૂક્ષ્મ રસ આપણને સમજાયા વિના રહેવાનો નથી.

❦

આપણે જો આપણામાં પ્રભુના ભાવને મથીમથીને, શરણભાવ કેળવ્યા કરીને, કાર્યના આરંભમાં ભગવાનને જ મૂકીને, અને સમાપ્ત થયે એને જ સમર્પીને, કંઈ કશામાં આમ

તેમ આપણને ફસાવા ન દઈને, પ્રેમથી ભગવાનનું નામસ્મરણ કર્યા કરીને, આપણામાં જો પ્રભુભાવને ઉદ્ભવવા દઈશું, તો જગતમાંથી પણ તેવો પ્રત્યુત્તર મળવાનો જ છે.

શાસ્ત્રકારોએ અને અનુભવી સંતપુરુષોએ તથા ભક્તોએ ગાયું છે કે, *'ભગવાનનું શરણું એ જ સર્વસ્વ છે.'* આપણા હૃદયમાં ભગવાનનો ભાવ ઉદ્ભવવાથી આપણાથી જે કામો થશે, તે કામોમાં જાણે-અજાણે એની છાપ રહ્યા કરશે.

ભગવાનની સાથે વધારે ને વધારે પરિચય કે સંબંધ બાંધવાને માટે એક ઉપાય છે : એ આપણું પોતાનું પ્રિયજન હોય તેવી રીતે મિત્રને, પત્નીને કે બીજા કોઈ એવા પ્રિયને વાત કરતા હોઈએ તેવી રીતે, ભગવાનને જે તે બધું ખૂબ ભાવનાથી હંમેશાં સંબોધવાનું રાખવું. એમ કરતાં કરતાં, એવી ટેવ પડી જતાં, એ વસ્તુમાં હકીકતપણું- સત્યતા આવી જશે. સાધનામાં પ્રાર્થના આમ મહત્ત્વનો ભાગ ભજવે છે.

આપણે જો ભગવાન પાસે જવું હશે, તો એની શરતોએ જ જવું પડશે. એના ઢાળે ઢળાવું પડશે. એની પસંદગીએ આપણે ચાલવું પડશે. આપણા ઊથલપાથલ થતા મનની રમતોને આપણે નિહાળ્યા કરીને તે બધી વૃત્તિઓને આપણે શમાવવી પડશે. તેને ભગવાનના પ્રેમથી રંગાવવી પડશે. તો જ આપણું ઠેકાણું પડવાનું છે.

ભગવાનની કૃપા આપણે સતત માગતા રહેવાનું છે. આપણાથી કશું થઈ શકવાનું નથી. ભગવાનની કૃપા ઉપર જ સર્વ પ્રકારના વિકાસનો આધાર રહેલો છે.

❦

જીવનમાં સાંપડતા પ્રત્યેક પ્રસંગમાં શ્રીભગવાનની કૃપા આપણું વલણ ઊર્ધ્વગામી કરાવવાને આપણને પ્રેરાવતી હોય છે. જો આપણને જીવનવિકાસ પરત્વે જીવતું ભાન જાગી ગયેલું હોય છે, તો તે માઠો પ્રસંગ એ માત્ર માઠો પ્રસંગ જ નથી; પણ જીવને ચેતવવાને કાજેનો શ્રીભગવાનની કૃપાનો હાથ છે. એવો અનુભવ જ્યારે જીવને પ્રત્યક્ષ થાય છે, ત્યારે જ માથે સમર્થ ગર્જે છે, એમ એને શ્રદ્ધાથી લાગે છે અને ભગવાનના કાજેનો જ્ઞાનપૂર્વકનો વિશ્વાસ એનામાં ઊગી જતો હોય છે. તે પછી જે તે બધા પ્રસંગોમાં એવા જીવને નિરાંત રહ્યા કરે છે. માટે સ્થૂળ રીતે જણાતા માઠા પ્રસંગમાં આપણી દૃષ્ટિ વધારે ભગવાનના અંતરમાં જતી ને થતી એની કૃપાથી આપણે અનુભવતા રહીએ, તો માઠો પ્રસંગ તે માત્ર માઠો પ્રસંગ નથી, પણ જીવનને તરાવવાનો તે મહામૂલો પ્રસંગ ને લહાવો છે, એમ લાગતાં જીવનમાં જે જોમ, ઉત્સાહ, આનંદ, અદમ્ય આવેગ પ્રેરણા આદિ પ્રગટે છે, તેને તો તેવા પ્રસંગનો તેવી રીતનો જે અનુભવી હોય, તે જ સમજી શકે.

❦

ભગવાનની કૃપાનું ફળ મળવા માટે આપણે ભૂમિકા રચવી જોઈએ. અનુકૂળ જગામાં જ એ ફળે છે. તો પછી એનું કંઈ બાહ્ય ચિહ્‌ન પણ હોવું તો જોઈએ ને ? આપણને એ બાજુ

વળવાનું મન થાય, વૃત્તિ થાય, એ હકીકત જ ભગવત કૃપાના અવતરણ માટે અંતરમાં રસ રહ્યો છે, એમ પુરવાર કરવા માટે બસ છે.

❦

શ્રીભગવાન હાજરાહજૂર છે, ને આપણને દોરે છે, એવી દૃષ્ટિ ખુલ્લી રાખીને, એના પર ભરોસો, શ્રદ્ધા રાખીને, જે કંઈ આપણે કરીએ, તે ભગવાનને જ નિમિત્તે કરીએ છીએ, એવો ભાવ આપણે રાખ્યા જઈશું, તો આપણામાં 'હું પણું' રહેવા સંભવ રહેશે નહિ, ને આપણું કામ તેથી સોગણું દીપી ઊઠશે.

❦

આપણે સાચા હૃદયથી અને જિજ્ઞાસાથી ભગવાન તરફ આકર્ષાઈએ અથવા એના તરફ જવાનું મન કરીએ, તો ભગવાન તો હાજરાહજૂર બેઠો જ છે. પણ આપણે પૂરતા હાજરાહજૂર થતા નથી, એ જ કમનસીબી છે. બાકી ભગવાનનું નામ તો શરણાગતવત્સલ છે, એ કંઈ અમસ્તું નથી. જે શરણે જાય છે. તેને અત્યંત હર્ષથી પ્રેમથી પોતે ભેટે છે.

❦

આપણા કોઈ પ્રાણપ્રિયને બોલાવતાં કેટલો આનંદ થાય છે ! એનાથી હજારગણું વહાલ (ખરું જોતાં તો સરખામણી જ ન થઈ શકે.) 'હરિઃૐ' બોલતાં થવું જોઈએ. એવું થાય, તો આપોઆપ કામ થાય જ. એને માટે ભગવાન સાથેનો Personal touch- અંગત સંબંધ આપણે પ્રાર્થનાની પરંપરાથી કેળવ્યા કરવાનો છે.

❦

હું તો આઠે પહોર ભગવાનનું નામ બસ પ્રેમથી લીધાં કરું છું. ને જો ભૂલો થશે કે આડેઅવળે જવાશે, તોયે એ મારો વહાલો કાનપટ્ટી પકડીને પાછો એના ઘરમાં લઈ જશે જ, એવો મને તો અતુલ ને અતૂટ વિશ્વાસ છે. ભગવાન તો 'જગત્નિયંતા' છે. ભક્તોએ ભગવાનનાં નામ પણ કેવાં પાડ્યાં છે ! સાક્ષાત્ જાણે પોતાના અનુભવના નિચોડ જ ! ભગવાન સાચે જ આપણને દોરે છે. માત્ર આપણે જ્ઞાનપૂર્વક આંધળા બની જવાનું છે. ને પ્રત્યેક અર્થમાં, ભગવાન પર સંપૂર્ણ શ્રદ્ધા, વિશ્વાસ, પ્રેમ, ભરોસો રાખીને.

ભગવાન પર ખૂબ પ્રેમ-આસ્થા વધારતા જશો. ગમે તેવી સ્થિતિમાં પણ, અવળચંડા સંજોગોમાં પણ, ભગવાન પરનો ભરોસો આપણે કાયમ રાખવાનો છે.

*'દુઃખે સાંભરે રામ'* એ કહેવત છે ખરી પણ આપણે આપણી આગળપાછળ કેટલાંયને દુઃખી જોઈએ છીએ. પણ તેઓ કદી 'રામ'ને યાદ કરે છે ખરાં ? કરવા જોઈએ તેવી રીતે ? જો એમ હોત તો તેમને દુઃખની કઠિનાઈ લાગત જ નહિ ને ? એટલે રામ સાંભરવા એ તો ભગવાનની મહત્ કૃપા હોય તો જ બને છે.

આપણે ભગવાનના ચરણકમળે શરણમાં જવાના છીએ, તે માટેની જિજ્ઞાસા ને તમન્ના, જેટલા ઉત્કટ પ્રમાણમાં આપણામાં જાગશે, તેટલા પ્રમાણમાં આપણને એ જરૂર પુરુષાર્થ

કરાવ્યા કરશે, ને જોઈતી મદદ પણ મેળવી આપશે. એવી મને તો આશા ને શ્રદ્ધા છે.

ભગવાન મદદ આપે છે, ત્યારે એ ધૂળની રજકણમાંથી પણ મળે છે, કે ઘાસના નાનકડા પાંદડામાંથીયે મળે છે, અથવા તો નદીના વહેણમાંથી પણ મળે છે. ભગવાનની પ્રેરણાની ગતિ અત્યંત સૂક્ષ્મ છે. ભગવાનના ભાવને વ્યક્ત કરાવવા કે કરવા માટે ગમે તે સાધન બસ હોય છે. જેમ લોઢાને લોહચુંબક ખેંચે છે, તેવું આપણી બાબતમાં પણ છે.

ભગવાન પરની શ્રદ્ધા એ તો નગદ નાણું છે. જેમ નગદ નાણાં વડે કરીને ખપની ચીજ બજારમાંથી લઈ શકાય છે તેમ. ભગવાન પરની શ્રદ્ધા પ્રસંગ પડ્યે આપણને જો ટટ્ટાર ન બનાવી શકે, તો એ શ્રદ્ધા તે શ્રદ્ધા નથી. પણ કોઈ પ્રકારની ખાલી આળપંપાળ છે, એમ સમજવું.

ભગવાન પર ભરોસો રાખીને, એનું નામસ્મરણ કરી કરીને વારંવાર એને સાદ પાડીને, એની કૃપામદદ યાચ્યા કરીએ. અને એની પ્રાર્થના કર્યા કરીએ.

સદ્‌ગુરુ કે પ્રભુ આપણી પાસેમાં પાસે છે, એ વહાલો આપણને દેખી રહ્યો છે, એ આપણો અંતર્યામી છે, - એવી ભાવના સદાય જ્ઞાનભક્તિપૂર્વક કેળવ્યા કરવાની છે.

જ્યારે જ્યારે મનનો ગણગણાટ ને ચણચણાટ કંઈ કશામાં રહ્યાં કરે, તો તેનો ઉકેલ કાઢવાનું કરવું. તેવી વેળા આપણે ભગવાન પર ભરોસો રાખી, પ્રાર્થનાભાવે એને જ કહ્યા કરવું.

પ્રભુ જ મારો એકલો સાચો જીવનસાથી છે, અને એક પ્રભુનો જ ભરોસો ખરો છે, એમ જે હૈયામાં દઢાવે છે, તેને પ્રભુ મદદ આપતો રહે છે. જેને પ્રભુ વિના જીવન નીરસ અને અકારું લાગે છે, તેના જીવનમાં પ્રભુ પોતે હૃદયરસ અને શક્તિ પ્રેર્યા કરે છે.

પ્રભુનો સાથ કેળવવા માટે જે જે કંઈ બને, તેમાં પ્રભુનો ભાવ જ જે હૃદય પ્રીછે છે, તેને પ્રભુની મદદ મળતી રહે છે. સર્વથી શ્રેષ્ઠ પ્રભુ જ છે, દરેક વાતે પ્રભુ જ સમર્થ છે, એમ જે હૃદયથી માની લઈને પ્રભુને હૃદયથી ભજતો રહે છે, ત્યાં પ્રભુ પોતે એનામાં જીવતો થાય છે.

ભગવાનની કૃપામદદ જ્યારે ને ત્યારે માગતા રહેવાની છે. શ્રીભગવાનની કૃપાનું અવલંબન એ આપણે માટે આંધળાની લાકડી સમાન કે અંધારામાં દીવાની ગરજ સારતું બની જાય, એવું બની જવું જોઈએ.

જેમાં ને તેમાં શ્રીપ્રભુની સ્મરણભાવના કાયમ જીવતી રહેવી ઘટે. એવો સતત એકધારો જીવતો પ્રયત્ન પ્રભુની કૃપાથી હૃદયમાં બન્યા કરવો ઘટે. આપણે તો ભગવાન પર સંપૂર્ણ

ભરોસો, શ્રદ્ધા, વિશ્વાસ પ્રગટાવવાનાં છે. તો જ આપણાં મન, પ્રાણ ને અહમ્ ભગવાનમાં દૃઢ અને સ્થિર થયા કરવાનાં છે.

❦

પ્રભુને જેમાં ને તેમાં બોલાવવાનું કરવું. એને પળેપળનો હૃદયનો જીવતોજાગતો બોલતો સાથી આપણે બનાવી દેવાનો રહે છે. આ બધું કંઈ કલ્પનાથી કરવાનું નથી. કલ્પનાથી તેમ બની પણ ન શકે. એની પાછળ તો હૃદયનું નક્કર પ્રેરણાત્મક બળ કામે લાગેલું હોવું જોઈશે.

❦

ભગવાનનું નામસ્મરણ અને ભગવાનની કૃપામદદથી હૃદયથી થતી રહેતી પ્રાર્થના -એટલું સાધન જો યોગ્ય પ્રકારથી ને તેવા ભાવથી ન થયાં કર્યું, તો તો પછી બધું પતી ગયું સમજવું. ભગવાનને સંભાર્યા કે સાંભર્યા કરવાનું ન બન્યું, તો આપણને કોઈ ઉગારી શકવાનું નથી.

❦

જે તે રીતે પ્રભુકૃપાથી મન દૃઢ કરી કરી, જે જીવ પ્રભુમાં જીવતો મથી મથી પણ ટકી રહે છે, એવો મથતો જીવ શ્રીપ્રભુની ચેતનાને પામી શકે છે.

❦

જીવનની ઘણી એવી કટોકટીની પળોમાં ને તે પણ છેક અણીની વેળાએ, મને ભગવાને છેક છોડી દીધો હોય, એવું કદી પણ અનુભવ્યું નથી. છેક છેલ્લામાં છેલ્લી અંતની પળ સુધી ભગવાને બાથોડિયાં મરાવ્યાં કર્યાં હોય છે, ને હવે જાણે કે નથી ફવાતું, ને તેમ છતાં હિંમત, ધીરજ, સાહસ, બળ -

બધુયે એની કૃપાથી તેવી દશામાં પણ વાપર્યા જ કરવાનું સૂઝ્યા કરતું. પણ નિવેડો તો કેમે કર્યો હાથ લાગે જ શેનો ? ને એક બાજુ અંતરમાં હૃદયથી હૃદયમાં હૃદયની પ્રાર્થનાનો સાદ તો ચાલુ જ રહ્યા કરેલો હોય. -ત્યાં જાણે ક્યાંકથી ભગવાનની ઓચિંતી કૃપામદદ ફૂટી નીકળતી ! આ જીવ તો ભગવાન પર કૃતજ્ઞતાભર્યો તે વેળા ગદ્‌ગદ થઈ જતો. એના પર બસ વારી જતો. ભગવાન જ મારું સર્વસ્વ હતો ને હજીયે છે.

❦

જ્યારે જ્યારે જીવનમાં કસોટીની પળો આવેલી છે, ને તે કસોટી કંઈ જેવી તેવી નહિ, ત્યારે ત્યારે ભગવાનને હૃદયમાં હૃદયથી સાદ દેતાં, ભગવાને પ્રત્યક્ષ મદદ કરેલી છે. એવો એ પ્રત્યક્ષ છે, ને તારણહાર છે. હાથ આપવામાં ને સાથ દેવામાં ભગવાનના જેવો બીજો કોઈ સાથીદાર નથી. ભગવાન તરફ મદદ કાજે પોકાર પાડીને, આપણે જરાક હાથ લાંબો કર્યો છે કે, તુરત જ આપણો હાથ એણે પકડ્યો જ છે. તેવા અનુભવ જીવનના પથિકને થયા વિના રહેતા નથી.

❦

ભાઈસાહેબ ! आ मार्ग तो छे मरजीवानो. પહેલાં સંસારમાં મરતાં શીખી લ્યો. ને ત્યાં મરતાં મરતાં ભગવાનનું પ્રેમ-ભક્તિપૂર્વકનું, મુગ્ધ અને સ્નિગ્ધ સ્મરણ હૈયામાં જીવતું પ્રગટાવ્યા કરો. ભગવાનને જ જ્યાં ત્યાં મહત્ત્વ દીધા કરો. સંસાર, સગાંસંબંધી -પણ એ, ને પુત્રપરિવાર - જે કહો તે પણ એ જ બધું, ને તેમની તેમની સાથેના વ્યવહાર-વર્તનમાં, હૃદયની એવી ભાવના પ્રગટાવતાં રહેવાની જાગ્રતિ જો આપણે

હ્રદયથી રાખી શક્યાં, તો સમસ્ત સંસાર આપણો પ્રભુ ને તારણહાર-રક્ષણહાર બની જવાનો છે. પરંતુ ખાટલે ખોડ તો આપણાં બધાંની હોય છે ! આપણે બધાંએ પહેલાં તો તે ખોડ યોગ્યપણે સુધારવાની છે. જે છે તે છે. જો કંઈ કરવું જ હોય, તો તે કરવામાં લાગી જવું ઘટે. નહિતર નાહકનાં આમતેમ ઘૂઘરમાળ ફર્યાં કરવામાં તો શો દહાડો વળ્યા કરવાનો છે ?

❦

પ્રભુની અંતરની શક્તિથી જે બને છે, તે કશાથી નથી બનતું. જે કરવાને કેટલાંયે વર્ષ આ જીવે જહેમત-ને તે પણ જેવી તેવી નહિ-ઉઠાવેલી, તે કામ પ્રભુની કૃપાશક્તિથી થોડાક સમયમાં બની શક્યું.

❦

જે જીવનો ભરોસો ભગવાન પર છે, તે તો પ્રભુના ભરોસે જ્યાં ત્યાં નિરાંત અનુભવી શકે છે.

❦

શ્રીભગવાનની પર જે તે બધું મૂકી શકવાની, છોડી દેવાની, પ્રેમભક્તિજ્ઞાનયુક્ત શરણાગતિ જ્યારે પ્રગટે છે, ત્યારે જ ભગવાનના આધારની સાચી સમજણ આપણામાં પ્રગટે છે. ત્યાં સુધી તો જે તે બધું માત્ર બોલવાનું રહે છે. જીવન પરત્વેનો, અને જીવનવિકાસની ભાવના કેળવવા કાજેના સાધન પરત્વેનો, યોગ્ય ઊંડો પ્રેમ પ્રગટ્યા વિના કશું બની શકતું નથી. એવો હ્રદયનો પ્રેમભાવ પ્રગટતાં પ્રગટતાં, તેમાંથી જીવનમાં સહજતા ને મૌલિકતા આપોઆપ પ્રગટે છે.

❦

શ્રીભગવાનમાં જ કોઈ ને કોઈ રીતે મનને પરોવી રાખવાની કળા જીવે શીખવાની છે. જેનું મન ભાવનાપ્રધાન છે તેને કાજે એ સહેલું છે.

ભગવાનને સંભાર્યા વિનાની એક પળ પણ આપણાથી પસાર કરાતાં, તે આપણને ઘણું ઘણું ડંખવું ને સાલવું ઘટે. જો તેમ થતું અનુભવાય, તો નિશ્ચે જાણવું કે, કોઈક દિવસ પણ જરૂર ભગવાનને પામી શકવાના છીએ.

આપણે તો જેમાં ને તેમાં શ્રીભગવાનનો આશરો લેવાનો રહે છે. 'સૌથી રે સમરથ રાધાવરનો આશરો.' એવું એક જૂનું ભજન છે. મારા બાપા તે ઘણીવાર ગાતા તેના સંસ્કાર હજી મને જાગ્રત રહેલા છે. એટલે ભગવાનને આશરે આપણે જો જીવવાનું કરીએ, તો સંસારની બીજી બધી હકીકતો તદ્દન ગૌણ બની જાય. એકમાત્ર ભગવાનમાં જો મહત્ત્વપણે મનદિલ જીવ્યા કરે, તો જ એના આશરે જિવાય, બાકી તો નહિ.

ભગવાનને વીલો મૂકવો નહિ. જેમાં ને તેમાં ભગવાનને જ પ્રેમભક્તિજ્ઞાનપૂર્વક ભજ્યાં કરવું. એ જ આપણો સાચો સાથી છે. આ જગતમાં સંસારવહેવારના સકળ સંબંધોમાં એ જ આપણું વહાલું અંતરનું સ્વજન છે. એ જ આપણો એકમાત્ર તારણહાર છે. એ જ આપણો સાચો મદદગાર છે. માટે ભગવાનની જ પાસેથી સાચું સાંત્વન અને દિલાસો મેળવવાનું કરવું. આવું થવા માટે સાધકે પોતાની પ્રકૃતિને બરાબર

સમજવી.

પોતાના ગુણદોષ ઉપર કાબૂ મેળવવા માટે સમજી સમજીને ભગવાનને હૃદયમાં પ્રાર્થના કરવી, ને કૃપામદદ માગ્યા કરવી.

જ્યારે જ્યારે હૃદયમાં કોઈ પ્રકારની ગૂંચ ઊપજે, ત્યારે હૃદયના ભાવથી પ્રાર્થના કર્યા જ કરવી. પ્રાર્થનાની શક્તિ ઘણી ભારે છે. પ્રાર્થનાનો સાદ આર્તનાદે ને આર્તભાવે હૃદયના ઊંડાણમાંથી જો નીકળે, તો સંભળાયા વિના રહેતો નથી. બને તેટલા શાંત થઈને, ભગવાન પ્રત્યે ખુલ્લા રહ્યા કરીને, એની પ્રાર્થના કર્યા જ કરવી. એ તો આપણો માબાપ-સર્વ કંઈ છે. જે જોઈએ તે માગો. કશી જુદાઈ રાખવાની હોય નહિ. કોઈ રીતે ભગવાનનો સંબંધ જીવનમાં જીવતો થઈ જાય, એવું આપણે વર્તવાનું છે. એવું થવાવા માટે જીવનના સર્વ કોઈ પ્રસંગોમાં ભગવાનની સાથે તે તે વેળા હૃદયનો ભાવ જીવતો કરીને, એની સાથે તે તે ભાવે વાતચીત કર્યા કરવાની છે. ભગવાન ભક્તની બૂમ સાંભળ્યા વિના રહેતો નથી. ભક્તના હૃદયનો એવો આર્ત અને આર્દ્ર પોકાર કદી ખાલી ગયો અનુભવ્યો નથી.

તમારા હૃદયને આ જીવની નમ્રતા સાથે પ્રાર્થના છે કે, મનને મથાવી મથાવીને એને શ્રીભગવાનના જ ચરણકમળમાં લગાડ્યાં કરવાનું બસ કર્યા કરો. ભગવાનના જ ભાવને

અંતરમાં જગાડતો રાખી રાખીને, સર્વ કંઈ પ્રવૃત્તિમાં પ્રવેશવાનું થયા કરે, તો જ તે પ્રવૃત્તિ મુક્તિનું કે ભક્તિનું સાધન બની શકે. ભગવાનમાં પરમ શ્રદ્ધા અને પ્રેમ રાખીને તથા પ્રભુમાં આત્મવિશ્વાસ સાથે 'ચાલો, આપણે આ કાર્યમાં ઝંપાલાવીએ !' એમ થશે, ત્યારે જ સિદ્ધિ રૂપી સુફળ આપણને અભિનંદશે. એ તો આપણને અભિનંદવા હાથ પસારીને ઉત્સુક ને ઇંતેજાર ઊભું છે.

મને મારા પ્રભુમાં જીવતોજાગતો ગર્જન્તો વિશ્વાસ છે. એ મને કૃપા કરીને ક્યાંય ઊંધો જવા નહિ દે. કારણ કે સર્વ કર્મમાં એનો ભાવ રહ્યા કરે, એવી કૃપા પ્રભુ કરતો જ રહ્યો છે, એવી હૃદયસ્થ શ્રદ્ધા અનેક કપરા કપરા અનુભવોમાંથી આ જીવને પસાર કરાવીને એણે જીવતી કરાવી છે.

શ્રીભગવાન એકમાત્ર સર્વ સમર્થ છે, ને પોતાની આસપાસ ભગવાનનું બળ કામ કરી રહેલું છે, એવા અનુભવ જેને જાગતા થાય છે, એને સદાસર્વદા ભગવાનમાં જ મસ્તી રહે છે. એટલે જ આપણે તો મન છેતરે કે ન છેતરે, છતાં સકળ કોઈ પરિસ્થિતિમાં એકમાત્ર ભગવાન પર જ આધાર રાખ્યા કરવાનો. અભ્યાસ કેળવ્યા, કરતા રહીને, ભગવાનને સર્વ પરિસ્થિતિમાં પ્રાર્થનાભાવે સાદ પાડ્યા કરવાનું રાખીશું, તો પ્રકૃતિનો સ્વભાવ ઓગળતો જવાનો છે.

ભગવાનને યાદ કરતા રહો. એનું ચિંતવન સતત એકધારું

થયાં કરે, એમ ભગવાનને હૃદયથી વળગ્યા કરો ને સંસાર પણ એનો જ છે, એ ભાવે સંસારમાં રમો, તો આપણા મનમાં પાજીપણાનો વહેલો અંત આવી જવાનો છે, તે નક્કી જાણશોજી.

❦

આપણે સતત ભગવાનને શરણે જઈને આપણું બધું થતું કે થવાનું કે થયેલું એને કહ્યા કરીએ. મનથી, શરીરથી, ઇન્દ્રિયોથી, બુદ્ધિથી જે કંઈ કરીએ, વિચારીએ, એ બધું શ્રીભગવાનને આપી દઈએ. આપણી આખી જાત જ પ્રત્યેક પળે પ્રાર્થના કરતાં કરતાં ભગવાનને સોંપી દઈએ. એક પળ પણ નકામી ન જાય, એને યાદ કર્યા વિનાની ન જાય, આવી દશા આપણે ભગવાનની કૃપાથી લાવવાની છે.

❦

આપણી અનેક ખામીઓ હોવા છતાં ભગવાન આપણા ઉપર નિરંતર કૃપા વરસાવ્યા કરે છે. આ કંઈ માત્ર કલ્પના નથી. આપણી આંખો જો સાચી રીતે ઊઘડી હશે, તો આવું આપણને દેખાયા વિના રહેશે નહિ.

❦

ભગવાનને જે કંઈ આપો, તે અડધું ન આપશો. આપો તો પૂરેપૂરું એને ચરણે ધરી દેશો. ભગવાનમાં લેવાની અને આપવાની અખૂટ શક્તિ છે. એની શક્તિને કોઈ હદ નથી. માટે કંજૂસ બનશો નહિ. જીવનનો લહાવો ફરી ફરી કદી મળતો નથી.

❦

ભગવાનની કૃપા તો સતત માંગ્યા જ કરીએ. એને શરણે રહ્યા કરીએ. Thy will be done. - 'तेरी इच्छा पूरण हो ।' એવી ભાવના કેળવ્યા કરીએ. ભગવાનનું નામસ્મરણ સતત લીધાં કરીએ. ને સત્યનાં જ નહિ, પણ સત્યનારાયણનાં પણ દર્શન કરીએ.

❦

એક વખત ભગવાનને શરણે ગયા પછી એ આપણને ક્યારે અને કેવી રીતે ઘડે છે, તે આપણે પામર જાણી શકતા નથી. એટલે આપણે તો ભગવાનને ભરોસે રહીને, જે કંઈ ભાગે આવેલું કર્મ હોય, તેને કર્યા કરીને, ચિંતા વગરના રહ્યા કરવાનું છે. કશા વિશે હાયવોય આપણે કરવાની નથી.

❦

ભગવાન તો આપણી અંદર અને બહાર ચારે બાજુ ભર્યો ભર્યો છે. છતાં આપણે ભગવાનને જાણી શકતા નથી. કારણ કે, આપણે ભગવાનના થયા નથી અને થવાની તમન્ના લાગી નથી. તેથી આપણને ભગવાનની હયાતી દેખાતી નથી. એક ઘડાનું મોં સજ્જડ બંધ કરીએ, પછી એને દરિયામાં નાખીએ, તો તેની અંદર પાણી ભરાશે નહિ. તેવું આપણું છે. માટે મોઢું ખોલીને, હૃદય ખોલીને, તેમાં ભગવાનનું નામ જેટલું ભરાય તેટલું ભર્યા કરવું. એટલે એ પરમ કૃપાળુ આપણને બધે દેખાવા લાગશે. ખૂબ ધીરજ રાખવી તેમ જ ખૂબ અધીરાઈ પણ રાખવી.

❦

આપણે સર્વ પ્રકારે નિશ્ચિંત રહેવાનો પ્રયત્ન કરવો.

આપણું કશું જતું રહેવાનું નથી. આપણે જો ભગવાનને શરણે ગયા કરવાનું જ્ઞાનભક્તિપૂર્વક કરીશું, તો એ બધું જ આપણું સંભાળતો રહેશે. પેઢી ઉપર એકલા મુનીમને મૂકીને એના ભરોસે ને વિશ્વાસે લાખો રૂપિયાના વેપાર કરતા શેઠ આ જગતમાં પડેલા છે. એ તો અનુભવની હકીકત છે. તો શું આપણે ભગવાન પર એટલો ભરોસો નહિ રાખી શકીએ ?

આપણે આજ સુધી જેને આપણું પોતાનું માન્યા કર્યું છે, તે બધું મનમાં સંઘર્યા કરીને, આપણે ભગવાનને કદી પણ પામી શકવાના નથી. એને ખરીદવો તે કંઈ સહેલું નથી. હરિને એની કિંમત આપીને મીરાંએ વેચાતો લીધો હતો. (माई ! मैंने गोविंद लीनो मोल ।) આપણે તો ભગવાનની કિંમત કશી આપવી નથી અને આપણે મેળવવો છે ભગવાનને ! એ તો આકાશકુસુમવત્ વાત છે. અરે, જેને કિંમત આપવાની પણ દિલમાં ગણના ન રહે છે, તે ભગવાનનો પ્રેમ મેળવવા માટે યોગ્ય નથી. જે કંઈ આપણને જોઈતું હોય છે, તેની કિંમત આપ્યા વગર તેને આપણે મેળવી શકતા નથી. એ તો સર્વસાધારણ હકીકત છે. તો શું ભગવાન કંઈ એમ ને એમ થોડો રસ્તામાં પડેલો છે ? એને મેળવવાને માટે ખરીદવાને માટે, કિંમત આપવાનું જેને મુશ્કેલ લાગે છે, તેમાં જેને ફુવારાના જેવો હૃદયમાં ઉત્સાહ પ્રગટતો નથી, તે કદી પણ ભગવાનને રસ્તે જઈ શકનાર નથી. એનું મહત્ત્વ અને એની ગંભીરતા તો જેને દિલમાં એવી ઊંડામાં ઊંડી તમન્ના લાગી છે, એવો સાધક સમજી શકે છે, માન, મરતબો, લોકલાજ, મોભો, ધનદોલત,

સંસાર, વહેવાર, કુટુંબકબીલો -આપણું જે તે કંઈ બધું અંતરબાહ્ય એક ત્રાજવામાં, ને બીજા ત્રાજવામાં ભગવાન છે. એ બેમાંથી જો ભગવાન આપણને વધારેમાં વધારે વહાલા હશે, તો જ પેલું બીજું બધું આપણાથી છોડી શકાવાનું છે. એમાં છોડવાપણાની પણ દૃષ્ટિ હોતી નથી. જો ભગવાન આપણને વધારેમાં વધારે વહાલો લાગ્યો, તો બીજું બધું આપમેળે ગૌણ થઈ પડે છે.

શ્રીભગવાનના ભાવમાં, એના સ્મરણમાં, એના પ્રેમમાં એવા તો તલ્લીન થઈ જઈએ કે, આપણે આપણું અસ્તિત્વ પૂરેપૂરું ભૂલી જઈએ. ને એવું થવા માટે આપણે આપણા રોજબરોજના વહેવારમાં જ્ઞાનભક્તિપૂર્વકની નમ્રતા કેમ કરીને પ્રગટે અને તેની સાથે સાથે અથવા તેવું થવાને માટે આપણે રોજ રોજ સકળ વહેવાર-વર્તનમાં કેમ કરીને નિરહંકારી થઈએ, વગેરે વગેરે બધાં કાજે, તે તે પળે સભાનપૂર્વક શ્રીપ્રભુમાં દિલ પરોવી પરોવીને તે હેતુથી વર્તવાનું રહે છે. દિલની ભાવનાપૂર્વકનું તેવું આચરણ પ્રગટ્યા વિના ભાવનામાં કદી પણ શક્તિ પ્રગટી શકતી નથી. ભાવનાને તેના યોગ્ય આચરણમાં મૂકવાનું થવાથી ભાવનામાં ઓજસ પ્રગટે છે ને તે જ તેનું વીર્ય છે. ભાવના પોતે કર્મનું સ્વરૂપ લે છે.

ભગવાન પર ભરોસો રાખશો. એ આપણું કશું ખોટું થવા નહિ દે, એટલી ખાતરી હૃદયમાં રાખજો.

સદ્‌ગુરુને જે કોઈ જીવ ઉત્તમમાં ઉત્તમ રીતે સમજે છે, અને એવી જે સમજ હૃદયમાંથી પ્રગટેલી હોય છે તેવા જીવ પર સદ્‌ગુરુના હૃદયનો પ્રેમ ન્યોછાવર થઈને છલકાઈ જાય છે.

❦

ભગવાનને હૃદયથી વેગળા ન કરવા પ્રાર્થના છે. ભગવાનને આર્દ્ર અને આર્ત ભાવે હૃદયથી સાદ પાડ્યા કરશો. આપણે એને ભૂલવા પ્રયત્ન કરીએ, જ્યારે એ તો આપણને અવનવી રીતે એને યાદ કે સાદ કરવાને નોતરતો હોય છે. જેમાં ને તેમાં ખુદાની શુક્રિયા આપણે બધાં ગુજારીએ.

❦

સાધનામાં તો પરાક્રમની ઘણી જરૂર. આ માર્ગમાં જે ઝંઝાવાત પ્રગટે, તેની આગળ કુદરતનાં તોફાનોનો કશો હિસાબ નથી. એ તો સાધનામાં આગળ વધે તેને ખબર પડે. દ્વંદ્વાતીત, ગુણાતીત થવા માટે ભગીરથ પ્રયાસ કરવો પડે છે. તે વખતે ભગવાનનો સહારો પકડી રાખીએ, તો તે આપણા અહંકારનો નાશ કરી નાખે છે. ભગવાનનો સહારો તેને હણી નાખે છે.

❦

સાધનાના માર્ગે જઈને જે કરવાનું છે, તે આ કરવાનું છે : વેર ન રાખો. પ્રેમભાવથી વર્તો. એમ નહિ કરશો, તો પોતે દુઃખી થશો. માનસિક ક્લેશ, ત્રાસ થશે. આપણે બીજાના વિશે વિચારીએ છીએ. પોતા વિશે વિચારતા નથી. આપણે જે કંઈ કરીએ, તે આપણા પોતાના માટે કરીએ છીએ, એવી ભાવના રાખીએ, તો શાંતિ મળે.

❦

સાધનામાં આત્મનિવેદનનો પણ એક પ્રકાર છે. જેમ જેમ અભ્યાસ રાખીએ અને ભગવાનને કહ્યા કરીએ, તો ઉત્તમ પ્રકારે આત્મનિવેદન થાય. આત્મનિવેદન દ્વારા અદષ્ટ એવી શક્તિ અનુભવાય છે.

❦

ભગવાનનું નામ લેતાં કોઈ મશ્કરી કરે, તો કરવા દો. જો ભગવાનનું નામ લેવામાં સાહસ કે હિંમત નથી, તો બીજું શું કરવાના ? મસ્તીથી ભગવાનનું નામ લલકારો. બીજા ભલે હસે. એ પછીની ખુમારી જુઓ. આ તો કરી જોવાનો પ્રયોગ છે. પ્રયોગ કર્યા વિના સમજાય નહિ. જે પ્રયોગવીર છે, એ જ પ્રયોગ કરી શકે.

❦

ઘણા કહે છે કે, અમે નાહી-ધોઈને રોજ માળા કરીએ છીએ. પણ પાંચ કે અગિયાર માળા ફેરવવાથી કંઈ ન થાય. એ માળા ખપમાં ન લાગે. પણ જીવનમાં જેની સાથે હળ્યામળ્યા છો, એ બધાં સાથે સદ્ભાવ, સહાનુભૂતિ, સુમેળ રાખો, એકબીજાના ઉપયોગમાં, ખપમાં આવો અને રાગદ્વેષ મોળા પાડો, અહમ્ ઘટાડો. -આ બધાં ભગવાનનાં કામ છે. એટલે માળા કરતાં હું આને વધારે મહત્ત્વ આપું છું.

❦

કોઈ કહે છે કે, સાત લાખ કે સાત કરોડ માળા કરો, તો ભગવાનનાં દર્શન થઈ જશે. પણ એ બધી વાત ખોટી છે. જ્યારે દિલમાંથી રાગદ્વેષ, અહમ્ ઘટશે, સદ્ભાવ, સહાનુભૂતિ

પ્રગટશે, એકબીજાના ઉપયોગમાં આવવાની વાત કરશો, તો તે વધારે મહત્ત્વનું છે.

**એકલા ભગવાનના નામથી કંઈ ન થાય. ખાલી જપ લખવાથી કંઈ ન થાય. જપ લખવાનું ખોટું નથી. પણ રાગદ્વેષ, અહમ્ વગેરે મોળાં પાડો. તેમ કરવાથી ભગવાનના નામમાં ઉઠાવ આવશે. તો જ એનો લાભ મળશે.**

અહમ્ જ્યારે સમૂળગું ઓગળી જાય છે, ત્યારે જ તે ભગવાનને મહત્ત્વ આપે છે. એવા બહુ ઓછા જીવ મેં જોયા છે. ઘણા સાધકો વગેરેને મારે મળવાનું થયું છે. પણ એવા કોઈ જીવનું મને દર્શન નથી થયું કે જે ફક્ત ભગવાનને જ મોખરે રાખીને વર્તે. જ્યાં સુધી સત્સંગની ભાવના પ્રગટી નથી, ત્યાં સુધી તમારું કશું વળવાનું નથી.

સાધકના જીવનમાં ભ્રમદશા આવતી હોય છે. પોતે કાં તો મેળવ્યું છે, કે કાં તો સંપૂર્ણ તૈયારીવાળો ને તાકાતવાળો પોતે છે, એવું અંતઃકરણપૂર્વક સાચી રીતે માનતો હોવા છતાં, એવી કટોકટીની પળો એના જીવનમાં આવે છે, ત્યારે એનો ભ્રમ ભાંગે છે. એમાં જ ભગવાનની અપરંપાર કૃપા રહેલી છે. જે ભગવાનને શરણે રહ્યા કરે છે કે શરણે રહેવાને સર્વ ભાવે હૃદયથી તૈયાર રહ્યા કરે છે, એનો ભ્રમ ભાંગવાને કૃપા કરીને ભગવાન એને મથાવવાનો જ. એને એકની એક સલામત સ્થિતિમાં ભગવાન કદી પડી રહેવા દેશે નહિ. એને તો ભગવાન

ઉથલાવ્યા જ કરશે. જરૂર પડતાં મુશ્કેલીઓનો દાવાનળ પણ પ્રગટાવશે.

❦

માનવી જ્યાં સુધી બધી બાબતમાં પોતાને જ સર્વશ્રેષ્ઠ સમજતો હોય છે, ત્યાં સુધી ભગવાનનો ભાવ કદી પણ તેના આધારમાં જાગી શકવાનો જ નથી.

❦

બને તેટલું નામસ્મરણ કરતા રહેશો. જીવનમાં વિવેકયુક્ત નમ્રતા કેળવશો. જો વિવેક ન પ્રગટે, તો તે સાધના નથી. વિવેકની ભૂમિકા તો સમતા, તટસ્થતા આદિ ભાવોની સાથે રહેલી છે. સર્વે સાથે સુમેળ ભાવે જીવવાનું છે. સર્વ કોઈમાં શ્રીપ્રભુની કૃપાલીલાનો જ વિસ્તાર છે, એમ સમજીને સર્વ પરત્વે એવો ભાવ મન-હૃદયથી રાખવાનું આપણે શીખવાનું છે. આપણા હૃદયમાં જે ભગવાન બિરાજેલો છે, એ જ આપણો તારણહાર છે. ને એનું જ સગપણ સાચું છે. એ જ્ઞાન જીવનમાં ઉતારવા કાજે મળેલામાં તેવો ભાવ રહી શકવો દુર્લભ છે, એમ ઘણા કહે છે. પરંતુ જો શ્રીપ્રભુના ચરણકમળમાં જ્ઞાનપ્રેમભક્તિ પ્રગટી જાય, તો સર્વ શક્ય છે. માટે પ્રભુની જ્ઞાનભક્તિમાં મસ્ત બનશો. સ્મરણમાં તલ્લીનતા અનુભવશો.

❦

ભગવાનને માર્ગે જનાર જીવે પોતાની પ્રકૃતિને પૂરેપૂરી જાણવી જોઈએ. માંહેલા શત્રુના ધમપછાડા જ માત્ર નહિ, પણ એવી જાતના સ્થૂળ કે સૂક્ષ્મ હુમલાઓને તે જ પળે તેણે જાણવા જોઈએ. તે તે પળે તેણે જાગ્રત રહીને તે બધું ભગવાનને

પ્રેમભક્તિભાવે જ્ઞાનપૂર્વક સમર્પણ કર્યા કરવું પડશે. કામ, ક્રોધ, મદ, મોહ, મત્સર, નાના પ્રકારની અહંતા ને નાના પ્રકારનાં મમત્વ -એ બધાંમાંથી મનનું વેગળું થવું, એ તો ધારો કે જીવનું કામ ભલે ન હોય, અને જીવનું એવું બધું હોવા છતાં, જે જીવનો ભગવાનના ચરણકમળે જ માત્ર પડી રહેવાનો નિર્ધાર થયેલો છે, એવા જીવના તેવા નિર્ધારની કસોટી કેટલીય વાર થતી રહેતી હોય છે. તેવો જીવ પોતે અનેક વાર પડતો તો હોય છે ને છોલાતો પણ હોય છે. પરંતુ તેની સતત એકધારી મીટ તો જીવનવિકાસ પરત્વે જ રહ્યા કરે છે. અને એના ધ્યેયમાંથી તો તે કદી પણ હઠતો નથી. એ પડે છે કરે છે, એની તેને ઝાઝી પડી હોતી નથી. કિંતુ એના ધ્યેયમાંથી એની જરાક પણ નજરચૂક થતાં એને હજારો વીંછીના ડંખથી પણ વધારે વેદના પ્રગટે છે.

❦

આપણા જીવનનું ધ્યેય ભગવાનના ચરણકમળનો રૂડો અલભ્ય લાભ એ જ એક માત્ર હોય, તો આપણી નજર ત્યાંની ત્યાં જ રહ્યા કરે, તેમ આપણે મથ્યા કરવાનું છે. એવા પ્રમાણિક અને સાચા મથવામાંથી કોઈક દહાડો સાચો પ્રાણ પ્રગટી જવાનો છે. એ નક્કી માનશો. જે જીવ પંથ પર ડગલાં ભરતો રહે છે, તેવો જ જીવ પંથને એક દિવસ કાપી શકવા અથવા વટાવી શકવા ભાગ્યશાળી થવાનો છે. એવું જે જીવ માનતો નથી, તેવો જીવ તો ઠેરનો ઠેર રહેવાનો છે. એટલે જેણે પહોંચવું છે, તેને તો પળવાર પણ બેસી રહેવું પોસાય તેમ નથી. માટે કૃપા કરીને બેસી રહેશો નહિ.

❦

પ્રભુનું નામ પ્રભુકૃપાથી લેવા માંડ્યું કે, બસ તે લેવાતું જ જવાનું એવું કશું નથી. પ્રભુને ચરણકમળે રહેવા વાંછનાર જીવ પહેલવહેલું ડગલું ભરે, એટલે પછીથી તે એક પછી એક ઊંચે ને ઊંચે ડગલાં ભરતો જ જવાનો, એવું પણ કશું નથી. એ તો કેટલીયે વાર ચઢે ને પડે છે. એમાં એ જીવ તેવી ચકરડી-ભમરડીમાંથી, એવા પ્રકૃતિના વમળમાંથી નીકળી શકવાને પ્રભુકૃપાથી ભાગ્યશાળી થઈ શકે છે. બાકીના તો એ જ પ્રકૃતિ-માયાના ખોળિયામાં રગદોળાયેલા ત્યાંના ત્યાં અટવાયા કરે છે. જે જીવ જાગ્રત રહે છે, તે પડતો છતાં ઊભો થવાનો જ છે.

❦

નામસ્મરણનો જીવતો અભ્યાસ થયા કરે, તે ઉત્તમ છે. જેનો અભ્યાસ કરવાનો છે, તેનું ભાન જીવતું રહ્યાં કરે, તો જ અભ્યાસ થાય. હાલતાંચાલતાં, ઊઠતાંબેસતાં, કંઈ પણ કામ કરતાં સ્મરણ જીવતું રહ્યા કરે, તે કામ એ જ હવે જિંદગીનું મુખ્ય કર્તવ્ય છે. તે કર્મ જ્ઞાનપૂર્વક યોગ્ય રીતે થયાં કરે, તે જ જોવાનું રહ્યા કરે, તો જ જીવ્યું સાર્થક થાય.

❦

પ્રેમભક્તિનો જ્ઞાનપૂર્વક અભ્યાસ દઢાવવો. ભગવાનને આત્મનિવેદન કર્યા કરવું. કોઈ વાતને મનમાં સંગ્રહી રાખવી નહિ. કોઈ વાતે મનમાં બળાપો કરવો નહિ.

❦

આપણે આપણા કરતાં બીજાને વધારે મહત્ત્વ જાણીબૂજીને

આપવું. **આપણને કોઈ સાચી રીતે સમજે કે નહિ, એની લેશ પણ પરવા કર્યા વિના બીજાને સાચી રીતે સમજવાનો જાગ્રત પ્રયત્ન કરવાનો છે.** જ્ઞાનયુક્ત સદ્‌વર્તનથી બીજા જીવોના દિલમાં આપણા વિશે સારો ભાવ પ્રગટે, એનું નામ પણ ભક્તિ છે.

ધીરજ અને શાંતિથી જે તે કામ ઉકેલાય, એવી સ્વસ્થતા આપણે કેળવવાની છે. આપણું ધાર્યું ના થાય તેવે વખતે વધારે બળપૂર્વક તેમ છતાં પાછું ભક્તિથી ઊંડા ઊતરવું અને નામસ્મરણની ભાવનામાં રહીને જાગ્રતિ ધાર્યા કરવી.

જેમ બાળક અથડાતાં-કુટાતાં, અનેક વાર તેને પડી જવાનું થયાં છતાં, તે પોતાનો ચાલવાનો પ્રયત્ન મૂકી દેતું નથી અથવા ઉપર બધી, ચાલવાની અપેક્ષાએ નકારાત્મક દેખાતી ક્રિયાને લક્ષમાં જ લેતું હોતું નથી, તેવું આપણું થવું ઘટે છે. તો જ આપણે પ્રભુકૃપાથી ફાવી શકીએ. માટે સતત એ માર્ગ પરત્વેનો આપણો જીવતોજાગતો પ્રયાસ જો એકધારો ચાલુ રહી શકે અને ભગવાનના નામસ્મરણમાં આપણું મન રહ્યા કરે, અને અસફળ કે નકારાત્મક વલણ જાગતાં ભગવાનની પ્રાર્થના દ્વારા કૃપામદદ માગવાનું બન્યા કરે, તો આપણે જરૂર જીતી શકીએ.

બે પૈસા કમાવાની સૂઝ મળે, ત્યારે ભગવાનનો આભાર માનીએ છીએ. એ જ પ્રમાણે દુઃખ આવે, ત્યારે પણ ભગવાનનો ઉપકાર માનવા જેવું છે. કારણ કે એનાથી આપણને ઉત્તમ પ્રકારનું ભગવાનનું સ્મરણ કરતાં કરતાં જીવવાની તક

આપી છે. માટે દુઃખ આવે, ત્યારે કંટાળીને, ત્રાસીને ભોગવશો નહિ. કેમ કે એથી તો દુઃખ અનેકગણું થશે, એ સમજજો. આ હું તમને બિવડાવવા માટે નથી કહેતો. પણ તમને સાચી સમજણ ઊગી જાય અને દુઃખ હજારગણું વળગે નહિ, એવા ભાવથી પ્રેરાઈને એ જાતની સમજણ પ્રેરાવવાને પ્રભુકૃપાથી કહી રહ્યો છું.

આમ તો બધાંમાં ભગવાન છે. છતાં પાછો એ અળગો છે, બધાંથી અનાસક્ત છે. આપણે પણ સંસારમાં એવી રીતે રહેવાનો અભ્યાસ કરીએ કે, બધાંમાં ભળેલા રહેવા છતાં હૃદયથી અળગા-તટસ્થ રહીએ. આવું આપણાથી સરળતાથી બને એવું નથી. માટે કહ્યું કે, ભગવાનનું સ્મરણ કરવાથી ભગવાનના ગુણધર્મ પ્રગટી શકે.

બુદ્ધિ ચેતનની સૌથી નજીકનું કરણ છે. બુદ્ધિ વડે ભગવાનના સ્મરણમાં એકધારાપણું પ્રગટે, તો એવી સ્થિતિ પ્રગટે કે, જેના વડે કરીને નિર્મોહ અને નિર્મમત્વ પ્રગટાવી શકાય. પણ બુદ્ધિ આ વાતને એકદમ સ્વીકારતી નથી.

ભગવાનનું સ્મરણ અખંડ પ્રગટે, ત્યારે ધૂન પ્રગટે. ધૂનનો એક પ્રકારનો નશો હોય છે. એમાં એક પ્રકારનો લય હોય છે. આને લીધે જ્ઞાનતંતુમાં એક પ્રકારનું સમત્વ પ્રગટે છે. ગીતામાં સમત્વને યોગ કહ્યો છે. સમત્વને લીધે બીજા વિચારો ઝાઝા આવતા નથી. કેમ કે જેમાં ધૂન, નશો રહે, એમાં જ ધ્યાન

વધારે રહે. અને ચિત્ત પણ બીજામાં પરોવાય નહિ. હવે આ કામ કરવું કે નહિ એ તમારે વિચારવાનું છે.

મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્‌ની સમતુલા જળવાય, એમ સમતાથી વર્તો. સાત કરોડ ભગવાનનાં નામજપ લખવાથી મોક્ષ થઈ જાય, એમ મેં સાધુઓને કહેતાં સાંભળ્યાં છે. એ તદ્દન ખોટી વાત છે. ભગવાનનાં સ્મરણનો મેળ આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્‌ની સાથે જોડવો પડશે. એ સિવાય ઉદ્ધાર નથી. જો ભગવાનનું સ્મરણ કરતાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ વગેરે જેમ વહેતાં હશે, તેમ વહેવા દેશો, તો પત્તો ખાશે નહિ. એટલે ભગવાનના સ્મરણનું મન, બુદ્ધિ વગેરે સાથે સંધાણ થાય, એનો રસ્તો ? મુખ્ય રસ્તો : રાગદ્વેષ મોળા પાડ્યા સિવાય કોઈ ભૂમિકા થવાની નથી.

આપણે જીવદશામાં છીએ, માટે રાગદ્વેષમાં કાયમ ન રહીએ, એ કેળવવું. એ કેળવવું બહુ અઘરું છે. એનો કોઈ ઉપાય ખરો ? હા. ભગવાનનું સ્મરણ જો અખંડ થઈ જાય તો. એ પણ અઘરું છે. તો પછી સહેલો રસ્તો ? ભગવાનનું સ્મરણ, પ્રાર્થના કરતાં કરતાં એની મેળે મન, બુદ્ધિ વગેરે સાથે પ્રયત્ન કરતાં કરતાં ટેવ પાડીએ. અને તેમ કરવા સંપ, સુમેળ અને સદ્‌ભાવથી મળેલા જીવો સાથે વર્તીએ. એનાથી સહેવાનું ઘણું આવશે, તે ખાસ લક્ષમાં રાખશો. પણ ભાવનાથી કરીને વર્તેલું તમને સુખની સ્થિતિમાં રાખશે, એ નિશ્ચિત છે, એ જાણજો.

શબ્દનો-ભગવાનના નામનો ઉચ્ચાર એ માત્ર બોલવાનો જ નથી. પણ એ બોલવાથી આપણાં કરણોની વિશુદ્ધિ થાય, એવી રીતની સભાનતાથી ભગવાનના સ્મરણમાં જ્યારે અખંડતા પ્રગટે, ત્યારથી સાચી સાધનાની શરૂઆત થાય છે.

જો કોઈ સાધન હાલ લઈ શકીએ એવું હોય, તો તે એકલું ભગવાનનું સ્મરણ અને પ્રાર્થના છે. તે મન, બુદ્ધિ વગેરેને ઉપયોગી છે. એ તેના ઉત્પાત મટાડે છે. પ્રાણની આશા, તૃષ્ણા વગેરેને ઘટાડે છે. એટલે ઉત્તમમાં ઉત્તમ સાધન સ્મરણ છે. અને આ મેં અનુભવેલું છે. એ સ્મરણનું રસાયણ મેં ગુરુમહારાજની કૃપાથી પીધાં કરેલું છે. અને એ પ્રયોગ કરીને તમારી આગળ મૂકું છું. કરી જુઓ, તો મનની નબળાઈ ઘટશે. વેવલાવેડા ચાલ્યા જશે. નમ્રતા પ્રગટશે. એ નમ્રતા સિંહના જોરવાળી હશે. નમ્રતાથી સાચી વાત કહેતાં ખટકો ખાય નહિ.

સદાય પળેપળ જાગૃતિ સેવાયાં જવાય, તો જ ચીલે રહી શકાવાનું છે, એ નક્કી જાણજો. માટે ચેતતા રહીને પ્રભુનું નામસ્મરણ ખૂબખૂબ ભક્તિથી લીધાં કરવાનું છે.

જ્યારે જ્યારે મન ગૂંચમાં પડે, નિરાશ થાય, અશક્ત બનતું લાગે, મૂંઝાયેલું હોય કે મુશ્કેલી જણાય, તો સમજવું કે, આપણું મન આપણા વહાલા પ્રભુના સ્મરણમાં નથી. જેમને

જીવનનો રાહબર-ગુરુ જાણીએ છીએ, તેમની સ્મૃતિ હૃદયમાં રહેતી નથી. મન આડુંતેડું થયેલું હોય, ફાંફાં મારતું હોય, મનમાં કોઈનાયે માટે અશુભ અને અન્યથાપણાના વિચારો આવ્યા કરતા હોય, પરંતુ આપણે બે વસ્તુની જો ખાતરી રાખીશું તો મન જરૂર ઠેકાણે રહેવાનું છે : (૧) ભગવાનનું નામસ્મરણ (૨) ગુરુ પરત્વેની ઉત્કટ ભાવના અને લગની.

ભગવાનનું સ્મરણ સતત એકધારું બન્યા કરે, એની ખૂબ ખૂબ કાળજી રાખજો. અને હૃદયમાં ખૂબ ભક્તિ પ્રગટાવી પ્રગટાવીને એકાગ્રભાવે એનું નામ મોટેથી લીધા કરજો. એથી કોઈને સારું લાગે કે ખોટું લાગે, એનો ઝાઝો વિચાર કરવાપણું નથી. કોઈ પૂછે, તો કહેવું કે, મન વિચાર કરતું અટકે, તેને માટે આમ કરું છું.

**રાતે જાગતાં હોઈએ, ત્યાં સુધી ભગવાનનું નામસ્મરણ જ કર્યા કરવું.**

સ્મરણ, પ્રેમભક્તિજ્ઞાનપૂર્વકનું સ્મરણ, માનવીને નવું જીવન પ્રગટાવે છે. અને એવા જીવનની પ્રેરણા એવી તો વેગ અને ગતિવાળી હોય છે કે, આપણને તે સદાય આનંદમાં મગ્ન રખાવ્યાં કરે છે. આપણે જાણે હોઈએ, છતાં ન હોઈએ, આપણે કામ કરતાં હોઈએ, છતાં કામ જ જાણે ન કરતાં હોઈએ, આપણે સંસારમાં બધાંની સાથે હોઈએ છતાં બધાંની સાથે ન હોઈએ, એવું લાગ્યા કરે છે. જીવનનો આનંદ, તેની મસ્તી,

તેની ધૂન ને તેની લગની એવી જીવતી સોબત થતાં ઉત્તરોત્તર બઢતાં જાય છે.

આપણે ભગવાનની સાથે જે સંબંધ બાંધવાનો છે, તે છાનો છાનો બાંધવાનો નથી. સારું જગત આપણી નાલેશી કરે કે હુરિયો બોલાવે, તેમ છતાં આપણે ભગવાનના ચરણકમળની આસક્તિમાં સદાય મસ્તાન રહ્યા કરીએ જગત અને જગતજનનું અસ્તિત્વ આપણા મનમાં તદ્દન ગૌણ બની જાય, એવું આપણે થવાનું છે.

જ્યાં સુધી મનનો સ્વભાવ પલટાતો નથી, ત્યાં સુધી માનવીને કશામાંથી મુક્તિ મળી શકતી નથી. એટલે જ બધા ધર્મોએ મનની કેળવણી ઉપર મહત્ત્વ આપેલું છે. જીવનની સમજણ અને જીવનને આપણે કયે માર્ગે લઈ જવાનું છે, એ બંનેની જીવતી ધારણા મનને કેળવવાને કાજે મુખ્ય સાધન છે. સંસારની પ્રવૃત્તિમાંથી જીવને કદી પણ નિરાંત વળી શકવાની નથી, એ તો નક્કર હકીકતની વાત છે. સંસારને છોડ્યો છોડી શકાતો નથી. સંસાર આપણને વળગેલો નથી. કિંતુ આપણે સંસારને વળગેલા છીએ. અને તેથી કરીને આપણે મનની સ્થિતિને જ ત્યાં પલટાવવાની રહે છે. મન એની મેળે પલટી જઈ શકતું નથી. એટલા કાજે જ સાધનાની જરૂર છે. એટલે મારી તમને હૃદયની પ્રાર્થના છે કે, **મનને પલટાવવા કાજે પ્રભુના નામનું પ્રેમભક્તિજ્ઞાનપૂર્વકનું સતત એકધારું સ્મરણ - એ એક મુખ્ય સાધન. અને બીજું સાધન તે રોજબરોજનાં**

**થતાં સકળ કર્મોમાં શ્રીભગવાનની ભાવના અને ધારણા જીવતી રહે તે કાજેનો દૃઢતાભર્યો અભ્યાસ અને ત્રીજું સાધન તે જીવનમાં મળતા સર્વ પ્રસંગોમાં સમતા, શાંતિ, ધીરજ, તટસ્થતા, બીજાંઓ પરત્વેની સહાનુભૂતિ વગેરે ગુણો આપણે કેળવતા રહેવાનું છે.** જો જીવનની ભાવના કેળવવાની આપણને સાચેસાચી ભાવના જીવતી થઈ ગયેલી હોય છે, તો જે કંઈ થતું રહે છે, તે આપણા વિકાસ માટે જ છે, એવી અનુભવની સમજણ તેમાં તેમાંથી જાગતી જ રહે છે. આમ હોવાથી મનની સકળ જાતની પકડમાંથી મોકળા થવાને કાજે પ્રત્યેક સાધકે એટલું તો જરૂર કરવું જ પડશે.

❦

નામજપનું સાતત્ય જાળવવા માટે એક વાત લક્ષમાં રાખવાની છે. એના પર પ્રેમ અને રસ. એ બે ભાવનાની માત્રા જેમ વધતી જશે, તેમ જપના સાતત્યમાં સુધારો થતો જશે. એ બે ભાવનાની માત્રા ક્યારે વધે ? જ્યારે આપણે આપણા જીવનમાં આપણા આ જ કામને સર્વોપરી ગણીશું ત્યારે. એ વિના માત્રા વધવી શક્ય નથી. જે વસ્તુની આપણને જરૂર પડે છે, એને માટે મહેનત કરીને આપણે તે મેળવીએ છીએ. એ તો આપણા નિત્યના જીવનનો અનુભવ છે. એવું જ આમાં છે.

❦

સતત સ્મરણ વિશે તો, અભ્યાસ વિના અને તે દૃઢ થયા વિના એ રહેશે નહિ. ભગવાન પતંજલિનું સૂત્ર છે કે- ‘स तु दीर्धकाल नैरंतर्यसत्कारसेवितोद्दढभूमिः ।’ તે ભૂમિકા ત્યારે જ

દઢ થશે કે, જ્યારે તેનું ઘણા લાંબા કાળ સુધી, નિરંતર, સતત, પ્રેમથી, તેની પાછળ શ્રદ્ધા, વિશ્વાસ અને ભક્તિપૂર્વકની ભાવના સાથે, તેનો અભ્યાસ રહ્યા કરશે. આપણે જ્યારે કંઈક માનવ-ભૂમિકાથી પરનું એવું કશુંક મેળવવાના જીવવાળી વૃત્તિ કરવા માંડીએ છીએ, ત્યારે આપણામાં રહેલી આસુરી અને દૈવી પ્રકૃતિ યુદ્ધને માટે તૈયાર થઈને સામસામી સમરાંગણમાં ખડી થઈ જાય છે. એવી ઉચ્ચ પ્રકારની વૃત્તિ થતાં આપણામાં, ગીતાજીમાં કહ્યું છે એમ, ધર્મક્ષેત્ર પણ છે ને કુરુક્ષેત્ર પણ છે, એની આપણને સમજણ પડે છે. અને તે વખતે એ બે પરસ્પર લડવાને તત્પર થઈ હોય, એવું પણ આપણને સમજાય છે. પરંતુ એવી પરિસ્થિતિનું દર્શન આપણા લાભમાં ત્યારે જ થશે કે, જ્યારે આપણામાં સંજયની વૃત્તિ જાગ્રત થઈને કામ આપતી હશે. **સંજય એટલે એક પ્રકારની અલિપ્ત તટસ્થતા**. જો આપણે એકલા ભગવાનને જ શરણે જઈશું, એટલે કે, જૂના ચીલાએ ચાલવાનું છોડી દઈને, તેમની વૃત્તિઓ અને લાગણીઓની અસરમાં તણાયા વગર તટસ્થ રહીને, ભગવાનમાં જ ચિત્ત રાખ્યા કરીશું, તો આપણો વિજય જરૂર થવાનો છે. ગીતાજીમાં આપણને ભગવાન પૂરેપૂરું આશ્વાસન પણ આપે છે કે- 'તારે કોઈ રીતે ગભરાવાની જરૂર નથી. માત્ર મને જ અનુસર. મને જ પગે લાગ. મને નમસ્કાર કર. મારું જ ભજન કર. મારામાં જ રમ્યા કર. તો તારો ઉદ્ધાર થયેલો જ છે, એમ જાણજે.'

❦

કોઈ પણ લાગણી કે ઊર્મિનો ઊભરો આવ્યો હોય, ત્યારે નામસ્મરણ કરવાનું આપણે કદી પણ ચૂકવું નહિ.

ભગવાનના સ્મરણનું પીઠબળ મળતાં આપણા અંદરના તત્ત્વનું જોર બમણું, ત્રમણું, કેટલાય ગણું વધારે આપણને મળ્યા કરતું લાગશે. એ તો એવા અનુભવ થતાં જ સમજાતું જશે. એમ સમજાતું જાય, તો આપણે આપણી સાધનાને રસ્તે જઈએ છીએ, એમ માનવાનું છે. એમ થતાં આપણામાં સૂતેલી આંતરચેતના વધારે ને વધારે તેજસ્વી થયા કરશે. બાકી તો સાધનાનો કશો અર્થ નથી.

**આપણામાં ઊઠતી અનેક જાતની વાસનાઓને જો આપણે તટસ્થપણે જોવાની ટેવ પાડીશું, અને તે દરમિયાન આપણે જો આપણા સ્મરણમાં ને તટસ્થ વૃત્તિમાં સ્થિર રહેતા હોઈશું, તો તે ગમે તેટલી જુસ્સામાં આવી હશે, કે જાગી હશે, તો પણ આપણને ઊથલાવી શકવાની નથી એમ કરતાં કરતાં એનું જોર નરમ પડી જવાનું છે.** એટલે આપણો માર્ગ કે યોગ એ માત્ર ચાર પાંચ કલાકનો નથી, પણ હરેક પળ માટેનો છે. એ આપણા હૃદયમાં ઊતરી જવું જોઈએ.

નદી સમુદ્ર તરફ વહ્યા જ કરે, બાળક માના ખોળામાં જ ઢળે, એ જેમ સ્વાભાવિકપણે બન્યાં કરે છે, તેમ આપણામાં બનવું જોઈએ. આપણા પ્રયત્નમાં જોશ તથા વેગ તથા ખંત હજુ આવતાં નથી. એનું કારણ હજુ આપણે પૂરેપૂરા ભાવથી ભગવાનને સર્વસ્વ સમર્પણ કરતા નથી, એ પણ હોય. વળી આપણી જિજ્ઞાસા વધારે ને વધારે ઉત્કટ ને પ્રાણવાળી આપણે

બનાવી શકતા નથી. જે કંઈ થયાં કરે છે, તેમાં પણ આપણી સર્વ શક્તિ, સર્વ પ્રાણ ને સર્વસ્વનો નિચોડ આપણે મૂકી શકતા નથી. આવાં ઘણાં ઘણાં કારણ હોય. એટલે જેમ વૈદની પાસે જતાં આપણા રોગની સર્વ હકીકત એની આગળ કહી દઈએ છીએ, કશું છાનું રાખતા નથી, તેમ આપણે પણ આપણું સર્વ કંઈ એને પ્રેમભાવથી જણાવતાં રહેવાનું છે. તો ભગવાનની દયા આપણને મળ્યાં જ કરશે. મનને તદ્દન ખાલી રાખ્યા કરવાનું છે.

❦

જે કંઈ વિચારો ગડમથલના આવે, એનો તુરત ઉકેલ કરી દેવાનું આપણે રાખવું. કશું ભરી રાખવાનું નથી. ઉપરાંત, આ બધું કરવા છતાં અંદરથી આપણે નિત્ય સ્મરણ, નિત્ય સમર્પણ ને નિત્ય શરણમાં અને તે પણ બધું યજ્ઞભાવે થયાં કરે, એવી રીતે સતત જોડાયેલા રહેવાનો ભાવ રાખ્યા કરવો પડશે. નવી ભૂમિકા કે વાતાવરણ રચવામાં બીજી કશી મહેનત નથી પડવાની. કારણ કે એનો અસલ સ્વભાવ કે ઓજસ કે સ્થિતિ ત્યાં છે જ. પરંતુ જે પ્રકારની ટેવમાં કે અભ્યાસમાં આપણે પડી ગયેલા છીએ, એમાં અથવા એ Values-મૂલ્યાંકનોની ગણતરીમાં અટવાવાનું આપણે છોડી દેવું પડશે. અરે, એ છોડી દેવાની મહેનત કરવા કરતાં પેલા નિત્ય સ્મરણ વગેરેના રચનાત્મક કામમાં જ મચ્યા રહેવાનું છે. એ તો જ બને કે જો આપણને એમાં રસ જાગ્યો હશે. આપણે સિનેમા જોતા હોઈએ છીએ, ત્યારે એ જોવામાં એવો રસ પડે છે કે, મન ત્યારે એમાં જ લીન રહ્યા કરે છે. બીજા કશા વિચાર કરતું

નથી. મન, કાન ને આંખ એ ત્રણે એકી સાથે એકમાં જ પરોવાયેલાં રહ્યાં કરે છે. કારણ કે, એમાં એમને રસ પડે છે. એટલે આપણે આમાં એવો રસ ઉત્પન્ન કરવાનો હોય છે અથવા એવો રસ હોવો ઘટે.

❦

દરિયાનાં પ્રચંડ મોજાં અથડાવા છતાં વચ્ચે ઊભેલો ખડક જેમ અડગ અને અણનમ રહે છે, તેમ આપણને પણ માર્ગ મળ્યા કરશે, જો આપણે શરણભાવે, સમર્પણભાવે, સર્વસ્વનું યજ્ઞમાં બલિદાન આપીને, ભગવાનને સમર્યા કરીશું તો.

❦

મનને વિચારો કરતું અટકાવી રાખવું હોય, ને એને બીજા રચનાત્મક કામમાં વાળી રાખવું હોય, તો આપણે ખૂબ ખૂબ મંથન કરીને, જાગૃતિ રાખીને, સતત ભગવાનનું નામ લીધાં કરવાનું છે. એમાં આપણે મરી મીટવાનું છે.

❦

આપણે આપણું કામ રસ, ઉત્સાહ, ઉમંગથી કર્યા કરવાનું છે. જરાકે આળસ કે ઉદાસીનતા કે કંટાળો ન આવવો જોઈએ. ભગવાનના નામસ્મરણમાંથી જો એટલું ઊપજી શકતું ન હોય, તો આપણે ક્યાંક આડફેટા રસ્તે અથડાઈએ છીએ, એમ સમજવાનું છે. નામસ્મરણમાં જે જીવ હોવો જોઈએ, તે જીવ હજી આપણામાં આવ્યો નથી, એવો એનો અર્થ છે.

❦

નામસ્મરણ ભલે મુખ્ય હોય, પણ પછીથી એનાથી કરી જે શક્તિ આપણામાં જાગે છે, એને જ આપણે આપણી જાત

પછીથી સોંપી દેવાની છે. નામસ્મરણ મુખ્યત્વે તો એ હાલમાં સુષુપ્તિમાં પડેલી શક્તિને જાગ્રત કરવા માટે તથા રસ જગાડવા માટે જરૂરનું છે. એ શક્તિ જાગ્યા પછીથી જ ખરું યુદ્ધ તો ચાલે છે. અને ત્યારે આપણને બધી જાતની સમજણ ચોખ્ખી રીતે પડવા માંડે છે.

જે કોઈ સત્યપંથે પ્રયાસ શરૂ કરે છે, તેને ભગવાન આપોઆપ, જાણે કે હાજરાહજૂર પોતે તેવી રીતે, મદદ કરે છે જ. પણ શરૂઆતમાં તેવા પ્રવાસીને તેની સમજણ હોતી નથી.

આપણે ભગવાનનાં ચરણોમાં માથું મૂકતાં પહેલાં, દિલની દાનત જોઈ લેવી જોઈએ. આપણે સોએ સો ટકા મનને ઓળખતા થઈ જવાનો પ્રયત્ન કર્યા કરવો જોઈએ. ને જે કંઈ થાય, તે જણાવ્યા કરવું જોઈએ. કશું ય છૂપું ના રખાય.

આપણા જીવનનું-મનુષ્યમાત્રના જીવનનું ધ્યેય શ્રીભગવાનના ભાવનો અનુભવ કરી, એનામય બની જઈને એના યંત્ર બની જવું. ને પછીથી ભગવાન જેમ ચલાવે તેમ ચાલવું, ને એમ પાછું હૃદયથી અનુભવ્યા કરવું, એ જ ધ્યેય હોવું જોઈએ, એમ મને પોતાને તો લાગે છે. દરેક જણે પોતાનું જીવનધ્યેય નક્કી કરી લેવું ઘટે. એ નક્કી કર્યા પછી આપણી સર્વ શક્તિ તેની પાછળ ખરચી દેવાની રહે છે. સતત પુરુષાર્થ, એ જ લઢણ, એ જ રટણ, એ જ સર્વસ્વ, એવી ધૂન પેદા

કરવાની રહે છે.

મને લાગે છે કે-પ્રત્યેક માણસમાં પ્રભુ પાસે જવાની શક્તિ છે. એટલું જ નહિ પણ, ભગવાન તો સદાય સાદ પાડે છે. આપણે માનવી જ એની પાસે જતા નથી. એનો સાદ સાંભળતા નથી. અને કેટલીક વાર આવેગ કે આવેશમાં, લાગણીના માત્ર ઊભરાથી માની બેસીએ છીએ કે, ભગવાન આપણને સાંભળતો કે સંભાળતો નથી. ભગવાને તમને સુંદર સગવડો આપેલી છે. એની આપેલી કૃપાનો ઉપયોગ કરવાનું હવે તમારે જોવાનું છે.

ભગવાનનો પ્રેમ આપણા ઉપર કેટલો વરસે છે, એ જોવાની ને અનુભવવાની પ્રભુ આપણને આંખો અને હૃદય આપો, એટલી જ પ્રાર્થના.

આપણા પ્રત્યેક કર્મમાં મન-હૃદયથી કરીને ભગવાનના આશયની ઝાંખી થયાં કરે છે, એવી અંતરદૃષ્ટિ આપણી ખીલી ઊઠે અને હૃદયમાં એવી સમજણ ઊગી નીકળે, ત્યાં સુધી જીવનમાં આપણે પ્રામાણિકપણે પ્રેમભક્તિભાવે ગડમથલ કર્યા કરવાની રહે છે. એવી ગડમથલ સતત ચાલ્યા કરે, એટલી જ માત્ર આપણે જાગૃતિ રાખીને, પળેપળ નામસ્મરણ ચલાવવાનું છે.

જાપ જો હૃદયના ધબકારા સાથે આપણે બરાબર કર્યા

કરીએ, તો ધ્યાન તો આપોઆપ આપણું ત્યાં જ રહેવાનું. મા ગમે ત્યાં હશે, પણ બાળક જ્યાં સુધી પૂરું ચાલતાં શીખી ગયું નથી, ત્યાં સુધી એ જ્યાં જ્યાં ફરતું હશે, ત્યાં ત્યાં માનું ચિત્ત ફર્યા કરવાનું. એવી રીતે **જાપનું ઉદ્‌ભવ-સ્થાન હૃદય છે. એટલે જો હૃદયના ધબકારા સાથે જાપ થવા લાગ્યા ને એ અભ્યાસ સ્થિર થયો, તો તો એ ત્યાંથી જ ઊઠશે ને જો એમાં ભાવ ઉમેરાયો, તો ધારણા તો આપોઆપ એની મેળે જ રહ્યા કરશે.** જેમ નદી પર્વતમાંથી આપોઆપ સમુદ્રને મળે છે, તેમ આપણા પ્રયત્નથી હૃદયના ધબકારા સાથે જાપને પ્રેમોર્મિથી-ભાવથી કરવાની ટેવ આપણને પડી, તો ત્રણે-જાપ, ધ્યાન ને ધારણા બરાબર થશે.

ભગવાન સૌનો છે. તો મથતાનો શા માટે ન હોય ? મથતાનો તો સૌથી પહેલો છે. જે મથે છે, તેને એનો અનુભવ થાય છે. પણ જેમ હીરા તોળવાનો કાંટો બહુ જ નાજુક હોય છે. એટલે એને સહજ હવામાન લાગતાં તે સ્થિર રહી શકતો નથી ને હાલ્યા કરે છે. તેમ આપણે મથતા હોઈએ તેવી સ્થિતિમાં આપણા મનની તુલા સ્થિર ન રાખ્યા કરીએ, તો એવો અનુભવ આપણને ન થાય. આમ મનની સ્થિરતા સાધનામાં જરૂરી છે.

ઊંઘમાંથી જાગતાં જ સ્મરણ થયું, તે પણ ઠીક. પણ આદર્શ તો ઊંઘમાં પણ સ્મરણ રહે, તે છે. પ્રત્યેક હૃદયના ધબકારા સાથે જપ રહે, તેવું આપણે કરવાનું છે.

ખૂબ લળી લળીને ભગવાનની પ્રાર્થના કર્યા કરશો.

તમે જેટલા જાગ્રત થઈને, સાધનામાં સંપૂર્ણ એકાગ્રતા કેળવીને, શક્ય તેટલું મથીને, ભગવાનના થઈ શકો, તેટલી એમાં ભગવાનના નામની મહત્તા છે.

સવાર-સાંજ નિયમિત પ્રાર્થના કરવાનું રાખવું. દિવસ દરમિયાન પણ જ્યારે પણ એવું લાગે કે અનુભવાય, ત્યારે પ્રાર્થના કરવી. એમાં-આપણને સારા વિચારો આવે. આપણાથી કોઈનું પણ ભૂંડું ન થાઓ, હંમેશાં આપણાથી બધાંનું ભલું થયાં કરો, -એમ ભગવાનને અરજ કરવાનું રાખવું.

ભગવાનની કૃપા તો અપાર છે. તમે જ વિચારોને કે, જગતમાં બીજાં કેટલાંયે એવાં છે કે, જેમને એક ટંક ખાવાના પણ સાંસા છે. જેમને સૂવા-બેસવાને ઘર નથી. કેવા અસાધ્ય રોગથી પીડાયેલા હોવા છતાં જેમને આકાશની નીચે ધરતીમાતાના ખોળા સિવાય ક્યાંય બીજો આશરો નથી. જેમને અનેક ઉપાધિ, વ્યાધિ વગેરે છે. એ બધાંના કરતાં ભગવાને આપણને કેટકેટલું સુખ આપ્યું છે ! કોઈક આપણો થોડોક પણ ઉપકાર જગત-વહેવારમાં કરે છે, તો એનો આપણે કેટકેટલો આભાર માનીએ છીએ ! તો ભગવાને દયા કરીને આપણું કેટલું બધું સારું કર્યું છે, તેમ છતાં આપણે તો નગુણાં એવાં જ પાક્યાં કે, ભગવાનને જ ભૂલી ગયાં ! ને એણે આપેલી

મોજશોખની વસ્તુમાં લપટાઈ પડ્યાં !

પળેપળનું સ્મરણ ન થાય તો પણ જે જિજ્ઞાસા અને તમન્ના દિલમાં જાગી છે, એ આપણને ધક્કેલા માર્યા જ કરે છે ને કરશે. માટે આપણે તો જિજ્ઞાસા અને તમન્નાને જીવતીજાગતી અને ભડભડ બળતી રાખવાની છે.

આપણે પોતે જ વધારે ને વધારે જાગૃત રહ્યા કરવાનું છે. એ માટે ભગવાનની પ્રાર્થના કરી કરીને મદદ માગ્યા કરવાની છે. આપણી દરરોજની હાલત, દશા, વિચારો, લાગણીઓ, કાર્યો વગેરે જેમ થવાં જોઈતાં હોય, તો તે પણ ભગવાનને સતત નિવેદન કર્યા કરો. ને સાચા માર્ગદર્શન માટે ગદ્‌ગદ કંઠે પ્રભુને પ્રાર્થના કરવાનું રાખો. એનાથી ઘણા લાભ છે. એક તો ભગવાનની સાથે હૃદયની નિકટતા કેળવાય છે. ને આપણા પોતાપણાનું સ્પષ્ટ દર્શન થતું રહ્યાં કરે છે. તેમ જ જ્યાં જ્યાં જે જે કંઈ કરવાનું હોય છે, તે પણ એમાંથી જ સૂઝે છે.

નામસ્મરણ પર વિશેષ મહત્ત્વ આપીને તેમાંથી ભક્તિની પ્રેરણા મેળવો અને મનને શ્રીભગવાનના વિષયમાં જાગ્રત રહેતું બનાવી શકો, તો ઉત્તમ વાત. કાળ અખંડપણે વહી રહ્યો છે. તેમાં જેટલી પળો ઉત્તમ પ્રકારની ભાવનાના વર્તનમાં ગાળી, તેટલા સમયમાં તેવા જીવનની આપણે તેવા પ્રકારની કમાણી કરી શક્યા, તે નક્કી પ્રમાણવું. એમ કરીને અખંડ ધારાવત્ આપણી જીવનની સાધનાનું સાતત્ય જળવાતું રહે, તે પ્રમાણે

જીવનમાં વર્તવાનું છે.

શ્રીપ્રભુની ભાવના વિના એક પળવાર પણ જો સૂના રહ્યા, તો આપણે અભડાયા, એમ ગણવું ને માનવું. શ્રીપ્રભુની સ્મરણભાવના વિનાનો સમય જતાં તે આપણને ઘણું ઘણું કઠે. ને એવી સ્મરણભાવના એ તો આપણા શ્વાસોચ્છ્‌વાસની જેમ થઈ જવી ઘટે. ત્યારે જ સાધના થઈ શકવાની. જીવનું તાદાત્મ્ય પ્રભુકૃપાથી ઉદ્‌ભવ્યું છે, એમ તો જ મનાય ને ગણાય. માટે કૃપા કરી ચેતવામાં સાર છે.

નામસ્મરણ, પ્રભુ-ભાવના આદિ થતાં રહેતાં સકળ કર્મમાં જીવતાં રખાવવાને કંઈ કશો પાંસરો પ્રયત્ન જ આપણાથી ન થઈ શકતો હોય, અથવા તેમ કરવાને મન-હૃદયથી મંડ્યા કરવાને પણ ન બની શકતું હોય, તો જેણે જે જીવને ગુરુ કર્યો, તો તેની ભાવના હૃદયમાં જીવતી કરીને તેને સકળ કંઈ કરતાં કરતાં હૃદયમાં પ્રગટાવવાનું ને તેની કૃપામદદ મેળવવાનું પણ જો જ્ઞાનભાન ન પ્રગટી શકતું હોય, તો પછી આપણે શેની અને કેવી સાધના કરીએ છીએ, તે જીવે પોતે વિચારવું રહ્યું.

પ્રભુની ભાવનાની ગતિ જ્યારે આડીઅવળી થઈ જાય, ત્યારે તે ભાવનાની અખંડતા તૂટે. ત્યારે જે જીવ તુરત ચેતી ચેતીને એ વૃત્તિઓ સામે ઝઝૂમે છે, તે જ જીવનમાં કંઈક રળી શકે છે.

બુદ્ધિ અને પ્રાણ એ આપણા આધારનાં કરણો શાંત પડ્યા વિના, પૂરેપૂરાં શુદ્ધ થયા વિના શ્રીભગવાનના ચરણકમળમાં આસક્તિ પામવી, એ લગભગ અશક્ય હકીકત છે. સૌથી વધારે તો પ્રાણ જીવને જીવપણામાં રાખનાર છે. બુદ્ધિમાં સાત્ત્વિકતા, તેજ, સૂક્ષ્મતા અને આરપાર વેધી શકે એવી વેધકતા ભગવાનમાં શ્રદ્ધા-વિશ્વાસ પ્રગટ્યા વિના કદી પણ જન્મી શકતાં નથી. બુદ્ધિ આપણને હચમચાવે, ડગમગાવે, અને સગડગ પણ કરાવે અને જીવનવિકાસના ધ્યેયથી દૂર પણ ફગાવે છે. જો આપણી નજર સતત એકધારી જીવનવિકાસના ધ્યેય પરત્વે જીવતીજાગતી રહ્યા કરતી હોય, તો આપણને સફાળા જગાડીને ચેતાવનાર પણ બુદ્ધિ જ હોય છે. તેથી મથનારને તે શત્રુ-મિત્ર જેવી હોય છે. જે ખોળે છે, તેને તે જડે છે. મથે છે, તે મેળવવાને માર્ગે છે. બાકીના તો મોં વકાસતા રહે છે. આપણે તો ભગવાનને જ સંભાર્યા કરવાનો છે. પરંતુ એ શેને કાજે, તેનો પૂરેપૂરો જાગૃતિપૂર્વકનો ખ્યાલ રાખવાનો છે. ને એમાં જ માલ છે. નાસીપાસ થવાનું કારણ ન હોય.

પ્રભુનો માર્ગ તો જ્ઞાનભક્તિપૂર્વક આત્મસમર્પણનો છે.

બધું જ પૂરેપૂરું ના થઈ શકે, તો થોડું પણ કરતા રહેવું, એ જીવને કાજે ઉત્તમ વાત છે. ને એમ કરતાં કરતાં શ્રીભગવાનના ભાવ પરત્વેની પ્રવૃત્તિનો momentum-વેગ જેમ

જેમ ધીરે ધીરે બઢતો જશે, ને જેમ જેમ તેવો વેગ અખંડતાની મર્યાદા સુધી થતો જતાં તેવા જીવની અંતરદૃષ્ટિ પણ વળ્યા વિના રહી શકવાની નથી જ.

એક પળ પણ નકામી જાય, તો હૃદયમાં ઘણી વેદના થાય, એવું અનુભવાય, તો તેવો જીવ નામસ્મરણમાં રહી શકે, માટે કૃપા કરીને હવે તો તેમાં મન જીવ પરોવી શકવાનું કરે, તો કંઈક ગમે. ખાલી ખાલી સાધનાનું નામ લીધેથી તો કશું જ ન વળે. હિંમત ધારીને ભગવાનનું નામ લીધાં કરો. એમાં કોઈ કોઈને અટકાવી શકે તેમ નથી.

જે કંઈ થાય, તે કર્યા કરીએ, અને વધારે ને વધારે જાગ્રત, સચેતન રહેવાને મથ્યા કરીએ અને ભગવાનને પ્રાર્થનાભાવે જે જે કંઈ કરીએ, તેનું આત્મનિવેદન કર્યા કરીએ. ભગવાનની કૃપામદદ માટે વારંવાર પ્રેમભક્તિભાવે પ્રાર્થના કર્યા કરીએ. મોહ, ઈર્ષા, અદેખાઈ, ક્રોધ, હુંપદ વગેરે બને તેટલાં ઓછાં કરતાં જઈએ. એટલું જો ભાન રાખીએ, તો ધીરે ધીરે બધું રાગે પડતું જશે.

શ્રીભગવાનને ચરણકમળે સકળ કંઈ પાપ ને પુણ્ય આપ્યાં જ કરો. એટલે જે જે વિચાર, વૃત્તિ, લાગણી, ઊર્મિ, વાસના, મોહ, રાગ, કામના, આશા, ઈચ્છા, લોલુપતા આદિ જે જે ઊપજે, તેમ તેમ તે બધું ભગવાનને જ પ્રેમભક્તિભાવે સમર્પણ કરતા રહેવું.

❦

નિશ્ચય જે તૂટે છે, તેનું એક કારણ તો, નિશ્ચય જાળવવા માટેની દૃઢતા, મક્કમતા, તેજસ્વિતા, તેને જીવતો રાખવા કાજેનું ફના થવું વગેરે આપણામાં જાગ્રત થયેલાં હોતાં નથી. જે નિશ્ચય કરીએ, તેને કરતાં પહેલાં મનમાં મનથી સમજી લેવાનું હોય કે, તે આમ કે તેમ તૂટી જાય, તો તે ચલાવી લેવાનું નથી. પણ તે ગમે તે ભોગે પાળવાનો જ છે. એમ નામસ્મરણ કરતાં કરતાં એ કાયમ રહી શકે તેમ કરજો.

❦

પ્રભુને હાલતાં, ચાલતાં, ફરતાં સકળ કંઈ કર્મ કરતાં કરતાં, હૃદયમાં હૃદયથી પ્રભુની કૃપામદદ કાજે, પ્રાર્થના જ કર્યા કરીએ. ને કરેલા નિશ્ચયને મંકોડો જેમ વળગી રહે છે તેમ વળગી રહીએ.

❦

જીવની બહિર્મુખતા ટાળવા કાજે, આપણે જો પ્રેમભક્તિજ્ઞાનપૂર્વક નામસ્મરણની ભાવનામાં સતત રહેવાનો અભ્યાસ કર્યા કરીએ, ને ઇંદ્રિયો ને કરણોનાં હલનચલન, ગતિ સાક્ષી થઈને નિહાળ્યા કરીએ ને એમનાં આડાંતેડાં વલણ પ્રત્યે જાગ્રત રહીને, તે તે વેળા તે તે બધું શ્રીપ્રભુને ચરણકમળે સમર્પણ કર્યા કરવાનો અભ્યાસ કેળવીએ. ને એવાએવા સમયે તેવાં તેવાં ઇંદ્રિયો ને કરણોને યથાર્થ રાખી શકવાને કારણે હૃદયમાં હૃદયથી પ્રાર્થના કર્યા કરીએ, તો જ સાધનાનું કામ બન્યાં કરે. સાધકને કાજે પ્રાર્થના એક મોટામાં મોટું સાધન છે. પ્રાર્થનામાંથી અખૂટ બળ અને અતૂટ શક્તિ મળ્યાં કરે છે,

એવો અનેકનો અનુભવ છે.

❦

જેનામાં હૃદયનો ભાવ જાગેલો છે, તેનું સ્મરણ જીવનમાં નવી તાજગી, નવું જોમ, નવી પ્રેરણા, નવું સાહસ, હિંમત, ધીરજ વગેરે પ્રેર્યા કરે છે. સદ્‌ગુરુની ચેતનપૂર્વકની સ્મરણભાવના તેટલા કાજે છે.

❦

જીવનનો પલટો જેની કૃપામદદ વડે થઈ શકવાનો છે, તેનામાં આપણું હૃદય લાગેલું રહ્યા કરે, ને તે જીવનવિકાસની ભાવનાની બાબતમાં ઉપયોગમાં આવી શકે, તે કાજે સદ્‌ગુરુનું તેવું પુણ્ય-સ્મરણ જીવનને તારનારું બની શકતું હોય છે. આ જીવને ઘણીય વેળા એવા સ્મરણે ઊંચે આણીને તારવ્યા કરેલો છે. કેટલીક વેળા ઉઠાડીને ચાલતો કરેલો છે. કેટલીક વેળા સદ્‌ગુરુના સ્મરણના પુણ્યપ્રકોપે જીવનને મઠારવાનું યજ્ઞકર્મ પણ કરેલું છે. કેટલીક વેળા ભૂલા પડાતાં ને પતનની વેળાનું જાગ્રત જ્ઞાનભાન પણ જતું રહેતાં, સદ્‌ગુરુનું ભાવભર્યું પુણ્યસ્મરણ તો પ્રત્યક્ષ સંજીવની રૂપે નીવડેલું છે. એવા એના સ્મરણથી જ જીવનનું કામ થયું છે, ને પડતાં આખડતાં ઊંચે આવવાનું બની શક્યું છે. એવી એ પુણ્ય-સ્મરણની ન્યારી ન્યારી ખૂબી છે.

❦

વાણીના બોલવાપણામાં તો જ્ઞાનપૂર્વક કંજૂસ બનવાનું છે નામસ્મરણમાં જેટલી વાણી ખર્ચાય, તેટલું ઉત્તમ છે. જ્ઞાનભક્તિપૂર્વક જેમ જેમ મૌન પળાતું જાય છે, તેમ તેમ

વાણી કે વચનની પણ શક્તિ પ્રગટતી જ હોય છે. મૌનનું જ્ઞાનભક્તિપૂર્વક યથાર્થતાથી પાલન થતાં અંતરની શક્તિનું વેડફાઈ જવાનું બનતું નથી. તે શક્તિ નામસ્મરણમાં વપરાય છે. ને એવા થતા રહેતા નામસ્મરણથી હૃદયમાં ભાવના-પ્રેમ વિશેષ પ્રગટતાં જતાં અનુભવાય છે. માટે જે જીવને જીવનનો વિકાસ સાધવો છે, તેવા જીવને યોગ્ય પ્રકારનું મૌન પાળ્યા વિના છૂટકો થતો હોતો નથી. ઓછામાં ઓછું બોલવામાં ઘણા લાભ છે. હેતુપૂર્વકની મધુર વાણી ને તે પણ જ્ઞાનપૂર્વકની સદ્‌ભાવયુક્ત જ્યારે ઉચ્ચારાય છે, ત્યારે તેવી વાણીમાં જે પ્રાણ પ્રગટેલા હોય છે, તેવું ચેતન વેડફાઈ રહેતી વાણીમાં કદી પણ હોતું નથી. વાણીથી વેડફાઈ જતી શક્તિ ને આપણે વધારે જાગ્રતિ સેવી સેવીને નામસ્મરણમાં એકાગ્ર ને કેન્દ્રિત કરવાની છે. સાધકને કાજે વાણીનો સંયમ ઘણો ઘણો જરૂરનો છે.

❦

સદ્‌ગુરુનું હૃદયમાં હૃદયથી ભાવસ્મરણ પ્રગટતાં, હૃદયમાં જો ભાવ ન પ્રગટી શક્યો, તો આપણું દિલ સદ્‌ગુરુમાં લાગેલું નથી, એ નક્કી પ્રમાણવું. આ જીવ એના સદ્‌ગુરુનું પુણ્ય-સ્મરણ પ્રગટાવી પ્રગટાવીને, હૃદયમાં ભાવનાનો ઓઘ જન્માવીને, તેના વડે કરીને જીવનની સાધનાનું કામ એની કૃપાથી કર્યા કરતો હતો. મનાદિકરણોને જરા પણ શુષ્ક તો થવા દેવાં જ નહિ. ભાવનાથી તે જ્યારે તરબોળ રહ્યાં કરે છે, ત્યારે બીજી કોઈ જાતના વિચારો પ્રવેશી શકતા પણ નથી. તેવી દશામાં નામસ્મરણ આદિ સાધન ભાવની એકતાનતાથી,

એકાગ્રતાથી સારી રીતે થયાં કરે છે, એવો આ જીવને અનુભવ છે.

❦

પ્રાર્થના જેવું ચેતનવંતું ને બળવાન બીજું કોઈ સાધન નથી. હૃદયમાં હૃદયના સાચા ભાવથી, આર્તનાદ ને આર્દ્રભાવે, જે જીવ એનો આશરો લે છે, એને તેવી પ્રાર્થના કદી નિરાશ કરી શકતી નથી. એવી છે પ્રાર્થનાની અંતરતમ શક્તિ. જીવનવિકાસની સાધનામાં હૃદયથી કરાયેલી પ્રાર્થના ઘણો ઘણો મહત્ત્વનો ભાગ ભજવે છે.

❦

કૃપા કરીને જાગી જવામાં સાર છે. ચેતેલા રહેવામાં ડહાપણ છે. પ્રભુના સ્મરણ વિના કશું બની શકવાનું નથી. માટે કૃપા કરીને હૃદયમાં સાધનને સાધનાથી વળગી રહેવાનું કરીશું, તો તો કંઈક આરો આવી શકવાનો હોય, તો આવી શકે. માટે કૃપા કરીને હૃદયથી સાધનને પકડવામાં વિવેક છે, જીવન છે, બધું જ છે. પણ હજી તો તે પકડ્યું જ ક્યાં ? પકડીને એને વળગી રહ્યા કરો. એનામાં એકભાવે રમ્યા કરો. એને હૃદયમાં જીવતું રાખો. અને પ્રામાણિક રહો. વફાદાર રહો. એનામાં જ દિલને ઓગાળી દ્યો, તો તો કંઈક પત્તો ખાય.

❦

અંતરમાં અંતરથી જે સંગ્રામ ખેલાતો હોય છે, તેમાં તો કેટલીયે વાર વેદનાની શૂળીએ અધવચ લટકવાનું આવે છે. ત્યાં જ ખરી કસોટી થતી હોય છે. તે કસોટી છે, તે પરીક્ષાકાળ

છે. ને ત્યાં એકમાત્ર શ્રીપ્રભુસ્મરણની કૃપાથી જ બચવાનું છે, એવું કૃપાજ્ઞાન એની કૃપાથી તે તે કાળે જાગતું રહેતું હતું. તેવે સમયે હૃદયમાં હૃદયથી શ્રીગુરુમહારાજને વારંવાર રડી રડી, નમ્રતાની હદની પેલે પાર પહોંચાઈ જઈને, તે કક્ષામાંથી એને પ્રાર્થનાનો હૃદયથી પોકાર પાડ્યા કરતો. તેવી રીતના પ્રાર્થનાના પોકારના ભાવથી ઘણીયે વાર એનો સાદ સંભળાતો અનુભવાયો છે ને અચાનક મદદ મળતી અનુભવાઈ છે.

અપાર મુશ્કેલીના ગાળામાં હૃદયમાં ભગવાનનું નામ લીધાં કરી, ભગવાન પર જે તે બધું સોંપ્યાં કરી, ભગવાનની ઓથની બાંય પકડી, બસ હોય એટલું બળ કરી, હિંમત, સાહસ, ધીરજ ને દૃઢતા ધારણ કરી, તે વેળાએ ભગવાનની કૃપાથી બસ જો ઝુકાવ્યે રાખવાનું બની શક્યું, તો જ આજે ભગવાનની કૃપાથી ઊભું રહી શકવાનું બની શકેલું છે. ખરી મર્દાનગી દાખવવાનો અવસર જ જીવનમાં એવો કાળ હોય છે. એવી કારમી પળોમાં જે ટકીને ઊભો રહી શકે છે, તે જ મરદ છે. આ માર્ગમાં કાચાપોચાનું કામ નથી. મરણાંતે પણ જેનો સાથ ન છૂટી શકે, એવી હૃદયમાં જેને અદમ્ય પ્રેરણા પ્રગટેલી હોય, એકમાત્ર તેવાનું જ આ માર્ગમાં કામ છે. તેવા પ્રકારના જીવો જ આ માર્ગમાં ટકી શકે છે.

પ્રભુનો માર્ગ સદ્‌ભાવ કેળવવાનો છે. પોતાનું ગમે તે થાય, કોઈ તરફથી આપણને હેરાન-પરેશાન થવા વારો આવે, ધારો કે આવતો હોય, તો પણ આપણો ધર્મ તો તેમના તેમના

પરત્વે હૃદયમાં એકમાત્ર સદ્ભાવ જ પ્રવર્ત્યા કરે ને બીજું કશું જ અન્યથાપણે ન જાગે, તે જ ઉત્તમ ગણાય. મનમાં કંઈક કશું કોઈ પરત્વે તેમ થવાપણું પ્રગટતાં, પ્રભુનું સ્મરણ પ્રેમભાવથી હૃદયમાં હૃદયથી કર્યા કરવું. પ્રભુને પ્રાર્થના કરવી. એને ચરણે ધા નાખવી. પોતે જાગ્રત બનવું. જ્યાં ત્યાં ચેતીને જ વર્તવું, ચાલવું, જીવવું.

મનમાં મનથી તો આપણે સંસારમાં રમ્યાં કરતા હોઈએ, ને સંસારના વિચારોમાં રસ પ્રગટાવતા રહીએ, તો તે નહિ ચાલી શકે. તેવી તેવી વેળાએ ચેતીને તેમાંથી આગળ થવાનો પ્રભુકૃપાથી આપણે જીવતોજાગતો પ્રયત્ન કર્યા કરવાનો છે. **કાં તો સંસારને ભજો, કાં તો પ્રભુને ભજો. દૂધ અને દહીંમાં-બંનેમાં પગ રાખી નહિ શકીએ.** જો રાખવા જશો, તો પછડાશો, કારણ કે, હજી આપણે જીવદશામાં છીએ. ભગવાનનો પૂર્ણ ભક્ત બંનેમાં સમભાવે એકરસ રહી શકે છે.

જો જીવનમાં આપણે જીવનવિકાસની ભાવનાને ને સમજણને તેની સંપૂર્ણ યથાર્થતામાં પ્રગટાવીને, તેની પ્રેરણા અનુસાર જીવવાને ખરેખરી રીતે ઈચ્છતા હોઈએ, તો જીવનમાં જેમાં ને તેમાં જીવનના તેવા હેતુને અને તેવા હેતુની સમજણને પ્રથમ મહત્ત્વ આપણે આપ્યા કરવાનું છે.

જે જીવને ચેતનનો અનુભવ કરવાની મહત્ત્વાકાંક્ષા છે, એવા જીવની પ્રાર્થના તો પળેપળ એના જીવનના તાણાવાણામાં

સતત એકધારી જીવ્યા કરતી વણાઈ ગયેલી હોવી જોઈશે. એવું બની ગયું હોય, તો જ તેવો જીવ ચેતનનો અનુભવ કરી શકવાની શક્યતાની મર્યાદામાં પ્રગટી શકે છે. આ છે તેનું લક્ષણ ને તેની યથાર્થતાનું માપ. એવાની પ્રાર્થના તો દરેક એના રોજિંદા વ્યવહાર, વર્તન, સંપર્ક, સંબંધ, કર્મ, વાતચીત, વિચાર, લાગણી, વૃત્તિ -તે તે બધાંયમાં એના હૃદયનો જીવતોજાગતો પ્રેમભક્તિયુક્ત તાર તો એની સાથેના અનુસંધાનમાં સતત જોડાયેલો જ રહ્યા કરતાં કરતાં, થયા કરતી હોય છે. એવી છે એની પ્રાર્થનાની દિલચસ્પી, એવા જીવાત્માની પ્રાર્થનામાં ભાષાના વ્યક્ત શબ્દો હોતા નથી. તે મોઢામાંથી નીકળતી હોતી નથી. એની પ્રાર્થના તો એનું હૃદય કર્યા કરતું રહે છે. એવી પ્રાર્થના ચેતનપ્રેરક હોય છે. પ્રાણપૂરક હોય છે. એવી પ્રાર્થના તે પોતે જ શક્તિસ્વરૂપે બની જતી હોય છે.

## સાધનામર્મ

૧. મુખથી કે મનમાં જાગૃતપણે જપ, સાથે સાથે હૃદયપ્રદેશે ધ્યાન તથા ચેતનના ચિંતન સહ ભાવાત્મક ભાવનું રટણ.

૨. પ્રત્યેક પળે સતત સમર્પણ, સારું તેમ જ નરસું-બંનેનું.

૩. સાક્ષીભાવ, જાગૃતિ, વિચારોની સાંકળ ન જોડો.

૪. બને તેટલું વધુ વાચિક અને માનસિક મૌન રાખો, કેળવો અને ખૂબખૂબ શરણભાવ જીવનમાં ચેતનાપૂર્વકની જાગૃતિથી કેળવ્યા કરો.

૫. આગ્રહો—પ્રભુચિંતન સિવાયના સર્વ આગ્રહો છોડો, નમ્રતા કેળવો, શૂન્ય થવાનું ધ્યેય રાખો.

૬. ખૂબ ભાવપૂર્વક હૃદયસ્થ રહીને આર્દ્ર અને આર્તભાવથી પ્રાર્થના કરો, ભગવાનને સર્વ સુખદુઃખ જણાવતા રહો, તેની સાથે આત્મનિવેદન દ્વારા અંગત ખૂબ ગાઢો સંબંધ બાંધો, મનમાં કશુંયે ઘોળાવા ન દો. ખાલી રહો.

૭. આવી પડતાં કામો પ્રભુનાં સમજો, જરાયે કચવાટ વિના ખૂબ પ્રેમપૂર્વક તે કરો. પ્રત્યેક પ્રસંગ-બનાવ આપણા કલ્યાણ અર્થે જ છે અને પ્રત્યેક પ્રવૃત્તિ આપણા પોતાના જ વિકાસાર્થે થવી ઘટે. પ્રત્યેક પ્રસંગ પાછળ પ્રભુનો ગૂઢ, શુભ સંકેત રહેલો છે.

૮. આત્મલક્ષી-અંતર્મુખી થાઓ, માત્ર પોતાની દુનિયામાં વસો. જાણી-જોઈને જાતને સંડોવવા દો નહિ.

૯. પર (પારકાંની) સેવા પ્રભુની સેવા સમજો, સેવા લેનાર, સેવા દેનાર ઉપર, સેવા કરવાની તક આપીને ઉપકાર કરે છે. રામે આપ્યું છે અને રામને દઈએ છીએ, ત્યાં 'મારું મારું ' ક્યાં રહ્યું ? તારું આ જગતમાં છે શું ?

૧૦. પ્રત્યેક કાર્ય, પ્રત્યેક વાતચીત, વ્યવહાર આપણા ધ્યેયને વેગ આપે એવા ખાસ હેતુસર, હેતુનું લક્ષ જીવતું રાખીને કરવાં. વાંચતી-લખતી વખતે અને પ્રત્યેક કર્મ કરતી પળે ભાવની સ્મરણ ધારણાનો અભ્યાસ કેળવ્યા કરો.

૧૧. વૃત્તિનું મૂળ શોધો, તેનું પૃથક્કરણ કરો. તેમાં ભેળવાયા વિના તેને તટસ્થતાપૂર્વક અને સ્વસ્થતાપૂર્વક નિહાળો.

૧૨. પ્રભુની પ્રત્યેક કળા, સૌંદર્ય, રમ્યતા, વિશુદ્ધતા આદિ પ્રસાદીઓમાં રહેલા ભાવનું, તેને તેને અનુરૂપ ભાવનું, આપણામાં ત્યારે અવતરણ

થવા પ્રાર્થના કરવી.

૧૩. ઊર્મિ, આવેશ અને લાગણીને એમ ને એમ વહી જવા ન દો, તેમ જ તેમાં ભેળવાઈ પણ ન જાઓ. તેનો સાધનામાં ઉપયોગ કરો, તાટસ્થ્ય કેળવો.

૧૪. જમતી વખતે અને પાણી પીતી વખતે જીવનમાં ચેતનશક્તિના અવતરણ-ભાવની પ્રાર્થના કરવી, શૌચ, પેશાબ આદિ ક્રિયાઓ સમયે વિકારો, નબળાઈઓ ઇત્યાદિના વિસર્જનભાવની પ્રાર્થના કરવી.

૧૫. સ્થૂળનો ખ્યાલ ત્યજીને સૂક્ષ્મતત્ત્વને નજર સામે રાખો. વૃત્તિની શુદ્ધિ કરો, ભાવની વૃદ્ધિ કરો.

૧૬. પ્રભુ સચરાચર છે. आत्मवत् सर्वभूतेषुની ભાવના કેળવો.

૧૭. પ્રત્યેક વ્યક્તિ અને વસ્તુની ઊજળી બાજુ જુઓ. કોઈનાય કાજી ન થાઓ, કશાય ઉપર ઝટ અભિપ્રાય ન આપો, વાદવિવાદ ના કરો, પોતાનો આગ્રહ ન રાખો, બીજાઓમાં શુભ હેતુઓનું આરોપણ કરો, માનસિક અને સાર્વત્રિક ઉદારતા જીવનમાં પ્રગટાવો, ખૂબ પ્રેમભાવ કેળવો, પ્રકૃતિનું રૂપાંતર કરવાનું છે, તે લક્ષમાં રાખીને પ્રકૃતિવશ ન થતાં કર્મોની ઉપરવટ વર્તો. ફળની આસક્તિ છોડો. પોતાને થતા અન્યાયો-આવી પડતાં દુઃખો-આદિનું મૂળ પોતામાં જ છે એમ દઢાવો, ગુરુમાં પ્રેમભક્તિભાવ દઢતર કર્યા કરો. અભીપ્સા, ઇન્કાર અને સમર્પણનો ત્રિવેણીસંગમ ઉદ્‌ભવાવો, સદાય પ્રસન્નતા પ્રવર્તાવો, કૃપા અને પુરુષાર્થના યુગલને જીવનમાં ઉતારો, પ્રત્યેક કર્મના આદિ, મધ્ય અને અંતમાં પ્રભુની સ્મૃતિ પ્રગટાવો, મન નિઃસ્પંદ કરો, રાગદ્વેષ નિર્મૂળ કરવાની જાગૃતિ રાખો, થયેલા આધ્યાત્મિક અનુભવો પ્રત્યક્ષ રોજિંદા વહેવારમાં જીવતા કરો, ક્યાંયે કશામાંથી ભાગવાનું ના હોય, યદચ્છા જે આવી મળે તે પ્રભુપ્રસાદી ગણીને તેને વધાવી લો. ક્યાંય કોઈની સરખામણી ના કરો, અનુકૂળ પ્રતિકૂળ પરિસ્થિતિ એ મનની ભ્રમણા છે, જીવનસાધના સારુ સર્વ કંઈ સાનુકૂળ જ હોય છે, પ્રભુમય-તેના મૂક યંત્ર-થવાની જ બસ એક ઉત્તેજના હવે જીવનમાં રાખો.

૧૮. કર્મમાં, કર્મનું મહત્ત્વ નથી, પરંતુ જીવનના ભાવનું સતત એકધારું, જીવતું ચિંતન રહ્યા કરે એ સવિશેષપણે મહત્ત્વનું છે. તેવો જીવતો અભ્યાસ કર્મ કરતી પળે કેળવવો. - **શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

## પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ

**જન્મ : તા. ૪-૯-૧૮૯૮, ભાદરવા વદ ચોથ, સંવત ૧૯૫૪**
સ્થળ : સાવલી, જિ. વડોદરા, નામ : ચૂનીલાલ,
માતા : સૂરજબા, પિતાઃ આશારામ, અટક : ભાવસાર.

**૧૯૧૬ :** પિતાનું અવસાન.

**૧૯૦૫ થી ૧૯૧૮ :** તૂટક અભ્યાસ-સાથે આકરી મજૂરી.

**૧૯૧૯ :** મૅટ્રિક પાસ.

**૧૯૨૦ :** વડોદરા કૉલેજમાં.

**તા. ૬-૪-૧૯૨૦:** કૉલેજ ત્યાગ.

**૧૯૨૦ :** ગૂજરાત વિદ્યાપીઠ પ્રવેશ.

**૧૯૨૧ :** વિદ્યાપીઠનો ત્યાગ. હરિજન સેવાનો આરંભ.

**૧૯૨૨ :** ફેફરુંના રોગથી કંટાળીને ગરુડેશ્વરની ભેખડ ઉપરથી આત્મહત્યાનો પ્રયાસ, દૈવી બચાવ, 'હરિઃૐ' જપથી રોગ મટાડવાનો સફળ પ્રયોગ.

**૧૯૨૨ :** 'મનને'ની રચના.

**૧૯૨૩ :** 'તુજ ચરણે'ની રચના તથા પ્રકાશન.

**૧૯૨૩ :** વસંતપંચમીએ પૂ. શ્રીબાળયોગીજી દ્વારા દીક્ષા. શ્રીકેશવાનંદ ધૂણીવાળા દાદાનાં દર્શને - સાંઈખેડા ગયા. રાત્રે સ્મશાનમાં સાધના અને દિવસભર પ્રભુપ્રીત્યર્થે હરિજન સેવા.

**૧૯૨૪ :** 'તુજ ચરણે' ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૨૬ :** લગ્ન-હસ્તમેળાપ વખતે સમાધિનો અનુભવ.

**૧૯૨૭ :** સાકુરીના પૂ. શ્રીઉપાસની બાબાનું નડિયાદમાં આગમન, એમના આદેશ મુજબ સાકુરી જવું-ત્યાં મળમૂત્રની પથારીમાં સાત દિવસ.

**૧૯૨૮ :** હરિજન આશ્રમ, બોદાલમાં સર્પદંશ-પરિણામે 'હરિઃૐ' જપ અખંડ થયો.

**૧૯૨૮ :** પહેલી હિમાલય યાત્રા.

**૧૯૩૦ :** મનની નીરવતાનો સાક્ષાત્કાર.

**૧૯૩૦ થી '૩૨** દરમિયાન સાબરમતી, વીસાપુર, નાસિક અને યરવડા જેલમાં. હેતુ-દેશસેવાનો નહિ, સાધનાનો. સખત પરિશ્રમ અને લાઠીમાર દરમિયાન પ્રભુસ્મરણ-મૌન. વિદ્યાર્થીઓને સમજાવવા વીસાપુર જેલમાં સરળ ભાષામાં શ્રીમદ્ ભગવદ્ગીતાનું વિવરણ લખ્યું-'જીવનગીતા'

**૧૯૩૪ :** સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર.

**૧૯૩૪થી ૧૯૩૯** દરમિયાન હિમાલયમાં અઘોરી બાવા પાસે જવાનું બન્યું, ધુંવાધારના ધોધની પાછળની ગુફામાં સાધના. ચૈત્ર માસમાં છાણાંની ૬૩ ધૂણી ધખાવી નર્મદાકિનારે ખુલ્લામાં શિલા ઉપર નગ્ન બેસીને ૨૮ દિવસની સાધના, શીરડીના સાંઈબાબાનું પ્રત્યક્ષ દર્શન-આદેશ-સાધનાના અંતિમ તબક્કાનું માર્ગદર્શન.

**૧૯૩૯ :** તા. ૨૯-૩-૧૯૩૯ : રામનવમી, સંવત : ૧૯૯૫ કાશીમાં નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર. હરિજન સેવક સંઘમાંથી રાજીનામું. 'મનને'ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૪૦ :** (તા. ૯-૯-૧૯૪૦) વિમાનમાર્ગે અમદાવાદથી કરાંચી જવાનો ગૂઢ હુકમ.

**૧૯૪૧ :** માતાનું અવસાન.

**૧૯૪૨ :** હરિજન સેવક સંઘમાંથી છૂટા થયેલા, છતાં હરિજન કન્યાછાત્રાલય માટે મુંબઈમાં ફાળો ઉઘરાવ્યો. બે વખત સખત પોલીસમાર-દેહાતીત અવસ્થાના પુરાવા.

**૧૯૪૩ :** ૨૪, ફેબ્રુઆરીમાં ગાંધીજીના પેશાબના ઝેરી જંતુઓનું પોતાના પેશાબમાં દર્શન. નૈમિત્તિક તાદાત્મ્યનો અનુભવ.

**૧૯૪૫ :** હિમાલયની યાત્રા-અદ્‌ભુત અનુભવો.

**૧૯૪૬ :** હરિજન આશ્રમ, અમદાવાદ મીરાંકુટિરમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૦ :** દક્ષિણ ભારતના કુંભકોણમ્‌માં કાવેરી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૪** થી સુરતના કુરુક્ષેત્રમાં એક ઓરડીમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૫ :** (તા. ૨૮-૫-૧૯૫૫) નડિયાદ, શેઢી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૬ :** (તા. ૨૩-૪-૧૯૫૬) સુરત, કુરુક્ષેત્રમાં હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૬૨થી ૧૯૭૫ :** શરીરના અનેક રોગો-સતત પ્રવાસ સાથે ૩૬ અધ્યાત્મ-અનુભવ ગ્રંથોનું લેખન-પ્રકાશન.

**૧૯૭૬ :** ફાજલપુર-મહીનદીના કિનારે શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસમાં તા. ૨૩-૭-૧૯૭૬ના રોજ માત્ર છ જણની હાજરીમાં આનંદપૂર્વક દેહત્યાગ. પોતાનું 'ઈંટ-ચૂનાનું સ્મારક ન કરવાનો આદેશ' અને આ નિમિત્તે મળેલી રકમનો ઉપયોગ દૂર ગુજરાતનાં પછાત ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ બંધાવવાના લોકફાળામાં કરવાની સૂચના.

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

## આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિશે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**

## આશ્રમમાં ઉપલબ્ધ પુસ્તકોની યાદી

| નંબર | પુસ્તકોના વિભાગ | ટોટલ પુસ્તકો |
|---|---|---|
| ૧. | ગદ્ય પુસ્તકો | ૧૪ |
| ૨. | પદ્ય પુસ્તકો | ૫૧ |
| ૩. | શ્રીમોટા-ટેપવાણી | ૧૮ |
| ૪. | શ્રીમોટા પ્રવચન-વાણી | ૭ |
| ૫. | સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો | ૯ |
| ૬. | સ્વજનોની અનુભવકથા તથા સ્મૃતિગ્રંથ | ૮ |
| ૭. | સંકલિત પુસ્તકો | ૨૨ |
| ૮. | જીવનકવન | ૧૧ |
| ૯. | અન્ય પુસ્તકો | ૧૪ |
| ૧૦. | હિંદી પુસ્તકો | ૧૫ |
| ૧૧. | અંગ્રેજી પુસ્તકો | ૨૨ |
| ૧૨. | કેલેન્ડર (દીવાલ અને ટેબલ) | ૧ |

### પૂજ્ય શ્રીમોટા વિરચિત ગદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસંગ્રામ | ૧૯૪૬ |
| ૨. | જીવનંસંદેશ | ૧૯૪૮ |
| ૩. | જીવનપાથેય | ૧૯૪૯ |
| ૪. | જીવનપ્રેરણા | ૧૯૫૦ |
| ૫. | જીવનપગરણ | ૧૯૫૧ |
| ૬. | જીવનપગથી | ૧૯૫૧ |
| ૭. | જીવનમંડાણ | ૧૯૫૨ |
| ૮. | જીવનસોપાન | ૧૯૫૨ |
| ૯. | જીવનપ્રવેશ | ૧૯૫૩ |
| ૧૦. | જીવનપોકાર | ૧૯૫૪ |
| ૧૧. | હરિજન સંતો | ૧૯૫૪ |
| ૧૨. | જીવનમંથન | ૧૯૫૬ |
| ૧૩. | જીવનસંશોધન | ૧૯૫૭ |
| ૧૪. | જીવનદર્શન | ૧૯૫૯ |

### પૂજ્ય શ્રીમોટા વિરચિત પદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મનને | ૧૯૨૨ |
| ૨. | તુજ ચરણે | ૧૯૨૩ |
| ૩. | નર્મદાપદે | ૧૯૨૭ |
| ૪. | જીવનગીતા (નાની) | ૧૯૩૨ |
| ૫. | હૃદયપોકાર | ૧૯૪૪ |
| ૬. | જીવનપગલે | ૧૯૪૪ |
| ૭. | શ્રીગંગાચરણે | ૧૯૪૫ |
| ૮. | કેશવ ચરણ કમળે | ૧૯૪૬ |
| ૯. | કર્મગાથા | ૧૯૪૬ |
| ૧૦. | પ્રણામ પ્રલાપ | ૧૯૪૭ |
| ૧૧. | પુનિત પ્રેમગાથા | ૧૯૪૭ |
| ૧૨. | જીવનગીતા (મોટી) | ૧૯૫૩ |

| | | |
|---|---|---|
| ૧૩. | આર્તપોકાર | ૧૯૫૪ |
| ૧૪. | અભ્યાસીને | ૧૯૬૭ |
| ૧૫. | જિજ્ઞાસા | ૧૯૭૦ |
| ૧૬. | ભાવ | ૧૯૭૧ |
| ૧૭. | જીવનઝલક | ૧૯૭૧ |
| ૧૮. | જીવનસૌરભ | ૧૯૭૧ |
| ૧૯. | જીવનઅનુભવગીત | ૧૯૭૧ |
| ૨૦. | જીવનસ્મરણ | ૧૯૭૧ |
| ૨૧. | શ્રદ્ધા | ૧૯૭૧ |
| ૨૨. | જીવનલહરી | ૧૯૭૧ |
| ૨૩. | જીવનતપ | ૧૯૭૨ |
| ૨૪. | જીવનરસાયણ | ૧૯૭૨ |
| ૨૫. | જીવનઆહ્લાદ | ૧૯૭૨ |
| ૨૬. | રાગદ્વેષ | ૧૯૭૨ |
| ૨૭. | નિમિત્ત | ૧૯૭૨ |
| ૨૮. | ગુણવિમર્શ | ૧૯૭૨ |
| ૨૯. | જીવનસ્પંદન | ૧૯૭૩ |
| ૩૦. | જીવનરંગત | ૧૯૭૩ |
| ૩૧. | જીવનકથની | ૧૯૭૩ |
| ૩૨. | જીવનસ્મરણસાધના | ૧૯૭૩ |
| ૩૩. | જીવનમથામણ | ૧૯૭૩ |
| ૩૪. | પ્રેમ | ૧૯૭૩ |
| ૩૫. | મોહ | ૧૯૭૩ |
| ૩૬. | કૃપા | ૧૯૭૩ |
| ૩૭. | સ્વાર્થ | ૧૯૭૩ |
| ૩૮. | શ્રીસદ્ગુરુ | ૧૯૭૩ |
| ૩૯. | કર્મઉપાસના | ૧૯૭૩ |
| ૪૦. | જીવનચણતર | ૧૯૭૪ |
| ૪૧. | જીવનઘડતર | ૧૯૭૪ |
| ૪૨. | જીવનપગદંડી | ૧૯૭૪ |
| ૪૩. | જીવનકેડી | ૧૯૭૪ |
| ૪૪. | ભાવકણિકા | ૧૯૭૪ |
| ૪૫. | ભાવરેણુ | ૧૯૭૪ |
| ૪૬. | ભાવજ્યોતિ | ૧૯૭૪ |
| ૪૭. | ભાવપુષ્પ | ૧૯૭૪ |
| ૪૮. | ભાવહર્ષા | ૧૯૭૫ |
| ૪૯. | જીવનપ્રભાત | ૧૯૭૫ |
| ૫૦. | જીવનપ્રવાહ | ૧૯૭૫ |
| ૫૧. | મૌનાર્થીને માર્ગદર્શન | ૨૦૦૩ |

•

## પૂજ્ય શ્રીમોટા ટેપવાણી

| **નં.** | **પુસ્તક** | **પ્ર.આ.** |
|---|---|---|
| ૧. | શેષ-વિશેષ | ૧૯૮૯ |
| ૨. | જન્મ-પુનર્જન્મ | ૧૯૮૯ |
| ૩. | તદ્રૂપ-સર્વરૂપ | ૧૯૯૦ |
| ૪. | એકીકરણ-સમીકરણ | ૧૯૯૦ |
| ૫. | જીવતા નર સેવીએ | ૧૯૯૧ |
| ૬. | અગ્રતા-એકાગ્રતા | ૧૯૯૧ |
| ૭. | જોડા-જોડ | ૧૯૯૨ |
| ૮. | અન્વય-સમન્વય | ૧૯૯૨ |
| ૯. | શ્રીમોટાવાણી ૧ થી ૧૪ (૭ પુસ્તકો) | ૧૯૯૨ થી ૧૯૯૫ |
| ૧૦. | ગ્રહ-ગ્રહણ | ૧૯૯૩ |
| ૧૧. | દક્ષિણ ભારતનાં સ્વજનોને સંબોધન | ૨૦૦૬ |
| ૧૨. | શ્રી ઝીણાકાકા સાથે વાર્તાલાપ | ૨૦૧૫ |

•

## પૂજ્ય શ્રીમોટાનાં પ્રવચનનાં પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
| --- | --- | --- |
| ૧. | શ્રીમોટા સાથે વાર્તાલાપ | ૧૯૭૯ |
| ૨. | મૌનએકાંતની કેડીએ | ૧૯૮૨ |
| ૩. | મૌનમંદિરનું હરિદ્વાર | ૧૯૮૩ |
| ૪. | મૌનમંદિરનો મર્મ | ૧૯૮૪ |
| ૫. | મૌનમંદિરમાં પ્રભુ | ૧૯૮૫ |
| ૬. | મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા | ૧૯૮૫ |
| ૭. | મૌનમંદિરમાં હરિસ્મરણ | ૨૦૧૫ |

●

## પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
| --- | --- | --- |
| ૧. | મુક્તાત્માનો પ્રેમસ્પર્શ | ૧૯૮૦ |
| ૨. | શ્રીમોટાની દાંપત્ય-ભાવના | ૧૯૮૦ |
| ૩. | સંતહૃદય | ૧૯૮૩ |
| ૪. | ધનનો યોગ | ૧૯૮૪ |
| ૫. | પગલે પગલે પ્રકાશ | ૧૯૮૯ |
| ૬. | સમય સાથે સમાધાન | ૧૯૯૩ |
| ૭. | શ્રીમોટા-પત્રાવલિ ૧/૨ | ૧૯૯૫ |
| ૮. | કેન્સરની સામે | ૨૦૦૨ |
| ૯. | હસતું મૌન | ૨૦૦૪ |

●

## સ્વજનોની અનુભવકથા

| નં. | પુસ્તક | પ્ર.આ. |
| --- | --- | --- |
| ૧. | આશ્રમની અટારીએથી | ૧૯૮૧ |
| ૨. | શ્રીમોટાની સાથે સાથે | ૧૯૯૦ |
| ૩. | શ્રીમોટા સાથે હિમાલયયાત્રા | ૧૯૯૪ |
| ૪. | શ્રીમોટાની મહત્તા | ૧૯૯૫ |
| ૫. | મળાયું પણ ભળાયું નહિ | ૧૯૯૫ |
| ૬. | મળ્યા-ફળ્યાની કેડી | ૨૦૦૧ |
| ૭. | **મોટા** – મારી મા | ૨૦૦૩ |

●

## સ્મૃતિગ્રંથ

| નં. | પુસ્તક | પ્ર.આ. |
| --- | --- | --- |
| ૧. | જીવનસ્ફુલિંગ | ૧૯૭૩ |

●

## સંકલિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
| --- | --- | --- |
| ૧. | જીવનપરાગ | ૧૯૬૩ |
| ૨. | સંતવાણીનું સ્વાગત (તમામ પુસ્તકોની પ્રસ્તાવનાનું સ્વતંત્ર પુસ્તક) | ૧૯૭૭ |
| ૩. | અંતિમ ઝાંખી | ૧૯૭૮ |
| ૪. | વિધિ-વિધાન | ૧૯૮૨ |
| ૫. | સુખનો માર્ગ | ૧૯૮૩ |
| ૬. | પ્રાર્થના | ૧૯૮૪ |
| ૭. | લગ્ને હજો મંગલમ્ | ૧૯૮૫ |
| ૮. | નિરંતર વિકાસ | ૧૯૮૭ |
| ૯. | સમર્પણગંગા | ૧૯૮૯ |
| ૧૦. | જન્મ-મૃત્યુના રાસ | ૧૯૮૯ |
| ૧૧. | નામસ્મરણ | ૧૯૯૨ |
| ૧૨. | શ્રીમોટા અને શિક્ષણ | ૧૯૯૪ |
| ૧૩. | ફનાગીરીનો નિર્ધાર | ૧૯૯૬ |
| ૧૪. | પૂજ્ય શ્રીમોટા વચનામૃત ૧ થી ૪ (૧ પુસ્તક) | ૧૯૯૬ |
| ૧૫. | પ્રસન્નતા | ૧૯૯૭ |
| ૧૬. | ભગતમાં ભગવાન | ૨૦૦૦ |

१७. दुर्लभ देह मनुष्यनो २००७
१८. दैवासुर संग्राम २००७
१९. प्रसादी (गुजराती) २००८
२०. पूज्य श्रीमोटाना बे बोल २०१४
(तमाम पुस्तकोमांथी लेखकना बे बोलनुं स्वतंत्र पुस्तक)
२१. जीवनयोग भाग १ अने २ २०१६
२२. बुद्धि २०१७

•

## જીવનકવન

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| १. | श्रीमोटा-जीवन अने कार्य भाग-१,२ | १९७५ |
| २. | पारसलीला | १९७५ |
| ३. | तरणामांथी मेरु | १९७६ |
| ४. | विद्यार्थी **मोटा**नो पुरुषार्थ | १९८९ |
| ५. | महामना अब्राहम लिंकन | १९९३ |
| ६. | प्रेरक विभूति महात्मा गांधी | १९९४ |
| ७. | श्रीकेशवानंदजी धूणीवाळा दादा | १९९६ |
| ८. | गोधराना बापजीनुं जीवनचरित्र | १९९८ |
| ९. | मारी साधनाकथा | २००५ |
| १०. | पूज्य श्रीमोटाना वहाला झीणाभाई | २००५ |
| ११. | जीवन सार्थकताने केडीए पूज्य श्रीमोटाना वहाला 'भाई' श्री नंदुभाईनी संक्षिप्त जीवनविकासगाथा भाग-१ अने २ | २०२० |

•

## અન્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| १. | श्रीमोटाचरणे | १९७० |
| २. | बाळकोना **मोटा** | १९८० |
| ३. | श्रीमोटा चित्रकथा | १९८७ |
| ४. | आहुति मंत्र अने आरती | १९९५ |
| ५. | हरिःॐ आश्रम श्रीभगवानना अनुभव काजेनुं स्थळ | १९९६ |
| ६. | कृपायाचना शतकम् | १९९६ |
| ७. | ध्येय अने ध्यान | २००० |
| ८. | चिदाकाश | २००० |
| ९. | प्रार्थना पोथी | २०१० |
| १०. | श्रीमोटा उपलब्धि अने उपदेश | २०१४ |
| ११. | श्रीमोटाचरणे आंतर प्रवेश | २०१६ |
| १२. | श्रीमोटाचरणे त्रिभाषी (गु. हिं. अं.) | २०१८ |
| १३. | बधुं आपणामां ज छे | २०१८ |
| १४. | समर्थ सद्गुरु पूज्य श्रीमोटा | २०१८ |

•

## हरि:ॐ आश्रम में उपलब्ध हिंदी पुस्तकों का लिस्ट

| क्रम | पुस्तक | प्र.आ. |
|---|---|---|
| १. | पूज्य श्रीमोटा एक संत | १९९७ |
| २. | कैंसर का प्रतिकार | २००८ |
| ३. | सुख का मार्ग | २००८ |
| ४. | दुर्लभ मानवदेह | २००९ |
| ५. | प्रसादी | २००९ |
| ६. | नामस्मरण | २०१० |
| ७. | हरि:ॐ आश्रम (श्रीभगवान केअनुभव का स्थान) | २०१० |
| ८. | श्रीमोटा के साथ वार्तालाप | २०१२ |
| ९. | विवाह हो मंगलम् | २०१२ |
| १०. | बालकों के **मोटा** | २०१२ |
| ११. | विद्यार्थी **मोटा** का पुरुषार्थ | २०१२ |
| १२. | मौनमंदिर का मर्म | २०१३ |
| १३. | मौनमंदिर का हरिद्वार | २०१३ |
| १४. | मौनएकांत की पगडंडी पर | २०१३ |
| १५. | मौनमंदिर में प्रभु | २०१४ |

●

**English books available at Hariom Ashram Surat.**
**January - 2020**

| No. | Book | F. E. |
|---|---|---|
| 1. | At Thy Lotus Feet | 1948 |
| 2. | To The Mind | 1950 |
| 3. | Life's Struggle | 1955 |
| 4. | The Fragrance Of A Saint | 1982 |
| 5. | Vision of Life - Eternal | 1990 |
| 6. | Bhava | 1991 |
| 7. | Nimitta | 2005 |
| 8. | Self-Interest | 2005 |
| 9. | Inquisitiveness | 2006 |
| 10. | Shri Mota | 2007 |
| 11. | Rites and Rituals | 2007 |
| 12. | Naamsmaran | 2008 |
| 13. | Mota for Children | 2008 |
| 14. | Against Cancer | 2008 |
| 15. | Faith | 2010 |
| 16. | Shri Sadguru | 2010 |
| 17. | Human To Divine | 2010 |
| 18. | Prasadi | 2011 |
| 19. | Grace | 2012 |
| 20. | I Bow At Thy Feet | 2013 |
| 21. | Attachment And Aversion | 2015 |
| 22. | The Undending Odyssey (My Experience of Sadguru Sri Mota's Grace) | 2019 |

●

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

લાંબા લાંબા વિચાર ને તર્કવિતર્કમાં કદી પણ પડવું નહિ. વિચારોને કદી વાગોળશો નહિ. વાગોળવું જુદું છે અને મનનચિંતન એ જુદી હકીકત છે.

કૃપાની ઉપર જે મદાર રાખે છે, તેના પુરુષાર્થમાં ખંત, ઉત્સાહ વગેરેનું પ્રમાણ ઘટી જાય છે. એના કરતાં જે કોઈ સાચી ભાવનાથી ખરેખરો ઉત્કટ પુરુષાર્થ કરે છે, તેને જરૂર કૃપા મળી રહે છે.

- શ્રીમોટા

'પૂજ્ય શ્રીમોટા વચનામૃત', પૃ. ૩

કિંમત : રૂ. ૨૫/-